# પ્રકટ અને ગૂઢ દૃષ્ટિ

૦૧

જેમ દૂધમાં ઘી તિરોહિત છે પણ તે તો તેના જ્ઞાની અને અનુભવીને જ ખાત્રીપૂર્વક સમજાય, જણાય. તેમ આપણે ત્યાં બિરાજતા અલૌકિક સ્વરૂપમાં તેવી ભકિતમય દૃષ્ટિથી જ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના દર્શન થાય.

૧. આ કૃષ્ણે જગતમાં પૂજાવાની પ્રકટ ઇચ્છા કરી, શ્રીનાથજી સ્વરૂપે બિરાજ્યા તે સૌએ જાણ્યું પણ મારે તો તારી જ સેવા લેવી છે, તારા તન-ધનથી તારા ઘરમાં, તારો જ માત્ર થઈને રહેવું છે તેવી વલ્લભવાણી તો બહુ થોડાંએ જાણી. ભગવાનનાં આજ્ઞા વચનો તો એક સરખાં સૌને જણાય પણ ગૂઢાર્થ તો ભકતોને સ્વઅધિકારાનુસાર જ સમજાય.

૨. ભગવાને વ્રજભકતોને 'પાછા જાઓ' તેવી આજ્ઞા કરી હતી. (રાસ-પંચાધ્યાયી), લોકો તો આ મર્યાદી - આજ્ઞાને જ સમજે પણ ભકતોએ જાણ્યું કે, "હું અલૌકિક દાન માટે આતુર છું પણ જો તમોને સંસારમાં આસકિત હોય તો પાછા જાઓ. વૈદિકમાં આસકિત હોય તો પણ પાછા જાઓ."

૩. દામોદરદાસ હરસાની શ્રીઆચાર્યજીનો પડછાયો બનીને રહ્યા તેથી શ્રી ઠાકોરજીની સેવા ન પધરાવી તે સૌએ જાણ્યું પણ દામોદરદાસજીના હૃદયમાં ભગવાન પ્રતિનો ગૂઢ પૂર્ણ સ્નેહ શ્રીઆચાર્યજીએ જ સ્થાપ્યો હતો તે બહારનાઓ ન સમજ્યા !

૪. શ્રી આચાર્યજીએ ભગવદ્ આજ્ઞાથી શ્રીનાથજીનું ધજા શિખરબંધ મંદિર થવા દીધું, પોતાની સૈદ્ધાંતિક સમજને હૃદયમાં દબાવી દઈને પણ ! તે દેખાયું પણ સાથે સાથે શ્રીજીએ દેહ-દેશ પરિત્યાગની આજ્ઞા કરી, તો વિના વિલંબે ગૃહત્યાગ કરી સંન્યાસ લઈ સત્વરે નિજધામમાં પણ પધારી ગયા તે ન દેખાયું !

૫. લક્ષ્મી સહિત નારાયણ પધાર્યા તે સૌએ જાણ્યું પણ માત્ર દ્વારકાધિશને જ પધરાવ્યા, તેમના પરિવારને શ્રીયમુનાજીના ધામમાં વસવા આજ્ઞા કરી તે ન જાણ્યું !

૬. શ્રી ગુંસાઈજીએ વૈભવ વધાર્યો તે તથા અપરસ-સેવા-સેવકો વધાર્યા તે મર્યાદા સૌએ જાણી પણ મારું સર્વસ્વ તમોને પધરાવી આપું છું તેમની જતન પૂર્વક તથા અતિ સ્નેહથી સેવા કરજો. તે તો કોઈ વીરલાઓ એ જ જાણ્યું !

૭. શ્રીનાથજીની માત્ર તનુજા સેવા રામદાસજી ભિતરીયાએ કરી તથા પુરણમલજીએ માત્ર વિત્તજા સેવા કરી. તેમાં શ્રી આચાર્યજીની તનુ-વિત્ત સેવાના ભાગલા સૌએ જોયા. પણ તેમણે પોતાનો સંસાર એટલે કે સગા-સ્નેહી-ધન-દોલત જ નહિ પણ પોતાની અંદર-બહારની વૃત્તિ અને પોતાના આત્માને રતિભાર પણ પોતાની પાસે મનસા - વાચા- કર્મણા રાખ્યા વગર સમર્પિત કરી દીધાં તે કોઈએ ન જાણ્યું. થોડોક અહંકાર પોતાનો, ગોવિંદદાસ ભલ્લાએ રાખ્યો તો શ્રીનાથજીએ તેમની સેવા છોડાવી !



૮. શ્રીગુસાંઈજીએ અનેક ધનિક-પ્રતિષ્ઠિત સેવકોની ભેટ સ્વીકારી અને શ્રીનાથજીનો વૈભવ વધાર્યો તે સૌએ જાણ્યો પણ પોતાના વૈભવનો તત્ક્ષણ ત્યાગ કરી, એક વૈરાગીને પુષ્ટિ-ભકિતનો વૈભવ કેવો હોય છે તેનું પ્રદર્શન કરાવ્યું, તે કોઈએ ન જાણ્યું ! સાતે બાળકો, વહુ, બેટીઓએ પોતાના સતઘરા ઘરમાં પ્રભુ બિરાજ્યા તેના હરખમાં પોતાનું સર્વસ્વ, તથા અબૂધ નાનાં બેટીજીની નાની વાળી - અંગૂઠી સહિત સમર્પણ કર્યું તે કોઈએ ન જાણ્યું !

૯. આપ પરદેશ - યાત્રાથી પાછા ફરતા ત્યારે હૃષ્ટપુષ્ટ રહે તે માટે ઘી-દૂધ-મિષ્ટાન્ન આરોગતા, તે સૌએ જાણ્યું પણ તે શ્રીજીની પ્રસન્નતા માટે પણ પરદેશ જતી વખતે વિરહ દુ:ખને કારણે લૂખી રોટી વ. અલ્પ ભોજનથી પેટને પાળતા તે કોઈએ ન જાણ્યું !

૧૦. આપનો અધિક ખર્ચ છે તેથી ઘણું ઋણ થઈ ગયું છે તેથી પરદેશ પૈસા એકત્ર કરવા સેવાના નામે પધારે છે તે બિરબલ - ચાંપાભાઈના રૂપે સૌએ જાણ્યું પણ ભાઈલા કોઠારીની આર્તી તથા અતી સ્નેહવશ પધારે છે તે કોઈએ ન જાણ્યું !

૧૧. શ્રીગુસાંઈજી ગિરધરજીને પત્ર લખતા કે શાહી અધિકારીઓનું યથાયોગ્ય સન્માન કરજો, જેથી સત્તાશીલ યવનોનું આપને ત્યાં પ્રસાદાદિથી સન્માન થતું તે સૌએ જાણ્યું પણ તેની પાછળનો આશય કે 'ભગવદ્ સેવામાં ચિત્ત રહે, તેમનો પ્રતિબંધ ન થાય' તે માટે આજ્ઞા આવી હતી તેમ કોઈએ ન જાણ્યું !

૧૨. અકબરે મણિ શ્રીગુસાંઈજીને ભેટ આપ્યો તે સ્વીકાર્યો, તે સેવક ન હોવા છતાં ! તે સૌએ જાણ્યું પણ તે મણિને આપે શ્રી યમુનાજીમાં પધરાવી દીધો તે કોઈએ ન જાણ્યું !

૧૩. શ્રીઆચાર્યજીનું નામ શ્રીગુસાંઈજીએ 'સ્વવંશે સ્થાપિત અશેષ માહાત્મ્ય' સૌએ જાણ્યું પણ શ્રી આચાર્યજીની છેલ્લી આજ્ઞા "નાદ-બિંદુ સૃષ્ટિ (યૂયં) જો કોઈ બહિર્મુખ થશો તો તમારી જ ઈંદ્રિયો તમને કાળ પ્રવાહમાં તાણી જશે, કાલ પણ તમારા સચ્ચિદાનંદતત્વને ગણકારશે નહિ અને તમને કાલ પ્રવાહમાં ઢસડી જશે, એક અતી સામાન્ય આસુરી જીવની જેમ અપમાનીત કરીને..." આ કોઈએ ન જાણ્યું ! આવા તો અનેક દષ્ટાંતો છે...

પણ દુ:ખ તો એ વાતનું થાય છે, શ્રી આચાર્યજીને કે તેમના જ બન્ને બાળકો બિંદુકુમાર અને નાદકુમારની દૃષ્ટિ લોક સદૃશ થઈ ગઈ છે તેથી જ સ્થૂળ દૃષ્ટિથી દેખાય છે, જે પ્રિય ઇન્દ્રિયોને છે, તેને જ મુખ્ય ગણી શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીના લોકવત્ વ્યવહારની ઝેરોક્ષ કોપી કાઢીને અનુસરણ કરવા સૌ તત્પર થયા છે. બાહ્યકરણ અતિશય ખૂલી ગયાં છે અને તેને મર્યાદા મંદિરોની જેમ ખૂલ્લા જ રાખે છે, ભકતોના સુખાર્થે, નહિ કે પ્રભુના સુખાર્થે ! દેવોદ્ધાર પ્રયત્નાત્મા ના રૂઢ અર્થ પ્રમાણે. જેથી પુષ્ટિરીતિનો જે ટેરો ભગવદ્ સુખાર્થે આવવો જોઈએ તે આવતો નથી !

પ્રભુ સમક્ષ સ્નેહ પ્રકટ કરવાનો છે અને લોક સમક્ષ પ્રભુનું માહાત્મ્ય પ્રકટ કરવાનું છે. પણ થઈ રહ્યું છે ઊલટું કે પ્રભુને માહાત્મ્ય જતાવી રહ્યા છે કે આપને શ્રમ કેવો ? કેમ કે આપ તો વીર્યાદિ ષડ્ધર્મોથી પૂર્ણપણે સંપન્ન છો ! આપ જ તો ત્રિભુવનના નાથ છો! જ્યારે લોકો સમક્ષ પ્રેમ પ્રકટ કરી રહ્યા છે, કેમ કે લોકો પણ તત્વદ્દષ્ટિથી તો બ્રહ્માત્મક છે ! તેથી દ્રવ્ય પણ બ્રહ્માત્મક, દ્રવ્યદાતા, સેવાકર્તા સર્વ બ્રહ્માત્મક જેથી પ્રેમપાત્ર ! જેથી સેવકોનું સર્વ કંઈ લાવો....લાવો...જેથી શ્રીઆચાર્યજી વ.ના પ્રકટભાવને જ જાણ્યા, આપશ્રીના અંતઃકરણના ભાવથી અછૂતા રહ્યા ! નથી તેમને સમજવાની દ્દષ્ટિ કે નથી ઈચ્છા, જેથી તેવા કાળમાં શ્રીઆચાર્યજીને તો ઊંઘાઈને હવાલે કરી દીધા છે, કેમ કે આ કાળમાં શ્રીઆચાર્યજી ગ્રંથોમાં બિરાજી ગયા છે, સૌ કોઈ વિષયો-તન્માત્રાને આધીન થઈ ગયા છે, તે તન્માત્રાઓ જેને આધીન છે તેવા પરબ્રહ્મ શ્રીનાથજીને આધીન નહિ. !!

જી...હા.. એક વાત એટલી જરૂર છે... જેનાથી સંતોષ લેવો હોય તો લઈ શકાય. કેમ કે પ્રભુ તો રજને મેરુ સમાન માને તેવા મહોદાર પુષ્ટિ પ્રભુ છે !

જેમ અજામીલે પોતાના પુત્રનું નામ “ નારાયણ ” રાખ્યું હતું તે પ્રસંગના આધારે પ્રભુ અમારો પણ ઉદ્ધાર કરશે, એટલું જ નહિ નિત્યલીલામાં (!) સ્થાન આપશે જ (વ્યાપી વૈકુંઠ કે અંધતમ્ તે તો પ્રભુ જાણે !) તેવો અમને વિશ્વાસ છે, કેમ કે અમને શ્રીઆચાર્યજીના કૃષ્ણાશ્રય ગ્રંથના “ અજામિલાદિ દોષાણાં નાશકોનું ભવેસ્થિત: ” એટલા અંશમાત્ર વાક્યની બાબતમાં જ શ્રીઆચાર્યજીમાં પૂર્ણ વિશ્વાસ છે. ! !

૧૦૧

## ભગતિ

અનત હી જઈએ પીયા આજ
મત રહીયો યે મહલ,
સંધ્યા સમે દરશન કો જૈહો
હિંડોલા મંદિરમે બરન બરન
શૈયા - સામગ્રી કૈસે બનાઉ ?
તુમ તો અંતરયામી કહન
અનત હી જૈયોં સાવનમેં પીયા
મોહેં નિત મંદિર કા નિયમ



## ભાવહિન ક્રિયા અને ક્રિયાહિન ભાવ ૦૨

ઘણીવાર ક્રિયા સમાન હોય પરંતુ તેની પાછળનો આશય જુદો હોય તેથી ફળ પણ ભિન્ન થાય.

શ્રીગુસાંઈજીની સેવકીની ડોશીમાએ કાલને આઠ વખત પાછો ઠેલ્યો, કેમ કે ડોશીમાનું હૈયું તેમના માથે બિરાજતા પ્રભુના મનોરથો કરવામાં મગ્ન હતું, તેમની પાસે મરવાનો પણ સમય નહતો ! કાલ તો ભગવાનનો પાર્ષદ છે જેથી ભગવદ્ આજ્ઞા (ધર્માજ્ઞા) લઈને આવ્યો હતો પણ ડોશીમા તો ધર્મીની ટહેલમાં હતા !!

તે જ રીતે શ્રીગુસાંઈજીના સેવક, રાજનગરના શેઠની પાસે ધર્મીસ્વરૂપ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પાર્ષદ - વ્રજવાસી વારંવાર આવ્યા કરતો - કે “ ચાલ ગોકુલ શ્રીગુસાંઈજીના દર્શને ” પણ તે ન ગયો. કેમ કે શેઠનું ચિત્ત સાંસારિક વિષયોમાં આસક્ત હતું. નારાયણદાસ દિવાને ચાકર રાખ્યો હતો અને કહેતો - “ ગોકુલ કબ ચલેંગે ? ” ત્યારે નારાયણદાસની આંખોમાં જળ આવી જતાં અને કહેતાં “ હાં હાં ચલેંગે ” આમ રસમગ્ન થઈ જતાં. અહી દેહ સંસારમાં વ્યસ્ત હોવા છતાં ચિત્ત પ્રભુમાં વ્યસ્ત રહેતું.

ફલસ્વરૂપે શેઠને બીજા જન્મમાં કૂતરો, સાપ, કીડો વ. થવું પડયું અને અધમ જીવન જીવવું પડયું. જ્યારે ડોશીમા અહી પ્રભુની ઉત્તમોત્તમ સેવામાં રહ્યા અને નિત્ય લીલામાં પણ !

માટે કૃતિની મહત્તા કરતાં તેની પાછળ રહેલો ભાવ મુખ્ય છે. માટે તો દયારામભાઈ કહે છે

ભકિત વિના કેવલ કૃતિ કરે તેહને ફળ નવ થાય.
મણિધર પવન ભક્ષી રહે, જુવો મચ્છ તીર્થજળ ન્હાય.
મીન તીર્થ, ભીલ-મૃગ વનવાસી,
અંધ ગ્રહે દંડ, કાશદ જાય કાશી
સર્પ દંડવત, નટ સિદ્ધવેશ, દરશ તપોધન ભાવ ન લેશ

શું નાગ ઉપવાસ વ્રત માટે કરે છે ? શું માછલું તીર્થજળમાં સ્નાન કરીને પવિત્ર થાય છે ? ભીલ અને મૃગ વનવાસી હોવાથી કંઈ તેમનો વાનપ્રસ્થાશ્રમધર્મ બને છે ? આંધળો દંડ ધારણ કરવાથી સંન્યાસી નથી બની જતો અને ટપાલી રોજ કાશી જાય તો પણ તેની યાત્રા નથી થતી. સર્પ જમીન સરસો ચાલે તેથી તેના દંડવત નથી થતા. બહુરૂપી સિદ્ધનો વેશ કાઢે તેથી સિદ્ધ નથી બનતો. તપોધન (દેવદ્રવ્ય ખાનાર) રોજ દર્શન કરે તેનું ફળ નથી. કેમ કે આ બધી જ ક્રિયાઓ છે પણ ભાવ નથી. આશય જુદો છે તેથી ક્રિયા ફળરૂપ નથી થતી. મહત્વ છે મહાત્મ્યજ્ઞાન પૂર્વકનો પ્રભુ પ્રત્યેનો સ્નેહ !

આજના સંદર્ભમાં જોઈએ તો શું આપણું એકાદશી વ્રત ઉપવાસ છે ? તથા પ્રભુ સમીપ ચિત્ત બને છે ? તીર્થજળમાં સ્નાન કરતાં શું અંદરની પવિત્રતા બને છે ? કે નોકરી ધંધામાંથી નિવૃત્ત થયા પછી હરિસેવા - નામસેવા પરાયણ રહીંએ છીએ ? આજના સંન્યાસી કે ગુરૂજનો કે ઉપદેશકોના મનમાંથી વિષય વાસના નિવૃત્ત થઈ છે ? યાત્રા કે પરિક્રમાના નિયમોને પાળવામાં શું અંત:કરણની સચ્ચાઈ છે ? જેમને જયશ્રી કૃષ્ણ કહીએ છીએ તે, કે જે આશીર્વાદ આપી રહ્યા છે તે શું શુદ્ધ ભાવથી કરે છે ? શું ભય લાલચથી સંબંધ તોડયો છે ? વૈષ્ણવતાનો વેશ કે સદ્ગુરુનો વેશ હાથીના દાંત કે બહુરૂપીના ખેલથી વિશેષ છે ખરું ? અને જે વસ્તુ પ્રભુની છે તેમાં આપણી શુદ્ધ દાનત છે? દેવદ્રવ્ય ખાઈ અપરાધ કરીએ અને પછી પ્રભુ દર્શન કરીએ તો શું પ્રભુ પ્રસન્ન થાય ખરા?

કૃષ્ણભટ્ટ વાર્તામાં કહે છે તેમ " માખી પણ ચરણ સ્પર્શ કરે છે પણ શું તેની પાત્રતા થઈ છે ? "

બસ....પૂર્વાગ્રહ વગર, આ સચ્ચાઈ બાબતનો વિચાર કરીશું તો તે, પુષ્ટિભકિત માર્ગ ઉપર આપણું પહેલું ડગલું હશે !

આ જ વાત ક્રિયાહિન ભાવને પણ લાગુ પડશે તે પણ ભૂલાવું ન જોઈએ.

ભાવ સ્વરૂપાત્મક છે, તેથી હૃદયમાં રહેલો ભાવ જો સેવા રૂપે પ્રકટ ન થાય તો તે માત્ર આત્મવંચના જ બની રહે છે.

પદ્મનાભદાસના છોલાએ મથુરાનાથજીને રીઝવી દીધા હતા ! દશ ગ્રામ ભાવ, સેવાનું સ્વરૂપ ધારણ કરે તો ટન બની જાય અને ટનબંધ ભાવ, સેવા કરતાં આળસાય તો દશ ગ્રામ બની જાય !



# આપણું વાર્તા સાહિત્ય ૦૩

પુષ્ટિભકિત સંપ્રદાયમાં, ૮૪/૨૫૨ વાર્તાઓ અતી પ્રસિદ્ધ છે, સર્વભોગ્ય છે. તેના વિષેનો ખ્યાલ-માન્યતા જાતભાતની છે. તેથી તેના મૂળ સ્વરૂપને યથાશક્ય પ્રકટ કરવાનો અહીં પ્રયાસ છે.

૧. આ માત્ર વાર્તા/કથા *story* નથી. પણ અહીં પુષ્ટિમાર્ગીય ધર્મ, ધર્મી, ધર્મોપદેશક અને ધર્માનુયાયીના દિવ્યસ્વરૂપોનું ચરિત્રણ છે.

૨. તેમાં એક બહાર દેખાતું રૂપ છે અને બીજુ તેમાં રહેલ આત્મા તે સ્વરૂપ છે. તે આત્માની પણ અંદર રહેલ એક પરમાત્મા છે તે વિશિષ્ટ સ્વરૂપ છે.

આ ત્રણ જન્મની કથા છે, તે બધા જ ભગવાનનાં રૂપ હોવા છતાં એક આધિભૌતિક છે, બીજું આદ્યાત્મિક છે અને ત્રીજું આધિદૈવિક છે.

જે સૌથી બહાર દેખાય છે તે આધિભૌતિક રૂપ કથા છે. તેમાં સર્વ કોઇને વાર્તામાં રસ પડે તેમ રસ પડે છે. બીજો - તેની અંદર છુપાયેલ અદશ્ય બોધ છે. જેનું કંઇક નમૂના રૂપ ભાવપ્રકાશન શ્રી હરિરાયજીએ કરેલ છે. આ આત્મા તે બોધ છે.

ત્રીજી સર્વ સામગ્રી, જે કંઇ છે, તે પરમાત્મા રૂપે નિર્દોષ-નિર્ગુણ-ભગવદરૂપ છે જેને શ્રી ગોકુલનાથજીએ ફલરૂપ કહેલ છે. જે અધિકારીઓને અધિકારાનુસાર રસાનુભાવ કરાવવા સમર્થ છે.

૩. આ વાર્તાઓમાં ચરિત્રનાયકના જીવનના બધાં જ પ્રસંગો વર્ણિત નથી. જેટલા જરૂરી સમજ્યા છે તેટલા પ્રકટ કર્યા છે, તેથી તેમનું જીવન ભકતને અનુરૂપ હોઇ તેવા પ્રસંગો બન્યા જ હશે પણ બ્યાન નથી કર્યા તેમ સમજવું.

૪. દરેક વાર્તા આપણા માર્ગના મૂળસ્વરૂપના એકાદ બે અંગોને, પ્રસંગો દ્વારા પ્રકટ કરે છે. પુષ્ટિભકિતમાર્ગ તો તેમનામાં પૂરો છે પણ જે પડદો ખસેડીને બતાવે છે તે તેનો ભાગ માત્ર છે.

૫. આ વાર્તા તો જે તે ભગવદીયોના જીવનચરિત્રો છે તેથી તેમાં આવતા પ્રસંગો, સંવાદો કે ઉદ્ગાર કોઈ વ્યકિતવિશેષ માટે, તદ્પ્રસંગાનુસાર હોઈ શકે. તેથી તેવા વચનોને સિદ્ધાંત માની લેવાની ઉતાવળ ન કરી શકાય. તેથી તેને શ્રીઆચાર્યચરણના ઉપદેશો સાથે સરખાવી જોવાની આવશ્યકતા સૌ પહેલાં છે, જ્યાં અસંગતિ જણાય તો તે, જે તે ભગવદીય પૂરતી સિમિત છે, તેમ માનવું જોઇએ. અથવા તો તે શબ્દોનો (જેમ કે ગોપીજનોને પ્રભુએ અર્ધરાત્રીએ વનમાંથી ઘરમાં પાછા જવાની આજ્ઞા કરી હતી તેમ અથવા જેમ વ્યસનાવસ્થા વાળાનો સમર્પિત-અસમર્પિતમાં ભેદ નથી તેમ) ભાવાર્થ કરવો.

૬. વાર્તાને સર્વ કોઈ માણી શકે છે જેમ કે અભણ, જ્ઞાની, મહાત્મયજ્ઞાનમાં

વિશેષ રુચિવાળા કે સ્નેહમાં વિશેષ રૂચિવાળા, પ્રાથમિક કક્ષાના કે ફલ કક્ષાના, સર્વ વૈષ્ણવો. આ જ વાર્તાની વિલક્ષણતા છે અને બીજું આ પ્રમાણકથા નથી, પણ જેઓએ ફલનો અનુભવ કર્યો છે તેમની કથા છે.

તેથી જ શ્રીગોકુળનાથજીએ આને ફલરૂપા કહી છે.

પરંતુ આ અર્થ લઈને, માર્ગના અન્ય સાહિત્યને સ્પર્શ જ ન કરવો, તે તો શ્રી આચાર્યજીને ન સમજ્યા બરાબર છે, સરાસર મૂર્ખતા છે. કેમ કે ફલ પામતાં પહેલા, ફુલ ખિલવવા પડે છે, પછી ફલ થાય છે. અને તેના રસાનુભવ માટે પાકવા દેવું પડે છે. આ બધા સ્ટેજ તે તો માર્ગમાં સાધનારૂપ સેવા અને કથા છે. તેમાં નિષ્ઠિત થવું પડે છે. તે માટે શ્રીઆચાર્યજીના ગ્રંથો જોવા-સમજવા-આચરવા પડે છે. તો જ રૂચિ-પ્રેમ-આસક્તિ-વ્યસન-સર્વાત્મભાવ વ. ક્રમાનુસાર ફલની પૂર્ણદશાનો સાનુભવ થશે.

૭. માર્ગ ઉપર સડસડાટ આગળ વધવા માટે વાર્તા જેવું સરળ સાધન એકેય નથી, પણ એ ધ્યાન રાખવું જોઈએ કે વાર્તાનો ઉપરછલ્લો અર્થ લઈ લે, તો વાર્તા જેવો પથરાળ માર્ગ પણ એકે ય નથી ! આ સાહિત્ય હાથમાં પારો રાખી ચાલવા સમાન છે, સાવધાની આવશ્યક છે.

૮. વાર્તામાંથી ભાવ પીવાનો છે, નહિ કે પાણી. આવો નિર-ક્ષિર ન્યાય જરૂરી છે. નદીની જેમ વહેવાનું છે, ખાબોચિયાની જેમ અટકી જવાનું કે અટવાઈ જવાનું નથી.

૯. વાર્તામાંના ભકતોના નિત્ય લીલાના સ્વરૂપોના નામ, તેમની ભૂતલ-લીલા તરફ આગળ વધવાનો અંગુલી નિર્દેષ કરે છે. તેથી આપણા જેવા આધુનિક જીવોએ તેમની આંગળીની દિશા પ્રતિ નજર સ્થિર કરવાની છે, નહિ કે તેમના દિવ્ય મુખકમળ પ્રતિ. કેમ કે તે તેજસ્વી સ્વરૂપો આપણી નબળી દૃષ્ટિને આંધળી કરી નાખશે. જ્યારે આપણું જીવન પેલા ભગવદીય જેવું બને, ત્યારે આપણી દૃષ્ટિ સમર્થ થશે, પછી તે નિત્યલીલાના સ્વરૂપમાંજ આપણને તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવશે અને અનુભવ પણ કરાવશે. તે પહેલાંની અનધિકાર ચેષ્ટા ગણાશે. કેમ કે ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી !

૧૦. વાર્તા વાંચશો તો જણાશે કે મંગલાચરણમાં તે વૈષ્ણવના નામની આગળ વૈષ્ણવ વિશેષણ લાગેલું જણાશે અને ઉપસંહારમાં " ભગવદીય " વિશેષણ લાગેલું જણાશે. તેથી એ સમજવાનું નહિ કે માત્ર કંઠી બાંધી લેવાથી જ સિદ્ધિ મળી ગઈ, " શ્રીનાથજી છોડશે નહિ ! " તેવી ભ્રમણામાં જન્મો વિતાવી દેવાની ભૂલ ન કરવી જોઈએ.

૧૧. એક જ જન્મમાં પ્રભુપ્રાપ્તિ થવા સંબંધે લક્ષ્ય હોવું તે સારી વાત છે પણ ભગવદ્કૃપા ત્યારે વરસે છે કે જો તેવી લાયકાત કેળવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરાય. હાથ પર હાથ રાખી બેસી રહે, તથા મનને પણ પ્રપંચમાં ભટકતું રાખે તો પછી ૮૪ લાખ જનમ સુધી રાહ જોવી જ પડશે. કેમ કે આ આ અનવતાર કાળની લીલા છે. ઊંચા લક્ષ્યથી દોડવાનું બળ જરૂર મળશે, પણ માત્ર અંધશ્રદ્ધા તો પાડવવાનું જ કામ કરશે.



૧૨. વાર્તાના કેટલાક પ્રસંગો કલ્પિત કથા સમાન જણાય પણ ખરા ! ત્યારે તેવા પ્રસંગો પ્રતિ દુર્લક્ષ્ય કેળવવું યોગ્ય છે. આપણી સમજ ટૂંકી હોય ! અને આ વાર્તા પ્રસંગો તો વાર્તાનો દેહ છે અને જે આત્મા છે તે તો " ભાવ " છે, જે દિવ્ય, અજન્મા તથા નિત્ય છે, તેમાં સંશય નથી. આ "ભાવ "ને જ શ્રી ગોકુળનાથજીએ " ફ્લરૂપ " કહ્યો છે. આપણે આપશ્રીનું તાત્પર્ય સમજ્યા નથી, તેથી વાર્તામાં જ સ્ટેગન્ટ ન થવું જોઈએ.

૧૩. જેમ પુરાણો વેદોથી પણ પ્રાચીન છે કેમ કે વેદમાં તેમનો ઉલ્લેખ છે. તે રીતે જ વાર્તાઓ પણ સર્વશાસ્ત્રોથી પ્રાચીન છે, દેહરૂપ ઈતિહાસ નહિ. બુદ્ધિમાં જો આ નટવરરૂપને બેલેન્સ કરશું તો કૃષ્ણ આપણી બુદ્ધિના પ્રેરક બની રહેશે. અને કૃપા વરસાવશે!!

૧૦૩

# બીજ

સફેદ રંગ, સાત રંગ બની ગયો
ન જાણે કેટ કેટલાય રંગ બની ગયો, અલ્ટ્રા નામથી...
હતું તો નાનકડું બીજ, તે થડ, ડાળ, પાન, ફૂલ, ફળ
માત્ર નહિ... ઘણું બધું બની ગયું.
એક જળનું બિંદુ, સરોવર, નદી, સાગર, પસીનો
અને આંસુ જ નહિ ઘણું ઘણું બની ગયું.
એક ધૂળની રજ કુલડી, માટલું રમકડું અને ડુંગર જ
નહિ ઘણું - ઘણું બની ગયું.
અમારા જ્ઞાનની મર્યાદાની બહાર છે તે સૌ
કેમ કે તે બધાનું એક નામ પરબ્રહ્મ છે.
અને તે જ એકોડહં બહુસ્યામ્ છે.
તે જ તો સર્વનું B (બી(જ)) છે.

# શ્રી આચાર્યજીનું બેલેન્સ અને ઉદારતા ૦૪

બન્ને પલ્લાં સરખા બતાવીને પણ પ્રિયજનોને કંઇક વિશેષ આપવું તે જ આપની ઉદારતા છે. બેલેન્સ કરવાની ક્ષમતા આપના સર્વલક્ષણ સંપન્ન ગુણને પ્રકટ કરે છે, જ્યારે શ્રી કૃષ્ણજ્ઞાનદ : તે આપની ઉદારતા છે, વિરુદ્ધ સ્વભાવવાળાને સાથે રાખી, મુકામ પર પહોંચાડી આપવાની આપની ક્ષમતા છે.

પ્રભુ માટે સર્વ સમાન છે, તેવી પ્રતિજ્ઞા ગીતાજીમાં કરે છે, છતાં મને ભક્ત ખૂબ પ્રિય છે, તેમ પણ આપ કહે છે.

૧. શ્રી આચાર્યજીનો શુદ્ધાદ્વૈત કહે છે, પરબ્રહ્મ જ સૃષ્ટિના સર્વ પદાર્થ અને જીવ રૂપ છે, ભગવદ્ રૂપ છે, જગત સત્ય છે, લીલા-રમણેચ્છા માટે સૃષ્ટિ પ્રાકટ્ય કહીને ગજબનું બેલેન્સ કર્યું છે.

૨. આપ સિદ્ધાંત મુકતાવલીમાં આજ્ઞા કરે છે, "પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ", જે પરબ્રહ્મ વ્યાપક, સમ, નિર્દોષ, નિર્ગુણ, નિર્ધાર્મિક છે તેજ કૃષ્ણ રૂપે સાકાર, ઐશ્વર્યાદિ અલૌકિક ગુણોને ધારણ કરનાર છે, અને અનન્ય ભક્ત પર વિશેષ અનુગ્રહ કરનાર પણ છે, પ્રભુ ગીતાજીને ટાંકે છે, કશ્ચિદેવ હિ ભક્તો હિ યોમદ્ ભક્ત..... નાહં વૈદ.... સમછતાં વિસમ.

૩. આપ યમુનાષ્ટકમાં આજ્ઞા કરે છે, "સુરાસુર સુપૂજિત" : શ્રી યમુનાજીને સુર તથા અસુરભાવ વાળા બન્ને પૂજે છે, દીનભાવ તથા માનભાવ વાળા બન્નેઉ પૂજે છે.

૪. ભક્તને ભગવાન મુક્તિ રૂપ ફળ આપે તે તો આ પંચમહાભૂતનો દેહ છૂટે પછી મળે, પણ આપ કહે છે, "તનુ નવત્વ મે તાવતા" દેહ જ અલૌકિક થય જાય. સેવા ફળમાં તેને આપ અલૌકિક સામર્થ્ય કહે છે, તો દેહ છુટયા પછીનાં ફળ સાયુજ્ય અને વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ કહ્યું છે, છતાં ભૂતલ પરના તનુનવત્વની, નવતનુ કરતાં બડાઇ, આ ઉદારતા.

૫. આપ "ભક્તિ વર્ધિનીમાં આજ્ઞા કરે છે.

"સેવા યાં વા કથા યાં વા યસ્યાસક્તિ દ્રઢાંભવેત્" સેવા-કથા તથા કથા બન્નેમાંથી, જેને જે પ્રકારનો અધિકાર હોય તે પ્રકારે તેને ભગવત્ પ્રાપ્તિ થાય, વ્યસન સિદધ થાય, છતાં સેવા-કથાની કંઇક અધિકતા ખરી.

૬. આપ ભગવદીયના સંગ બાબતે "ભક્તિ વર્ધિનીમાં આજ્ઞા કરે છે, "અદુરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ," એટલે કે એટલા નજીક ન રહો કે જેથી ભગવદીયમાં દોષ બુદ્ધિ આવે... અને એટલા દૂર ન થાઓ કે સત્સંગ રહિત રહો..... આ વિરુધ્ધ ધર્માશ્રય, પરંતુ આ સત્સંગ દ્વારા આપ સેવાનું આકર્ષણ કરાવવા માંગે છે તે ઉદારતા.

૭. આપ ભક્તિની વ્યાખ્યા માહાત્મ્ય જ્ઞાન પૂર્વક સુદ્રઢ સર્વત્તોધિક કૃષ્ણમાં સ્નેહ કહ્યો છે, માહાત્મજ્ઞાનથી સ્નેહ પ્રકટે... સ્નેહની પ્રમુખતા પણ માહત્મજ્ઞાન



આવશ્યક, બન્નેમાં વિરોધી ભાવો પણ છે, છતાં સાથે રાખ્યા, કૃષ્ણસંગ કરાવવા માટે તે ઉદારતા.

૮. પ્રભુ પ્રતિના સ્નેહ રસની પૂર્ણતા તો સંયોગ રસ અને વિપ્રયોગરસ બન્નેનું ચક્ર ચાલે તો જ થાય. બન્ને રસનાં લક્ષણો વિરોધી જણાય તે છતાં... ઉદારતા તે કે કોઇ પણ એક રસમાં સ્થિર થવાની છૂટ.

૯. અંગિકૃતૌ સમર્યાદ : આપનું નામ શ્રી પ્રભુ ચરણ જણાવે છે. આપનું અંગિકારનું કારણ અનુગ્રહ સ્નેહ હોવા છતાં પણ વરણથી મર્યાદા રાખી છે.

૧૦. આપ શબ્દ પ્રમાણથી પ્રમેયરૂપ કૃષ્ણની પહેચાન કરાવે છે. કે જે પૃષ્ટિપ્રભુ પ્રમાણના બંધનોથી બંધાતા નથી, છતાં ભક્તના સ્નેહ પ્રમેયથી બંધાય છે.

૧૧. આપે કૃષ્ણની સ્તુતિ કરી છે કે, "બર્હાપિડં નટવર વપુ કર્ણયો..." તે પ્રભુ કોઇ સાથે નટવત્ લીલા કરે છે તો કોઇ સાથે વરવત્ લીલા કરે છે. છતાં આપ ભકિતમાર્ગમાં પ્રભુની ભકિત તો વરવત્ કરવા આજ્ઞા કરે છે. નટવત તે તો પ્રભુની તે પ્રકારે ભકિત કરાવવાની ઇચ્છા છે.

૧૨. પભુએ તો અનેક મર્યાદા ભકતોનો કર્મ-જ્ઞાન-ઉપાસના રૂપ સાધનોથી ઉદ્ધાર કર્યો છે અને અવતાર કાળમાં દુષ્ટસાધનવાળા કંસ-શિશુપાલનો પણ ઉદ્ધાર કર્યો છે. પણ મહાપ્રભુ એ જે ભકિતમાર્ગ બતાવ્યો તે તો નિ:સાધનભકિતનો બતાવ્યો.

૧૩. આપ વર્ણાશ્રમ ધર્મને, જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી માન આપવાની આજ્ઞા કરે છે. અને ભકિતની તીવ્રતામાં તે છૂટી જાય તો તેને દોષ પણ નથી ગણતા છતાં આપ ધર્મ કરતાં ધર્મીના પક્ષપાતી તો છે જ, તે ઉદારતા.

૧૪. આપ પૃથકશરણ માર્ગના ઉપદેશક પણ છે, અને ભકિતમાર્ગના ઉપદેશક પણ છો કે જેમાં શરણ પણ છે જ. છતાં પૃથકશરણમાર્ગી રૂચિ અનુસાર ભકિતમાર્ગમાં પ્રવેશી શકે તેવી વ્યવસ્થા, તે આપની ઉદારતા છે. પૃથકશરણમાર્ગ માત્ર *close end* નથી.

૧૫. આપ દૈવીજીવો કે જે પુષ્ટિમાર્ગી છે તેમને જન્મમરણના બંધનથી મુકત કરાવો છો. છતાં આપના ભકતો મોક્ષને તુચ્છ જાણી તેની અપેક્ષા નથી રાખતા. મોક્ષથી અધિક ભજનાનંદનું દાન કરનાર આપ ઉદાર છો.

૧૬. આપને "હરિ" નામ અતી પ્રિય છે. તેને આપ આપના રચિત ગ્રંથોમાં વારંવાર વાપરો છો. છતાં આપ પ્રભુ મારાં લૌકિક-અલૌકિક દુ:ખો હરિ લે તેવી માગણી કરવાની પણ ના કહો છો. વિવેકમાં "વિવેકસ્તુ હરિ:સર્વ...નિજેચ્છાત:...કરિષ્યતિ....પ્રાર્થિતે વા તત: કિં સ્યાત્"... છતાં પણ આપ દુ:ખો દૂર થવાનો ઉપાય તો આશ્રયથી બતાવો છો તે ઉદારતા.

૧૭. આપ સેવાને ક્રિયાના લેવલે સાધન કહો છો. તો મનના લેવલે ફળ પણ કહો છો. છતાં ક્રિયાને લેવલે તે ફોગટ નથી અને ફળના લેવલે છોડવાની નથી, તેમ કહી ભજનાનંદ બતાવો છો તે ઉદારતા.

૧૮. આપ કહે છે "કૃષ્ણ એવં ફલમ્" છતાં આપ સેવા થકી કૃષ્ણની અનુભૂતિને ફળ કહે છે. અને સેવામાં આવતો શ્રેષ્ઠ આનંદ-ભજનાનંદ તે જ ફળ છે અને તે જ કૃષ્ણ છે.

૧૯. આપ દૈવી જીવોના ઉદ્ધારકર્તા છો એટલે કે ભૂતલ પરના જન્મ-મરણથી ઉપર ઉઠાવનાર છો છતાં કૃષ્ણ સેવા માટે ભૂતલ પર જન્મ લેવો પડે તો તેને અધિક ઉત્તમતા પણ કહો છો.

૨૦. આપ કૃષ્ણને "રસોવૈસ:" કહીને રસરૂપ કહો છો તે આનંદ છે. અને રસમય કહીને પરમાનંદ કહો છો એટલે મૂળરૂપથી પણ અધિક લીલાકર્તા સ્વરૂપને કહો છો. લીલા માટે ભકત તો જોઈએ જ. આમ આપ ભકતની વિશેષતો બતાવો છો તે ઉદારતા.

૨૧. પ્રભુને દત્તતો દેવદ્રવ્ય થઇ જવાથી ગ્રહણ ન થાય. તેવી મર્યાદા માર્ગની રીત છે, જ્યારે પુષ્ટિભકિતમાં તો "પ્રભુનું ઉચ્છિષ્ટ" લેવું તે મહાભાગ્ય ગણાય. આ બંને વિરુદ્ધ વચનોનું બેલેન્સ આપે "સમર્પણ"થી કર્યું.

દત્તાપહાર વચનં તથા ચ સકલં હરે :

ન ગ્રાહ્યમ્ ઈતિ વાક્યં હિ ભિન્નમાર્ગ પરંમતમ્.

૨૨. મર્યાદામાર્ગમાં દોષોની નિવૃત્તિ માટે પ્રાયશ્ચિત બતાવેલ છે. કપડું બળ્યા પછી પણ રાખ તો રહી જાય - તેથી દોષોનો સર્વનાશ પ્રાયશ્ચિતથી ન થાય, પણ બ્રહ્મસંબંધ થી થાય. બ્રહ્મ કે જે શુદ્ધ છે તેનો સંબંધ શુદ્ધિ કરાવે.

છતાંય આપ પાછા કહે કે "સેવામાં દોષો બાધક ન થાય" તેથી દોષોથી ડરતા તો રહેવું જ.

બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દહેજીવયો: સર્વદોષ નિવૃત્તિ... અન્યથા સર્વ દોષાણાંન નિવૃત્તિ: કથંચન (સિ.ર)

૨૩. ભકિતના વિવિધ અધિકારીને વિવિધ ઉપાયો બતાવે છે. જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠે ત્ પૂજોત્સવાદિષુ

કહીને કેટલી ઉદારતા બતાવી છે.

૨૪. આપ કૃષ્ણને સર્વેશ્વર (બહારથી નિયામક) અને સર્વાત્મા કહીને (અંદરથી નિયામક) કહે છે.

સર્વેશ્વસ્વશ્વ સર્વાત્મા (ન.ર.) કહીને જીવની ચિંતા - મારી લૌકિકગતિ તો નહિ થાય ? તેને દૂર કરી દે છે - ઉદારતા.

૨૫. સર્વેષામ્ પ્રભુ સંબંધો ન પ્રત્યેકમ્ (ન.૨)

અતોડન્ય વિનિયોગેપિ ચિંતા કા સ્વસ્ય ?

એક બાજુ સર્વમાં પ્રભુ સાથેના સંબંધ જોડે છે તો બીજી બાજુ પ્રત્યેકના નહિ....



*Limit* નહિ, તેમ બેલેન્સ કરે છે અને તેવા સ્વજનનો પ્રભુવિનિયોગ નહિ થવા બાબતની ચિંતા દૂર કરી દે છે તે ઉદારતા.

૨૬. અજ્ઞાનદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્

યૈ: કૃષ્ણસાત્ કૃત:પ્રાણ: તેષાં કા પરિદેવના।

પ્રભુનું સ્વરૂપજ્ઞાન છે અને નથી તેવી બંને બાજુ ને "કૃષ્ણ સાથે પ્રાણ જોડયા છે" તેવા વાંસથી સમતોલન કરી બતાવ્યું.

૨૭. સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરિચ્છયા

પ્રભુઆજ્ઞા અને ગુરૂ આજ્ઞા આ બે વિરુદ્ધ દિશાઓને "તત્સુખ" રૂપ વાંસથી બેલેન્સ કર્યું.

૨૮. કામમાધમતા ભાવ્યા પશ્ચાતાપો યતો ભવેત્

આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામીદ્રોહોન્યથા ભવેત્

પ્રભુની આજ્ઞા પાળવી કે ન પાળવી તે બે બાજુઓને સેવકધર્મ રૂપ વાંસથી બેલેંસ કરી.

૨૯. વિવેકસ્તુ હરિ : સર્વં નિજેચ્છાત: કરિષ્યિતિ

પ્રતિકારો યદ્રચ્છાતો સિદ્ધશ્ચયેન્નાગ્રહી ભવેત્

સર્વ કંઇ ભગવદ્ ઇચ્છાથી જ થાય છે. તે મનોભાવ છતાં દુ:ખોનો પ્રતિકાર થઇ શકતો હોય તો, તે કરવો તેવા અનાગ્રહનો પણ ઉપદેશ.

આ બંને છેડાને પ્રભુએ આપેલ બુદ્ધિ-બળ કૌશલ્યને નિરપેક્ષ ભાવે વાપરવાની વાંસની કરામત પણ બતાવી.

૩૦. ભાર્યાદિનાં તથાન્યેષામ્ અસતાંશ્ચક્રમં સહેત્

ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકુલે ગૃહં ત્યજેત (વિંધૈ આ.)

એક બાજુ ગૃહ (સ્ત્રી)ને ત્યજવાનો આદેશ અને વચ્ચે પાછો મદયમમાર્ગ સ્વયંકુર્યાત. આ બધું આપે મર્યાદામાર્ગ અને ભકિતમાર્ગનું બેલેન્સ પ્રભુના સુખાર્થે કર્યું.

૩૧. બે છેડા અશકય અને સુશકયને હરિશરણથી બેલેન્સ કર્યું.

૩૨. ભકત દ્રોહે, ભકત્યભાવે, ભકત્યૈશ્ચાતિક્રમે કૃતે

ભકત આપણો દ્રોહ કરે... કે આપણે ભક્તનો, આ બંને છેડાને આપે શરણથી સમતોલ કર્યા.

૩૩. અન્યસ્ય ભજનં તત્ર.......(આશ્રય)

અહીં આપે અન્ય દેવ પાસે જવામાં, પ્રાર્થના કરવામાં ભજન કરવામાં કૃષ્ણભકિતને દુષિત થતી જોઇ, છતાં તે "અન્ય"ને આદર આપવાની વાત પણ કહી આ આપનું બેલેન્સ.

૩૪. વિવેકધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષત :

પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ (કૃષ્ણાશ્રય)

અહીં ઉદારતા પ્રકટ થાય છે કેમ કે વિવેક નથી, ધૈર્ય નથી, ભકિત નથી, પાપાસકત છે, દીન-સાધનરહિત છે. આપે આગળ આપેલ અનેક ઉપદેશો માટે જે ઉત્તમ અધિકારી છે તેવાને પણ આપ છોડતા નથી અને કહો છો.

કૃષ્ણને શરણે જા...

૩૫. એવમાશ્રયણં પ્રોકતં સર્વષાં સર્વદા હિતમ

કલૌ ભકત્યાદિ માર્ગા હિ દુ:સાધ્યા ઇતિ મેમતિ:

આપ ભકિતમાર્ગના પ્રચારક, પ્રકાશક છતાં ભકિતમાર્ગ જેને દુ:સાધ્ય લાગે છે તેના પ્રતિ પણ કેટલી હમદર્દી બતાવો છો ?

૩૬. ચતુ:શ્લોકીના પુરુષાર્થો જે ચાર છે તેને આપ જીવન જીવવામાં ઇન્કારતા નથી છતાં આપ તે સર્વને કૃષ્ણભકિતથી જોડીને બેલેન્સ કરો છો.

ધર્મ - અર્થનું બેલેન્સ કરો છો.

કામ - મોક્ષનું બેલેન્સ કરો છો.

૩૭. વ્યાયવૃત કે અવ્યાવૃત બંનેને કેમ જોડવા તે આપ બતાવે છે.

અવ્યાવૃત્ત રહીને કૃષ્ણનું ભજન સેવા શ્રવણ પ્રકારે કરવું અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્ પૂજયા શ્રાવણા દિભિ : અને વ્યોવૃત્તે શ્રવણ વ-માં ચિત્ત જોડી રાખવું.

૩૮. ભ.વ.માં આપ કહે છે વ્યસનાવસ્થામાં ગૃહત્યાગ પ્રસંશનીય છે પણ સત્સંગનો ત્યાગ અપ્રશંસનીય છે.

આમ આપ ત્યાગ શાનો કરવો તે કહે છે.

૩૯. સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિત દઢાં ભવેત્

આપ જીવનો ભાવનાશ ન થાય તે માટે પ્રભુ આસકિતરૂપે ઉપાય કહે છે. તેમાં યથારૂચિ સેવા-કથાનો પક્ષ ગ્રહણ કરો કે કથાપક્ષને ગ્રહણ કરો છો.

પ્રભુ આસકિતના વાંસને સેવાકથા કે કથા બંને પક્ષે બેલેન્સ કરે છે. (ભ-વ)

૪૦. બાધ સંભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઇષ્યતે

હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યિતિ ન સંશય:

આપ એકાંત સેવવામાં વિધ્નોનો ભય બતાવે છે, સાથે સાથે હરિ રક્ષણ કરશે તેમ કહી અભય પણ કરે છે. ભય-અભય બંનેને બેલેન્સ કરે છે. (ભ.વ.)

૪૧. "વેશ્યાદિ સહિતા મત્તા ગાયકા ગર્ત સંજ્ઞિતા" "રૂપત : ફલત : એવ ગુણા : વિષ્ણુ ર્નિરૂપિતા"

આપ ગર્ત કહીને વેશ્યાવમત ગાયકોની નિંદા પણ કરે છે. જેને આપ વિષ્ણુના જ



અંશ તેવા જીવમાં, ભાવ રૂપે બતાવે છે. તો તે તો વિષ્ણુના ગુણો છે, તેમ કહેતાં પ્રભુના ગુણો તો પ્રસંશનીય બની જાય, તે તો તત્વરૂપથી. (જ.ભ.)

૪૨. આપની ઉદારતા તો જુઓ

હરિસ્ત્ર ન શકનોતિ કર્તુ બાધા કુતો પરે :

અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈ: પુપુષુ: ક્વચિત્ (સં.નિ.)

પ્રભુની સર્વોપરિતા પર બ્રેક મારી દીધી. ભકતને ભગવાન પણ બાધા ન કરી શકે કહીને, ભગવતકૃત પ્રતિબંધ પર પણ. (સે.ફ.) અને તે માટે યુકિત પણ પ્રભુને જનેતા કહીને... (વિ.ધૈ.આ.)

સર્વ સામર્થ્ય સહિત સર્વત્રૈવાખિલકૃત્ (વિ.ધૈ.આ.)

અકર્તવ્ય ભગવત: સર્વથા ચેદ્ ગતિર્નહિ (સે.ફ.)

૪૩. "તદ્ દુ:ખં સ્યાન્ મમ કવચિત્ યત્ સુખં સમભૂતન્મે ભગવાન કિં વિધાસ્યતિ" આપની દીનતાની હદ થઇ ગઇ છે. શું આ સુખ કે દુખની અનુભૂતિ પ્રભુએ આપને નથી કરાવી ? નિત્યધામમાં સુખ અને ભૂતલ પર વિયોગનું દુખ નથી સહ્યું ?

અહં નિરુધ્ધોરોધેન નિરોધપદવી ગત: નિરોધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે પોતે જ બધાંને સર્ટીફીકેટ આપનારા છે છતાં પોતાને જ સર્ટી આપે છે. આ કોઇ લાચારી છે, કરુણતા છે કે ઉદારતા છે ? અજ્ઞાની જીવો પ્રતિની ?

૪૪. ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યકતુમ્ ન શકયતે કૃષ્ણાર્થં તત પ્રયુંજીત સંગ - સર્વાત્મના ત્યાજ્ય તત્ચેત ત્યકતું ન શકયતે

આતો ઉપાયો નો પણ ઉપાય બતાવે છે.

૪૫. અત્રોપિ વેદનિંદાયામ અધર્મમ્ કરણાત્ તથા અથાપિ ધર્મમાર્ગેણ.... સકથંચિત તરિષ્યિતિ

અહીં પણ આપ સ્વજનો માટે આ ભવસાગર તરી જવાનો રસ્તો શોધી શોધીને આપે છે.

આ પ્રકારે આપનાં અનેક વચનોમાંથી સમજાય છે કે ધર્મમાર્ગ અને ધર્મીમાર્ગનું કેવું અજોડ બેલેન્સ આપ કરે છે ! સાથે - સાથે સ્વજનોને તેમાંથી સાચો - સરળ રસ્તો પણ કાઢી આપે છે.

## વિશ્વાસ ૧૦૪

વિશ્વાસ છે કે પડીશ નહિ, અને પડીશ તો પણ ઢળીશ નહિ

અને ઢળીશ તો પણ મરીશ નહિ, અને મરીશ તો પણ ચલીશ નહિ (૧)

કેમ કે મારા પ્રભુએ કહ્યું છે મને કે, તારા દિલમાંથી હું હટીશ નહિ.....

# આપણા માર્ગમાં કામભાવ - રતિભાવ ૦૫

**કામ** એટલે વસ્તુમાં અપેક્ષા ભાવ

**કામભાવ** એટલે તે વસ્તુને ભોગવવાથી થતી આનંદની અનુભૂતિ રૂપ પાત્રતા.

**રતિભાવ** - પોતે ઉપયોગમાં આવે તેનાથી પોતાને જે થતા આનંદની અનુભૂતિ રૂપ પાત્રતા.

**રસ** - ક્રિયા શરૂ થાય એટલે કે કામપાત્ર રતિપાત્રનું સંમિલન થાય. એટલે કામભાવ પૂર્વક, રતિભાવ વાળાને તે ભોગવે અને બીજુ ભોગવાય. ત્યારે જે આનંદસ્વરૂપની બંનેને અંદર અનૂભૂતિ થાય તે જ આનંદ-રસ છે. તે તો ત્રીજું જ છે. તે જ ભગવાન છે. રસો વૈ સ: જે પરબ્રહ્મ છે. પરંતુ રસ નિષ્પન્ન-પ્રકટ થવાથી, આનંદની અનુભૂતિ છે તે ભાવને કારણે છે. "બીજાને ઉપયોગમાં આવું", તેવી જે લાગણી તે રતિભાવ અને જે પાત્ર ઉપયોગમાં આવી રહ્યું છે તે રતિ. લોકમાં આને સ્ત્રી કહે છે અને ભાવને સ્ત્રી ભાવ કહે છે.

**ઉદાહરણ** - સ્ટેજ પરનો કલાકાર પ્રેક્ષકને ખુશ કરવા માટે જે જાતજાતના અભિનયમાં પોતાનું સર્વ સામર્થ્ય રેડી દે અને પ્રેક્ષક પણ એકચિત્ત થઈ કલાકારની કલામાં રસમગ્ન થઈ જાય, તો તેથી રસ નિષ્પન્ન થયો તેમ કહેવાય. ત્યારે કલાકારને પણ પોતાની સાર્થકતા લાગે છે. વ્યસનદશા પછી કૃતાર્થતાની જેમ, પરંતુ જો પ્રેક્ષક ખૂબ ઉત્સાહપૂર્વક નાટકને માણવા આવ્યો હોય અને કલાકાર દિલ દઈને પોતાનું પાત્ર ન ભજવે કે તે બાબતે બેદરકારી રાખે, તો પ્રેક્ષકને આનંદ ન થાય, ત્યાં તો કલાકાર તો આનંદ ઇચ્છતો જ નહોતો તેથી રસ નિષ્પન્ન ન થાય.

*યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે, કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ*

તે જ રીતે જો કલાકાર દિલ દઈને પાત્ર ભજવે પરંતુ પ્રેક્ષક કોઇના દબાણથી નાટક જોવા આવ્યો હોય કે નાટકને માણવાની તેની પાત્રતા ન હોય કે થાકને લીધે રસ ન પડતો હોય કે આવવા ખાતર આવ્યો હોય કે પ્રતિષ્ઠા બતાવવા આવ્યો હોય અને પહેલી હરોળમાં બેઠો હોય, તો કલાકાર તેવા શુષ્ક લોકો સામે કલા પ્રદર્શિત કરે પણ તેને આનંદ ન આવે. કલાકારમાં કે પ્રેક્ષકમાં આનંદ ન પ્રકટે.

મતલબ આનંદ નિષ્પન્ન થવા માટે બંને પાત્રોની યોગ્યતા જરૂરી છે. ભક્ત ભક્તિ કરવા નહિ પણ તે રતિના બદલે કોઇ ત્રીજામાં કામ પ્રકટ કરે કે પ્રતિષ્ઠારૂપ કામ પ્રકટ કરે તો રસ ન પ્રકટે.

આપણે ત્યાં જબરદસ્તીથી સેવા નહિ કરાવવી તેમ કહ્યું છે. "ઉદાસિને સ્વયં કુર્યાત્" કહ્યું છે, તે એટલા માટે.

જે કામ ભાવ છે તે પુંભાવ છે. જેના અધિકારી પ્રભુ છે. અને રતિભાવ છે - સમર્પણભાવ-ભકિતભાવ-સ્ત્રીભાવ તે જીવ છે. આવા કામ અને રતિનો સંયોગ થાય તો "રસ"



નિષ્પન્ન થાય.

પ્રેક્ષક અને કલાકાર બંને યોગ્ય પાત્ર હોય તો રસનિષ્પન્ન થાય. બંને આનંદવિભોર થઇ જાય. તેના પ્રતિભાવરૂપે પ્રેક્ષક વાહ કહે, દુબારા કહે કે તાલી પાડે અને કલાકારને ત્યારે રોમાંચ થાય કે, આંખમાં જલ ભરાઈ જાય કે ગદ્ગદ્ થઇ જાય. આ બધા રસ નિષ્પતિના કારણે પ્રકટ થતા અનુભાવ છે.

ઠાકોરજીએ ધોંધીના નૃત્ય પર તાલ દીધો.!

ગિરધરજીએ હાથમાંના કડા ન્યોછાવર કરી ધોંધીને પ્રસાદીરૂપે આપી દીધા.

ધ્યાન રહે કે આ ગુરુદ્રવ્ય કે દાન, કે બીજુ કંઇ જ નથી. કે નથી સ્વપ્રસંશા કે મોટાઇ જે છે તે રસનિષ્પન્ન પછીનો અનુભાવ છે. તેનાથી શુદ્ધ કંઇ જ નથી.

વસ્તુતઃ દોષવર્જિત : (અં.પ્ર.)

પરંતુ જો કલાકાર મનમાં વિચારે કે પૈસા મળશે તેથી કામ કરું છું, ત્યારે કલાકારનો રતિભાવ સ્થિર નથી થયો કેમ કે ત્યારે તે ભોગ્ય હોવાની સાથે પૈસા સાથે ભકિતભાવ પ્રકટ કરે છે. આમ "ચેતસ્ તત્ પ્રવણં"ન થાય. તેનામાં રહેલ રતિભાવ પૂર્ણ ત્યારે ખિલે કે જ્યારે તે પોતાના કામને સંપૂર્ણ વિલીન કરે પુષ્ટિભકિતમાં. એટલા માટે ચિત્ત સ્થિર કરવા માટે, કામરૂપ અહંતા-મમતા કે તનુ-વિત્તને સમર્પિત કરવાનાં છે, તો જ માનસીરૂપ રસ નિષ્પન્ન થાય. અને તો જ આનંદની અનુભૂતિ સર્વાત્મભાવરૂપે થાય. અન્યથા ખંડિત તનુ- વિત્તની સેવાથી તો બાવાના બે બગડ્યા જેવી ગતિ થાય. ન મિલી માયા ન મિલે રામ. આમ રસાભાસ થશે. કેમ કે તનુ-વિત્તના સર્વ સમર્પણ વગર, ક્ષતિયુકત રતિ થશે. રતિભાવની પૂર્ણતા સર્વસમર્પણથી જ છે. "શેઠ જૂતાવાળા મોચીને ત્યાં જ છે" તેની જેમ.

કલાકાર પૂર્ણ રતિભાવથી કલા રજૂ કરે ત્યારે જો પ્રેક્ષકનું જોવામાં મન ન હોય કે અન્ય જગાએ હોય, તો કલાકારને પણ મજા ન આવે. યોગ્ય શ્રોતાની સાથે સાથે યોગ્ય વકતા અને યોગ્ય વકતાની સાથે યોગ્ય શ્રોતાની જરૂરિયાત એટલા માટે છે, આ જલભેદ અને પંચપદ્યાનિનું રહસ્ય છે. જીવની પાત્રતા ન હોય પછી કદાચ તે પૂર્ણહૃદયથી ભકિત કરે, ચિત્ત પણ લગાવે, છતાં ક્યારેક પ્રભુ તેને પાત્ર ન સમજતા હોય તો રસ નિષ્પન્ન ન થાય. સવાલ વરણનો છે, ભકિતનો નહિ. અથવા ભગવતકૃત પ્રતિબંધનો છે.

ત્યારે ભગવાન તો આનંદ પ્રકટ કરતા જ નથી અને ભકતને પણ આનંદ નથી આવતો, કેમ કે રસ પ્રકટ્યો જ નથી. ગોવિંદ દુબેનો પ્રસંગ આવો જ છે. પ્રભુએ તેમને વ્રજલીલાભાવને યોગ્ય ન બનાવ્યા, તેથી તેમનામાં મર્યાદા છે. તેથી ભગવાનની રસરૂપલીલા તેમના હૃદયમાં પ્રકટ નથી થતી. તેમના ભાવને અનુરૂપ ભગવાનની રણછોડરાયજી રૂપની લીલાઓ છે. તેમાંથી જ તેમનામાં આનંદ રસ પ્રકટે અને અનુભૂતિ થાય.

તેથી શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે "તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતામ્ દ્રુતમ્ ત્યજત્…." આ પણે ભગવાનની જ એક લીલાનો ભાગ છીએ અને ભગવાને આપણને મર્યાદાપુષ્ટિ તરીકે સ્વીકાર્યા છે, તેથી ચિંતા ન કરો. "ભગવાનેવ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકં ચ ગતિમ્." ભગવાન તમારે માટે પુષ્ટિસ્થ છે જ. એટલે કે તમે પુષ્ટિમાર્ગમાં પણ છો. તેથી તમારી અન્ય જીવો જેવી લૌકિક ગતિ તો થવાનો પ્રશ્ન જ નથી. અહીં લૌકિક કહેતા લોકમાં જેને ઈષ્ટ માની છે તેવી. લોકમાં આત્મસુખ, અને મર્યાદા-મોક્ષને ઈષ્ટ ગણ્યા છે. પરંતુ અહીં તમને તેવું નહિ થાય પણ પુષ્ટિમાર્ગીય મર્યાદાભકતને જે મોક્ષ મળે તે મળશે જ, તેવું આશ્વાસન છે.

દરેક વ્યકિતમાં બંને પ્રકારના ભાવ હોય છે. પુરુષ તે કહેવાય કે જેમાં પ્રકટ પુંભાવ અને ગૂઢસ્ત્રીભાવ હોય. સ્ત્રી તે કહેવાય કે જેમાં પ્રકટ સ્ત્રીભાવ અને ગૂઢ પુંભાવ હોય.

પુંભાવ કહેતા કામભાવ - ભોકતૃભાવ.

સ્ત્રીભાવ કહેતા રતિભાવ - ભોગ્યભાવ

બંને પ્રકારના ભાવ હોવામાં જ સંપૂર્ણતા છે. તેથી જ તો એકભાવની અપૂર્ણતામાં તે અપૂર્ણ પુરુષ કે અપૂર્ણ સ્ત્રી હોઈ શકે છે. *Mind Well* કે અહીં ભાવની વાત ચાલે છે.

સ્ત્રીને જાત-ભાતની રસોઈ બનાવીને જમાડવામાં જે આનંદ આવે છે, તે ત્યારે આવે કે જ્યારે જમનારને ખાવામાં આનંદ આવે, તથા વખાણરૂપે તે આનંદ સહજ પ્રકટી જાય, ત્યારે તે આનંદ અધિક થઈ જાય છે. (પરમાનંદ). પોતાના વખાણને કારણે નહિ કે નહિ ચિજના વખાણને કારણે, પણ તેના રતિભાવની સાર્થકતા માટે !

કેવલકામ, કેવલરતિ, શુદ્ધકામ અને શુદ્ધરતિ આ ચારેમાંથી કેવલકામ ભોગમાં જ મગ્ન રહે છે, તેનામાં રતિભાવ શૂન્ય હોય છે. તેથી તો તે માત્ર સુખને માણે છે, નહિ કે આનંદને. તેની વાસનાની ભૂખ બુઝાતી નથી, અતૃપ્ત રહે છે. રતિભાવ તો સમર્પણ ભાવ છે. કામમાં "રતિ સમર્પિત થાય ત્યારે કામ-રતિ આનંદમાં વિલીન થઈ જાય છે. આનંદરૂપ પામ્યા પછી તે નથી કામ રહેતો કે નથી રતિ. તેથી તો ગીતાજીમાં ભગવાન કહે છે "કામાત ક્રોધોપજાયતે… બુદ્ધિનાશાત્ પ્રણસ્યતિ ।" કેવલકામથી બુદ્ધિ બગડે જ. ત્યારે તે મહાનુભાવ સાથે અવિવેક કરી બેસે . મહાદેવજીએ કામને બાળી મૂકયો. તે અનંગ થઈ ગયો. તે રતિના કારણે તો વાસના ભોગવવા રૂપ દેહનો સ-અંગ થઇ સમર્થ થઈ શકે છે ! રતિ સ્નેહ છે અને કામમાં મહાત્મ્યરૂપ અહંકાર છે.

કેવલરતિ સ્નેહરૂપે હોવાથી અધૂરી છે. તે પણ અપરાધ કરી શકે છે. તે લપસણી (સ્નેહ-તેલ હોવાથી) બને છે. સ્નેહવશ બાલકૃષ્ણલાલજીને મદનમોહનજી થવું પડયું. તેથી પ્રભુને મજબૂર કરવા રૂપ સ્નેહ, પુષ્ટિભકિતમાં તો પ્રશસ્ત નથી !

શુદ્ધસ્નેહ અને શુદ્ધરતિ તે તો પ્રભુ અને સ્વામિનીજીના સ્વરૂપ છે.

પ્રભુ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન કૃષ્ણ છે, તેથી સહજતયા સર્વવસ્તુના કર્તા, ભોકતા છે, પ્રબળ પુંભાવ છે. પરંતુ આપ પૂર્ણકામ છે તેથી આપમાં ગૂઢ સ્ત્રીભાવ પણ છે.



શાસ્ત્રમાં આ ગૂઢ સ્ત્રીભાવની કયાંય ચર્ચા નથી. કયાંક છે તો પરોક્ષરૂપ છે, શ્રી આચાર્યજીએ શાસ્ત્રમહાસાગરમાંથી તે મોતી શોધ્યું છે, તેનું નામ પુષ્ટિભકિતમાર્ગ છે. તેમાં જે પુષ્ટિ છે તે પ્રભુમાં રહેલ ગૂઢ સ્ત્રીભાવ છે અને ભકિત છે તે જીવમાં રહેલ સહજ કે સ્ત્રીભાવ છે, જે પ્રકટ છે. (જીવ સહજતયા પરમાત્માને ચાહે છે કે તે સમજાવવા કહે છે તે દેહને ચાહે છે કેમ કે આત્માને ચાહે છે અને આત્માને ચાહે છે કેમ કે પરમાત્માને ચાહે છે.)

જીવનો સર્વસમર્પણભાવ તે જ ભકિત, તેથી તો આચાર્યજી કહે છે, આ માર્ગ સ્ત્રીઓનો છે. પ્રભુને જે સહજ સમર્પણ કરે છે, તેનું સમર્પણ પ્રભુ પ્રસન્ન વદને સ્વીકારે છે. (વલ્લભાષ્ટક શ્લોક-૪) આ પ્રભુનું આરોગવું તે પ્રકટ પુભાવ અને પ્રસન્ન વદન જે અનુભવાય અને ભકત પાસે માંગી માંગીને જ્યારે આરોગે ત્યારે "માંગવું" તે ભગવાનની અંદર રહેલો ગૂઢ સ્ત્રીભાવ, તે કયારેક પ્રકટ કરી દે છે, ભગવાન દોરડાથી બંધાયા તે આપનો ગૂઢ સ્ત્રીભાવ છે. જ્યારે ગોપીજનોને માન થયું તે ગોપીજનોનો ગૂઢ પુંભાવ છે. ભગવાન "ભકત મનોરથ પૂરકાય" છે તેથી તો રાસલીલા માટે વેણુનાદ કરી તેમને ખેંચ્યા. ભગવાન પોતાના શુદ્ધપુંભાવને પ્રકટ કરવા ચાહે ત્યારે ગોપીજનો શુદ્ધસ્ત્રીભાવને પ્રકટ કરે, તો વિશુદ્ધ રાસલીલામાં આનંદ, પૂર્ણરીતે પ્રકટ થાય, પણ ગોપીજનોએ પણ પુંભાવ પ્રકટ કર્યો તેથી રસાભાસ થયો તેથી જ પ્રભુ કે જે રસરૂપ છે તે અંતર્ધાન થઈ ગયા. ગોપીજનોની રતિની મધ્યમાં જઇને છુપાયા. કે જે રતિને ગોપીજનોએ ગૂઢ બનાવી દીધી હતી. પરંતુ જ્યારે આ ગોપીજનોમાં નિ:સાધનતાભાવ પ્રકટયો અને રૂદન કર્યું ત્યારે તેમનો ગૂઢ પુંભાવ જે પ્રકટ થઈ ગયો હતો તે ગૂઢ થઇ ગયો અને સ્ત્રીભાવ હૃદયમાંથી બહાર પ્રકટયો. તેની સાથે જ તેમાં છૂપાયેલ સાક્ષાન્ મન્મથ મન્મથ નું આવિર્ભાવ થયું. તેથી તો ત્યારબાદ મહારાસ થયો.

રાસના નૃત્યમાં એક તાલમેલ જરૂરી છે તો જ રસની અધિકતા થાય અને તો જ રાસ કહેવાય. જો તાલભંગ થાય તો તે રસાભાસ થઈ જાય. તેથી તો જ્યારે પ્રભુ પુંભાવને પ્રકટ કરે ત્યારે ગોપીજનો સ્ત્રીભાવ જ પ્રકટ રાખે પણ જ્યારે પ્રભુ ગૂઢસ્ત્રીભાવને પ્રકટ કરે ત્યારે ગોપીજનો પોતાના ગૂઢપુંભાવને પ્રકટ કરે ત્યારે ગોપી ભોકતા બને અને પ્રભુ ભોગ્ય બને. અહીં ભાવનો તથા ક્રિયાનો તાલમેલ છે. અહીં અનંગ નથી. કામ નથી. શુદ્ધ કામ અને શુદ્ધ રતિનો આનંદ પ્રકટે છે, તેમાં અપેક્ષાની ગંધમાત્ર નથી. અપેક્ષા જ રસાભાસ કરાવે છે. તેથી તો શ્રી આચાર્યજી વિવેકમાં કહે છે "પ્રાર્થિતે વા તત: કિં સ્યાત્ સ્વામિભિપ્રાય સંશયાત્" "વિવેકસ્તુ હરિ:સર્વમ નિચ્છાત: કરિશ્યતિ" તેથી ભગવાન ભકતની ઈચ્છાનુસાર કરીને પોતાનો અનુભાવ પ્રકટ કરે છે, રતિભાવ પ્રકટ નથી કરતા.

ડોશીમાએ જ્યારે જમીનમાપણીવાળા પાસે અસ્પષ્ટ માગણી કરી, તેના કારણે બુદ્ધિ બગડી, તેના કારણે "પોતાના પ્રભુ માટે ધાન્ય વીણે છે તેવા રસરૂપ વાક્યો, અનધિકારી સામે પ્રકટ કર્યા, અનધિકારીને પ્રભુ-રસના દર્શન કરાવ્યા. ડોશીમાને ભગવાન પ્રતિ રતિભાવ હતો. પરંતુ તેમને કામભાવ પ્રકટ કર્યો અને તે પણ ભગવાનને બદલે પેલા

ક્ષુદ્રજીવ પ્રતિ. (જમીન માપનાર) આ કામ પણ દુષિત. કદાચ ભગવાન પાસે માંગે તો રસાભાસ તો થાત જ પણ દુષિતકામ ન હોવાના કારણે ભગવાન અનુભાવ પ્રકટ કરવાનું બંધ કરત, ડોશીમાને છોડીને તો ન જાત. પણ અહી તો ભગવાન તેમને છોડી ગયા, આ દુષ્પરિણામ.

શ્રીગુંસાઇજી/શ્રીગોપીનાથજી, શ્રી આચાર્યજીનું સ્વરૂપ સૌંદર્ય નિજહૃદ્ ગતં પ્રકટિતં થી ...સમજાવે છે.

શ્રી આચાર્યજી પ્રભુની અંદર રહેલ પ્રકટ કામ ભાવ અને પ્રભુના જ અવર સ્વરૂપ સ્વામિનીજીનો પ્રકટ સ્ત્રીભાવ તથા આ બંનેના સંશ્લિષ્ટ-સંસ્કરણથી જે સમષ્ટિ આનંદરસ પ્રકટે કે જે ભજનાનંદ છે તેણા ત્રીજું સ્વરૂપ. આ ત્રણે સ્વરૂપ શ્રી આચાર્યજીની અંદર સર્વદા બિરાજે છે. આપ તેના એકમાત્ર સાક્ષીરૂપ છે. અને અનુભૂતિ પામનારા છે. આપનું ભૂતલ પરનું પ્રાકટય તે સાનુભવ રૂપે પ્રકટ કરવાનું છે. આ ત્રિવિધ સ્વરૂપનાં અનેક લીલાસ્વરૂપો છે. "લક્ષ્મી સહસ્ત્ર લીલાભિ : સેવ્યમાનં કલાનિધિમ્"

જ્યારે શ્રીઆચાર્યજી પ્રભુના પ્રકટ પુંભાવની લીલામાં રસમગ્ન થાય છે ત્યારે શ્રીગુંસાઇજી આપના આનંદસ્વરૂપને અનુભવે છે અને જ્યારે પ્રભુની સ્ત્રીભાવરૂપ લીલામાં રસમગ્ન થાય છે ત્યારે શ્રીગુંસાઇજી આપના પરમાનંદ સ્વરૂપની અનુભૂતિ કરે છે અને જ્યારે શ્રી આચાર્યજી ભજનાનંદ સ્વરૂપમાં રસમગ્ન થાય છે ત્યારે શ્રી ગુંસાઇજી આપના કૃષ્ણાસ્ય સ્વરૂપને અનુભૂત કરે છે. તેથી જ આપ શ્રીઆચાર્યજીને વસ્તુત: કૃષ્ણએવ તેમ કહે છે. બાકીના ૧૦૫ નામ આ ત્રણ મુખ્ય લીલા થી પ્રકટ થાય છે.

શ્રીગુસાંઇજીના સ્વરૂપને અને શ્રીગોકુલનાથજીને પણ વૈષ્ણવો "કોટીકંદર્પ લાવણ્ય કૃષ્ણ"રૂપ કહે છે, તે આ ઉપરોકત ભાવથી જ, નહિ કે કૃષ્ણને હટાવીને તેમના સ્થાને બેસાડી દેનાર તરીકે.તેથી તો અનેકાનેક સ્થળે તથા વિજ્ઞપ્તિમાં શ્રી આચાર્યજી તથા શ્રીપ્રભુચરણ પોતાને કૃષ્ણદાસ તરીકે ઓળખાવે છે.

## ચમત્કાર ૧૦૫

ચમત્કારનું કંકુ ખર્યું
તેણે જેના મનને ભર્યું

ચાટેથી ગોળી સૌ મિષ્ટ
પણ તેનાથી કંઇના ઇષ્ટ
સારરૂપ દળ કડવું હોય
સાધન સીડી ચડવું દ્હોય (લું)

ચમત્કાર જેને મન ઇષ્ટ
ચમત્કારી થાયે બહુ ક્લિષ્ટ

મહાપ્રભુએ કર્યા ન હોત
તો શું વદનાનલ ન હોત ?



## અસ્મિતા શિબિર અંગે... ૦૬

અલૌકિક સંબંધની સ્વતંત્ર, ઓળખ તે અસ્મિતા. અલૌકિક પ્રભુ સંબંધિ આપણું માહાત્મ્યજ્ઞાન, પ્રભુસંબંધિ આપણા સ્નેહથી ધર્મપૂર્વક ગંઠાય ત્યારે તે ભક્તિ નામે ઓળખાય છે, અને તેજ તો પાંચની જોડનો શિરપિચ્છ છે જેને પ્રભુ પોતાના શિર પર ધારે છે.

પંચમહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, આત્માસહિત અંત:કરણ ચતુષ્ટય આ બધા પાંચની જોડને પ્રભુના માહાત્મ્યનું ભાન કરાવશું, પછી તે સૌને જોડીને પ્રભુને સમર્પિત કરવા, લગાવથી - સ્નેહથી જોડશું તો ભક્તિ થશે.

આ મોરપિચ્છ તથા ગુંજામાળા બન્નેય નિ:સાધનભાવવાળા છે, તે ઉપલક્ષણ. આ પ્રકારની ભક્તિ, તે જ પુષ્ટિ સંપ્રદાયની વિશિષ્ટ ઓળખ અને તેનું ગૌરવ તે અસ્મિતા.

મૂળે તો અસ્મિતા શબ્દ - ભૂલાઇ ગયેલા ગૌરવને તાજુ કરાવવા વપરાય છે, તેથી આપણે સૌ આપણા પુષ્ટિ ભક્ત તરીકેના મૂળ સ્વરૂપની સમજ કેળવવા, દૃઢ કરવા, આ રાષ્ટ્રિય કાર્યક્રમ હેઠળ ભેગા થયા છીએ. આપણે પરસ્પર વિચાર વિનિમયથી આપણામાં રહેલી શંકાને દૂર કરી, પુષ્ટિ ભક્તિ દૃઢ થાય માટે આ પ્રકારની શિબિરની ઉપયોગીતા છે. આ એક નવતર પ્રયોગ છે. શ્રી વલ્લભ આપણા આવા પ્રયોગોને સફળ કરશે જ કેમ કે, આપણે શ્રી વલ્લભના માર્ગ પર ચાલીયે છીએ. આપણા આ પ્રયાસમાં આપણા કર્ણધાર તરીકે શ્રી વલ્લભ પ્રતિ નિષ્ઠાવાન બિંદુસૃષ્ટિ છે.

આપણે સૌ શ્રી વલ્લભના ભાવ સંતાનો છીએ. આપણે જે હોડીમાં બેઠા છીએ તેને સિદ્ધાંતના હલેસાંથી ચલાવશું તો અજ્ઞાન અને અન્યથાજ્ઞાન - વિપરીતજ્ઞાન રૂપ વમળમાંથી બચી જઇશું. શ્રી વલ્લભ તો આપણા પ્રયાસને નિહારી જ રહ્યા છે. કૃપાપ્રસાદ વરસાવી રહ્યા છે. સેવા અને કથા તે બે તો પ્રભુની ક્રિયાશક્તિ અને જ્ઞાન શક્તિ છે અને તે જ સેવા-કથા ફલરૂપા થાય ત્યારે ભગવદ્રૂપ બની જાય છે. આ સેવા-કથાની આડે આવતાં પ્રતિબંધોથી કેમ નિકળવું તે આ શિબિરનો એક મુખ્ય મુદો છે.

૧૦૬

## પાત્ર

પાત્ર વિશાળ, છલકાયું સર્વ હિતમાં ....................મર્યાદા
પાત્ર વિશાળ દેખાવમાં પણ છિછરું
છલકાયું સ્વ-હિતમાં ............................પ્રવાહી
પાત્ર અતિ વિશાળ છલકાયું નહિ સ્હેજે
રમમાણ સ્વં સ્વરૂપમાં ............................પુષ્ટિ

## શ્રી આચાર્યજીનો માર્ગ - એક પત્ર ૦૭

શ્રી શાહભાઇ,

પત્ર મળ્યો, પુષ્ટિભક્તિમાર્ગ માટે આપના હૃદયમાં એક અસ્મિતા જાગૃત છે. તથા શું - શું કરવાથી તે ખોવાઇ ગયેલી ગરિમા પાછી સાંપડે તે બાબતના વિચારો પણ આપમાં છે. આપનું અંતઃકરણ સેન્સેટીવ છે, તે જ પ્રકટ કરે છે કે શ્રી વલ્લભના આ પુષ્ટિ ભક્તિ માર્ગને ૫૫૦ વર્ષ પૂરા થયા નથી.

શ્રીવલ્લભ - વિઠ્ઠલના મૂળ આશય તરફ દૃષ્ટિ રાખીને ઉપાયો કરશું તો, બધું જ સ્પષ્ટ દેખાશે. મૂળ ગુરુવર્યોના આશયને સમજવા માટે તેમના રચિત ઉપદેશાત્મક ગ્રંથો જેવા કે - ષોડશગ્રંથ, નિબંધ, શીક્ષાપત્ર, ૨૫૨ વૈષ્ણવોની વાર્તા, કીર્તન સાહિત્ય વગેરેને ધ્યાનપૂર્વક જોઇશું તો, સમજાઇ જશે કે આ માર્ગ સર્વોદ્ધાર કર્તા નહિ પણ પુષ્ટિ બીજધારી માટે જ છે.

તેથી જ પોતાની અહંતા - મમતાનું સમર્પણ, બ્રહ્મસંબંધ મંત્રથી કરાવાય છે. અને તે પણ, પોતાના માથે બિરાજતા ઠાકુરને. દીક્ષા લીધા પછી ભક્તિ સેવા કર્તવ્ય નહિં બજાવવું હોય, અને નિત્યલીલામાં સ્થાન મળશે જ, તેવી અપેક્ષા પણ રાખવી હોય અને તે પણ અનવતાર કાળમાં, આ તો શ્રીવલ્લભને છેહ આપવા સમાન છે. તેથી તો અંતઃકરણ પ્રબોધમાં આપ આજ્ઞા કરે છે સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે... આ બાબત ખૂબ જ સાવધાનીથી સમજવાની જરૂર છે.

પ્રભુ જેના માથે બિરાજે છે, તેના જ મંદિરમાં બિરાજે છે અને તેની જ તન-મન-ધનથી કરાતી સેવાની અપેક્ષા રાખે છે, કેમ કે તે તેનો સેવક છે, તેણે નિવેદન કર્યું છે. બીજુ વ્રજસ્થળ, બેઠકજી વ. જાહેર સ્થળો આપણી ભક્તિ વધારવામાં સાધક લાગે, પણ જ્યાં જવાબદારીનો સવાલ આવે, ત્યારે તો તે સ્થળ કોની માલિકીનું છે, કે કોણ તેનો ઠેકેદાર છે, તેની રહે છે. બાકી બીજાઓ તો સૂચન કરી શકે કે તેમની આજ્ઞા હોય તેટલી પરચારગી કરી શકે.

પુષ્ટિભક્તિમાં ઉપર કહ્યાં તે સેવા-કથા રૂપ સાધનોથી પ્રભુને પ્રસન્ન કરવાના છે, અને પ્રભુને સ્વકીય બનાવવાના છે. ત્યારબાદ વ્યસનાવસ્થામાં તો, તે સાધનો મર્યાદારૂપ બની જશે, કે કોઇક પ્રસંગે તો બાધક પણ બની શકે.

અન્યથા તે વચ્ચેની સ્થિતિમાં સેવાકથા ફલરૂપ જ છે.

તેથી શ્રી વલ્લભના ગ્રંથોનો સારી રીતે અભ્યાસ કર્યા બાદ, જો સ્વરૂપ સેવા, ભક્તિ કરીશું તો સંશય નહિ રહે, દુઃખ નહિ રહે અને વ્યર્થ પ્રયાસ પણ નહિ રહે.

મુશ્કેલી એ છે કે ચારે બાજુ મર્યાદા ભક્તિના પ્રકારો જોઇને, આપણે પણ તેને અનુરૂપ આપણી પુષ્ટિ ભક્તિને ઢાળવા માંગીયે છીએ. અને તેથી શ્રીવલ્લભ-વિઠ્ઠલના



મૂળ ઉપદેશથી વિમુખ થઇ જઇએ છીએ. (જુઓ ભક્તિહંસ અને ભક્તિ હેતુ નિર્ણય)

પરિણામે આપણે જેને સેવા કહીયે છીએ તે સેવા નથી હોતી, જેને કથા કહીએ છીએ તે કથા નથી હોતી અને જેને ભાવ કહીએ છીએ તે ભાવ નથી હોતો, વલ્લભ માર્ગીય દૃષ્ટિથી.

આ જે કંઇ લખ્યું છે, તે નથી હતાશ કરવા કે નથી વિરોધ કરવા પરંતુ એક જાગરુકતા કેળવાય તે માટે છે. જેનાથી આપણે આપણી સ્વતંત્ર વિચારસરણી (કે જે શ્રી વલ્લભાજ્ઞાથી વિપરીત હોય તો)ને બળજબરીથી પણ ત્યજીને તથા આપણા અહંકારને વિરમાવીને પણ શ્રી વલ્લભના મૂળ આશયને અનુસરીએ... તો જ આપણું કલ્યાણ છે.

અસ્તુ.

દેવેન્દ્રના સસ્નેહ ભગવદ્ સ્મરણ.

## ગ્રીટીંગ ૧૦૭

એકાત્મતા એવ એકતા
અમારા પ્રાણ માટે નહિ,
સાર્થકતા - ઊંચે ઉડવું,
પ્રભુ સેવા - કથા અર્થે
કૃપા હો વાગધીશની કે -
વ્રજેશ સેવા સ્વતન ધનથી.
અવિદ્યા સૌ ખરી જાઓ,
ચરણ નખ ચંદ્ર છટાઓથી.
વિશ્વનો જે નાથ તે
ગોકુલ પતિ ઘરનો થયો.
સેવા તો બસ એકાન્તમાં,
સત્સંગ નાની મંડળી.

# અપનો દોષ તૂ દેખ સખીરી, ઉનકો કછૂ નવ કહીયે ૦૮

અહીં વાત, વિષયતા અને વિષયની છે.

જગતની સર્વ વસ્તુ - વિષય, ભગવાને બનાવીને તેમાં પ્રવેશ કર્યો હોવાથી ભગવન્મય છે. એટલા માટે સર્વ વિષયો ભગવદાત્મક છે, માટે નિર્દોષ - દોષ રહિત છે. જે કંઇ દોષ છે, તે તો આપણી દ્દષ્ટિ કે અંત : કરણમાં રહેલા તે તે વસ્તુ પ્રતિના અહંતા - મમતાત્મક કે દોષાત્મક ભાવ છે. અને તેવા ભાવ ભગવત્પ્રાપ્તિમાં બાધક છે.

એટલે કે આ દોષો તે તે વિષયમાં નહિ પણ આપણી અંદર રહેલ અવિદ્યા ના કારણે છે, આ સમજવાની ખાસ જરૂર છે.

વિષયો દોષરૂપ નથી પણ વિષય પ્રત્યે રહેલી આપણી વિષયતા દોષરૂપ છે તે ઉપરના કીર્તનની કડીનો ભાવ છે.

આપણે કયાં છીએ ? તે આ મુદ્દાઓથી ચકાસવું જોઇએ.

૧. શરણ - સમર્પણ બાબતે

ક. કર્મણા, વાચા, મનસા, આત્મના.

ખ. રૂચિ, પ્રેમ, આસક્તિ, વ્યસન, સર્વાત્મના.

# ૧૦૮ શ્રી

| | |
|---|---|
| શ્રી | પ્રભુસાથેનું અખંડ - નિત્ય જોડાણ |
| | કેમ કે તે જ તો છે લીલાસામગ્રી |
| | કેમ કે |
| શ્ | કહેતાં શ્રુતિરૂપા |
| ર | કહેતાં ઋષિરૂપા |
| ઇ | કહેતાં ઇત્યાદી અન્ય વ્રજભક્તો |
| શ્રી | પ્રભુ સંબંધે અમારી ભાવના (વ્રજ ભકતોનો ભાવ), |
| | પ્રભુ સુધી પહોંચાડનાર દૂતી. |
| | પ્રભુ સુધી પહોંચાડનાર પરમ્ગુરુ. |
| | પ્રભુ સંબંધે અપાતી કહેની. |



# અંત : કરણ શુદ્ધિ ૦૯

અંત:કરણ એક યુનિટ છે. જે ચાર વિભાગમાં વહેંચાયેલું છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે ચારેય તત્વ સાથે મળીને એક શૃંખલામાં કાર્ય કરે છે. દરેક પોતાને સોંપેલ કાર્ય સ્વતંત્ર રીતે કરીને તેનો હવાલો બીજા તત્વને આપી દે છે. તેમ આ એક પ્રોસેસથી કાર્ય સિદ્ધ થાય છે.

કોઇપણ કાર્ય કરતાં પહેલાં " મન " અનેક સંકલ્પ વિકલ્પ કરીને એકાદ કામની પસંદગી કરીને તેને બુદ્ધિને સોંપે છે. " બુદ્ધિ " તે કાર્યના લક્ષણોની ચકાસણી કરીને તેના સારા-નરસા પાસાઓનું વિભાગીકરણ કરીને તે કાર્યો " ચિત્ત " ને સોંપે છે. ચિત્ત તે બુદ્ધિએ તૈયાર કરેલી વર્ગીકરણનો અભ્યાસ કરીને તે કાર્ય સ્ટોર કરે છે અને જરૂર પડેથી " અહંકાર " તત્પર થઇને જે તે ઇન્દ્રિયને હુકમ કરીને તે કાર્ય કરાવે છે. આ એક કાર્ય કરવા માટેની આંતરિક પ્રક્રિયા છે.

આ અંત: કરણના બધા વિભાગો જો શુદ્ધ હશે તો પ્રભુ સંબંધિ કાર્યો જ થશે, અન્યથા લૌકિક ભાવથી કાર્યો થશે. તો આ અંત:કરણ શુદ્ધ કઇ રીતે થાય? તેના અનેક ઉપાયો શ્રીમદ્ ભાગવતમાં બતાવેલા છે. તે ઉપાયને પુષ્ટિમાર્ગીય વિચાર અનુસાર મૂલવીએ.

આપણે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવા માટે નામદીક્ષા લીધી. નામદીક્ષા લીધા બાદ ભગવદ્ સ્મરણ કરવાની રુચિ પેદા થાય, પ્રષ્ટિપ્રભુમાં જો અનન્ય વિશ્વાસ રહે તો તે અંત:કરણ શુદ્ધ છે પણ જો તેમ નથી બનતું તો જરૂર ગરબડ છે, તેમ માનવું. તો માનવું કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, દુષિત હોવાના કારણે પ્રતિબંધ આવે છે. આપણું શરણ સિદ્ધ થયું નથી.

તેજ પ્રકારે બ્રહ્મસંબંધ દીક્ષા / સમર્પણ દીક્ષા લેવામાં આવ્યા બાદ સ્વામી પ્રતિ સ્વકર્તવ્ય જાણીને પોતાના માથે બિરાજતા ઠાકુરજીની (ભગવદ્-સ્વરૂપની) સેવા કરવી જોઇએ.

પણ જો સેવા કરવાનું મન થતું નથી. અથવા સેવા એક કર્મકાંડ રૂપે કરીએ છીએ અથવા સેવામાં ચિત્તનું પ્રવણ (પરોવવાનું) થતું નથી તો તે સેવા ફળરૂપ થઇ શકતી નથી. અંતીમ લક્ષ્યરૂપ સાક્ષાત્ ભગવદાનુભવથી આપણે જોજનો દૂર જ રહેવાના, તે નક્કી છે. અને આમ થવાનું કારણ એકમાત્ર છે તે અંત:કરણનની અશુદ્ધિ.

આપણા સર્વ ક્રિયા-કલાપ ભગવદ્આધીન હોવા છતાં જીવનું કર્તવ્ય તો ભક્તિ છે અને ભગવાનના પક્ષે પુષ્ટિ છે. ભગવાન જ્યારે અનુગ્રહ કરવા ઇચ્છશે ત્યારે કરશે પરંતુ જીવે પ્રભુને પોતાના સ્વામી કબૂલ્યા હોવાના કારણે તેને તો ભક્તિ જ કરવી રહી. ભક્તિ એટલે સ્નેહ + માહાત્મ્યજ્ઞાન, તે પણ સામાન્ય નહિ પણ સુદઢ અને સર્વતોધિક.

આ બન્ને તો જ બને કે ચિત્તમાં લૌકિક વિષયો પ્રતિ કોઇ જ પ્રકારની મમતા કે અહંતા રૂપ અશુદ્ધિ રહી ગઇ ન હોય. જ્યાં સુધી ભગવાન સિવાય બીજું કંઇ પણ હૃદયમાં છે ત્યાં સુધી ભગવાન હૃદયમાં બિરાજશે નહિ. માટે જ શ્રીઆચાર્યજી નિરોધ લક્ષણ ગ્રંથમાં કહે છે विषयाक्रान्त देहानां नावेश : सर्वथा हरे : હવે જો ચિત્ત શુદ્ધિ ન હોય અને ભગવાનની સેવા અને તેમના ગુણ લીલાનું સ્મરણ ઘણું જ કરવામાં આવે તો તેમાં ક્રિયા વિશેષ હશે અને ભાવની ન્યૂનતા હશે.

શ્રી હરિરાયજીના મતે તો આપણા પ્રભુ ભાવાત્મા છે અને આપણી બધી જ સેવા પણ ભાવાત્મક જ હોવી જરૂરી છે. ચિત્તની આ સ્થિતિ આણવા માટે અંત:કરણ શુદ્ધિ જરૂરી છે.

તેના કેટલાક ઉપાયો શ્રીમદ્ ભાગવતમાં બતાવ્યા છે તે વિષે વિચારીશું. સાતમાં સ્કંધમાં યુધિષ્ઠિર કે જે ગૃહસ્થ છે, તે દેવર્ષિ નારદજીને ગૃહસ્થાશ્રમના ધર્મો વિશે પૂછે છે. તેના ઉપદેશ રૂપે નારદજી જે કહે છે તેના પુષ્ટિમાર્ગીય ભાવ વિચારીયે.

(૦૧) ગૃહસ્થે પ્રભુને સર્વ સમર્પીને જ પોતાના માટે તથા લોકવેદના કાર્યો માટે વસ્તુ વાપરવી.

(૦૨) જીવનમાં અર્થ અને કામને ધર્મ સાથે જોડવા. શ્રીવલ્લભ ચતુ:શ્લોકીમાં આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગીના ચારેય પુરુષાર્થોનું પ્રયોજન કૃષ્ણ જ છે. માટે તો ચારેય પુરુષાર્થો ભક્તિરૂપ થઇ જાય છે. માટે જ ભક્તિને પંચમ પુરુષાર્થ માનવામાં આવ્યો છે.

(૦૩) સેવાના અનવરસરમાં કથા - સત્સંગ કરવો.

નવરત્નમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

निवेदनं तु स्मर्तव्यं सर्वथा ताध्शैर्जनै :

બ્રહ્મસંબંધ મંત્રના ભાવને હૃદયમાં ધારણ કરવામાં આવશે તો સદાચાર, પરસ્પર સ્નેહભાવ, સ્વાધ્યાય, અહંતા-મમતાનો લોકમાંથી ત્યાગ કરવાથી તથા કૃષ્ણને કેન્દ્રમાં રાખીને જીવન ઘડતર કરશું તો જીવન સફળ થશે.

(૦૪) પરિવારજનો જો લૌકિકવૃત્તિવાળા હોય તો તેમનો સંગ ઓછો કરતા જવું. વિવેક ધૈર્યાશ્રયમાં જણાવ્યા મુજબ બધું જ પ્રભુની ઇચ્છા મુજબ બની રહ્યું છે તેમ સમજી હઠાગ્રહ છોડી દેવો. પરિવારજનો સાથે કલેશ થાય તે પ્રકારે સેવા-સ્મરણનો ક્રમ ગોઠવવો નહિ, કારણ કે પ્રભુને કલેશ (ધૂમાડો) પસંદ નથી જે કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં આવે છે.

(૦૫) ધર્મપૂર્વકની આજીવિકા દ્વારા સંતોષ પૂર્વક જે મળે તેનાથી પ્રભુને સમર્પીને જીવન ચલાવવું. જરૂર કરતાં વધારે સંપત્તિ અનર્થનું મૂળ છે માટે હંમેશા સાવધાન રહેવું.

(૦૬) જીવમાત્રમાં ભગવદ્‌ભાવ રાખી તે પ્રકારે વ્યવહાર કરવો. લૌકિક - વૈદિક કરવામાં મર્યાદા જાળવવી. તેનો વિસ્તાર કરવાથી વ્યવહાર વધે છે, અને ધર્મવિક્ષેપ



થાય છે.

(૦૭) અધર્મ તો સ્વલ્પ પણ ન આચરવો. અધર્મની પાંચ શાખાઓ છે.

વિધર્મ :- જેનું ધર્મબુદ્ધિથી આચરણ કરતાં પોતાના સ્વધર્મ - પુષ્ટિ ધર્મને બાધ આવે.

પરધર્મ :- પોતાના વર્ણ કે આશ્રમ સિવાયના ધર્મ

આભાસ :- ઉપર ઉપરથી ધર્મ જેવો પ્રતિત થાય પણ શાસ્ત્ર સંમત ન હોય, માત્ર પોતે પોતાના મનથી માનેલો ધર્મ હોય.

પાખંડ :- બીજાને છેતરવા માટે ઉપયોગમાં લેવાતો ધર્મ.

છલ :- શાસ્ત્રની આજ્ઞાને મારી - મચડીને મનગમતા અર્થ કરવામાં આવે અને તેને જ ધર્મ ગણાવે.

(૦૮) સંતોષી નર સદા સુખી. જેમ પગમાં પગરખાં પહેરવાથી કાંટા-કાંકરા વાગે નહિ તેમ સંતોષીને કોઇ ભય નથી. અસંતોષીના તેજ, વિદ્યા, તપ અને યશ નાશ પામે છે. કામ તથા ક્રોધનો અંત છે પણ લોભનો અંત નથી.

(૦૯) શોક - મોહના નાશ માટે આત્મા - અનાત્માનો વિવેક ઉપયોગી છે.

(૧૦) દંભનાશ માટે સત્સંગ, ચિત્તની પ્રવણતા માટે મૌન ઉપયોગી છે. સ્પૃહા ઓછી કરવાથી હિંસા હારશે.

આમ આ દશ મુદ્દા ધ્યાનમાં લીધા પછી જે સિદ્ધ થવા માટેનું પ્રેરકબળ છે તે છે શ્રી વલ્લભનીકૃપા. તે ત્યારે જ થશે કે જ્યારે આપણે શ્રીવલ્લભને પૂંઠ નહિ દઇએ. એટલે કે શ્રીવલ્લભે ષોડશગ્રંથોમાં પોતાના સેવકો માટે જે ઉપદેશ આપ્યો છે તેનું પાલન કરવાનો નિષ્ઠા પૂર્વકનો પ્રયાસ કરીએ.

આ કૃપા થઇ, પછી તો રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, અસૂયા, માયા, હિંસા, મત્સર, રજોગુણ, પ્રમાદ, ક્ષુધા, નિદ્રા વગેરે શત્રુઓનો નાશ થશે. કયારેક સત્વ, રજ, તમોગુણ પણ જો શત્રુરૂપ થાય તો વલ્લભ તેનો પણ ઉપાય કરશે. માટે જ મહત્ જનોની સેવા અવશ્ય કરવી.

વેદમાં કહેલા કર્મો નિષ્કામ ભાવથી કરવા એટલે કે શ્રીકૃષ્ણ - ગોપીજનવલ્લભ પ્રીત્યર્થ કરવા.

આ પ્રકારે વલ્લભ ચિંધ્યા માર્ગે ચાલવામાં આવે, એટલું જ નહિ, આંખો મીચીને દોડવામાં આવે તો પણ ઠોકર વાગવાનો કે પડવાનો ભય નથી તેમ શ્રી ગુંસાઇજી પોતાના ભક્તિહંસ ગ્રંથમાં આજ્ઞા કરે છે.

# અહંકાર

અહંકારને કારણે વ્યક્તિ પોતાના પ્રિય પુત્રનું જીવન કે સુખને ક્ષતી પહોંચાડતાં ખચકાતી નથી.

અહંકારને કારણે પોતાના આધારરૂપ પતિને ગુમાવવા પણ તૈયાર છે, અહંકારને છોડવા તૈયાર નથી.

અહંકારને કારણે માતા-પિતાની લાગણીને ઠેસ પહોંચાડતા પોતાને સ્હેજ પણ ઠેસ પહોંચતી નથી.

અહંકારને કારણે સાસુ-સસરા વ.ની માનહાની સહજતાથી કર્યા પછી કયારેય ગ્લાની થતી નથી.

અરે, અહંકારને કારણે પોતાના દૈહિક કે માનસકિ સ્વાસ્થ્યની પણ દરકાર નથી.

અહંકાર પોતાના ખુદના જીવનને પણ હોડમાં મૂકી દે છે, આવી દુ:ખ પ્રાપ્તિના હેતુરૂપ અહંકાર પોતામાં જીવતો રાખી, પોતે અને પોતાનાને મનુષ્ય શા માટે મારતો હશે?

અજ્ઞાન.

આવો અજ્ઞાની અહંકારવશ પોતાને મહાજ્ઞાની વ.વ. સમજે છે, આવા મિથ્યાજ્ઞાનનું કારણ...

મોહ... મહામોહ... ભ્રમણા...

અહંકાર શું ફીનોમીના છે, વારૂ !!!

અહં... શબ્દ બોલવાનું સાચું સામાર્થ્ય તો એકમાત્ર પરમાત્માને છે. કેમ કે, તે Real અહં છે. માટે તેને અહંકાર હોઇ શકે. જે અહમ નથી તેના માટે તો તે મિથ્યાભાષણ છે. તે - બોલવાનો અધિકારી માત્ર અંશી છે. બાકીના સર્વ અંશ તો "તવ" જ બોલી શકે.

આવા મિથ્યાજ્ઞાની મિથ્યાવાસુદેવ - પૌડ્રંક હોવાથી ભગવાન પોતે - જ તેનો વિનાશ કરે છે, મિથ્યાભિમાનીની અંદર રહીને જ.





# એક સમસ્યા ઉકેલ માગે છે

સાંપ્રત સમયમાં આ માર્ગમાં વાચન - અધ્યયનની ભૂખ વધી રહી છે, તેમ સમજાઇ રહ્યું છે. માત્ર વાચનથી શું ? તેમ નિરાશ ન થઇએ, ક્રમે ક્રમે પ્રભુપ્રત્યે તેના ફળરૂપે ભાવ પ્રીતિ પણ વધશે. વાંચનાર એક વર્ગને ગ્રંથોની જરૂર છે, તે વર્ગ પૈસા ખરચીને, સમય ખરચીને પણ તે ગ્રંથ પ્રાપ્ત કરવા તૈયાર છે.

મૂળગ્રંથોના તાત્પર્યને સમજાવનાર અનેક ગ્રંથો પણ પ્રગટ થઇ રહ્યાં છે. વાચકની રૂચી અનુસાર તથા કક્ષા અનુસાર વિવિધ પ્રકારે તેને સુચારૂ બનાવી ગ્રંથો પ્રગટ થઇ રહ્યા છે. છતાં પણ લેખક અને વાચક વચ્ચે એક કડીના અભાવને દૂર કરવા ઘણું ખેડાણ સમાયનુસાર જરૂરી છે.

આજે પ્રશ્ન છે માર્ગના ઉપરોક્ત સર્વ ગ્રંથો કયાં મળી શકે ? તેની જાણ માટે અનેક જગ્યાએ પૃચ્છા કરવી પડે છે અને તે પુસ્તકો ઉપલબ્ધ છે કે નહિ તેની જાણ થઇ શકતી નથી તથા પૂછવામાં આવે ત્યાંથી જવાબ મળે કે ન પણ મળે તેવી પરિસ્થિતિ છે. આ સંજોગોમાં નિરાશ વાચકની ભૂખ પણ મરી જાય છે.

આ સંજોગોમાં તાતી જરૂર છે એક કેન્દ્રિય વ્યવસ્થાની કે જે સ્વતંત્ર કેન્દ્રમાંથી સર્વ, શ્રી વલ્લભ, વલ્લભવંશજ તથા વૈષ્ણવસૃષ્ટિ દ્વારા પ્રગટ થયેલ મૂળ ગ્રંથો તેમજ તેને સમજાવવા માટે તેનો ભાષાંતર રુપે કે ભાષ્ય રૂપે, પૂર્ણ કે અંશ રૂપે જે જે ગ્રંથો છેલ્લા ૮૦ વર્ષથી પ્રગટ થયા હોય તે ગ્રંથની સૂચિ તૈયાર થવાની જરૂર છે. જેમાં લેખક, પ્રકાશક તથા તેમના વિષય વસ્તુની માહિતી હોય, તથા આ સૂચી વિષયાનુસાર ક્રમીત કરેલી હોય તથા તેમાં છેલ્લા ૨૦ વર્ષ, ૪૦ વર્ષ, ૬૦ વર્ષ તે પ્રમાણે પ્રકાશનથી પણ ક્રમીત હોય, હાલ જે પ્રકાશન સંસ્થા કે વ્યક્તિગત રીતે પુસ્તકો લખીને પ્રગટ કરવાનું કાર્ય કરે છે, તેમના કયા પુસ્તકો લખાયા છે, અને તેમાંથી કયા પ્રાપ્ત સ્થિતિમાં છે તેની વિગત પણ ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે.

આ પુસ્તકો પ્રાપ્ત કરવા માટે આજે ઠેર ઠેર સંપર્ક કરવો પડે છે જે દરેક માટે મુશ્કેલ છે અને મોંઘુ પણ પડે છે. તેના બદલે પાંચેક મુખ્ય શહેરો જેવા કે મુંબઇ, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ તથા ઉપકેન્દ્રો આ પુસ્તકોનું સેવા માટે વેચાણ કાર્ય કરી શકે. નવા પ્રકાશીત થતા પુસ્તકોના લેખકો કે સંસ્થા પોતાના ૨૫ સેટ પુસ્તકો આ કેન્દ્રોમાં મોકલી આપે જ્યાંથી તેનું વેચાણ થાય.

આથી ગ્રાહકને ખરીદવાનું અને લેખકને વેચાણ સરળ થાય, ઉદ્દેશ તો છે ફક્ત ગ્રાહક સુધી સરળતાથી પુસ્તક પહોંચાડવાનું. પુસ્તકોની પ્રત ખલાસ થયે લેખકે આ કેન્દ્રને જાણ કરેથી ગ્રાહકને તેની જાણ કેન્દ્રમાંથી સરળતાથી થશે. અને ગ્રાહકની માંગની નોંધ પરથી તે પુસ્તકની નવી આવૃત્તિ છપાવવાની જરૂર છે કે કેમ તે પણ પ્રકાશકને ધ્યાનમાં આવી શકશે. વળી કોઇ સેવાભાવીને ભેટ પુસ્તક છપાવવું હોય તો આ કેન્દ્રમાંથી

જ તેને પસંદગી શ્રેણી મળી રહેશે તથા તે માટે જરૂરી પ્રકાશકનો સંપર્ક પણ સરળ થશે.

આ કાર્ય માટે મદદરૂપ થઇ શકે તેમ છે આ સૌ પરિબળો (૧) established સેવાભાવી સંસ્થાઓ કે જેને પુષ્ટિ સમાજ સાથે બહોળો સંપર્ક છે. (૨) જેમની પાસે આ સર્વ માહિતી સમાજ સુધી પહોંચાડવા માટેનું માધ્યમ છે. (૩) જેમની પાસે જરૂરી અર્થવ્યવસ્થા, સંચાલન વ્યવસ્થા, માનવબળ, તથા અનુયાયી વર્ગ છે. (૪) આપણે ત્યાં વિદ્વાન સમર્થ ગુરુગૃહ છે. માર્ગીય મેગેઝીન બહાર પાડનાર સંસ્થાઓ પણ છે. વિદ્વાન શાસ્ત્રીજીઓ પણ છે. સમર્થ - વિદ્વાન - ભાવિક શ્રેષ્ઠીઓ પણ છે. યુવક સંગઠનો પણ છે. અન્ય પુષ્ટિમાર્ગીય સંગઠનો પણ છે. પરિક્ષાક્રમ ચલાવતી સંસ્થાઓ છે તથા સારી શૈક્ષણિક લાયકાત અને બહોળો અનુભવ ધરાવતો નિવૃત્ત વૈષ્ણવ વર્ગ પણ છે કે જેને પોતાને લાયક કંઇક કામ પણ જોઇએ છે.

પરંતુ આ સૌ એક દોરીમાં બંધાયેલા મણકાની જેમ નથી. એક સુંદર માળા તૈયાર કરવા માટે એક સોયની (સૂચી) જરૂર છે, જે કાર્ય આપણા વિદ્વાન આચાર્ય વર્ગ પૂર્ણ કરી શકે તેમ છે કારણ તે સૌ માટે આદરણીય છે અને અનુયાયી વર્ગ તેમની આજ્ઞા-માનવા બંધાયેલ છે.

આ કાર્ય જો ઉપાડી લેવામાં આવે તો તે વૈષ્ણવસમાજ માટે બહુ જ ઉપકારક થઇ પડશે તેમ મને પોતાને લાગી રહ્યું છે. આ સમસ્યા કોઇ એક વ્યક્તિની નથી. સૌની છે તેમ વૈષ્ણવ સૃષ્ટિ તથા પૂ. આચાર્ય ચરણોને પણ લાગી રહ્યું છે. આપ સૌ સુજ્ઞ વાચકો પ્રતિ આ સમસ્યા પ્રકટ એટલા માટે કરી રહ્યો છું કે કંઇક માર્ગ નિકળે...

૧૦૯

## પુ.પ્ર.મ. જીવો

કેટલાક પ્રભુની સત્તાનો સર્વાંશે સ્વીકાર કરે છે

પુષ્ટિ જીવો

કેટલાક પ્રભુના ધર્મોની સત્તાનો સ્વીકાર કરે છે

મર્યાદા જીવો - જ્ઞાન માર્ગી

કેટલાક પ્રભુની સત્તા સાથે અન્ય સત્તાનો પણ સ્વીકાર કરે છે

મર્યાદા - ભક્તિ માર્ગી

કેટલાક અન્ય સત્તાઓનો જ સ્વીકાર કરે છે

ઉપાસના માર્ગી

કેટલાક પોતાની સત્તાનો સ્વીકાર કરે છે

પ્રવાહ માર્ગી



૧૨

## ભગવાને માંગ્યુ...

જે ભગવાન સર્વ કંઇના કર્તા છે અને સર્વ કોઇના સ્વામી છે અને સર્વ કંઇના પણ સ્વામી છે, મહોદાર છે, સર્વજ્ઞ છે, છતાંય ક્યારેક ક્યારેક તેવા ભગવાન માંગે છે.

તે ભગવાનને કંઇ અપેક્ષા નથી, તે લોભી નથી, તે દુ:ખી નથી, તેનામાં પાખંડ નથી, તે ભૂખ્યા નથી, તે ભયભિત નથી, છતાં પણ તે માંગે છે દીન થઇને...

કેમ કે ભગવાન સર્વ ધર્મોને ધારણ કરનાર છે, તે આ પોતાનો ગુણધર્મ દીનતા-કૃપણતાને પ્રકટ કરીને તેનું સ્વરૂપ પ્રકટ કરવા ઇચ્છે છે, અને બીજું તે સર્વનો સ્નેહી છે, પણ સ્નેહી સમક્ષ પોતાનો સ્નેહ આ પ્રકારે પ્રકટ કરે છે.

અકારણ પ્રભુ પુષ્ટિમાર્ગને પ્રકટ કરે છે.

માંગનાર ભગવાન તો નિર્લેપ-નિર્ગુણ છે, સુગુણતા આપને સ્પર્શતી નથી, પરંતુ જેની પાસે માંગે છે તે જીવો વિવિધ પ્રકારના હોય છે. તે જોઇએ

(૧) ભગવાને બલિ પાસે માંગ્યુ, ત્રણ ડગલાં પૃથ્વી.

(૨) સુદામા પાસે, સાંદીપનીને ત્યાં અને દ્વારકામાં માંગ્યું.

(૩) ગોપીજનો પાસે, દૂધ-દહીં માંગ્યાં.

(૪) યજ્ઞ કરનાર બ્રાહ્મણો તથા તેમની પત્ની પાસે અન્ન માંગ્યુ.

(૫) જરાસંઘ પાસે દ્વંદ્વ યુધ્ધ માંગ્યું.

(૬) દુર્યોધન પાસે પાંડવો માટે પાંચગામ માંગ્યા.

(૭) દ્રૌપદી પાસે વનમાં ભોજન માંગ્યું.

**બલિરાજા : -**

(૧) ભગવાને બલિરાજા પાસે ઇશ્વરપણું છૂપાવીને વામન અવતાર ધરીને ત્રણ ડગલાં પૃથ્વી માંગી. અહીં ભગવાને તમો ગુણ સહિત રજોગુણ પ્રકટ કર્યો

આ માંગવાથી અનેક કાર્ય સિદ્ધ કર્યા.

(૧), કશ્યપના વચનોને સત્ય કર્યા,

(૨) અદિતિને વ્રતનું ફળ આપ્યું.

(૩) ઇન્દ્રાદિ દેવોના (દૈવી જીવોના) પક્ષપાતી થયા.

(૪) ભૂતલપરથી આસુરી સૃષ્ટિનો અંત આણ્યો.

(૫) બલિરાજાને આત્મનિવેદન કરાવી તેના પર અનુગ્રહ કર્યો.

(૬) આત્મ નિવેદીને પ્રભુ સર્વદા દર્શન આપે છે, અને તેના થઇને રહે છે, તે

બતાવવા બલીના દ્વારે સદા રક્ષણ કરનારા થયા. આ રીતે આપ બલિથી બંધાયા કે જે બલિને વચન ભંગ બદલ પ્રભુએ બાંધ્યો હતો.

(૭) ભગવાને બલીનો આસુરભાવ દૂર કરવો છે.

(૮) લક્ષ્મી આસુરભાવ કરાવનારી છે, અભિમાન કરાવનારી છે, તેથી ભગવાન ભક્તની લક્ષ્મિ હરિ લે છે તે પ્રકટ કર્યું.

ટૂંકમાં ભગવાને માંગી લીધું તેનાથી અનેક ઘણું આપ્યું.

બલિ ભગવાનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો કેમ કે, તેનામાં અડગ ધૈર્ય, વચન નિષ્ઠા અને બ્રાહ્મણને હાની ન કરવી તેવી પ્રતિજ્ઞા છે. આ ભગવાનને સ્પર્શી ગયું.

**(૨) સુદામા :** પુરાણાન્તરની કથા અનુસાર જ્યારે ભગવાન સાંદિપની ઋષિને ત્યાં ભણવા ગયા ત્યારે ત્યાં સહપાઠી સુદામા બ્રાહ્મણ હતો. ગુરુઆજ્ઞાથી તે બેઉ વનમાં યજ્ઞ કે ઇંધણ માટે સુકી લાકડી વિણવા ગયા હતાં, ત્યાં ભગવદીચ્છાથી અચાનક વરસાદ-પવન જોર-શોરથી આવ્યા, અહીં પ્રભુ પોતાનું મર્યાદા સ્વરૂપ પ્રકટ કરે છે.

(ક) ભગવાને કહ્યું ભૂખ લાગી છે. સુદામા પાસે સેકેલા ચણા હતા, તે પોતે છૂપાઇને ખાધા પણ ભગવાનને ન આપ્યાં. અહીં ભગવાને મિત્ર પર અનુગ્રહ કરવા માંગ્યું પણ સાત્વિક સુદામા પર દેહાધ્યાસ હાવી કરી જાય છે. સર્વનું પાલન કરનાર ભગવાન ભૂખ્યા થઇને માંગે છે પણ અવિદ્યાના કારણે દુષ્ટ થઇ ગયેલ જીવ તે ભૂલી જાય છે કે પ્રભુ અંતર્યામી છે. કેમ કે, જીવને સ્વરૂપ વિસ્મૃતિ થઇ છે. અવિદ્યા ભલભલા સાત્વિકોને પણ પોતાની માયાજાળમાં ફસાવી શકે તેવી સમર્થ છે, સુદામા ઘણો મોટો લાભ ચૂકી ગયો, પછીથી તેને મનોમન ખૂબ પસ્તાવો થયો તેથી તો તેની સાત્વિકતા ખૂબ ખિલે છે. ભગવાને અનુગ્રહ કરીને સાધન દશામાં લક્ષ્મી નથી આપી.

(ખ) ભગવાન પાસે મંગાય જ નહિ કેમ કે, તે સમર્થ છે, કૃપાળુ છે, અંતર્યામી છે, તેમ જાણે છે. પરંતુ પત્નીના આગ્રહથી દ્વારકા જવા નીકળે છે. તાંદુલની પોટલી બાંધીને, જો કે તેને તો પ્રભુદર્શનની આ તક મળી છે, તે છોડવી નથી. અગાઉ તક ગુમાવી હતી તે તેને યાદ છે.

પ્રભુ સામે થી ઝૂંટવી લઇને તેના તાંદુલ ખૂબ જ રસપૂર્વક આરોગે છે. આવા દર્શન દઇ પ્રભુએ તેના પર બારેમેહ, અનુગ્રહના વરસાવી દીધા. તેના સર્વ અધ્યાસો પ્રભુના અનુગ્રહથી ચાલી ગયા છે. તે અનપેક્ષીત છે, જે અપેક્ષા હતી તે પ્રભુદર્શન રૂપ કામ તો પૂર્ણ થઇ ગયો, પૂર્ણકામના દર્શનથી અહીં પ્રભુ પોતાનું પુષ્ટિ સ્વરૂપ પ્રકટ કરે છે.

**(૩) વ્રજમાં** તો પ્રભુ નિ:સાધન ફલાત્મા બન્યા છે. સાધન બનીને સ્વયં ફલરૂપ બન્યા છે. મહમ્મદ પાસે માઉન્ટન આવ્યો છે. ભગવાને તો અહીં માંગી માંગીને આરોગવામાં કોઇ સીમા નથી રાખી. ચોરી કરીને, ભિખીને, ઝૂંટવીને, કૃપા કરીને, છલ કરીને, માંગવાના સર્વ પ્રકારો અહીં અજમાવ્યા છે.

હકીકતમાં ભગવાને ભકતોના દોષો-અધ્યાસો માંગી લીધા છે, અને વ્રજ ભક્તોને



નિર્મળ કર્યા છે.

ભગવાને અહીં વ્રજમાં તો અનુગ્રહ કરવામાં પાછુ વળીને જોયું નથી, દુર્લભ તેવા સ્વરૂપાનંદ - ભજનાનંદ સર્વ કંઇ પ્રત્યક્ષ-પરોક્ષમાં દીધે જ રાખ્યું છે. કેમ કે ગોપી જનોને દોષોની સાથે નિશ્છલ-સહજ સ્નેહ હતો. જે ગોપીજનો સિવાય, આવા પ્રકારનો સ્નેહ બીજે ક્યાંય નહોતો.

વ્રજ ભકતોએ સ્નેહ આપ્યો અને ભગવાને શુદ્ધ ભક્તિ આપી.

**(૪)**

**૪(ક) યજ્ઞ કરનાર બ્રાહ્મણો અને બ્રાહ્મણ પત્નીઓ :** - એકવાર ગાયો ચારતાં, પ્રભુ ગાય, બાળકો સાથે ખૂબ દૂર નિકળી ગયા, સૌને ખૂબ ભૂખ લાગી ત્યારે ભગવાને ગોપ બાળકોને યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસે મોકલ્યા, તેમ કહીને કે મે માંગ્યું છે તો - થોડા રાંધેલા ભાત આપો. આ બ્રાહ્મણો મૂઢ હોવાથી (કર્મ કરનારા માત્ર) ન આપ્યું કે ન પ્રભુદર્શનાર્થે પણ આવ્યા. યજ્ઞેશ્વર સામે પધાર્યા છે, દર્શન આપવા, હવિ સ્વીકારવા પરંતુ મૂઢતાવશ અનાદર કર્યો, વેદજ્ઞાતા બ્રાહ્મણ હોવા છતાં. પરંતુ અનુગ્રહ કરનારા વ્રજના કૃષ્ણે તો તેમની પત્નીઓના સંબંધને કારણે તેમનો ઉધ્ધાર કર્યો.

(ખ) ત્યારબાદ ગોપ બાળકોને ભગવાને બ્રાહ્મણોની પત્ની પાસે મોકલ્યા, ભગવાનનું નામ દઇને તેઓએ અન્ન માંગ્યું, તો તે સ્ત્રીઓએ જે અન્ન યજ્ઞ માટે તૈયાર કર્યું હતું તે, તેમને આપી દીધું.

તેઓએ યજ્ઞ ભંગનો દોષ ન વિચાર્યો કે ન પતિનો ડર રાખ્યો. સ્નેહ વશ આપી દીધું.

ભગવાનના દર્શનાર્થે ઉતાવળે આવ્યા. ભગવાને તેમને મુક્તિ-ભક્તિ આપી. પછી તેમને યજ્ઞ પૂરો કરવા માટે પાછા મોકલ્યા તો તેઓ ગયા. વ્રજાંગનાની જેમ ભગવાનની આજ્ઞા ન માનીને, જેમ વનમાં જ રહ્યા હતા, પાછા ન ગયા હતા, તેમ ન કર્યું.

તેથી ભગવાને સ્વરૂપાનંદનું દાન ન કર્યું.

**(૫) જરાસંઘ** - જે જરાસંઘને ભગવાને ૧૭ વખત હરાવીને મથુરાથી પાછો મગધ દેશમાં મોકલી આપ્યો હતો. તે ભગવાન પાસેથી મથુરાનગરીને ઝૂંટવવા આવ્યો હતો.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ જેવું તુચ્છ કાર્ય પાર પાડવા, ભગવાન સ્વયં, ઇંદ્રપ્રસ્થથી અપવિત્ર તેવા મગધ દેશમાં ગયા. જે ઝૂંટવનારો હતો, તેની પાસે ભગવાને યાચના કરી - કરાવી. કે અમને "દ્વંદ્વ યુધ્ધ આપો". આવા યજ્ઞ જેવા શુભકાર્ય માટે ભગવાને બ્રાહ્મણ વેશ ધારણ કર્યો અને છલને ધારણ કર્યું, આપે જરાસંઘની કૃપા માંગી કે જે ભગવાનની કૃપા પામવા બ્રહ્માદિ દેવો, ઋષિઓ હંમેશા તત્પર હોય છે. ભગવાને અહંકારી જરાસંઘના અહંકારના ઉભા ચીરા કરાવી નાખ્યા, આમ પૃથ્વી પરથી દુષ્ટોનો ભાર ઓછો કર્યો, પોતાનું વચન સત્ય કર્યું, ભક્ત પાંડવોનું કારજ સિધ્ધ કર્યું.

બંદીવાન ભક્ત રાજાઓને છોડાવ્યા.

(૬) **દુર્યોધન :** કુન્તી, દ્રૌપદી અને પાંડવો આપના ભક્ત છે. ભગવાન તેમના બાંધવ બનીને રહ્યા છે. તેથી તેમનો ભગવાન પ્રતિનો સ્નેહ વધાર્યો છે. તેમનો વિશ્વાસ સિધ્ધ કર્યો છે, સ્થિર કર્યો છે. ભગવાન દૂરદષ્ટા અને સર્વજ્ઞ હોવા છતાં, વિષ્ટીકાર થઇને પાંડવો માટે, દુર્યોધન પાસે છેલ્લે માત્ર પાંચ ગામ જેટલી પૃથ્વી માંગી છે. માંગનાર જગતપતિ છે, તેનું જ આપેલું તેને આપી સમર્પિત થવાનું છે, પરંતુ આ બલિ નથી પણ દુર્યોધન છે, તેથી સોયની અણી જેટલી ભૂમિ આપવાની સ્પષ્ટ ના પાડે છે. આ તેનો અહંકાર બોલે છે, અને તેથી અંધ થયેલ દુર્યોધનના જીવનમાં અંધકાર આવશે તે, તે નથી જાણતો, ભગવાન જાણે છે. કુરૂવંશની આ દુર્દશા કેમ ? સંગાત સંજાયતે કામ : કામાત્ ક્રોધોડ પજાયતે, ક્રોધાત્, ભવતિ સંમોહ સંમોહાત્, સ્મૃતિ વિભ્રમ.....

મામા શકુનીનો સંગ, અધર્મ યુક્તિથી બીજાના હક્કનું પડાવી લેવાની દુષ્ટ કામના, તે પૂરું થવામાં આવતા ભગવાન રૂપ જ વિઘ્ન, તેથી થતો ક્રોધ અને ક્રોધની અતિશયતામાં થતો વિભ્રમ અને તેથી બુદ્ધિનાશ !

ભગવાન માગે અને જે આપી શકે, તે મહાસદ્ભાગ્ય બહુ ઓછાને પ્રાપ્ત થાય છે, અને ભગવાન માંગે અને ન આપે તેવુ દુર્ભાગ્ય પણ બહુ ઓછાને પ્રાપ્ત થાય છે.

**૭(ક) વનમાં દ્રૌપદી** પાસે ભગવાને અક્ષયપાત્રમાંથી કંઇક ખાવા માંગ્યુ, ત્યારે કંઇ જ ન હોવા છતાં દ્રૌપદીનો પ્રયાસ, ભગવદ્ કૃપાને પામે છે. ભાજીનું એક પત્તુ માત્ર ખાઇને, ભગવાન તૃપ્ત થઇ ગયાં. જૂઠન પત્તુ હતું, પણ તે સ્નેહથી ભારોભાર હતું. ભગવાન જાણે છે કે સ્નેહ શુદ્ધ કરનારો છે. શ્રી ગોકુલનાથજીના એક પ્રસંગમાં આપના ચરણ નીચે એક કાગળ આવ્યો કે જેમાં લયલા-મજનુની કથા હતી. આપે કહ્યું કે “ હું છોવાયો નથી, પ્રેમકથા પવિત્ર કરનારી છે. ” આ તો લૌકિક શુદ્ધ સ્નેહ હતો. તો પછી ભગવદ્ સ્નેહની શું વાત કરવી ?

ભગવાનના તૃપ્ત થવાથી દસ હજાર શિષ્યો સાથે દુર્વાસા તૃપ્ત થયા, ભગવાને ભક્તના માથેથી શાપનું દુ:ખ દૂર કર્યું. ભગવાને પોતાનું બંધુત્વ સિદ્ધ કર્યું.

(ખ) ભગવાનના હાથમાં છરીની ધાર વાગી, તો ભગવાને સૌ પાસે માંગ્યું એક થોડુ કપડું - પટ્ટી ત્યારે દ્રૌપદીએ સાડીને ચીરી દઇને પાટો બાંધી દીધો. આ નિરૂપાધિક સ્નેહ હતો. આપવામાં તો ભગવાને પણ દ્રૌપદીની નિ:સાધનતા જાણીને પાંડવોની લાજ બચાવી.

ભગવાનનું ભૂતલ પરનું પ્રાકટ્ય માત્ર અને માત્ર પોતાનો અનુગ્રહ પ્રકટ કરવા રૂપ હતો, તે અહીં સમજાય છે, પ્રભુ માંગે છે ત્યારે કોઇ અજ્ઞાન પૂર્વક આપે કે અજ્ઞાનથી ન આપે કે, દુર્ભાવ વશ ન આપે પણ ભગવાન તો સૌ પર અધિકારાનુસાર અનુગ્રહ જ કરે છે.

પરંતુ , કેટલાક જીવો બડભાગીયા હોય છે, કેટલાક અભાગીયા હોય છે તો કેટલાક દુર્ભાગીયા !!



# ભક્તિવર્ધનનો પ્રયોગ ૧૩

આપણે અગાઉ સેવા-સ્મરણ-સત્સંગ વિષયે વાત કરી, આજે જે વાત કહેવી છે તે બહુ ટૂંકી છે. જો કે તેમાં મારો અધિકાર છે કે નહિ તે જાણતો નથી પણ પરિવારમાં એટલી છૂટ લઇ શકાય તેમ માનું છું.

અહીં આપણે સૌ ભાગવતનું રસપાન કરવા નિયમિત દર અઠવાડિયે આવીયે છીએ, જેથી તે તો નક્કી છે કે આપણને ભાગવતજી પ્રત્યે રૂચી તો છે જ. આપણને પણ ખ્યાલ છે કે શ્રીમદ્ ભાગવત ઠાકોરજીનું સાક્ષાત નામાત્કાર સ્વરૂપ છે. જેથી તેમાં આપણી ગતિ રૂચિથી શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા સુધી પહોંચે, તેમ હંમેશા ઇચ્છીએ છીએ. પરંતુ માત્ર ઇચ્છવાથી કંઇ થઇ શકતું નથી, તે માટે જરૂર છે પ્લાનીંગ અને પ્રોગ્રામ. આપણે જે પ્લાન કે પ્રોગ્રામ કરીએ તેને નિશ્ચય પૂર્વક વળગી રહીએ તો પ્રભુ જ કૃપા કરીને આપણને નિષ્ઠાના શિખર તરફ ગતિ કરવા બળ તથા હામ આપશે.

આપણે સૌ આજે દર અઠવાડિયે એકવાર ભાગવત્નું શ્રવણ કરીએ છીએ. પરંતુ જેમ સેવાનો પ્રકાર નિત્યનો છે તેમ ભાગવત્ શ્રવણ-પઠન-અધ્યયન-તે ભાગવતની પૂજા જ છે. તેનો પ્રકાર પણ નિત્યનો હોવો જોઇએ. જેથી જેની જેટલી અનુકૂળતા હોય તેટલું, ભાગવતનું અર્થ સાથેનું પઠન કરવું જોઇએ. નિત્ય નિયમ તરીકે ભાગવતના એક અધ્યાયનું પઠન. છેલ્લે ન થઇ શકે તો એક શ્લોકનું પઠન પણ કરવું જોઇએ અને તે પણ નિત્યક્રમ રૂપે, ભાગવતનો એક એક શબ્દ નહિ પણ એક એક અક્ષર પ્રભુના સાક્ષાત્ સ્વરૂપાત્મક રૂપે હૃદયમાં પ્રગટ થઇ શકે છે. સૌ નથી કરતા એમ સમજીને નહિ પણ મને લાગ્યું કે આ એક સામાન્ય સંદેશ છે અને ઘણા વખતથી મારા મનમાં ઘુંટાયા કરતો હતો, જેથી આપ સૌ સમક્ષ પ્રકટ કર્યો છે, કારણ કે આપણને સૌને “ અમે તો રાજના ખાસા ખવાસ ” ની જેમ “ અમે તો ભાગવત્ પરિવારના સભ્ય ” તેવો દૈવી અહંકાર છે, અસ્મિતા છે. આપણે આપણા નિશ્ચયને વળગી રહેવું હોય તો, મારો એક અનુભવ છે તે પ્રસ્તુત કરું.

આપણે જે નિયમ આપણા મનથી નિશ્ચિત કર્યો, તેને આપણે આપણી ડાયરીમાં નોંધી લેવો તથા તે શરૂ કર્યાની તારીખ નોંધી લેવી. છ માસ કે વર્ષ પછી ફરીથી તેના તરફ નજર નાંખવી કે હવે આપણે ક્યાં છીએ ? પાછળ તો નથી ગયાને ? જો ગયા, તો ફરી મનની દઢતા કેળવવી અને જો નથી ગયા તો એક ડગલું આગળ મૂકવા માટે ફરી પેન ઉઠાવવી અને થોડા વધારે બળથી આગળ વધવાના નિશ્ચય સાથે તારીખ નોંધી લેવી.

આ પ્રયોગથી મને તો ફાયદો થયો છે, જેથી આ ઉપાય પ્રકટ કર્યો છે.

શીર ટેકયો ચરણ મેં, અબ કોન ટેકો ચાહિયે ?
તૂ ન જાએ ઔર ક્યાંહી, વો હી ઠેકો ચાહિયે.

# ભક્તિની વ્યાખ્યા ૧૪

શ્રી આચાર્યજી ભક્તિની વ્યાખ્યાને "માહાત્મ્ય જ્ઞાન પૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ" તેવી કરે છે.

આપણે આ વ્યાખ્યાને શ્રીગોપીજનોના સંદર્ભે સમજીયે.

શ્રી ગોપીજનોને શ્રી ઠાકોરજી પ્રત્યે સર્વતોધિક સ્નેહ હતો, સુદઢ હતો. અને અલૌકિક હતો. અલૌકિક હોવાનું કારણ, તે જેમને સ્નેહ કરતા હતા તે પાત્ર અલૌકિક હતું, જેથી તે ઇચ્છે કે ન ઇચ્છે પણ પ્રભુ તેને (સ્નેહને) અલૌકિક બનાવી દેતા હતા.

ઘણીવાર એવું બનતું કે ઠાકોરજી ગોપીના ઘરે તોડ-ફોડ કરે, ઘમાચકડી કરે ત્યારે ગોપી જે રોષે બતાવતી તે બીજાને સંભળાવવા બતાવતી તેથી તો શ્રીયશોદાજીને ત્યાં ફરિયાદો લઇને જતી (જુઓ ઉરાહનાના પદો) પણ હકિકતમાં તો તે પોતાનો સ્નેહ છૂપાવવા માંગતી હતી. તેને થયેલ ભૌતિક નુકશાનથી તેણે રોષ આવતો જ નહિ. જો આવતો હોત તો બીજી વખત ઘરમાં પેસવા જ ન દે !

ગોપીની આ પ્રકારની વર્તણુંકને સ્નેહ કહે છે, પણ પ્રભુ તો સૂક્ષ્મ જોનાર છે. સૂક્ષ્મતાથી જોતાં આપને લાગ્યું કે ક્ષણાર્ધ માટે ગોપીને રોષ આવી તો જતો પણ પછી તરત જ સ્નેહના જોર ને લીધે તે દબાઇ જતો હતો. આપ આ સૂક્ષ્મ રોષને નાબૂદ કરીને ગોપીના પ્રેમને નિશ્ચ્છલ કરવા માંગતા હતા. આ રોષ આવવાનું કારણ, ગોપીના હૃદયના ખૂણામાં રહેલી નાજુક અહંતા-મમતાનો સૂક્ષ્મ કચરો ચીટકેલો હતો. તેથી પ્રભુને લાગતું કે, હું જ્યાં બિરાજ્યો છું તે આસન શુદ્ધતમ નથી.

પ્રભુ પોતાને સમર્પિત તેવા જીવના ભાવનું રક્ષણ - પોષણ કરવા સદા તત્પર હોય છે. માટે તો પ્રભુએ વિચાર્યુ કે, આ અશુદ્ધિ નાબૂદ કરવાનો ઉપાય મારે જ કરવો પડશે, કેમ કે આ જીવો તો નિ:સાધન છે, અને તેનો ઉપાય તે "માહાત્મ્યજ્ઞાન".

પ્રભુએ પૂતનાવધ, તૃણાવર્ત વધ, કાલીય દમન વ લીલાઓ કરીને ગોપીઓના હૃદયમાં રહેલી અવિદ્યા - દોષોને દૂર કર્યા, કે જે અધ્યાસોનું મૂળ અહંતા-મમતા હતું. ઓમ ગોપીજનોના હૃદયમાં માહાત્મ્યજ્ઞાનનું પ્રભુએ સ્થાપન કર્યું. જેનો ઉપયોગ માત્ર પ્રભુપ્રત્યેનો નિશ્ચ્છલ સુદઢ સર્વતોધિક સ્નેહ ધોવા માટે જ હતો.

જેથી એવું બન્યું કે જ્યારે કંઇક એવો બનાવ બને કે ગોપીના અંત:કરણ ઉપર અહંતા-મમતા સવાર થવા આવે ત્યારે આ માહાત્મ્યજ્ઞાનની સ્વીચ ઓટોમેટીક ઓન (ON) થઇ જાય અને અહંતા-મમતાનો પ્રવેશ થાય જ નહિ. એકવાર અહંતા-મમતાનો પ્રવેશ બંધ થઇ ગયો પછી તો સ્વીચ સુદઢ સ્નેહ ઉપર સ્થિર થઇ જાય. આ એક એવી જટીલ પ્રક્રિયા, તેઓના અંત:કરણમાં ચાલ્યા કરે કે - તેને ખુદને પણ ભાન ન રહે કે તેની અંદર માહાત્મ્યજ્ઞાન કામ કરી રહ્યું છે. કારણ કે મુખ્ય તો આ માર્ગ સુદઢ સ્નેહ ઉપર જ



ટકી રહ્યો છે, પરંતુ આ માર્ગને અણિ શુદ્ધ બનાવવા માટે જ માહાત્મ્યજ્ઞાનની જરૂર છે. (માહાત્મ્યજ્ઞાન એટલે પ્રભુના છ ધર્મોથી પ્રભુની મોટાઇ જણાઇ આવે તે) આ માહાત્મ્યજ્ઞાન જીવનમાં પ્રેમની સાથે ભળી જવું જોઇએ, જેમ દૂધમાં સાકર. દૂધમાં સાકર નજરે ન પડે, દર્શન ન થાય પણ અનુભવાય. દૂધના દરેક અણુઓની વચ્ચે જે ખાલી જગ્યા છે તેમાં સાકર પોતાનું સ્થાન બનાવી લે, છતાં ગુપ્ત રહે.

આ છે "માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદઢ સર્વતોધિક સ્નેહો ભક્તિ."

# ૧૧૦

# વિધિ - નિષેધ

| | |
|---|---|
| ૧. કેટલાક સિદ્ધાંતો કહે છે | અને અનુસરે છે |
| ૨. કેટલાક સિદ્ધાંતો કહે છે | પણ અનુસરી નથી શકતા |
| ૩. કેટલાક સિદ્ધાંતો કહે છે | પણ અનુસરી નથી શકતા<br>છતાં અનુસરે છે તેવો દાવો કરે છે |
| ૪. કેટલાક સિદ્ધાંતો કહે છે | પણ અપસિદ્ધાંત તો નથી જ કહેતા<br>પણ સિદ્ધાંતનું આચરણ કરે છે |
| ૫. કેટલાક સિદ્ધાંતો કહે છે | પણ અપસિદ્ધાંત તો નથી જ કહેતા<br>પણ સિદ્ધાંતોને આચરી શકતા નથી. |
| ૬. કેટલાક સિદ્ધાંતો કહે છે | પણ સાથે સાથે પોતાને અનુકૂળ તેવા<br>અપસિદ્ધાંતો કહે છે, અને આચરણ નથી કરતા |

૭. કેટલાક તો અપસિદ્ધાંત જ કહે છે સિદ્ધાંતો તો જ્વલ્લે જ કહે છે
અને આચરણ તો નથી કરતા

પુષ્ટિ - પ્રવાહ - મર્યાદાનું વિભાગીકરણ આપ પર છોડયું છે

# ચિંતન



જે સાંભળ્યું તેને ફરી વાંચીયે, પછી જે વાંચ્યું તેને ફરી સાંભળીયે, વાંચેલુ ફરી વાંચીએ અને સાંભળેલું ફરી ધ્યાનથી સાંભળીયે. આ સ્મરણની પ્રક્રિયા છે.

સ્મરણ કે જે નિત્ય નિયમથી, દઢતાપૂર્વક ચિત્તને તેમાં પરોવીને વિશ્વાસ પૂર્વક કરવામાં આવે.

આનાથી ય આગળ ચિંતન છે !

ચિંતન એટલે વિષયના દરેક પાસાનો વિચાર કરવો, વિષયને ફંફોળવો, ટટોલવો, મથવો, શોધવો. તેમ કરવાથી તેમાંથી સાર પ્રાપ્ત થાય છે, આ ચિંતનની રીત છે.

જેમ છાશમાંથી ઘી !

આપણે સૌ પુષ્ટિભક્તિ માર્ગમાં શરણ સંબંધે ચિંતન કરવા ભેગા થયા છીએ. ત્યારે સંશયોનું નિવારણ કે નિરાકરણ કરવું પડશે અને તે માટે હૃદય અને બુદ્ધિના દ્વાર ખૂલ્લા રાખવા પડશે.

જે સત્ય મળે તેને દઢ કરવું પડશે.

જેની જાણકારી નથી તે મેળવવી પડશે.

અને જે અધૂરી છે, તેને પૂરવી પડશે

જે ન સમજાય તેને સમજવા સુધી દઢતાપૂર્વક, ડર વગર, શુદ્ધ બુદ્ધિથી પૂછવું જોઇએ.

પૂછાયેલો કોઇ પણ પ્રશ્ન તુચ્છ કે નકામો નથી હોતો. અને નહિ પૂછાયેલા ગમે તેવા ગંભીર પ્રશ્નો પણ અર્થહિન છે.

આપણે સૌ ચિંતન શિબિરમાં *involve* થવાની પ્રતિજ્ઞા લઇએ.



# ભકિત સુત્રો



૧. શ્રી ઠાકોરજી ઉત્તમ વસ્તુના ભકત છે.

૨. શ્રી ઠાકોરજીને અર્ધભુકત ભોગ ન ધરાય.

૩. જલસેવા શ્રીયમુનાજીના ભાવથી કરવી.

૪. યથા દેહે તથા દેવે.

૫. અધિકાર વગર સખ્યભાવ ભગવાનથીન જતાવાય

૬. લૌકિક થઈને અલૌકિક વસ્તુ લેવાનો ઉપાય કરે તો દુ:ખ પામે અને હાથ ન લાગે.

૭. પ્રભુપ્રાપ્તિનો વિરહી જન પ્રભુને ખેંચી લાવે છે.

૮. શ્રીઆચાર્યજી સર્વ સામર્થ્ય સહિત છે.

૯. શ્રીઆચાર્યજી નિરપેક્ષ તથા ભકતનું હિત કરનાર છે.

૧૦. પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે. દ્રવ્ય નહીં.

૧૧. પ્રભુ પરનો વિશ્વાસ તે ભકતોને ધર્મ છે.

૧૨. સેવક તે કે જે સ્વામીનો પડછાયો બનીને રહે.

૧૩. ભગવદ્ સાનુભવ તે જ ફળ.

૧૪. ભગવદાજ્ઞા અનુસાર જ કરવું.

૧૫. આત્મના સમર્પણથી તદીયત્વ દઢ થઈ જાય છે.

૧૬. શ્રીઆચાર્ય ઉપદેશ અનુસાર સેવાથી માનસી સિદ્ધિ થાય છે.

૧૭. પ્રભુ ક્રોધીત થાય તે પણ આપણા હિતમાં જ છે.

૧૮. ભાવ ભાવનાથી સિદ્ધ થાય.

૧૯. સર્વાનંદથીય કૃપાનંદ દુર્લભ છે.

૨૦. પ્રભુ અલૌકિક દાનકરે ત્યારે મનોરથો સિદ્ધ થાય.

૨૧. પ્રભુ સ્નેહી સાથે જ વાતો કરે.

૨૨. પ્રયાસ પૂર્વક કરવામાં આવે તે ચિંતન અને વગર પ્રયાસે થાય તે સ્મરણ.

૨૩. સ્નેહવશ માંગવુ અને માગવાથી સ્નેહ થાય તે જુદી વાત છે.

૨૪. જીવ સકામ હોઈ શકે છે, પણ સકામભક્તિ બાધક છે.

૨૫. લૌકિકતા એક ભાવાત્મિકા છે જ્યારે અલૌકિકતા સર્વ-ભાવાત્મિકા છે.

૨૬. ભગવાન સાથે સંબંધ જોડશું તો ૬૩ નો આંકડો થશે અને વિમુખ થઈએ તો ૩૬નોઆંકડો થશે. ભગવાન છ અલૌકિક ધર્મવાળા છે જ્યારે જીવ ત્રણ ગુણોવાળી માયાથી ગ્રસ્ત છે.

૨૭. મમતાનો વિકાર કામ-લોભ-મોહ છે.

૨૮. અહંકારનો વિકાર ક્રોધ, મદ, મત્સર છે.

૨૯. જે લહર સમુદ્રને છોડી, કિનારાને ચાહે છે તે ખતમ થઇ જાય છે.

૩૦. ઉપભોગનો અધિકાર છે પણ ઉપભોકતા નથી બનવાનું.

૩૧. શરણાગતિની સાધનામાં વિવેક ધૈર્ય જરૂરી છે.

૩૨. ભગવાનની સમજથી બધું બ્રહ્મ છે આપણી સમજથી નહી માટે તો અન્યાશ્રયને દોષ કહ્યો છે.

૩૩. આપણે પથ્થરને કૃષ્ણ માનીચે છીયે પણ કૃષ્ણને પથ્થર માનીને નહીં.

૩૪. ધર્મ નથી છોડવાનો ધર્માશ્રય છોડવાનો છે. ધર્મમા આશ્રયથી ધર્માશ્રય કરવાનો છે.

૩૫. સર્વાત્મભાવનું બીજ સેવા છે.

૩૬. શરણાગતિ વાળુ સમર્પણ કરવાનું છે.

૩૭. રૂકમણિ ૨૪ વર્ષ સુધી ગંગાસ્નાન માટે એટલા માટે ન જઈ શકયાં કેમકે ઠાકોરજીએ તેનો હાથ મજબુત પકડી રાખ્યો હતો.

૩૮. એકકાન્ત તે જ એકાન્ત.

૩૯. કેવલ ભકિત સહુની હોય સ્વતંત્ર ભકિત તો માત્ર પુષ્ટિભકતની હોય.

૪૦. ભકત પ્રભુને સ્વઈચ્છિત ભાવથી હૃદયમાં પધરાવવા સમર્થ છે.



૪૧. પ્રભુના સામર્થ્ય બાબતમાં દઢ માન્યતા તે શ્રદ્ધા.

૪૨. ગુરુશ્રીમહાપ્રભુની આંખની શરમ પ્રભુને નડે છે.

૪૩. તું મારો છે તેમ ભક્ત પ્રભુને કહે તો તે કામભાવ, હું આપનો છું તેમ ભકત કહે તો સર્વાત્મભાવ.

૪૪. ભકિતમાર્ગમાં ભકિત કરવાની અનુભવવાની અને માણવાની.

૪૫. વિશેષ કરીને ગાઢ ભાવ તે વિગાઢભાવ.

૪૬. માનસીમાં સેવાનો ક્રમ તેમજ વ્રજલીલાના કીર્તનનો ભાવ તે શિક્ષાપત્રોનો ગૂઢભાવ છે.

૪૭. શ્રીહરિરાય મહાપ્રભુનો ઉપદેશ વિપ્રયોગનો છે પણ આપે સેવા છોડી નથી.

૪૮. સાધનદશામાં ભકિતના વિકાસ માટે સેવા-સત્સંગ કરે ફળદશામાં સેવા સત્સંગ સહજ થયા જ કરે સાધનદશા-જીવની પ્રભુ તરફની ગતિ ફળદશા-પ્રભુની જીવ પ્રતિની ગતિ.

## તૃષિત

૧૧૧

"ણ" તારું સ્વરૂપ છે ને, કૃષ્ણ તારાં ગુણ છે,
કૃષ્ણ તારું નામ છે તો, ધ્વનિ તારું ધામ છે.
ઐશ્વર્ય - વીર્યથી બ્રહ્મા તૂ, યશ - શ્રી વિષ્ણુ રૂપે છે
જ્ઞાનવૈરાગ્યથી શિવ છું, તોય સૌથી અતીત તૂ
ભક્ત માટે રૂપવાન, જ્ઞાની માટે જ્ઞાનવાન
ઉપાસનાની મર્યાદામાં વિષયી માટે જગત છું,
કયાંક રીત છે, કયાંક પ્રીત છે, કયાંક શૂન્ય છે, તોય અનંત છે
કયાંક સૂક્ષ્મ આકાર હીન છે, તો આકાર લઈ વિહરી રહે.
જાણું ન માણું, માણું ન જાણું, જાણું અને માણું બધે
પણ વાણી મારી બંધ છે, દષ્ટિ હૃદયમાં ડૂબક દે.
તૂ છૂપાયો તે છૂપાયો, તૂ છૂપાયો શોધું હું,
તે છૂપાયો શોધે તૂ - એ લીલાને નિરખ્યા કરું
બસ, એ કૃપાનો તૃષિત છું

૧૭

# દુઃસંગ - બહિર્મુખતા

**(શિક્ષાપત્રના આધારે)**

દુ:સંગ આપણો કેવો જબરદસ્ત દુશ્મન છે ? આપણો એટલે ભક્તિમાર્ગના મુસાફરોનો. તેનું ઉદાહરણ શ્રી હરિરાયજી આપે છે, અગ્નિનું જલથી રક્ષણ કરવામાં આવે છે, તેમ ભગવદ્ ભાવરૂપી નિધિ-ભંડારનું રક્ષણ લોક સોચનો ત્યાગ કરીને પણ રક્ષણ કરવું. આ રક્ષણ કરવામાં બાધારૂપ દુ:સંગ છે. તેને સત્સંગના પાત્રમાં રાખી અગ્નિરૂપ ભગવદ્‌ભાવથી નાશ કરી શકાય છે. જો સત્સંગ ન મળે તો જળરૂપી દુ:સંગનો ભગવદ્ ભાવરૂપ અગ્નિ સાથે સીધો સંપર્ક થતાં ભાગવદ્‌ભાવ નાશ પામે.

સિદ્ધ ભક્તોને પણ દુ:સંગ થતા અન્યસંબંધ બાધક થાય છે, તો સાધન કક્ષાના જીવની વાત શું કરવી ?

હવે શ્રીહરિરાયજી ઉદારણ આપે છે કે ભરતમુની હરણીના બચ્ચાના લાલન - પાલનમાં સ્વર્ધમ ભૂલી ગયા. તેમને અન્યસંબંધ થયો, તેવું જ નંદજી અંબિકા પૂજન કરવા ગયા, તો અજગરે તેમને ગળ્યા.

આવા મહાનુભાવોની આ દશા તો આપણે કોણ માત્ર ? માટે દુ:સંગ થશે ત્યારે સત્સંગ કરશું તેવી રાહ ન જોવી અને કદાચ સત્સંગ સતત ન મળે તો તેના અભાવમાં જે સત્સંગ કર્યો હોય તેનું સ્મરણ કરવું. વળી સત્સંગ કયો ન કરવો ? કે જે આચાર્યજીના વચનોથી વિરૂદ્ધ હોય તેવો સત્સંગ ન કરવો. સત્સંગ કરતા રહેવાથી ક્રમશ : લૌકિક આસક્તિ નાશ પામશે.

કળીકાળના પ્રભાવના કારણે લૌકિક સંગ સહજ છે, છતાં પણ તેવા કળીના દોષથી ઘેરાયેલા લૌકિક લોકોનો સંગ ટાળવો. કદાચ તેમ ન બને તો ? તો મૌન રહેવું અને શરણભાવના રાખવી. ઉપર કહ્યાં તેવાં આચાર્યજીના વચનોથી વિરૂદ્ધ વાણી, સંસાર આસક્તિ માટે પ્રેરણા કરનાર છે. માટે તો શ્રીગુંસાઇજીએ ગોવિંદદુબેને મીરાંબાઇ પાસેથી બોલાવી લીધા હતા.

**સત્સંગ કોને જાણીયે ?**

જે શ્રી કૃષ્ણમાં નિષ્કામ પ્રીતિનો બોધ કરે તથા સાત્વિક હોય. જેમાં કોઇ અપેક્ષા ન હોય, આ ગુરૂચાવીથી સત્સંગી અને દુ:સંગીનો નિર્ણય કરવો. શ્રીવલ્લભકુળના સેવકને અન્યથી ઉત્તમ જાણવો, કે જેનામાં શ્રીઆચાર્યચરણ પ્રત્યે સ્વાભાવિક પ્રીતિ છે. ભીનું કપડું જેમ સૂકા કપડાને ભિંજવે તેમ આવા ભક્તો આપણા હૃદયને પ્રભુ પ્રત્યે ભિંજવે છે. માટે તેવા વૈષ્ણવનો સંગ કરવો.

**વૈષ્ણવત્વ કોનામાં નથી તેમ જાણવું ?**

કે જે ઉપરોકત ભગવદીયમાં દોષબુદ્ધિ રાખે તથા જે પુષ્ટિમાર્ગથી વિરુદ્ધ છે. એટલે કે શ્રી કૃષ્ણ, શ્રીઆચાર્યજી, શ્રીગુંસાઇજી તથા સર્વ લીલાસામગ્રી એ સર્વની



બરાબર બીજું કશું છે, તેવી બુદ્ધિ રાખે.

લૌકિક બુદ્ધિવાળા પાસે આ ભાવાત્મક વાતનો પ્રકાશ કરવો નહિ. કારણ તેમ કરવા જતાં દુ:સંગ લાગી જવાથી, હૃદયમાંથી પ્રભુ જતા રહે. પુષ્ટિમાર્ગીયના હૃદયમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભાવ ઉત્પન્ન થાય છે પરિણામે સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. સંસારી બહિર્મુખ છે, કારણ ? તે લૌકિક આવેશમાં તન, મન, ધનથી ઉત્તમ રહે છે. માત્ર લૌકિક આવેશમાં જ રહે છે. આવાના સંગથી પુષ્ટિમાર્ગીય પણ બર્હિમુખ થાય છે.

ભક્તોનું લૌકિક વૈદિક પ્રભુ પોતે સાધે છે. પણ **તેણે શું ધ્યાન રાખવું ?**

(૧) અલૌકિક પદાર્થોમાં લૌકિક બુદ્ધિ કરવી નહિ કારણ તે જ અલૌકિક ભાવમાં બાધક થાય છે. (૨) પોતાના મનને ભોગમાં આસક્ત થવા દેવું નહિ અને કદાચ થાય તો સર્વ પ્રકારે તેનું નિવારણ કરવું. (૩) શ્રીમહાપ્રભુજી નિરોધ લક્ષણમાં કહે છે "પુત્રે કૃષ્ણપ્રિયે રતિ: " પોતાની સર્વ ઇંદ્રિયો તથા તેના ધર્મો ભગવત્‌સેવામાં યોજવા.

**બાધક શું છે ?**

ભાવમાં (૧) દુષ્ટ અન્ન (૨) દુષ્ટનું અન્ન (૩) અસમર્પિત (૪) દુ:સંગ બાધક છે. માટે **શું સાવધાની રાખવી ?** સત્સંગ દુર્લભ છે અને દુ:સંગ વિના શ્રમે સિદ્ધ થઇ જાય છે, માટે સાવધ રહેવું. દા.ત. વાઘ જેમ મનુષ્યને ખાઇ જાય છે, માટે તે વાઘથી દૂર રહે છે તેવી રીતે દુ:સંગ ભગવદ્‌ભાવનું ભક્ષણ કરી જાય છે, **તો શું ઉપાય ?** ભગવદીયનો સંગ કરવો તો દુ:સંગ છૂટી જશે.

શ્રીમહાપ્રભુજીએ અનેક ગ્રંથોનું દોહન કરીને ઉપદેશ આપે છે કે, આવા ભગવદીય સાથે નિવેદન મંત્રનું અનુસંધાન રાખવું અને ભગવદ્ ધર્મ કરવો. જીવે પોતાના સર્મપણ વિશે હંમેશા વિચાર કરવો.

આમ આ માર્ગમાં સત્સંગ જ મહાન સાધન છે. આ કળીકાળમાં સત્પુરુષની બુદ્ધિ દુ:સંગથી ભ્રષ્ટ થઇ જાય છે. પરિણામે જન્મોજનમનો એકઠો કરેલો ભગવદ્‌ભાવ સત્સંગના ક્ષણમાત્રના સંબંધથી નાશ પામે છે. માટે તો શ્રીઆચાર્યજી તથા ચૈતન્ય મહાપ્રભુના સંવાદમાં આપ કહે છે "અમારો માર્ગતો એવો છે કે ગાયના શીંગ પર રાઇનો દાણો ટકે એટલો સમય પણ દુ:સંગ થાય તો જીવ બહિર્મુખ થાય."

**આ બહિર્મુખતા કોણ કરાવે છે ?**

જીવ પોતાના પિતા - માતા, સ્ત્રી પુત્રાદિમાં લૌકિક સ્વાર્થ કરીને બહિમુર્ખતા કરે છે. પોતાનું મમત્વ બહિર્મુખતા કરાવે છે. **તેના નાશ કેવી રીતે થાય ?** તો લૌકિક સંબંધોના સ્થાને શ્રીકૃષ્ણ સાથેનો પોતાનો અલૌકિક સંબંધ વિચારે તો બહિર્મુખતા નાશ થાય. આગળ કહ્યા તેવા બહિર્મુખના સંગથી દેહ તથા મન સંબંધી દોષો પીડા કરે છે. **બહિર્મુખતાની નિવૃત્તિનો ઉપાય ?** (૧) સત્પુરુષનો સંગ, તેમની સેવા તથા ભાગવતનો અર્થાનુસાર પાઠ કરે શ્રવણ કરે તો થાય. (૨) શરણની ભાવના કરવી (૩) ભગવત્ કથાથી ઇતર ગ્રંથોનું શ્રવણ કરવાથી ચિત્ત બહિર્મુખ થાય.

**પુષ્ટિ ભક્તિમાં બાધક :-**

જ્ઞાન તથા માર્યદાભક્તિ પણ પુષ્ટિભક્તિમાં બાધક છે કેમ કે જ્ઞાન મુક્તિ આપનાર છે, તથા મર્યાદાભક્તિનાં ફળ સ્વામી - સેવકના ભેદને મટાડનારી છે. જીવ દાસત્વ ગુમાવી બેસે છે. સાયુજય મુક્તિમાં દાસત્વ કેવું ? ભાવ ના રક્ષણની ઇચ્છાવાળાએ દુ:સંગથી ડરતા રહેવું. જેમ માતા બાળકના રક્ષણ માટે ડાકણથી ડરે છે તેમ બુદ્ધિ રત્ન સમાન છે તેને સાચવવા સત્સંગ, સ્મરણ અને શરણાગતિ જ ઉપાય છે. બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણની પ્રસન્નતા સુંદર બુદ્ધિથી થાય છે. આ બુદ્ધિનું રક્ષણ, અસમર્પિત ત્યાગ, પ્રભુસેવા, સત્સંગ તથા કૃષ્ણકથાના શ્રવણ તથા કીર્તનથી કરવી.

**શ્રવણ કોનાથી કરવું ?**

અવૈષ્ણવના મુખેથી સાંભળેલી કથા ફળરૂપ થવાના બદલે બાધક થાય છે. માટે સાવધાન રહેવું. અન્નદોષથી ભીષ્મ બહિર્મુખ થયા અને પ્રભુથી લડવા તત્પર થયા માટે દુ:સંગથી બચવું. ભગવદ્‌ભાવનું રક્ષણ કરવા માટે લૌકિક આવેશનો ત્યાગ કરવો. આપણને બહિર્મુખનો સંગ મળી જાય, તેની સાથે વાર્તાલાપ થાય તથા ભગવદીઓ ન મળે તો આપણું દુર્ભાગ્ય જાણવું. બીજા દુ:ખ તો જ્ઞાન કે ભક્તિથી નિવૃત્ત થાય છે, પણ દુ:સંગથી ઉત્પન્ન થતું દુ:ખ નિવૃત્ત થતું નથી.

શુદ્ધબુદ્ધિવાળું ચિત્ત પણ દુષ્ટના સંગથી દુષિત થઇ જાય છે, દુષ્ટજનના વચન હૃદયને પિડારૂપ છે, ત્યારે ધીરજ રાખવી મુશ્કેલ છે. વળી ગૃહસ્થાશ્રમીને વ્યાવૃત્તિ અર્થે અનેક મનુષ્યોનો સંગ કરવો પડે જેથી સહજે દુ:સંગ મળી આવે છે અને અવ્યાવૃત્તિમાં વિશ્વાસની દઢતા જોઇએ (જેમ ગદાધરદાસને હતી) તેમ નથી થઇ શકતું.

કળીકાળ ભગવદ્‌ધર્મમાં બાધક છે. તેનાથી દુર્બુદ્ધિ ઉત્પન્ન થાય છે પરીક્ષીતનું ઋષિનું સાપ નાખીને અપમાન કરવું તથા ઋષિએ શાપ આપવો બન્ને કાળનો જ પ્રતાપ છે, તે જ પ્રકારે દુર્જનના વચન પણ સર્પ સમાન છે.

**કળીકાળમાં જીવ ત્રણે પ્રકારે દુષ્ટ છે.**

(૧) આધિભૌતિક (૨) અધ્યાત્મિક (૩) આધિદૈવિક

**આધિભૌતિક** દુષ્ટ તે કે જે જાણીને દુર્વચન કહે, અવજ્ઞા કરે, મનને વિક્ષેપમાં નાંખે, શરીરથી પાપાચરણ કરે. આવાને ભગવદીયના સંગથી ભક્તિ પ્રાપ્ત થાય.

**આધ્યાત્મિક દુષ્ટ** - જે જ્ઞાનશૂન્ય કે અન્યથા જ્ઞાનવાળો છે આવાને ઘણા કષ્ટથી તથા તત્વબોધથી શુદ્ધિ થાય. કોઇ જ્ઞાનવાન મોટા ભગવદીયના ઘણા સત્સંગથી શુદ્ધિ થાય.

**આધિદૈવિક દુષ્ટ** - જે પ્રીતિ શૂન્ય છે તે, આવો કોઇ ઉપાયે સુધરતો નથી તે પ્રવાહી આસુરી જીવ હોઇ, જન્મોજન્મ સંસારમાં ભટકતો રહે છે. તેના સંગી પણ (અજ્ઞ) આસુરી ભાવવાળા થઇ જાય છે. માટે તેવાનો તો ત્યાગ જ કરવો. તેવાના સંગમાં રહ્યા હોય તો પછી નિત્ય ભગવદ્‌ભક્તોના સંગમાં રહે તો આસુરી ભાવ જાય.



# દૈવોદ્ધાર પ્રયત્નાત્મા ૧૮

શ્રી મહાપ્રભુજીનું આ નામ શ્રીગુંસાઇજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં પાંચમા ક્રમમાં પ્રગટ કર્યું છે.

શ્રી વલ્લભના ભૂતલ પર પધારવાના મુખ્ય ત્રણ પ્રયોજન હતા.

(૧) પુષ્ટિ માર્ગીય દૈવી જીવોનો ઉદ્ધાર, (૨) માયાવાદનું ખંડન, (૩) શ્રીમદ્ ભાગવતના ગૂઢાર્થને પ્રગટ કરવો.

આ ત્રણ પ્રયોજનમાં બીજું તથા ત્રીજું પ્રયોજન પહેલામાં સમાઇ જાય છે.

દૈવી જીવો માયાવાદમાં ભ્રમિત થઇને જે ભટકી ગયા છે, તેમનો સંશય દૂર કરવા માટે તથા તેમના ઉદ્ધારનો માર્ગ પરથી ઝાડી-ઝાંખરા દૂર કર્યા.

આપશ્રીના ભૂતલ ઉપરથી નિત્યલીલા ગમન પછી પથ-પ્રદર્શક રૂપે નામાત્મક સ્વરૂપ શ્રીભાગવત્‌નો પુષ્ટિ માર્ગીય અર્થ, સૌ દિવ્ય સૃષ્ટિને બોધ કરતો રહે તથા દૈવીજીવોના ઉદ્ધારની પ્રક્રિયા ચાલુ રહે, માટે પણ શ્રીમતી સુબોધિનીજીનું પ્રાગટ્ય થયું.

દૈવીજીવો કે જે ભૂતલ ઉપર પોતાનું સ્વરૂપ ભૂલીને ભટકી ગયા હતા, તેમને બ્રહ્મસંબંધ કરાવીને પોતાના મૂળસ્વરૂપનું ભાન કરાવીને, પોતાના સહજ કર્તવ્ય તેવા ભગવદ્‌સેવામાં તથા ભગવદ્ સ્મરણમાં યોજી દેવા તે જ આપનું પ્રયોજન હતું.

(૧) આથી પોતાના ભૂતલકાળ દરમ્યાન ભારત વર્ષની ત્રણ વખત પરિક્રમા કરીને અનેક દૈવીજીવોનો ઉદ્ધાર કર્યો, અને આમ ભટકતા જીવો પણ પોતાના સ્વામી શ્રીઠાકોરજીને પ્રાપ્ત કરીને પ્રસન્ન થયા.

(૨) શ્રી ઠાકોરજીને પોતાની અંગસૃષ્ટિ ઉપર જે દયા ઉપજી હતી, તેવા જીવોના ઉદ્ધારનું કાર્ય શ્રી વલ્લભે પૂરું કરતાં, પ્રભુ પણ પ્રસન્ન થયા.

(૩) સદા તત્સુખમાં જ રત એવા શ્રીવલ્લભ પણ પ્રભુની આજ્ઞા પ્રમાણે દૈવીજીવોના ઉદ્ધારનું કાર્ય સંપન્ન થવાથી પ્રસન્ન થયા.

આમ દૈવોદ્ધાર પ્રયત્નાત્મા નામથી હરિ ગુરૂ વૈષ્ણવ સર્વ પ્રસન્ન થયા.

આપશ્રીના ભૂતળકાળ પછી પણ દૈવીજીવોના ઉદ્ધારનો પ્રયત્ન ચાલુ રહે તે માટે આપે દમલાજીમાં માર્ગના સિદ્ધાંત તથા ભાવ, સર્વ રહસ્ય સ્થાપિત કર્યું અને પુષ્ટિમાર્ગની સ્થિતિ રહે ત્યાં સુધી દમલાજીની પણ ભાવાત્મક સ્થિતિ ભૂતલ પર હોય જ તેમાં કોઇ સંશય નથી.

આવા સર્વરસ સંપન્ન દમલાજીમાંથી રૂચિ અનુસાર વિભિન્ન રસોનું પાન કરનાર નિર્ગુણા તેવા ૮૪ ભગવદીયોથી પણ માર્ગમાં દૈવોદ્ધારનો પ્રકાર ચાલુ રહ્યો.

આ ભગવદીયો તો લીલાર્થે જ ભૂતલ પર પ્રગટ થયા હતા. તેઓ શ્રી વલ્લભની

પ્રેરણાથી એવા પ્રકારનું જીવન જીવી ગયા કે જેમાંથી હવે પછીની વૈષ્ણવી સૃષ્ટિને બોધપાઠ મળી રહે. વૈષ્ણવે વલ્લભીય તરીકે જીવન વ્યતિત કરવા માટે શું કરવું અને શું ન કરવું. (વિધિ-નિષેધ) તેનો બોધ આ ૮૪ ભગવદીઓના જીવનચરિત્રમાંથી મળે છે.

આ ભગવદીઓમાં કોઈએ અહંકાર, તો કોઈએ અન્યાશ્રય, તો કોઈએ મુખરતા દોષ, લોભ કે, કામ કે, નિર્દયતા, કે જે કંઈ, અવગુણ પ્રગટ કર્યા, તે તો માત્ર આપણા સૌના બોધ માટે જ છે. તે તો માત્ર થી વલ્લભની આજ્ઞાનુસાર ભૂતલ પર પધારીને નાટકનો એક વેશ જ ભજવી રહ્યા છે. હકિકતમાંતો સૌ ગુણાતીત છે.

આમ ૮૪ વૈષ્ણવની વાર્તાઓમાંથી, જીવ પોતાને લાગુ પડતો બોધ સ્વીકારીને પોતાને પ્રાપ્ત થયેલ બ્રહ્મ સંબંધને સાર્થક કરી શકે, તે માટેનો પ્રયત્ન શ્રીવલ્લભ આજ પર્યંત કરી રહ્યા છે, અને કરતા રહેશે.

શ્રી વલ્લભે પોતાનું અશેષ માહાત્મ્ય શ્રી ગુસાંઈજીમાં પધરાવ્યું જેથી શ્રી વિઠ્ઠલ પણ દૈવોદ્ધાર પ્રયત્નામા છે. આપશ્રીને શરણે ગયેલા ૨૫૨ ભગવદીઓનું દિવ્ય ચરિત્ર પણ બોધરૂપ છે.

શ્રી ગુસાંઈજીએ પોતાનું અશેષ માહાત્મ્ય શ્રી ગોકુળનાથજીમાં પધરાવ્યું જેથી આપ દ્વારા પણ અનેક દૈવીજીવો શરણે આવ્યા. આપના દ્વારા શરણે આવેલા મુખ્ય ૭૮ ભગવદીઓ પણ દીવાદાંડી સમાન છે.

આમ શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ સાતે બાળકો તથા તેમની સજાતીય સૃષ્ટિ અને ભગવદીયો શ્રી વલ્લભની આડીથી આજે પણ આપના જેવા અજ્ઞાની પણ દૈવીજીવોના ઉદ્ધાર કરવાનો સતત પ્રયત્ન કરતા રહે છે.

૧૧૨

# આશીર્વાદ

મહત્તા છે આર્શીવાદ લેનારની
નહિ કે દેનારની

| | |
|---|---|
| મસ્તક ઝૂકાવતાં પહેલાં મન ઝૂકી ગયું ? | પુષ્ટિ |
| મસ્તક ઝૂકાવ્યા પછી મન ઝૂકી ગયું ? | મર્યાદા |
| મસ્તક ઝૂકાવ્યા છતાં મન ન ઝૂક્યું ? | પ્રવાહી |

ભગવાન તો સર્વને દઈ રહ્યો છે અપરંપાર
લેનારે કેટલો ખોળોપાથર્યો છે ?



૧૯

# ગુરૂનું સ્વરૂપ

પ્રભુ ય ગુરુ, સંપ્રદાયના આદિગુરુ પણ ગુરુ અને દીક્ષાદાતા ગુરુ પણ ગુરુ.

ગુરુ તે કે જે અજ્ઞાન કે અન્યથા જ્ઞાનમાંથી જીવને બહાર કાઢીને પ્રકાશ તરફ દોરી જાય. અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનંજન શલાકયા ચક્ષુરુન્મિલિતમ્ યેન

<u>પ્રભુગુરુ :-</u> પ્રભુ સર્વના હિતકર્તા છે, પ્રભુ જ શાસ્ત્રરૂપ છે. પ્રભુ પરમાત્મા હોવાથી આત્મા સાથે જોડાયેલા છે, વળી પ્રભુ ભક્તના માથે સેવ્યસ્વરૂપે બિરાજે છે તેથી કૃપાયુકત થઇને જીવના અજ્ઞાનનો વિનાશ કરી દે છે. તેમ થતાં પ્રકાશ લાધતાં જીવને પોતાને યોગ્ય માર્ગ દેખાય છે, પ્રભુ તેને માર્ગ પર લાવી ને મૂકે છે.

જે તત્વત : ભગવાન છે તે ભકત પર કૃપા કરવા ગુરુ પણ બને છે.

<u>આદિગુરુ - સંપ્રદાયના :-</u> માર્ગ ઉપર આવેલ જીવ માટે આદિગુરુ પ્રણાલિકા સ્થાપિત કરે છે, જેથી જીવ સ્વસ્થતા પૂર્વક સાધના કરી શકે તથા પ્રભુ પ્રાપ્તિ બાબતે નિશ્ચિત થઇ જાય. આદિગુરુ આધ્યાત્મિક ગુરુ છે. જ્યારે પ્રભુ આદિદૈવિક ગુરુ છે આધ્યાત્મિક ગુરુને અંતરમાં બીરાજેલા પરમાત્મા - શ્રી કૃષ્ણ સ્ફૂરીત થઇ રહ્યા છે. તેથી વિસર્પી સ્વભાવથી આદિગુરુના પૂરા દેહમાં પ્રસરીને સર્વત : સ્ફૂરીત થાય છે, જેથી તો આદિગુરુ પણ તત્વત: કૃષ્ણ જ છે “वस्तुत : कृष्ण एव.” પણ ભૂતલ પર ગુરુરૂપ કાર્ય આદર્શ પ્રકારે ભજવે છે.

<u>દિક્ષાદાતા ગુરુ :-</u> જીવ સંપ્રદાયમાં હોવા છતાં, સ્વભાવે કરી દુષ્ટ હોવાથી તર્ક-વિતર્ક કરનારો છે. તેથી માર્ગ પરથી હટી જાય છે, તેને માર્ગ પર આણી રાખવા માટે દીક્ષાગુરુનો રોલ છે. જીવ માર્ગ પર રહેશે તો પ્રભુને પામશે.

દીક્ષાદાતા ગુરુ આધિભૌતિક ગુરુ છે. તેમના હૃદયમાં આધ્યાત્મિક ગુરુ શ્રીમહાપ્રભુ બિરાજેલા રહે છે, કેમ કે તે શ્રીમહાપ્રભુના આદેશોને મનસા-વાચા-કર્મણા અનુસરે છે. તેમના હૃદયમાં બિરાજેલા મહાપ્રભુ વિસર્પી સ્વભાવથી દીક્ષાગુરુના દેહમાં પ્રસરે છે. તેથી તે પણ મહાપ્રભુરૂપ બને છે, તથા પુરુષોત્તમ સદશ બને છે.

પરંતુ જે, મહાપ્રભુના આદેશોને અનુકુળ નથી થતા અને મહાપ્રભુના આદેશોથી પ્રતિકૂળ થાય છે, તો પછી મહાપ્રભુ પણ પોતાના વિસર્પી સ્વભાવને અંતર્હિત કરે છે. જેમ પેરેલેટીક અંગમાં લોહીનો પ્રવાહ ન વહેવાથી નિશ્ચેષ્ટ થાય છે. તેથી તેવા દીક્ષાગુરુ મહાપ્રભુના આભાસ રૂપ તથા તેથી જ પુરુષોત્તમના વારસદાર હોવાથી માત્ર બિંદુસૃષ્ટિ જ રહે છે.

તત્વત :તો બધાં જ સચ્ચિદાનંદ છે, પણ સચ્ચિદાનંદતા પ્રકટ નથી થતી.

શાસ્ત્રાર્થ પ્રકરણના જીવ પેટા પ્રકરણમાં શ્લો ૫૭-૫૮માં આ બાબત સ્પષ્ટ છે.

ઉપસંહાર : ભગવાન જ્યારે ગુરુ બને છે ત્યારે તે આધિદૈવિક ગુરુ છે.

શ્રી આચાર્યજી ગુરુ છે તે કૃષ્ણ સદશ છે, જે આધ્યાત્મિક ગુરુરૂપ છે.

સાંપ્રદાયિક ગુરુ તે આધિભૌતિક ગુરુ છે. તત્વત : સચ્ચિદાનંદ છે પણ શ્રી આચાર્યજીના આદેશ માને તો આચાર્ય સદશ અન્યથા આચાર્ય આભાસ માત્ર, પુરુષોત્તમ આભાસ માત્ર.

તત્વત : સચ્ચિદાનંદ હોવું કોઇ બડાઇ નથી. બડાઇ તો સચ્ચિદાનંદત્વ અને આચાર્યત્વ પ્રકટ થવું તેમાં છે.

૧૧૩

## સત્યં પર ધિમહિ

બસ "સત્ય" જીવનમાં વણાઇ જાય તેવી શુભકામના, પણ "સત્ય" શું ?
જેવું છે તેવું, તેટલું જ કહેવાનો આશય ન હોય, સત્ય એટલે આનંદ
આનંદ એટલે સચ્ચિદાનંદનું આનંદ સ્વરૂપ
એટલે કલ્યાણ ભાવના, એટલે અહૈતુકી કૃપા...
એટલે પુષ્ટિ..., આનંદ શું નથી ?
કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર સર્વથી રહિત
સર્વ દુષણોથી અપ્રદુષિત...
શુદ્ધ સ્નેહનું સ્વરૂપ તે આનંદ...
પરબ્રહ્મ તો આનંદ છે, સત - ચિત્ત તો તેનું સામર્થ્ય
આપણે પણ તે પરબ્રહ્મના સંતાન છીએ માટે
આનંદને જીવીએ... એટલે કે...
અનિષ્ટની કામના ન કરીએ,
અનિષ્ટ ક્રોધ ન કરીએ, અનિષ્ટ લોભ ન કરીએ
અનિષ્ટ ઇર્ષ્યા ન કરીએ, પણ સર્વ માટે કલ્યાણ ઇચ્છીએ.



## હેતુફેર ૨૦

મુવીમાં જોયેલ કોઇ બનાવટી મહેલને, કોઇ વ્યક્તિ કહે કે - તાજમહલ કરતાં પણ આનું સ્થાપત્ય વધુ ઉત્તમ છે. તો કોઇ શિલ્પી આ વાત સ્વીકારશે ?

ફૂલોની કોમ્પીટીશનમાં બનાવટી કાગળના ફૂલોને ઘુસાડી દેવામાં આવે, આ ફૂલ દેખાવમાં સૌથી વધુ સુંદર હોવા છતાં શું તેને પ્રકૃતિ પ્રેમી પરીક્ષકો ઇનામને લાયક ગણશે? અરે તેની હરિફાઇમાં પાત્રતા જ નહિ સ્વીકારાય ! કેમ કે, ફૂલોની પરીક્ષા દેખાવ માત્રથી નથી થતી પણ મુલાયમત્વ, નાજુકતા, સુગંધ અને જીવંતના વ. ઘણા લક્ષણોને આધીન છે.

ઊંચો-પહોળો દેખાતો ઘોડો રેસનો ઘોડો નથી ગણાતો. ઘોડાની ગુણવત્તા, માત્ર દોડવાની ક્ષમતાથી પણ નથી ગણાતી તેની નસલ, ચપળતા, અંગોના લક્ષણ વ. અનેક મુદ્દા છે. તેની સામે ચિત્રમાંનો ગમે તેવો સુંદર - મજબૂત દેખાતો ઘોડો તોય અપાત્ર.

સૌંદર્ય સ્પર્ધામાં રજૂ થયેલ વ્યક્તિ નાટક-મુવીમાં કરે છે તેમ મેક-અપના લપેડા નથી કરી શકતા, મુવીમાં સ્ટન્ટ કરનાર યુક્તિથી શૌર્ય પ્રદર્શીત કરે છે, છતાં ઇતિહાસ તેને શૌર્ય નથી કહેતું.

કેમ કે, આ બધાં જ નકલી છે, દેખાવ માત્ર છે, મોહ પમાડનાર છે, જીવનની હકિકત નથી. શાસ્ત્રની વ્યાખ્યામાં પાર ઉતરે તેવા નથી.

તે જ રીતે ભક્તિની વ્યાખ્યા પણ પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં શ્રી આચાર્યચરણોએ જે સિદ્ધાંત મુકતાવલિ, ભક્તિવર્ધિની, ચતુ : શ્લોકી, નિરોધ લક્ષણ વ. ગ્રંથોમાં આપી છે, તે આધારે જ ચકાસીને અનુસરવી રહી.

તે પ્રમાણે અનુસરે તો શ્રી આચાર્યજી તેને નિજસેવક કહેશે, અને નિજજનનો ભકત કહેશે. અન્યથા તેને પાખંડી ગણશે.

આપણા માર્ગની ભક્તિ એ તો જીવનપ્રણાલી છે. એ કંઇ બે-ત્રણ કલાકનો SHOW નથી, અઠવાડિક પારાયણ નથી, જીવનમાં એકાદવાર કરવાનો મનોરથ નથી, દર્શન માત્ર નથી, તે તો સર્વભાવથી સર્વદા, સર્વથા કરવાની સહજ પ્રીતિ છે. તેમાં અનન્યતા છે. ભક્તિ જ પ્રધાન છે. અંદર-બહાર એક રસ હોવાથી દંભવિહિન છે, છતાંય તે ભાવપ્રધાન હોવાથી ગુપ્ત છે. તે સ્વકીયો માટે પ્રેરક છે, જ્યાં ભકત અને ભગવાન બન્ને પોતાના અનુભાવ પરસ્પર પ્રકટ કરે છે.

ભક્તિ અંતર્ગત જે અનુભાવ પ્રકટે છે, તે જ તો સેવા કથાનું ચક્ર છે. તે ઘડિયાળની જેમ ગતિમાન રહે છે, આગળ વધતાં-વધતાં તે રહેંટની જેમ કૂવામાં પડેલા જળને પ્રેમથી બહાર ખેંચી લાવે છે, પ્રેમ - આસક્તિ અને વ્યસનરૂપે. અંતર ઘટતાં ઘટતાં સર્વાત્મભાવને

ભેટી જાય છે.

હાથીના દાંત બે હેતુથી હોય છે, જ્યારે ખાવાનું હોય ત્યારે નાના અંદરના દાંત, જે ગુપ્ત છે તે કામમાં આવે છે, તે ભક્તિમાં સ્નેહરૂપે છે. અને જ્યારે રક્ષણની જરૂર પડે ત્યારે બહારના મોટા રૂપાળા દાંત કામમાં આવે છે, તે ભક્તિમાં માહાત્મ્યજ્ઞાન રૂપે છે. તે બન્ને જ હાથી માટે જરૂરી છે. પરંતુ જો તે બન્ને વચ્ચે હેતુફેર કરવામાં આવે, તો હાથી મુશ્કેલીમાં મુકાઇ જાય. સ્નેહ દાંતને પ્રકટ ન કરાય અને માહાત્મ્ય દાંતને છૂપાવાય નહિ. ઉપયોગ પણ ભિન્ન, પણ જો, હેતુફેર કરે તો-તો સજાપાત્ર, કેમ કે, તે પાખંડ અને દગો છે !!

૧૧૪

# નટવર

અમારો સ્વામી નટ વર....
કેમ કે, ભૂતલ કે સૃષ્ટિમાં થતી સર્વ લીલા કરનારો તે છે,
નિયામકોની લીલાઓથી પણ શ્રેષ્ઠ લીલા તો એમની જ
અમારે પણ નટની જેમ બેલેન્સ જાળવીને જેને પ્રાપ્ત કરવા છે તે નટવર
અભય અને દીનતાનું...
ત્યાગ અને રાગનું...
ઇંદ્રિય નિગ્રહ અને પ્રભુમાં વિનિયોગનું...
વેદને સન્માન અને પ્રભુસેવા સમયે ગૌણતાનું...
વર્ણાશ્રમનો સ્વીકાર પણ ભક્તિના ભોગે નહિ તેમ...
પ્રભુના ડાબા ચરણ અને જમણા ચરણ બન્ને ને દંડવત્ કરીને...
કેટલું, ક્યાં, ક્યારે વ.વ. તે નટની સ્વતંત્રતા
પણ તે સ્વતંત્રતા પણ નટવરથી પરતંત્ર



૨૧

# હિત અન સુખ

એ બે જણા... કેહવાતા હતા ભાઇ કેમ કે એક જ ઘરમાં રહે.. બહારથી ચહેરે-મહોરે દેખાય પણસરખા બન્નેના બાપનું નામ પણ આનંદ એકનું નામ હિત અને બીજાનુ નામ સુખ

એ બેયને જે પાકકા ઓળખે તેઓ કહે કે દેખાય સરખા પણ ધ્યાનથી અંદરથી જોઇએ તોસાવ નોખા લાગે, સ્વભાવથી.

હિતની પરિભાષા સુખ ન સમજે અને સુખની ભાષા આખું ગામ સમજે પણ આ હિત જ ના સમજે. હિત કંઇક મોટો, હિત કંઇક સલાહ આપવા જાય તો પહેલાં તો સુખ સાંભળતો માત્ર પણ પછી તો ધીરે ધીરે આઘોપાછો થઇ જવા લાગે, તે પછી સાંભળ્યું ન સાંભળ્યું કરી અવગણના કરવા લાગ્યો અને પછી તો તે કહે હું હવે મોટો થઇ ગયો છું, માટે મને કહેવું નહિ, ત્યારથી હિત ચૂપ થઇ ગયો.

સુખ રાત્રે આવે ત્યારે ધંધાની ચિંતા-રઝળપાટથી થાકયો પાકયો આવે તેથી તેને અવાજ પણ ઘોંઘાટ લાગે.પરંતુ તેના દોસ્ત અતોષ કે વિજયના મોબાઇલ આવે,તો જમતાં જમતાં પણ જોર જોરથી વાતો કરી ખડખડાટ હસે, તો કયારેક ઇશિતા બારણું ઠોકતી આવે તો જમવાનું પડતું મૂકી, કલાકેક વાતો કરે, કે બાકીનું જમણ હોટલમાં જઇ પુરું કરે પેલા યશના છોકરાં આવી ચડે તો તેમની સાથે ગોકીરો પણ કરે.

હિત આ બધો તમાશો જોયા કરે અને પછી ચૂપચાપ પોતાની રૂમનું બારણું બંધ કરી દે- કંઇ જ કહે નહિ.કોઇ હિતને પૂછે, તું કોનો બેટો ? તો તે કહે, હું તો મારા બાપનો બેટો (ભગવાનનો) અને સુખને પૂછે તો કહે-હું તો માનો બેટો (યોગમાયાનો)

એક દિવસે હિતનો જન્મદિવસ આવ્યો. સુખે તે બ્હાણે મજા મળે માટે ઉજવવાનું નકકી કર્યું. તેણે પોતાના મિત્રો,ઇશિતાનાં સગા,માનાં સગાને બોલાવ્યા. બાપના કોઇ સગાંને ન બોલાવ્યા. ખાણી-પીણી-નાચની ધમાલ મચી. જેના જન્મદિનનીઉજવણી હતી તે હિત તો એકલોજ આ ઘોંઘાટને ખમતો અનેબાપને યાદ કરતો, ઉપરના માળે બેઠો રહ્યો. પેલી પાર્ટીમાં તો કોઇએજ હિતને કે બાપને સમ ખાવા પૂરતા પણ યાદ ન કર્યા.

હિત મોટો અને સુખ નાનો પણ વહેવાર ઉલટો, સુખ મોટો હોય તેમ વર્તે અને હિત મૂંગો રહે. હિતના મિત્રોને જ્ઞાન બહુ પણ દેખાડો નહિ. જયારે સુખના મિત્રોને વિપરીત, જ્ઞાન ઘણું થોડું અને દેખાવમાં અપટુ ડેટ....

વર્ષો વિતી ગયા. એક દિવસ ગામમાં સમાચાર આવ્યા કે દેશના નવા વિદ્વાન રાષ્ટ્રપતિ આપણા ગામમાં પધારે છે, બધે ચહલ-પહલ મચી ગઇ. સરકારી-ખાનગી સંસ્થાઓ આપશ્રીના સ્વાગત માટે જોરદાર તૈયારીમાં લાગી ગઇ. પૂરા રાજયમાં વાત ફેલાઇ ગઇ, રાજય તરફથી પણ મદદ આવી, પણ કોઇનેએ ખબર નથી કે શા માટે પધારે

છે! શું પ્રોગ્રામ છે ?

રાષ્ટ્રપતિ ઠાઠમાઠ સાથે પધાર્યા, ગામના આગેવાનો તથા સરકારી મુખ્ય અધિકારીએ રોયલ સ્વાગત કર્યુ. લોકોનો સમૂહ પણ સ્વાગતમાં જોડાયો. તેમાં સુખ પણ હતો. હિત તો ઘર બહાર, કામ સિવાય નિકળતો જ નહિ ગામના અધિકારીએ આપશ્રીને કોઇ આજ્ઞા હોયતો તે માટે વિનંતી કરી.

ત્યારે રાષ્ટ્રપતિજીએ પૂછયું આ ગામમાં કોઇ હિત નામની વ્યકિત છે?અધિકારીએ જાણીતું નામ ન હોવાથી લોકો તરફ દષ્ટિ કરી, તો ત્યાં સુખને આશ્ચર્ય થયું, તે બોલ્યો હા... છે.... મુખ્યાએ કહ્યું અહીં બોલાવી મંગાવુ ? ત્યારે આપે કહયું ના, મને તેના ઘરે લઇ જાઓ. આ એજ હિત છે ને, કે જેના બાપનું નામ આનંદ છે ? અને ભાઇનું નામ સુખ છે ?

ટોળાએ કહ્યું-હા...હા.. નામદાર

રાષ્ટ્રપતિએ હિતની શેરી આવતાં જ પોતાના રસાલાને અટકાવીને એકલા જ ખૂલ્લા પગે આગળ વધ્યા.

હિત તો ઘરના ઓટલે જ બેઠો હતો. ત્યાં જ આ રાષ્ટ્રપતિ આવીને તેના ચરણ પાસે બેસી પડયા. બન્નેએ જૂની પહેચાન હોય તેમ પરસ્પર સ્મિત કર્યુ.

રાષ્ટ્રપતિએ ધીમેથી કહ્યું મને કંઇક એવું કહો કે, મારું આત્મિક હિત-કલ્યાણ થાય

હિતે કલાકો સુધી રાષ્ટ્રપતિને, એક શિષ્ય પ્રતિના સ્નેહ પૂર્વક ઘણું બધુ કહ્યું. તે પણ શિષ્યભાવે આ બધુ પીતા ગયા. આજુબાજુ ઉભેલા ગામવાળા તથા સુખને આ વાતોમાં કંઇ ગતાગમ ન પડી, પણ પેલા હિતના મિત્રો પણ આનંદથી સાંભળી, માથું હલાવતા રહ્યા.

આખરે હિતે પેલા રાષ્ટ્રપતિને આશીર્વાદ આપ્યા અને તે રાષ્ટ્રપતિએ હિતના ચરણસ્પર્શ કરી, ભાવસભર નેત્રે વિદાય માગી. અને ઉલટા પગે પોતાના રસાલા સાથે મળી પાછા ચાલ્યા ગયા.

બીજા દિવસની સવાર હિત માટે ન પડી, હિત પૂર્ણ સંતાષપૂર્વક, તે રાત્રે ચિર નિદ્રામાં પોઢી ગયો.

બીજા દિવસે સ્મશાનયાત્રામાં આખું ગામ આવ્યું. હિત પોતાની સાચી પિછાણ આપીને છૂપાઇ ગયો. જો કે સ્મશાનમાં સુખ, ખૂબ જ રૂઆબમાં અહીં તહીં-ફરી બધાંને મળતો હતો. મોઢેથી દુ:ખ બતાવતો હતો, પણ તેનો હરખ વાણીમાં સ્ફૂટ થઇ જતો હતો.

એવુ કહેતાં સંભળાયું કે "આપણાં તો બધ્ધાં કામ હવે પાર પડી જશે. હિત ભૈયાએ જતાં જતાં આપણું કામ કરી દીધું, જે રાષ્ટ્રપતિ આપણે ઘરે આવ્યા. હવે તો આપણા બધા જ કામ ઘેર બેઠા થઇ જશે. ટંકશાળ પડશે, અને હિતભૈયાના જવાથી



ઘરમાં પણ મોકળાશ થઇ જશે. લોકો પણ તેની વાતમાં સૂર પૂરવતાં વિખરાયા.

હિત આવા લોકો વચ્ચે જનમ્યો, મોટો થયો અને વિદાય થયો. પણ દુરના એક જણ માટે તે ભૂતલ ઉપર આવ્યો હતો, તે કામ થયાનો સંતોષ તેના મુખ પર છેલ્લે ઝલકતો હતો..!!!

૧૧૫

# ભક્તિ વર્ધિની

સ્વમારગની કરો સાધના, પર મારગને છોડો
આ છે ભક્તિનો મરમ
પ્રભુ જ રોપશે બીજ ભૂમિમાં કરશે સિધ્ધ શરણ
જીવે કરવાં સેવા - સ્મરણ, ઝંઝાવાતો પલાયન
દારમાં રહી પ્રભુ- સેવા કરવી એ જ આતમનાં ધરમ
અન્ય વૃત્તિને દે વિદાગિરી પછી કરવાં કથા - શ્રવણ
આજ છે બીજ દઢતાનું કરણ
સદ્વ્યાવૃત્તિ કરવી પડે તોય ચિત્ત હરિને ચરણ,
એમ કરતાં પ્રેમ - આસક્તિ ને વ્યસન પગથિયાં ચઢણ,
અન્યથી પ્રીતિ, ગૃહે આસક્તિ પ્રભુવન સમય ગંવાવો
આ ત્રણેય ભાઇ ભારે દ્વેષી બીજને પાંગરવામાં
સ્નેહ કૃષ્ણને ગૃહે અરુચિ ગૃહમાં અભક્ત નહિ મારો
અંતે કહ્યો તેવો ઘર છોડે તો ભાવનાશને ટાળે
કૃષ્ણ કૃષ્ણ બસ કૃષ્ણને શોધે પરને પામનહારો
કાચી દશામાં જો ઘર છોડે દુ:સંગ દોષઅન્ન મારી નાખશે
ના છૂટકે ઘર છોડવું થાય તો ભગવદ્-ધામજન પાસે રહેશે
નહિ દૂર નહિ પાસે એટલા, ન સત્સંગ જાય ન દોષ દેખાય
વાત એક બસ ગાંઠે બાંધવી, દુ:સંગથી છેટા રહેવાય
પ્રીત વધેથી જો ઘર છૂટે તો તો દુ:સંગ ન ઢૂંકે પાસે
તે તો સેવા - કથામાં રત છે, તેનો ભાવ-બીજ બિલકુલ દઢ છે
સેવા છોડે, સત્સંગ છોડે, રહે એકલો હિત ના એનું
ઘર ન છોડવું કાચી દશામાં, હરિ બાધા દૂર કરશે કેનુ ?
ભક્તિ શાસ્ત્રનું ગૂઢ રહસ્ય, શ્રી વલ્લભે છતુ કર્યું છે
તે પ્રમાણ જો અનુસરીએ તો દઢ રતિ પ્રભુમાં થશે નક્કી છે

# જય શ્રી કૃષ્ણ

આ શબ્દ બે કૃષ્ણભકતો મળે ત્યારે સૌ પ્રથમ બોલાય છે. તેમાં પોતાના ઈષ્ટની કીર્તિ ગાવાની એક નાની સી પ્રણાલી છે.

પરંતુ તેનો લોક-વ્યવહારમાં અનેક રીતે, આજકાલ વપરાશ થઇ ગયો છે. જે હેતુફેર છે. જેમ કે -

૧. ફોન કરતાં હોય ત્યારે "હલ્લો ના બદલે.

૨. ફોન મૂકે ત્યારે આવજોના બદલે.

૩. પોતાની વૈષ્ણવ તરીકેની ઓળખ આપવા.

૪. બીઝનેશમાં નીકટતા કેળવવા માટે.

૫. સાધુબાવા કે વ્રજવાસી "કંઇક આપતા જાઓ "ના બદલે વાપરે.

૬. ઓછું પડે કે નારાજી પ્રકટ કરવા વપરાતો શબ્દ.

૭. કોઇથી તોબાહ માટે વપરાતો શબ્દ-"ભાઇ, આમના થી તો જયશ્રી કૃષ્ણ."

૮. ટ્રેન ઉપડતી હોય ત્યારે છેલ્લે છેલ્લે યાદ અપાવવા, કે ધ્યાન રાખજો તેવી શિખામણને બદલે વપરાતો શબ્દ.

૯. સામેની વ્યકિત વાતનો તંત ન મૂકે ત્યારે તેમાંથી છૂટવા માટે વપરાતો શબ્દ.

૧૦. ખબર અંતર પૂછવા વપરાતો શબ્દ.

૧૧. બીજાને યાદ અપાવવાનો સંદેશ મોકલવા માટે અમારા "જેશ્રી કૃષ્ણ" કહેજો.

૧૧૬

# પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ભેદ

એકે લોક વેદ પ્રસિદ્ધ મૂલ્યો તોડયા..... તે ડૂબ્યો — પ્રવાહી

બીજો શાસ્ત્રીય મૂલ્યોમાં બંધાયો..... તે તર્યો — મર્યાદા

ત્રીજાએ ભગવદ્રૂપ મૂલ્યોને પ્રેમપાશથી બાંધ્યા..... તે તર્યો અને તાર્યા. પુષ્ટિ





# કૃષ્ણભકિતમાં અહંકારનો રોલ

**ભકિત**

શ્રી વલ્લભીય કૃષ્ણભકિતમાં કૃષ્ણનું પરબ્રહ્મપણાનો સ્વીકાર, તે ભકિતનું અંગ માહાત્મ્ય અને પરબ્રહ્મનો કૃષ્ણરૂપમાં વ્યવહાર તે સ્નેહાત્મક સેવા, તે બીજું અંગ. આ બન્ને સામાન્ય નજરે વિરુદ્ધ લાગતા ભકિતના બે અંગ સાથે સાથે ચાલે. જરૂર પડે એકબીજાને ઊંચકીને પણ ચાલે. જરૂર પડે એક પ્રકટ થાય અને બીજું તેમાં છુપાઇ જાય. જરૂર પડે એક LEAD કરે અને બીજું LED થાય. જરૂર પડે એક કૃષ્ણકથા વાંચે અને બીજું સાંભળે કે એક સાનુભવ કહે અને બીજું સાંભળે. એક સેવક થાય તો બીજો પરચારગી કરે, બન્નેય પ્રકાશના સફેદ રંગની જેમ નિર્ગુણ પણ તેને ચોકકસ પ્રકારના કાચમાંથી પસાર કરો તો સાત રંગ જણાય, તેમ વિવિધ ગુણો જણાય-પણ આ ગુણો કૃષ્ણ સેવા કે કથામાં સહાયક થાય (નિર્ગુણ ભકતના સગુણ પ્રકાશે). તેમને પોતે કૃષ્ણ પાસેથી કે મ્હાંઇ મ્હાઇ કાંઇ લેવાનું મનના ખૂણેય ન હોય.

**અહંકાર**

વળી બીજો એક અહંકાર, તે એટલો સૂક્ષ્મ કે નરી આંખે ન દેખાય વળી હાઇપાવરના માઇક્રોસ્કોપમાં જ પકડાય, હવા જેવો પતલો, પેસવા માટે ખૂબ સૂક્ષ્મ જગા જોઇએ, અંગ સંકોરીને પેસી જાય. પેઠા પછી પોતાને અનુકૂળ સંજોગો ગોઠવી દે. ફૂલાઇને પહોળો-મોટો ફુગ્ગો થઇ જાય. તે હવા જેવો અહંકાર પોતાની પીઠ-કાંખમાં ઘણું બધું લાવી શકે તેવી કાબેલીયત વાળો અને સમર્થ, જેમ હવા પોતાની સાથે ભેજ, ગંધ , ઝેર લઇ આવી શકે તેમ, વિદ્યુત તરંગ, નાદ તરંગ વ-અનેક તરંગ પણ લાવે.

**મુખ્ય સ્વરૂપ ભેદ**

આ અહંકાર માયાવી પણ બને અને દૈવી પણ બને તેવી કાયા પલટ વાળો, દૈવી અવિકૃત રહે માયાવી ફુલે, વિકૃત થઇ જાય જો દૈવી થઇ જાય તો દાસોડહમ કહી વર્તે, દીનતા રાખે અને આસુરી થાય તો તે જ સોહમ, બ્રહ્મ, છું તેમ કહે, અંશ, અંશી થવાના સ્વપ્નાં જુએ જયારે દૈવી અંશ રહીને અંશીને પામવાના મનોરથો કરે.

**માયાવીના અહંકાર વિભાગ - કર્માત્મક**

૧. તે અહંકાર કયારેક કર્માત્મક બને -ત્યારે તેનો આત્મા કર્મ બને, ખોળીયું ભકિતને બનાવે, તો નામધારી સેવક બને. તેમાં ભગવાન ગૌણ અને રાગ-ભોગ-શૃંગારની મુખ્યતા થઇ જાય. જેઠ માસમાં જરીના વાઘા પહેરાવી, ભારે લેમ્પના ઉજાસમાં ઝર હળાવી, છપ્પનભોગ આરોગાવે, અને ત્યારબાદ પણ પાટલા પરથી ઉઠી ખાટલા પર જવાની આજ્ઞા, ઠાકોરજીને ન આપે. કેમ કે પાંચ કલાક સુધી ભકતોને દર્શન કરાવ્યા પછી જ પોઢાવે. માહાત્મ્યને પ્રકટ કરાવે. પ્રભુ પાસે. આ કર્મ પ્રધાન ભકિત

**મર્યાદા ધર્મના** અંગો દ્રવ્ય-મંત્ર-કર્મ-કર્તા-દેશ-કાળ

કર્તા-સ્થાન-કાળ વ-ની ખૂબ કાળજી લેવાય પ્રભુને બિરાજવાની દિશા, સેવકની ધોતી-બંડી અપટુડેટ ઝીણી મુલાયમ સુતરની, બગલાની પાંખ જેવી ઉજળી, સેવાકાળ યથાવિધિ -ભુલચૂક વગરનો અભિષેક-પંચામૃત- અધિવાસન. મંત્રોચ્ચાર સહિત ખરાજ, કીર્તનમાં રાગના તાન-આલાપ ઢાળમાં ફેરફાર નહિ. ગદ્યમંત્ર તુલસીપત્ર સાથે ત્રણ વખત બોલવામાં અફર. પુસ્તકમાં લખ્યા જેટલી માળા ગણવાની જ પરંતુ ભાવને મારો ગોલી ! પ્રભુને મન થાય કે થોડુક ભકતો સાથે બેસી કીર્તન સાંભળું, જમ્યા પછી બે ઘડી વાતો કરું... તો કહે ના પોઢી જાઓ નિયમ ના તોડો, રસોઈની મીઠી સોડમ આવે પ્રભુને, અને માંગે કે "એકાદ ટૂકડો આપને પછી બીજું ધરજે".... તો પણ ના ... એક સાથે જ ધરવાની રીત છે...

પ્રભુ પણ મનમાં કહી દે... જા રીત સાથે કર લગન. આ ધર્મ પ્રધાન ભકિત

**૩. જ્ઞાન પ્રધાન ભકતો**

**A** ઘણું કરીને આજના કાળમાં, સારું ACADMIC BACK GROUND ધરાવતા ભકતો, તેમને જાણવું ઘણું ગમે, જે જાણ્યું તેને ગાવું ખૂબ ગમે અને તે ગાવામાં પ્રશસ્તિ પ્રભુની નહિ પણ પોતાની થાય તેવા ઉદ્દેશથી ગાય, મુખથી પ્રભુની પ્રશસ્તિ અને મનથી પોતાની, આ બધા દાંત મદમસ્ત ગજરાજના દેખાડવાના અને ચાવવાના જુદા તેવા

**B.** કેટલાક શિબિરો જયાં જયાં થાય, ત્યાં ત્યાં બધે જ જાય. કેમ કે માથે પ્રભુ બિરાજવાની કાયમી જવાબદારી જ ન રાખી.

**C.** તો કેટલાકને શિબિરોમાં જવામાં રસ, તેથી ઠાકોરજીને બાઈ-બાઈ ચારણી કિસકે ઘેર"

**D.** તો કેટલાક શિબિર ભરે, પૂનમ ભરવાની જેમ, પણ સમજે નહિ, "સુન્યો પર સમજયો નહિ" પણે "સુન્યો" જ સંભળાય" સમજયો નહિ" તે તો મનમાં બોલે

**E.** તો કેટલાકને પ્રવચન કરવા જ ગમે, સાંભળવું ન ગમે.

**F.** કેટલાક પરીક્ષક, નિરીક્ષક વ થવામાં ચતુર, ગામ આખાની પરીક્ષા કરે પણ પોતે પરીક્ષા ન આપે.

આવા અનેક જ્ઞાનપ્રધાન ભકિતવાળાને ત્યાં ભકિત પિંજરે પૂરાઈને પરતંત્ર રહે, દાસી થઈને રહે કે જે જન્મજાત સુંદરી છે, મહારાણી છે. આ બધાય કહેવાય પુષ્ટિમારગી પણ મહાપ્રભુજીને પૂછો તો..... ?

**૪. ભકિતપ્રધાન ભકતો**ના કર્મ પ્રભુના સુખાર્થે જ્ઞાન પ્રભુના સુખાર્થે અને ભકિત પણ પ્રભુના સુખાર્થે. સુખની વ્યાખ્યા પ્રભુના અંગ લક્ષી, મહાપ્રભુના ઍન્ગલથી તથા પોતાના ઍંગલથી તેમ ત્રણનું સંયોગીકરણ એક સમબાજુ ત્રિકોણની જેમ. ચતુશ્લોકીના ચતુષ્કોણની જેમ પંચશ્લોકીના પંચ કોણની જેમ અને યમુનાષ્ટકના અષ્ટકોણની જેમ.! અહીં પ્રભુ સ્વામી અને અહંકાર દાસ





# સાર્થ જીવન

એક અચલ..... એક ચલ.....
એક સત..... એક ચિત
બન્નેનો નિર્ધાર એક બન્નેનો આધાર એક
બન્નેના આધાર, આનંદને મળવું છે
પૂર્ણ અર્થને મળવા માટે અર્થપૂર્ણ જીવન બનાવવું પડે
કલ્યાણમય બનવું પડે
પર્વતની ધાર પરથી એક ઝરણુ નિકળ્યું
બાળક... છતાં અભય, પણ અટવાઈ ગયું
ખીણ ડુંગરની ગલીઓમાં
પર્વતે પૂછયું : તુ કોણ છે ? કયાં જાય છે ?
મારે તો સાગરને મળવું છે, દોડતા દોડતાં જ બોલ્યું,
હું તો હમણાં જ પહોંચી જઈશ,
પર્વતે કહ્યું : મારી પણ ઈચ્છા તો છે
પણ હું તો અચલ... બન્ને એ કંઈક ઘૂસપુસ કરી...
ઝરણું નદી બની ગયું..... તીર્થ બની ગયું
ધુઘવતુ મહાનદ બની ગયું
સાથે સાથે ડુંગરની માટીને - અંશને ઊંચકીને ચાલ્યું
ગામે ગામ માટી વહેંચી... પાણી વહેચ્યું
ગામે ગામનું કલ્યાણ થઈ ગયું
ડુંગરની મહાનતા અને નદીની તિર્થતા સાર્થક થઈ
એક દિવસ પહોંચી ગયા દરિયા કીનારે
એકાકાર થઈ ગયા ઝરણાં - પર્વત સાગરમાં
ખારો દરિયો પણ મીઠો થઈ ગયો...
કલ્યાણીઓના સંગે નિરપેક્ષ બ્રહ્મ સાપેક્ષ થઈ ગયો
અચલ પર્વત અને ચલ ઝરણુ અંશ મટી પૂર્ણ થઈ ગયા
સત્ - ચિત આનંદ ભેગાં થઈ ગયાં
વ્યર્થમાં સાગરને મળવું નિરર્થક, સાર્થ સાગરને મળવામાં પૂર્ણ અર્થ
દંપતિ-પર્વત અને નદી સર્વના પતિને મળીને સાર્થ થઈ ગયા

## મુકામ પર પહોંચવું છે ! ૨૪

મુકામ ઉપર પહોંચવા માટે જે ચાલે છે, તેના માટે **Right Step to the Direction** જરૂરી છે. મુકામ ચાહે લૌકિક હો કે અલૌકિક..

પહેલાં **Right Step** પછી **Right Direction**

| | |
|---|---|
| મનમાં શુભ વિચાર આવવો તે | RS |
| તે વિચારાનુસાર શુદ્ધ સાધનોથી કૃતિ કરવી | RD |
| શુભ સંકલ્પ કરવો, વિકલ્પ ન આપવો તે | RS |
| શુભ સંકલ્પને બુદ્ધિથી તોલવો | RD |
| બુદ્ધિ, વિચારની છણાવટ કરીને સારાસાર બતાવે | RS |
| અને તેને ચિત્તના સ્ટોરમાં જમાવી દે | RD |
| સારા વિચારને અહંકારના હાથમાં સોપે | RS |
| અહંકાર આ હું કરું છું ને બદલે ચિત્તમાંથી મારે બજાવવાના કાર્યરૂપે મળ્યું છે. તેમ વિચારીને **action** લે | RD |
| ભગવાને આપણું પુષ્ટિ જીવ તરીકે વરણ કર્યું | RS |
| ભકિતમાં રૂચિ થાય માટે ગ્રંથાદિ વાંચીયે | RS |
| ગ્રંથોનું નિષ્ઠા પૂર્વક વાંચવું | RD |
| ગ્રંથોને સમજીને નિષ્ઠાથી વાંચીયે. | RD |
| સમજવા, | RS |
| આચરણ, | RD |
| દીક્ષા લઇએ, | RS |
| દીક્ષા લઇ આચરણ કરીએ, | RD |
| સેવા કરીએ | RS |
| ભાવપૂર્વક સેવા કરીએ | RD |
| કદાચ માત્ર સેવા કરવી | RS |
| સેવાની સાથે સાથે પ્રભુના માહાત્મ્યજ્ઞાન થાય માટે ગ્રંથાધ્યયન કરીએ | RD |
| શ્રી આચાર્યજીને ગુરૂ માનીયે | RS |
| આપના ઉપદેશાત્મક ગ્રંથો પ્રતિ દ્વેષ ન રાખીયે | RD |
| સત્સંગમાં ક્રિયાવત્ વાંચન શ્રવણ ભલે કરીએ, | RS |



| | |
|---|---|
| અર્થ તથા મૂળ આશયને સમજીએ | RD |
| મહાપ્રભુના ઘણા વાકયોમાંથી થોડાંને પકડીયે | RS |
| બધા જ વાકયોના સારરૂપ અર્થ કાઢીયે | RD |
| મહાપ્રભુ આપણા છે, તેમ માનીયે | RS |
| મહાપ્રભુના સર્વસ્વ શ્રી ઠાકોરજીની સેવા કરીએ | RD |

એક સજ્જને સ્ટેશન પર જઇને જયાં પહોંચવું છે. ત્યાંની ટીકીટ લીધી (**Right Step**) પછી જે ટ્રેન સ્ટેશન ઉપર ઉભેલી હતી, તેનું પાટીયું જોયા વગર ટ્રેનમાં બેસી ગયા. તેથી ઉલટી દીશા ના સ્ટેશને પહોંચ્યા **Invalid** ટીકીટના લીધે પકડાયા (**wrong Direction**)

બીજા ભાઇ ટીકીટ લીધા વગર જ (**wrong Direction**) સાચી ટ્રેનમાં બેઠા (**righi Direction**) પણ રસ્તામાં ટીકીટચેકરે પકડયા. તેથી ટ્રેનમાંથી ઉતારી મૂકયા કે દંડ કર્યો

**Right Step -Right Direction** બન્ને માંથી એક પણ ચૂકી જઇએ તો મુકામ પર ન પહોંચાય આ મુસાફરીમાં ચોરી-ચતુરાઇ ચાલશે નહિ કેમકે અંતર્યામી અંદર જ બેઠો છે.

## શુભેચ્છા જન્મદિવસે ૧૧૮

આકાશમાંથી પ્રથમ વર્ષાના દિવસે
જે જળ વરસે, ધરતીને ખુશી થાય શ્રાવણે અને
જે મહેક પ્રસરે... ફાગણ સુદ પાંચમે
જે પૂરું જ વન વસંતના આગમને ઉત્સવ ઉજવે... ૧
આકાશમાંથી મેઘ તૂટી પડે અને
દેડકાં જે ખુશીથી ડ્રાંઉ ડ્રાંઉ કરે
સખત ઉનાળાની રાત્રે
જે આહલાદક ઠંડા પવનની લહેર પ્રસરે... ૨
શ્રી રામને પધારતા નિહાળી જે ગદ્ ગદ્તા શબરી અનુભવે...
શ્રી ગોવર્ધન નાથજીના પ્રાકાટય સમયે
શ્રી આચાર્યજી આપને જે સ્નેહથી ભેટે...
તેવા સર્વ પ્રસંગે જ આનંદના ઉત્સવ ઉજવાય
તેવા મહોત્સવો... તારા અંતરમાં ઉજવાય, તેવી શુભેચ્છા...

# ગુરુ ચરણોમાં નિવેદન



જેમણા હૃદયમાં શ્રી વલ્લભ બિરાજે છે,

અને જેમની વાણીમાં વૈશ્વાનલ !

જેમનાં ચરણ ગુરુપાદ છે અને,

જેમનાં હસ્ત પ્રભુદાસ...!

જેમનાં કર્ણ પ્રશ્નાર્થ તત્પર છે,

અને જેમની વાણી ઉત્તરાર્થ...!

જેમનું ચિત્ત દષ્ટાંતનિધિ છે અને,

બુદ્ધિમાં સર્વધર્મ સમભાવ...!

જેમનાં એકનેત્ર જ્ઞાનગંગારૂપ છે,

તો બીજું કૃપા-યમુનારૂપ

આપની કૃપાકિરણનું દાન દો

હે કૃપા માર્તંડ !

નિવેદિત છે આ વિનંતી,

સત સત દંડવત સહિત,

હૃદયના ભાવથી



# મને પૂછો તો-સબસે બડો તો ભક્તિમાર્ગ



કહેવાય છે કે જ્ઞાન તો કાચાપારા જેવું છે. પચાવવાનું સામર્થ્ય ન હોય તો આખા શરીરે ચામડી પર રોગરૂપે ફૂટી નિકળે... એટલે જે જ્ઞાન અંદરનો વિષય છે. અંદર જ ઘુંટી, અંદર રહેલા આત્મામાં બિરાજેલા પરમાત્માને જાણ્યા પછી તેને વિશેષ જાણવા માટે જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. કીર્તનદ્ધારા કે શ્રવણદ્ધારા કે મનન, સ્મરણ, નિદિધ્યાસન, જપ, તપ વ. ઉપાયોથી તેને વિશેષ જાણી લેવાથી. એટલે કે પ્રસન્ન થઈ, તે વિશેષ જણાવે તો ખુશી થાય છે. આ ખુશી પરમાત્માની દીધેલ હોવાથી અલૌકિક આનંદરૂપ છે.

જ્ઞાન એ બુદ્ધિનો સદુપયોગ છે, બુદ્ધિ સ્વભાવે બરછટ છે એટલે કે બળ વાપરીયે તો જ તે કાબુમાં આવે- ઘણા પ્રયાસે તેના પર ચાલવાની ફાવટ આવે, તેના પર પૂરપાટ ન ચાલી શકાય, ગતિ, ધીમી રહે અને જો ધ્યાન ન રાખીએ તો ઠોકર વાગે અને પડી પણ જવાય, બુદ્ધિના માર્ગની આસપાસ ઊંડી ખીણો છે.

આ માર્ગને રેલીંગ નથી, જેથી નથી ટેકો લઇ શકાતો અને અભાન રહ્યા તો સીધા ખાઇમાં, પછી તો ભગવાન જ માત્ર બચાવી શકે, પણ ભગવાન પણ ન બચાવે કેમ કે આ જીવનો સ્વભાવ જ સ્વપ્રયાસનો પડી ગયો હોય, જેથી સ્વબળે જ બહાર આવવા મથે, મિયાં પડે પણ તંગડી ઉંચી રાખે !

જ્ઞાનમાર્ગ પર દીનતારૂપ રેલીંગ નથી તેથી બચી શકાતું નથી અહં ઘવાય તો ક્રોધ આવે, તે વચ્ચે આવતા પથ્થરો છે. તેનાથી ઠાકોર વાગે છે. તેથી સાવધાની હરપળે જરૂરી છે. વળી જ્ઞાનનો ઉપયોગ પ્રભુને જાણ્યા પછી વિશેષ જાણવાથી મળતા આનંદરૂપ છે. પંરતુ અહંકાર ઘડી ઘડી આડો આવે છે અને પોતાને પૂર્ણ માની લે છે. "અહમ્ બ્રહ્માસ્મિ" તેથી મેં પૂરા જાણી લીધા તેમ માની લે છે.

વેદવાણી ભૂલી જાય છે. **नइति नइति** અને જયારે જાણી લીધા માને પછી જ્ઞાન પિપાસાનો આનંદ પણ લુપ્ત થઇ જાય છે. દૈન્ય પણ લુપ્ત થઇ જાય છે. પ્રભુની કૃપા પણ છુપાઇ જાય છે. વળી બીજું એવું બને છે કે પ્રભુને જાણ્યા પછી વિશેષ જાણવાને બદલે, મેં પ્રભુને જાણ્યાં તે અંદર રહેલો આનંદ, જો બહાર પ્રકટ કરે તો યશ મળે છે. પણ તે યશ તેમના રૂંવે રૂંવે ફૂટી નીકળે છે બહાર, તેથી અંદરવાળો અલોપ. તો કયારેક ધન રૂપે ફૂટી નીકળે છે. આમ થવાનું કારણ એ છે કે વિષયોના ત્યાગ કરવા છતાં વાસના રૂપે તેમાં સ્નેહ તો રહે જ છે. આ સ્નેહ બહુ જ ચીકણો લપસણો છે, તેના પર જરા જેટલો પગ મૂકયો કે કોઇકે મુકાવ્યો, પછી તે એકદમ લપસી પડે છે. અને સીધોજ યશ કે ધનના ચરણમાં આ બન્ને જ્ઞાનમાર્ગની આસપાસ રહેલી મોટી ખાઇ છે. તેમાંથી........ જ્ઞાનમાર્ગી તો બહાર નથી નીકળી શકતા માટે તો હરદ્ધારમાં મોટા મોટા જ્ઞાની અને યોગીઓના મોટા મોટા મઠ રૂપી સંસાર છે. પરંતુ ભક્તિનો માર્ગ સ્નેહ માર્ગ હોવાથી, ચીકણો હોવાથી તથા

સ્નેહ પ્રભુ પ્રત્યે કરવો તેવી સાધના હોવાથી તે પણ લપસીને સીધો પ્રભુના ચરણમાં પડે. ત્યાંથી ઉઠીને નીકળવાનું તો નથી, વળી ત્યાં પણ બે બાજુ અહંતા-મમતારૂપ ખાઇ તો છે, પણ દીનતા અને આત્મનિવેદન રૂપ બે રેલીંગને પકડી રાખે છે. જેથી ખાઇમાં નથી પડાતું, પણ લપસણીથી સીધા પ્રભુચરણમાં પડાય છે, કેમ કે અહંતા-મમતાને પ્રભુ સાથે જોડી છે. તેથી પ્રભુ તરફી ..... બની જાય છે. પરંતુ ભકિતમાર્ગ પર વિશ્વાસ બેસવો અઘરો છે. જ્ઞાનમાર્ગ પર વિશ્વાસ જલ્દી બેસી જાય છે

ભકિતમાર્ગમાં સ્નેહની પાછળ માહાત્મ્યજ્ઞાન ચાલે છે. એટલે કે ત્યાં અધિકારી સ્નેહ છે અને માહામ્યજ્ઞાન અનુચર છે. જયારે જ્ઞાનમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન અધિકારી છે અને સ્નેહ અનુચર છે. તેમાં સૌને વિશ્વાસ પહેલો પડે છે, કેમ કે માહાત્મ્ય-યશરૂપ ધ્વજા છે. જયારે સ્નેહ સમપર્ણરૂપ રજ છે. જે માથે પડે તો ભાર ન લાગે છતાં ઉદ્ધાર થઇ જાય અને યશ માથે પડે તો માથું ભાંગે અને નીચે પાડે. તેથી તો શ્રી આચાર્યજી પુરષોતમ જોશીને કહે છે. જાકો જો માર્ગ રૂચે વાકે લીયે વો બડો, પર હમે પૂછે તો સબસે બડો તો ભકિતમાર્ગ.....!

૧૧૮

## બર્બરતા

ચંગીઝ તૈમુર કે ઑરંગઝેબ બર્બર ના કહેવાત,
જો તેમણે, કરેલ “કતલ”ને યથાર્થ ન ઠેરવી હોત !
અશોકે કયાં કતલ ન્હોતી કરી લાખ્ખો માનવ દેહની ?
હિંસ્ત્ર પશુતા એ તો મનુષ્યના નહોર છે, પણ તે નખને ઉતારે છે . (૧)
ષડરિપુને મિત્ર માનનારા બર્બર છે
તેઓને મિત્ર બનાવવા - આજકાલની બુધ્ધિ-ચતુરાઇની દેણ છે.
ટપલી, ગાળાગાળી, ખૂન કે તેવાઓનો બચાવ આ બધાં જ (કુ) રૂપની વિવિધતા,
પણ નામ સૌનું એક છે “બર્બરતા”, જો તેવા રૂપોનો બચાવ કરીએ તો ! (૨)
ગોપીજનોને નામે, “તામસ” નો બચાવ ન કરાય કે
વિશ્વામિત્રને નામે “રાજસ”નો બચાવ ન કરાય
જે બચાવ કરશે તેનું પરિણામ અંધતમ્ માત્ર છે
વૃધ્ધ કે પરતંત્ર ભલે થયા શાસ્ત્રો, પણ સત્ય સંકલ્પ છે (૩)
અંધતમ્માંય પોતાનો અહંકાર ન છોડે તેવા છે બર્બર...!
નદીમાં બૂડતો વીંછી, બચાવનારને જ ડંખે છે ઘડી ઘડી... (૪)



## માર્ગીય ચિત્રકલા

૨૭

ચિત્રકલા પૂરા વિશ્વમાં બહુ જ પુરાતનકાળથી પ્રસિધ્ધ છે. આદિવાસી માનવોએ પથ્થરો ઉપર સુંદર ચિત્રકામ કર્યાના પૂરાવા આજે પણ મળી રહ્યા છે. આમ મૂળભૂત રીતે જોતાં મનુષ્ય મનિષિ-સુંસંસ્કૃત ત્યારે જ ગણાય કે જયારે તે ઇશ્વર દત્ત કળામાં રસ લેતો થાય છે. કળા ઇશ્વર દત્ત એટલા માટે કે હૃદયનો ભાવ હતો તે સ્થૂળ રૂપે પ્રગટ થયો, નિજાનંદ હતો તે સર્વાનંદ બન્યો છે.

આધુનિકકાળ સુધીમાં તો ચિત્રકળાનો ક્રમિક વિકાસ થતો રહ્યો તથા માનવહૃદયમાં રહેલા વિવિધભાવોને પ્રગટ કરતો રહ્યો છે.

ભારતમાં પણ ચિત્રકળાની અનેક, શૈલીઓ દરેક પ્રાંતમાં પ્રસિધ્ધ હતી. એકમાત્ર રાજસ્થાનમાં જ બુંદી, કોટા, કિશનગઢ, બિકાનેર, શેખાવતી, દેવગઢ, મેવાડ, જયપુર, જોધપુર, વ. શૈલીઓ હતી.

હૃદયનો ભાવ છે તે જ સ્નેહ છે અને તે જ પરમાત્માનું આનંદસ્વરૂપ છે. તેથી તો પુષ્ટિ માર્ગમાં ચિત્રકલાને પિછવાઇના સ્વરૂપે કે ચિત્રજીના સ્વરૂપે કે સેવ્ય ઠાકોરજીના સ્વરૂપે કે સાંઝીના સ્વરૂપે કે અન્ય તેવાજ વિવિધ આરતી વ. સ્વરૂપે, જે માત્ર અને માત્ર પ્રભુને પ્રસન્ન કરવાના પ્રયાસરૂપે સ્વીકારવામાં આવી છે.

શ્રી વલ્લભાચાર્યજીનું એકમાત્ર ઐતિહાસિક ચિત્ર કંડારનાર સિકંદર લોદીનો ચિત્રકાર હોનહાર હતો.જે ચિત્ર આજે કિશનગઢમાં બિરાજે છે. પરંતુ જયાં સુધી શ્રી આચાર્યજી દ્વારા હોનહારના હૃદયમાં ભાવનો પ્રવાહ સ્થાપવામાં ન આવ્યો ત્યાં સુધી આ સર્વશ્રેષ્ઠ ગર્વીલો ચિત્રકાર આપશ્રીનું યથાર્થ ચિત્ર બનાવી શકયો ન્હોતો તેવી કીંવદંતી છે.

શ્રી વલ્લભાચયાર્યજીના દ્વિતીયપુત્ર શ્રી વિઠ્ઠલનાથજીના સમયમાં કલાના ત્રણ સ્વરૂપો રાગ-ભોગ-શૃંગારનો (સંગિતકલા, રસોઇકલા, ચિત્રકલા)શ્રીજીની પ્રસન્નતામાં અંગિકાર કરાવવાનો ભરપૂર પ્રયાસ-પ્રયોગ કરવામાં આવેલો. જેની ઝાંખી આજે પણ શ્રીનાથજીના મંદિરમાં થાય છે. આ કલાની વિશિષ્ટતાઓ આજે પણ અદ્વિતીય જ રહી છે.

આજે પાંચસોથી વધુ વર્ષો થવા છતાં તે કલા સમૂળગી લુપ્ત નથી થઇ ગઇ પણ વૈષ્ણવોના ઘરોમાં તથા ગુરુઘરોમાં તેના મૂળરૂપમાં જ જિવંત છે.

શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઇજીના પંચમલાલ શ્રી રઘુનાથજીએ નામરત્નાખ્ય સ્તોત્રમાં આપને “ગીત-સંગીત સાગર” કહીને વર્ણવ્યા છે.

આપશ્રીના સમયમાં જેમ રાજાઓને ત્યાં વિદ્વાનો, કલાકારો આશ્રય તથા સન્માન પામતા હતા, તેમ શ્રીનાથજીના દરબારમાં પણ અનેક કલાકારો પોતાની કલા

પ્રદર્શીત કરતા હતા. પરંતુ ફરક એટલો હતો કે તે સૌ પોતાનું પેટીયું રળવા ન્હોતા આવ્યા, પોતાનું સર્વસ્વ શ્રી નાથજીને સમર્પીને માત્ર તેમની ભકિતરૂપે કલાને ન્યોછાવર કરી રહ્યા હતા.

આવા સંગિતના ભકત-કલાકારો, તો તે સમયના પ્રસિધ્ધ તાનસેન જેવા દરબારી ગવૈયાઓથી પણ વિશેષ ઉત્કૃષ્ટ હતા, તેમ ઈતિહાસ ગવાહી પૂરે છે. શ્રી ગોવિંદસ્વામીનું કીર્તન સાંભળ્યા પછી તાનસેન તેમનો આસિક થઇ ગયો અને ત્યારબાદ શ્રી ગુસાંઇજીની કૃપાથી તેને ગોવિંદસ્વામીએ છ માસ સુધી કીર્તન-સંગીતનું શિક્ષણ આપ્યું હતું.

આ ચિત્રકલાના ચિત્રો માત્ર કાગળ ઉપર રંગથી ઉપસાવેલા ચિત્રો જ નથી પણ સ્વરૂપાત્મક છે. તેમાંથી ભકતના ભાવાનુસાર પ્રભુ સ્વયં સાક્ષાત્ સ્વરૂપે પ્રગટીને ભકતને સાનુભવ કરાવનાર હતા અને આજે પણ કરાવી રહયાં છે.

આજે પણ વૈષ્ણવોના ઘરોમાં જે ચિત્રજી સેવા માટે પધરાવી આપવામાં આવે છે તે પ્રીન્ટેડ નથી હોતા પણ આ પ્રકારના પુષ્ટિ-ચિત્રકારોના હસ્તે ચિત્રીત હોય છે.પુષ્ટિભકિત માર્ગમાં આજે પણ ભગવદ્‌વાણીને સ્વરૂપાત્મક જાણીને શ્રીમદ્ ભાગવતને ભોગ સમર્પવાની પધ્ધતિ છે.

શ્રી ગુસાંઈજી જયારે ચંદ્રસરોવર ઉપર વિરહદશામાં છ માસ માટે રહ્યા ત્યારે શ્રીનાથજી તેમને પાનના પત્ર પર પોતાના પીકની સાહીથી પત્ર લખી મોકલતા, તેનું આપ નયન-હૃદયથી પાન કર્યા પછી તેને આપ જળમાં ઘોરીને પી જતા... કેમ કે તે ચિત્રીત પાનમાં નવો સ્વરૂપાત્મક સ્નેહ ભરેલો હતો.

વર્ણમાળાના અક્ષરો પણ ચિત્ર નથી તો શું છે ? વેદશાસ્ત્રોની શ્રુતિઓના વર્ણનને વેદ શબ્દબ્રહ્મ કહે છે.

આ બધામાં અગત્યથી બાબત એ છે કે કોઇ પણ કલામાં જો ભગવત્પ્રીતિ ઉમેરાય તો તેની કિંમત અમૂલ્ય થાય અને જો તે લૌકિક જીવોને પ્રસન્ન કરવા અથવા તુચ્છ લૌકિક પ્રાપ્તિના હેતુથી રચાય તો તે ક્ષુલ્લક કોડી સમાન છે, તેમ પુષ્ટિમાર્ગીઓ સમજે છે !!



# શ્યામ

૧૧૯

તે VIBGYOR  નથી તો શું થયું ?

અંધકાર તો નથી,

કે નથી પ્રકાશનો અભાવ.

તે તો સર્વ રંગોનો શોષક છે.

દેશકાળની પરિચ્છિન્નતાથી પર છે.

વેદની વાણી ભલે આનંદ હો

પણ તે ભકતમુખથી બોલાય

ત્યારે પરમાનંદ સાગર લહેરાય છે.!

તે એવું અપરિચ્છિન્ન સુખ છે કે

તમસ્ વ્રજભકતો મોહ પામ્યા...

તેવા તે મારા શ્યામ છે

માત્ર શ્યામ જ નહિ

ઘનશ્યામ છે

મનોહર શ્યામ છે

# માર્ગીય પ્રવૃત્તિ



| | |
|---|---|
| **સત્સંગ** | : નિયમિત અઠવાડિક કે યથાનુકૂળ જુદાં-જુદાં વિસ્તારમાં કે જુદી-જુદી કક્ષા માટે, બાળકો, સામાન્ય સમજવાળાં કે અભ્યાસુઓ માટે, પરીક્ષા - અભ્યાસ પછી કે શિબિર પછી કે પરીક્ષાના કોર્ષ અનુસાર. |
| **પ્રવચન** | : ગો.બાળકો કે વિદ્વાન વૈષ્ણવો દ્વારા ચોક્કસ વિષય પર ગ્રંથાભ્યાસ, - સંસ્કૃતભાષા શિખવે. |
| **પુસ્તકાલય** | : વાચનાલય - વેચાણાર્થ પુસ્તકો - સીડી, મોબાઇલ, ગ્રંથાલય |
| **(ક)વેચાણ** | : પુસ્તકો - સીડી. શૃંગાર - વસ્ત્ર - પીછવાઇ |
| **(ખ)પ્રદર્શન** | : પુસ્તક - વાધા - વસ્ત્ર - પાઘ - સામગ્રી - માળાજી, કીર્તન |
| **હરિફાઇ / વર્ગ** | : સામગ્રી - વકતૃત્વ - ફૂલનાં માળાજી - કીર્તન, ચિત્ર, સાંઝી, નિબંધ, શુદ્ધ ઉચ્ચાર, ઠાકોરજીનાં શૃંગાર વસ્ત્ર - પીછવાઇ સાજ વ. |
| **અન્ય** | : પ્રભાત ફેરી, ધ્વજવંદન, નગર યાત્રા, પ્રવાસ, બેઠકયાત્રા, ઉત્સવ પરની વસ્તુ - ચિજ. ઉપલબ્ધ કરાવવી |
| **કીર્તન** | : પાઠ - કીર્તન - રસિયા-ભાવાર્થ |
| **પ્રસાર** | : ભિંતપત્ર - પેમ્ફલેટ, ફોન થી ટી.વી ચેનલ લોકલ થી લોકલ પેપર થી - કોન્ફરન્સ ફોનથી |

| | | |
|---|---|---|
| એકટીવ મેમ્બર-યુવાન | A. સહકારી | B. ભાગ લેનાર |
| પેસીવ મેમ્બર-પ્રૌઢ | B. સલાહકાર | B. સહકાર આપનાર |



# નિવેદીત તુલસીદલ



સેવાના પરંપરાગત પ્રકારમાં, શ્રી પ્રભુના ચરણે ધરેલ, નિવેદનમંત્ર બોલ્યા પછીનું તુલસીદલ ગળામાં ઉતારી જવું જોઇએ, ચાવવું નહિ. તેમ કહેવાય છે.

આ શબ્દોના અર્થ બાબતે વિચાર કરીએ.

શ્રી આચાર્યજી નવરત્નમાં આજ્ઞા કરે છે કે "નિવેદનમ્ તુ સ્મર્તવ્યમ્ સર્વથા તાદશૈ : જનૈ " એટલે કે નિવેદનમંત્ર બોલ્યા, તેનું સ્મરણ તાદશી વૈષ્ણવ સાથે બેસીને કરવું. એટલે કે ફલદશાના વૈષ્ણવના સાનિધ્યમાં નિવેદનમંત્રના સ્વારસ્યને સમજવું અને તેનું ફરી ફરી સ્મરણ કરવું એટલે કે યાદ કરવું. (કોમ્પ્યુટરની ભાષામાં કહીએ તો Computer માં Data Entry કરવી અને તે ફાઇલને ફરી ફરી મોનીટર પર લાવીને જોઇ જવી) અને તે પ્રમાણે જીવન વ્યવહાર કરવો. એટલે કે બ્રહ્મસંબંધ મંત્રનો જે ભાવ તે, પ્રભુથી વિખુટા પડયાનો તિવ્ર અહેસાસ હૃદયમાં આણવો અને આપણા અહંતા-મમતાત્મક સર્વ પદાર્થોનો વિનિયોગ ભગવદ્સુખાર્થ સેવામાં કરવો. અને આત્મા આ લોક-પરલોક સર્વ કંઇ પ્રભુનાં છે તે ભાવને દઢ કરવો. અને પોતાની પાસે માત્ર એક જ રાખવું તે દાસત્વ " હે કૃષ્ણ હું તમારો દાસ છું તે ભાવનાનો અર્થ તાદશીજનો પાસેથી સમજીને સ્મૃતિમાં રાખવો. (Desktop પર રાખવો).

આ ભાવ હૃદયારૂઢ કરવો, પચાવવો, આકંઠપાન કરવું, ચાટીને સ્વાદ લેવો, શ્વાસમાં ભરી દેવો, રોમ રોમમાં છલકવો, લોહીના દરેક બુંદમાં જેમ ઓકસીજન છે, તેમ તેને રાખવો, અને જેવા સ્વરૂપમાં છે તેવા જ સ્વરૂપમાં રાખવો, અને તેના પાછળનો આશય નિવેદન માત્ર નથી, પણ વિનિયોગ છે, તે વાત ગળે ઉતરી જાય, તેમ કરવું.

આ પ્રકારનો અર્થ તે "તુલસીદલને ગળી જવું" તે છે. અને નિવેદનમંત્ર માત્ર બોલી જવો પણ કંઇ કરવું ધરવું નહિ. જેમ લપોટશંખ ને કહીએ મને ૧ રૂપિયો આપ, તો તે કહે બે લે ને. બે માગીયે તો ચાર આપવાનું કહે ! તેમ કહેતો રહે પણ કરે નહિ, ના પણ ના પાડે, અને આપે પણ નહિ. મંત્ર એક કાનમાં નાખે ખરો પણ બીજા કાનથી કાઢી નાખે, તેના સ્વરૂપને અકબંધ ન રાખે પણ વિકૃત કરી દે.

મોંમાં નાખે ખરો પણ થૂંકી દે. તેનું કોઇ સન્માન કે આમન્યા ન રાખે.

તે વચનો "ચાવી નાખવા" - કચડી નાખવા જેવા છે. એટલે કે બ્રહ્મસંબંધ મંત્રનો ખોટો અર્થ કરવો, તેને વિકૃત કરીને દુરાચરણ કરવું. જેમ ઘણાં માનતા કે સમર્પણ ગુરુને છે, નહિ કે કૃષ્ણને. તેના ઘણા દુષ્પરિણામ માર્ગે ભોગવ્યા છે અને ભોગવે છે, જેથી શ્રી મહાપ્રભુજી વ્યથીત છે જ.

અથવા બોલવા ખાતર વિધિવત્, ભોગ ધરતાં પહેલાં બોલે પણ તેનું સ્વારચ ન જાણવાથી સમર્પણભાવ હૃદયારુઢ થતો નથી. પોતાની માલિકી - અભિમાન છૂટતું

નથી.

આધિભૌતિકી સમર્પણ થાય છે. જેનું ફલ કંઇ જ નથી.

બસ આ જ વાતનો "તુલસીદલને ચાવવું નહિ" તે અર્થ છે.

પરંતુ જો તેનો શાબ્દિક - આધિભૌતિક અર્થ જ સમજવામાં આવે તો પછી "સીતાનું હરણ થયું પણ હરણની સીતા થઇ કે નહિ ?" તે પ્રશ્ન કરનાર જેવી મૂઢતા જ રહેશે.

૧૨૧

## પાત્રતા

### યથાપાત્ર

પાણી કહેતાં દુધ મળે પણ તેથી શું કઈ પ્યાસ બુઝે?

ખારા જલનું માછલડું જેમ મીઠા જલમાં મરવા થાય

પાત્રતાની આ છે કહાની સોનાની કરવત શું કામની?

### પાત્ર

વાત હતી પણ થયું વતેસર

કેમકે ઓઢયા વાઘા આડંબર

મણિએ કીધો મીનનો સંગ

ચમક ગઈ ને ચિકટો અંગ

### અપાત્ર

શિયાળ પહેરે સિંહનું ચામડું

ડરે ભલે ને આખું ગામડું

પણ વનમાં જ્યાં સિંહની ત્રાડ

શિયાળ ભાગે પાડતું રાડ

સેવા દેખાડી સેવા ના થાય

જીવન સમર્પી સેવા થાય



## પુષ્ટિ ભકિત સંપ્રદાયમાં પત્રાત્મક સાહિત્ય ૩૦

પુષ્ટિ ભકિત સંપ્રદાયમાં પત્રાત્મક સાહિત્યનો અભાવ નથી બલ્કે એક વિશિષ્ટ પ્રકારે બોધક સાહિત્ય છે.

વિવિધ પ્રયોજનાર્થ આ માર્ગમાં પત્ર લખવાની પધ્ધતિ ચાલતી આવી છે. પણ તે સર્વની પાછળ સ્વજનોને દીપદાનનો જ આશય છે. (જ્ઞાન - પ્રકાશ)

શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે "દૈવી જીવોનો ઉદ્ધાર કરો" પ્રભુનો આ પત્ર લઇને શ્રી આચાર્યજીએ સ્વયં" વીસ-વીસ વર્ષ સુધી ખૂલ્લા ચરણોએ ભારતભરની ત્રણ-વખત પરિક્રમા કરી અને યોગ્ય સરનામે પત્ર પહોંચાડયો, વાંચી બતાવ્યો, સમજાવ્યો-દઢ કર્યો. શ્રી આચાર્યજીએ, પત્ર પહોંચાડવાનો અર્થ જગત સામે પ્રસિધ્ધ કર્યો સ્વાચરણથી.

પંડિતો પોતાના સંદેહ દૂર કરવા અથવા દ્વેષવશ શ્રી આચાર્યજી પાસે ધર્મચર્ચા માટે આવતા. આંગણે આવેલ અતિથિનું સન્માન ગૃહસ્થે કરવું જોઇએ તથા સમાધાન પણ કરવું જોઇએ. તેથી આપશ્રીનો ઘણો સમય આ કાર્યમાં વ્યતીત થતો જાણી આપને પ્રભુસેવામાં તે બાધક લાગતાં વચ્ચેનો ઉપાય કાઢયો. પંડીતોના મનમાં રહેલ સંશયને દૂર કરતો ગ્રંથ કરી કાશીના વિશ્વપ્રસિધ્ધ શિવમંદિરને દ્વારે ચોંટાડી દીધો. આ ગ્રંથ તે જ "પત્રાવલંબન"

ગોવિંદદુબે શ્રી આચાર્યજીના સેવક હતા. સેવા બાલલીલાના સ્વરૂપની કરે પણ આસકિત શ્રી રણછોડજીમાં, તેથી ચિત્ત સેવામાં લાગે નહિ. આ મૂંઝવણ દુર કરવા તથા પોતાના સ્વરૂપાનંદના મુકામ પ્રતિ પ્રતિબધ્ધ તેવા ગોવિંદદુબેએ આ મૂંઝણવનો ઉપાય પૂછતો પત્ર લખ્યો.

શ્રી આચાર્યજી એ પોતાના સેવકનું આ આધિદૈવિક દુ:ખ જોઇ દ્રવિત થઇને તુરત જ વળતો ચિંતા દૂર કરવા રૂપ પત્ર લખ્યો, તે પત્ર તે "નવરત્ન" નામક પ્રકરણ ગ્રંથ.

જૂના સમયમાં લખેલા પત્રો પહોંચાડવાની વ્યવસ્થા ઘણી આછી હતી. જેથી ઘણી વખતે જતા આવતા વ્યકિતઓ સાથે સમાચાર મોકલાવવામાં આવતા અને તે જ રીતે સમાચાર પાછા મેળવવામાં આવતા, ત્યારે આ વ્યકિત પણ પત્રરૂપ બની જતા. પત્ર સાક્ષીરૂપે કામ કરે છે. આ માર્ગમાં તેને દુતી કહેવામાં આવે છે. તે ભગવદીય હોય છે. બન્ને વચ્ચે જોડતી કડી રૂપ હોય છે, બન્નેનું હિત કરનાર હોય છે. તેને પોતાનો કોઈ હેતુ નથી હોતો છતાં પોતે પત્રની જેમ જડવત પણ નથી હોતા. તેથી કયારેક સલાહ પણ આપે છે, આ પત્રનું Extended સ્વરૂપ છે. તેથી કયારેક તે આજ્ઞા રૂપ પણ હોય છે.

શ્રી નાથજીએ એકવખત શ્રી મહાપ્રભુને આજ્ઞા કરી કે "તમારો સેવક મને ખિજવે

છે." આ આજ્ઞા થતાં જ પત્રરૂપ શ્રી આચાર્યજી અડેલથી આગ્રા થઇ શ્રીનાથદ્વારા પધાર્યા, સર્વ સેવકોને પૂછયું. આખરે આપે આ પત્ર ગોંવિદદાસ ભલ્લાને પહોંચાડયો તથા શ્રીનાથજી વતી યથા યોગ્ય ઉપદેશ, આદેશ અને સજા પણ કરી.

સારસ્વત કલ્પમાં પ્રભુને પોતાનાભકતોનો વિરહ સહન ન થતાં ભકતોને સાંત્વના આપવા તથા પોતાના સખા ઉધ્ધવને, જ્ઞાનથી વેંત ઉંચા પ્રેમના દર્શન કરાવવા પોતાનો પત્ર લઇને ગોકુલ મોકલ્યા હતા.

જે પ્રભુ અડધી રાતે, મેઘલ વરસાદી પૂરમાં જમુનાં ઓળંગી ખૂબ જ ઉત્સાહપૂર્વક મથુરાથી ગોકુલ પધાર્યા હતા. અને આ કાર્ય માટે પોતાની શકિત યોગમાયાને કામે લગાડી હતી. તે જ પ્રભુ સન્મુખ થવામાં ક્ષોભ અનુભવતા હોય કે વિરહીભકતોની દશા નજરે જોઇ શકવા જેટલું સામર્થ્ય ન ધરાવતા હોય કે ગોપીને જ્ઞાન અને ઉદ્ધવને પ્રેમની આપ લે કરવાનું જરૂરી સમજતા ન હોય તેવું તો ન બને પણ ઉદ્ધવરૂપ પત્ર ખૂબજ ઉપકારક રહયો તે નિશ્ચિત છે.

જૂનાકાળના લિખિત પત્ર તામ્રપત્ર, તિર્થપુરોહિતના વૃત્તિપત્ર, તાલપત્ર પર લખેલ પ્રાપ્ત છે. પત્ર શબ્દનો અર્થ લખવા માટેનું સાધન અથવા પ્રયોજન બન્ને થાય અથવા પત્ર એટલે પાંદડું કે જેના પર લખી શકાય.

દામોદરદાસ સંભલવાલાના તામ્રપત્રનો ઉકેલ શ્રી આર્ચાજીએ કર્યો હતો. શ્રી નાથજીએ ખાવાના તાંબૂલપત્ર ઉપર લખીને શ્રી ગુંસાઇજીને તેમના વિરહકાળમાં શાતા આપી હતી. તો શ્રી ગુંસાઇજી ચંદ્રસરોવર પર બિરાજીને રામદાસજી ભિતરીયા સાથે પોતાની વિરહ વ્યથા પ્રકટ કરીને શ્રીનાથજીને મોકલતા હતા જે આજે ૯ વિજ્ઞપ્તિને નામે પ્રસિધ્ધ છે.

શ્રી ગુસાંઇજીના કૃષ્ણદાસ વ.ને પત્ર વ્યવહારમાં સત્યભામાં બેટીજીના વિવાહનો ઉલ્લેખ મળે છે.

શ્રી ગુસાંઇજીએ પોતાના જયેષ્ટભ્રાતા શ્રી ગોપીનાથજીને પત્ર લખ્યો હતો, જેમાં પોતે બિમારી પડી ગયાની વિગતો છે. તથા પરિવારજનોને યથાઘટિત વંદનાદિ લખ્યા છે.

ભાઇલા કોઠારી વારંવાર શ્રી ગુસાંઇજી પ્રતિ, રાજનગર પધારવા વિનંતીપત્ર લખતા તેવો ઉલ્લેખ છે, તેથી તો એકવાર શ્રી ગુસાંઇજી બહુ જ ઉતાવળે ગુજરાત પધાર્યા હતા. જે પ્રસંગમાં બિરબલ-ચાંપાભાઇનો સંવાદ સાંભાળીને રાતોરાત શ્રી ગુસાંઇજી કોઇને કહયા વગર ગુજરાત પ્રતિ પ્રયાણ કરી ગયા હતા.

કયારેક પત્ર પહોંચ-પાવતીરૂપે પણ હતા. નાગજીભટ્ટનો શ્રી ગુસાંઇજીને કેરી આરોગાવવાનો મનોરથ હતો. પણ ગુસાંઇજીએ આજ્ઞા કરી કે આ કેરી તો શ્રીનાથજી અને શ્રી નવનીતપ્રિયજી માટે છે. તેથી નાગજીએ તે વ્રજમાં પહોંચાડીને શ્રી ગિરધરજી પાસેથી પત્ર લખાવીને લાવ્યા હતા.



શ્રી ગુસાંઇજીએ બિરબલ પર પત્ર લખી, પોતાના નામે પૈસા ઉધારીને બે વૈષ્ણવો કે જે જેલમાં હતા તેમનો દંડ ભરી દેવા સૂચન કર્યું હતું. તથા તે રીતે તે બન્નેને છોડાવવા લખ્યું હતું.

નારાયણદાસે સદ્‌ભાવથી સંતદાસજી ઉપર હુંડી મોકલી આ પણ પત્ર હતો. ત્યારે પોતાના દ્રવ્યથી જ સેવા પ્રભુ સ્વીકારે તેવી સ્પષ્ટ સમજવાળા સંતદાસજીએ તે હુંડી શ્રી ગુસાંઇજીને ભેટ તરીકે મોકલી આપી. કાસદને જે પૈસા આપવા પડયા તેથી તે દિવસે પોતાના પ્રભુને ભોગ ન ધરી શકયા. આ ઉદ્વેગને કારણે વળતી ટપાલ નારાયણદાસને લખી કે આપની પ્રભુતાના કારણે ઠાકોરજીને રાજભોગમાં નાગો પડયો.

સંવત ૧૬૩૧માં શ્રી ગુસાંઇજીએ દ્વારકાથી શ્રી ગિરધરજીને પત્ર લખ્યો હતો જેમાં એમ પણ જણાવેલ કે રાજયના અધિકારીઓનું યથાયોગ્ય સન્માન પ્રસાદ વ થી કરવું, આશય એ કે તેમની કનડગત ન રહે તો પ્રસનન્નતા પૂર્વક પ્રભુસેવા થઇ શકે.

માર્ગમાં સૌથી વિશેષ પ્રસિધ્ધ પત્રો તો શ્રી હરિરાય મહાપ્રભુએ પોતાના નાનાભાઇ ગોપેશ્વરજીને લખેલા ૪૧ પત્રો છે. જે આજે શિક્ષાપત્રને નામે પ્રસિધ્ધ છે.

શ્રી દેવકીનંદનજી (પંચમગૃહ)એ આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલાં વલસાડ મુકામેથી મુંબઇ વૈષ્ણવો જોગ પત્ર લખ્યા હતા. જેમાં હાલની પરિસ્થિતિને કેવી રીતે સુધારવી તેના ઉપાય રૂપ પત્ર હતા.આ પત્રો ખૂબ જ મનનીય અને માર્ગની સાંપ્રત સમય માટે દીવાદાંડી સમાન હતા. જે આશ્રય માસિકમાં ૧૯૮૫-૮૭-૯૧માં પ્રકટ થયા હતા. તથા બડેનકી વાણી પુષ્પ-૧માં પ્રકટ થયા હતા.

પુષ્ટિમાર્ગમાં પ્રસિધ્ધ કીર્તનકાર નંદદાસજી તથા શ્રી રામજીના પ્રસિધ્ધ અનન્ય ભકત શ્રી તુલસીદાસજી બન્ને ભાઇ હતા. એક કૃષ્ણભકત બીજો રામભક્ત, તે બન્નેના અનન્યતાની કસોટી રૂપ પત્ર વ્યવહાર પણ પ્રસિધ્ધ છે.

શ્રી ગુસાંઇજી અને નાગજીભટ્ટનો પત્ર વાર્તાસાહિત્યમાં પ્રસિધ્ધ છે. નાગજીભાઇ સેવામાં અટકી ગયા ત્યારે તેમના હદયના ભાવરૂપ પત્ર આપે શ્રી ગુસાંઇજીને લખેલ કે હું જલકમલની પાસે આવવા નીકળ્યો હતો પણ સુવર્ણકમલમાં અટકી ગયો છું. શ્રી ગુસાંઇજીએ પણ તેનો યથાયોગ્ય ઉત્તર સાંત્વનારૂપ તથા લાઘાતક આપ્યો હતો.

પદ્મનાભદાસના દીકરાની વહુ પાર્વતીને કોઢ નીકળ્યો, જેથી સેવા છોડી દીધી, જેનું અપાર દુ:ખ રહેતુ તેથી પુરુષોતમદાસ મહેરા દ્વારા શ્રીગુસાંઇજીને ઉપાય પૂછાવ્યો હતો.

તાજબીબી અને રાજા જયમલની બેન, બન્ને રાજઘરાનાના હોવાથી મર્યાદામાં હતા. તેથી શ્રી ગુસાંઇજીએ તેઓને પત્ર દ્વારા શરણે લીધા હતા.

આ પ્રકારે આ માર્ગમાં પત્રાત્મક સાહિત્ય તથા પ્રસંગો આપણે જોયા.

# પંચયજ્ઞ

| | | |
|---|---|---|
| ૧. દેવયજ્ઞ | : | દેવપૂજન કે જેમાં અગ્નિ પજા અને સૂર્યપૂજા છે, જેમાં ગાયત્રીમંત્ર જપવાનો હોય છે.<br>પંચાયતન : શિવ, સૂર્ય, વિષ્ણુ, ગણપતિ, અંબિકા (લક્ષ્મી પૂજન કરનાર સ્માર્ત એટલે કોઈ પંથમાં નહિ ભળેલો). |
| ૨. બ્રહ્મયજ્ઞ | : | આ યજ્ઞ ક્રિયાવિશિષ્ટ (દેવયજ્ઞની જેમ) નહિ પણ જ્ઞાનવિશિષ્ટ છે. |
| ૩. પિતૃયજ્ઞ | : | પિતૃઓને તર્પણવિધિ |
| ૪. ભૂતયજ્ઞ | : | જીવમાત્રને ભાગ આપવાની વિધિ જેમાં કીડી, પંખી, ગાય, કૂતરાં, વ.વ. નું ભરણ થાય |
| ૫. મનુષ્યયજ્ઞ | : | અતિથિ સત્કાર રૂપ યજ્ઞ |

# ઉત્સવ

**(સિદ્ધાંતમુક્તાવલી-ચતુઃશ્લોકીની સંગતિ)**

| | | | |
|---|---|---|---|
| ધનતેરસ | : | પ્રભુ જ મારું ધન-નિધિ છે | ધર્મ |
| | | મારું ધન પ્રભુ માટે જ છે. | વિત્તજા |
| | | ધન સંબંધિ ઉત્સવ | |
| રૂપચતુર્દશી | : | પ્રભુ જ માત્ર મને દર્શનીય છે | અર્થ |
| | | મારો દેહ પ્રભુ દર્શન સેવાર્થે જ છે | તનુજા |
| | | રૂપ સંબંધિ ઉત્સવ | |
| દીપોત્સવી | : | પ્રભુ જ સર્વેકાળ સમય વ્યતીતાર્થ છે. | કામ |
| | | બધા જ દિવસો (સર્વકાળ) પ્રભુ પ્રીત્યર્થ છે. | માનસી |
| | | વરસ ભરના કાળનો સમૂહ પ્રભુસેવામાં વીતે તેવી મહેચ્છાનો ઉત્સવ | |
| અન્નકૂટ | : | સર્વસમર્પણાથી જ સર્વાત્મભાવ સિદ્ધિ છે. | મોક્ષ |
| અન્ન કૂટોત્સવ | : | સર્વ સમર્પણનો ઉત્સવ | |





# પોતાને ઓળખીએ

<table>
<tr><td>૧.</td><td>પોતાનું નામ સરનામું ટેલી નં.</td><td colspan="6"></td></tr>
<tr><td>૨.</td><td>દીક્ષાદાતાનું નામ</td><td colspan="6"></td></tr>
<tr><td>૩.</td><td>દીક્ષાનો પ્રકાર</td><td colspan="6">નામ, દીક્ષા હા/ના    નિવેદન દીક્ષા હા/ના</td></tr>
<tr><td rowspan="2">૪.</td><td rowspan="2">પુષ્ટિ સેવાનો પ્રકાર (હાલનો)</td><td>દર્શન</td><td>મિશ્રી</td><td>દૂધઘર મેવો</td><td>નાગરી</td><td>અનસખડી</td><td>સખડી હંમેશા/પ્રસંગોપાત</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>૫.</td><td>સેવાકાળ</td><td colspan="6">એક કાળ    દ્વિકાળ</td></tr>
<tr><td>૬.</td><td>જપ</td><td colspan="6">(૧) માળા અષ્ટાક્ષર    (૨)માળા પંચાક્ષર</td></tr>
<tr><td>૭.</td><td>પાઠ (ક્રમાંક નંબર)</td><td colspan="6"></td></tr>
<tr><td>૮.</td><td>કીર્તન પદ</td><td colspan="6">નિત્ય    પ્રસંગોપાત</td></tr>
<tr><td>૯.</td><td>શ્રવણ/સત્સંગ</td><td colspan="6">નિત્ય    પ્રસંગોપાત</td></tr>
<tr><td>૧૦.</td><td>વાંચન ગ્રંથાભ્યાસ</td><td colspan="6"></td></tr>
<tr><td></td><td></td><td colspan="6"></td></tr>
<tr><td>૬.</td><td>જપ</td><td colspan="6">(૧) અષ્ટાક્ષર    (૨) પંચાક્ષર</td></tr>
<tr><td>૭.</td><td>પાઠ</td><td colspan="6">(૧) સર્વોત્તમ (૨) વલ્લભાષ્ટક (૩) પ્રેમામૃત (૪) ષોડશ (૫) નામરત્નાખ્ય (૬) મંગલાચરણ (૭) યમુનાજીના પદો (૮) વલ્લાભાખ્યાન (૯) નિત્યલીલા (૧૦) ચિંતનનું ધોળ (૧૧) પુરૂષોત્તમ સહસ્ત્રનામ (૧૨) શ્રીમદ ભાગવત (૧૩) ત્રિવિધ નામાવલી.</td></tr>
<tr><td>૯/૧૦.</td><td>ગ્રંથાભ્યાસ-વાંચન</td><td colspan="6">(૧) ૮૪-૨૫૨ (૨) શીક્ષાપત્ર (૩) ષોડશગ્રંથ (૪) નિબંધ (૫) ગીતાજી (૬) શ્રીમદ ભાગવદ્ (૭) શ્રી વલ્લભસ્તોત્રો સટીક (૮) નામરત્ન સટીક (૯) વલ્લભાખ્યાન સટીક (૧૦) પુ.સ.નામ સટીક (૧૧) ગદ્યાર્થ સટીક (૧૨) હરિરાય વાડમુકતાવલિ (૧૩) નિજવાર્તા - ઘરૂવાર્તા - બેઠક - ચરિત્ર</td></tr>
</table>

# પુષ્ટિમાર્ગીય કાર્યક્રમમાં કરવા લાયક પ્રવૃત્તિ ૩૩

કોઈપણ સંસ્થા કે જે પોતાને પુષ્ટિમાર્ગ સાથે જોડે છે, તેનો કાર્યક્રમ સ્વતંત્ર ન હોઈ શકે, પણ શ્રીમહાપ્રભુજીની અધ્યક્ષતામાં, તેમના કાર્યકર બનીને હોવો જોઈએ. આપશ્રીએ જે ઉદ્દેશથી આ માર્ગને પ્રકટ કર્યો, તેનો વિકાસ કર્યો, તેને ધ્યાનમાં લેવાની જરૂર છે.

દૈવીબીજ જે મનુષ્યમાં પડેલ છે તેવી વ્યકિતઓને સભાન કરવા અને તેનામાં રહેલા પ્રભુ પ્રત્યેના સ્નેહને વિકસાવવું, તે તે હદે કે તેનામાં રહેલી સ્વતંત્ર અહંતા મમતા પૂર્ણપણે પ્રભુમાં જોડાઈ જાય.

તે માટેના ઉપાયો આપે બતાવ્યા અને તે મૂળ ઉદ્દેશને ધ્યાનમાં રાખી, આપના પુત્ર ગોપીનાથજી તથા શ્રી વિઠ્ઠલનાથજી તથા તેમના બાળકોએ જે પ્રયત્ન કર્યો તથા ઉપદેશ આપ્યો તે સમજવા જેવો છે.

આપણે ઓછોમાં ઓછો એવો કાર્યક્રમ આપી શકીએ કે જેના કારણે નિત્યલીલાના અધિકાર પાત્ર થવા આગળ વધીયે

(૧) ગળામાં તુલસીમાળા ધારણ કરવાનો નિયમ લઈયે.

(૨) કશું નહિ તો એક અષ્ટાક્ષર મંત્રની માળા જપીયે.

(૩) સ્તોત્ર-પાઠ વગેરે કરીયે.

(૪) આપણે પૂર્ણપણે શ્રીકૃષ્ણને શરણાગત થઈએ એટલે કે અનન્ય આશ્રયી થઈએ. અન્યાશ્રય છોડી દઈએ. બીજા દેવોનો પ્રસાદ ન લઈએ, બાધા-આખડી કે દર્શન વ્રત વગેરે... ન કરીએ આ બધું વ્યકિતગત રીતે.

(૫) સેવ્યના ચરણસ્પર્શ - કરીયે.

(૬) સેવાનો પ્રકાર શરૂ કરીએ. જ્યાં હોઈએ ત્યાંથી આગળ વધવાનો પ્રતિવર્ષ નવો સંકલ્પ લઈએ.

(૭) ઘરે રાત્રે જેટલો પણ સમય અનુકૂળ હોય તેટલો, નિત્યક્રમથી સત્સંગ-(વાંચન) કરીએ તે સમય મેળવવા માટે બિનજરૂરી કાર્યક્રમો જેવાં કે ટી.વી., ન્યૂઝપેપર, ગપ્પાં, લોકોને મળવું, ટેલિફોન વગેરેમાં કાપ મૂકીએ.

(૮) વૈષ્ણવોની ડીરેક્ટરી તૈયાર કરીયે. તેમાં તેમના ધંધાની માહિતી એકઠી કરવાના બદલે માર્ગીય પ્રર્વત્તિમાં તે કયા સ્થાને છે, તે માહિતી એકઠી કરીયે.

(૯) સત્સંગ મંડળો સ્થાપીયે.

(૧૦) કીર્તન શીખવા, સેવા શિબિર, ઠાકોરજીની સેવા ઉપયોગી માળા, પાઘ વગેરે બનાવતાં શીખે એવા કલાસ ચલાવીએ.

ટૂંકમાં પુષ્ટિમાર્ગ ઉપર આપણે કયાં ઉભા છીએ તેની નોંધ લઈ આગળ ચાલવાનું શરૂ



કરીએ. અને કયાં સુધી પહોંચવાનું છે તેની માહિતી મેળવીએ.

આ કાર્ય વ્યકિતગતથી શરૂ કરી સમૂહગત સુધી પહોંચે તે માટે પ્રેરણા લઈએ અને આપીએ. આ માટે *Cherity begings from home* મુજબ કમીટી અને સભ્યો પોતાનાથી શરૂ કરે અને તેની *Chain* પોતાનાં સગાં સ્નેહી-મિત્રો સુધી લંબાવે અને તેઓને પણ એવી પ્રેરણા આપીએ કે તેઓ આ કાર્ય આગળ વધારે. એક વલ્લભી ચેતના જગાવવાનો કાર્યક્રમ કરવો જરૂરી છે. ઓછામાં ઓછો ખર્ચ અને વધુમાં વધુ ફાયદો થશે.

આ કાર્યક્રમ શ્રી મહાપ્રભુજીના સેવકોનો છે અને તે આપણા કલ્યાણ માટે છે એટલું જ નહિ પણ પ્રભુની તથા શ્રીવલ્લભની પ્રસન્નતા માટેનો છે માટે

(૧) કાર્યક્રમમાં પ્રત્યક્ષ કે પરોક્ષ અવૈષ્ણવોનો સાથ ન લઈએ.

(૨) કાર્યક્રમ સુંદર દેખાવો જોઈએ તેના કરતાં કાર્યક્રમમાં માર્ગ પર ચાલવા માટે પોતાનાઓમાં સ્નેહ જગાવીએ. દા...ત. તાનસેનની ગાયકી સાંભળ્યા પછી શ્રીગુસાંઇજીએ તેને રૂ.૧૦૦૦/- તથા એક કોડી ભેટ આપી હતી. રૂપા પોરીયાનો અવાજ સારો ન્હોતો છતાં શ્રીનાથજી તેના ગાન ઉપર આસકત હતા. પદ્મનાભદાસના છોલા શ્રીમથુરાધીશને અતીપ્રિય હતા. એટલે કે બહારનાઓને બોલાવી નાટક, સંગીત ગોઠવીએ તે કરતાં પોતે જ ભાગ લઈ ભજવીયે, ભલે નબળો થાય !

(૩) શ્રીમહાપ્રભુજીએ પોતાના જીવનકાળ દરમ્યાન કોઇને પણ વાવ-કૂવા-ધર્મશાળા બાંધવાનો ઉપદેશ ન્હોતો આપ્યો. આ પ્રકારનું પરોપકારનું કાર્ય સારૂ છે પણ તે આપશ્રીનું/પુષ્ટિમાર્ગનું મીશન ન્હોતું, તે મીશન અન્ય માર્ગીઓ માટે છે, તેમને કરવા દો. વાદોવાદ કંઇ કરતાં પહેલાં પુષ્ટિમાર્ગને સમજવો જોઇશે. તેથી બ્લડ ડોનેશન, મેડીકલ ચેકપ વગેરે....સારા કાર્યો હોવા છતાં પુષ્ટિમાર્ગના બેનર નીચે કરવા લાયક નથી.

(૪) તેવી જ રીતે રેલી વગેરે.. કાઢી આપણા માર્ગનું શકિત પ્રદર્શન, નાટકો, સંગીત કાર્યક્રમ વગેરે કર્ણેન્દ્રિય કે નેત્રેન્દ્રિયને આનંદ આપનાર જ માત્ર બની રહે છે. ભકિતભાવ વધારનાર મોટેભાગે નથી બનતા. તેના બદલે વાર્તા સત્ર, કીર્તનોનું, માર્ગીય વૈષ્ણવો દ્વારા ગાન તથા ભાવાર્થ સહિત સમજણ, મ્હાંચલાને ઢંઢોળશે.

(૫) આપણો કાર્યક્રમ સરસ જાય તે વિચાર મનમાંથી કાઢી નાખી, આપણે સૌ શ્રી મહાપ્રભુજીની દષ્ટિથી સારા થઈએ, તેવું વિચારતા થઈએ તો તે સફળતા ગણાશે.

(૬) અમુક કાર્યક્રમ કરવાથી અથવા કર્યા પછી ફળલક્ષી દષ્ટિથી વિચાર કરી લેવાની જરૂર છે એટલે કે આ કાર્યક્રમના કારણે કેટલી વ્યકિતના જીવનમાં સ્થાયી ફેરફાર આવ્યો તે વિચારવું. તેમની પુષ્ટિમાર્ગીય જીવનશૈલીમાં કંઇ ફેરફાર થયો કે નહિ તે અગત્યનું છે.

બાકી તો માત્ર કાન પવિત્ર થાય, હાથ પવિત્ર થાય, પગ પવિત્ર થાય, આંખો પવિત્ર થાય, ધન પવિત્ર થાય એટલા માત્રથી સંતોષ માની લેવાનો આ માર્ગ નથી.

આ તો હરિનો મારગ છે, શૂરાનો મારગ છે, કાયરોનો મારગ નથી. માટે પહેલાં માથું મૂકવું

પડશે. પછી મારગમાં પ્રવેશ મળશે.
મારી અલ્પમતિ પ્રમાણે માર્ગીય સૂચનો કર્યા છે. આશા છે રૂચશે.

૧૨૨

# ચબરખી

એક ચબરખી નાની અમથી શોધ ફરીથી
ફાટી ગઇ કે ગઇ ગુમાઇ સોચ ફરીથી
વાંકાચૂકા અક્ષર એના વાંચ ફરીથી
ભાષા ઝાંખી થઇ હોય તો પાઠ ફરીથી - એક ચબરખી
એણે દીધી આંખથી રોશની કે પાછી માંગે
તે પહેલાં એ ચીઠ્ઠી લઇને વાંચ ફરીથી
બુદ્ધિ સ્મૃતિ એણે દીધી માંગે જો પાછી
તે પહેલાં એ ઠોસ લઇ લે બાજ ઝડપથી - એક ચબરખી
એમાં શું છે એટલું તો તું પૂછને એને ?
હોય કો નકશો કે કાંટાઓ દિશાયંત્રના
હોય ભૂજાઓ સમય યંત્રની ક્યારે નિકળ્યા ?
બધાંય એ છે ભાળ ભૂલેલા ઘર ખોયાના
(એક ચબરખી વાંચી તેને સોચ ફરીથી)
યુદ્ધ છેડ ના દેશ કે ઘરમાં હારે ખૂવે
એક જ જીત્યો આજ સુધીમાં ધરમ યુદ્ધમાં
આદર્શોના ઉંમરા પર જે રહેવા પામે
એથી ઊંચે કોણ ગયું છે ? સૂરજ પણ ના
(એક ચબરખી નાની અમથી આજ કહે છે)
પાણીમાં પ્રતિબિંબ પડે છે એજ અશુધ્ધિ
જે આભાસી મુખવટા તે ચહેરા - મોહરા
શુદ્ધ સત્વ ના બોલે જૂવે શાંત-ગતિ સા
આરપાર એવા છે તેવા શાંતિ મનિષી
(નાની અમથી એક ચબરખી વાંચ મનિષી)



૩૪

# પ્રત્યુત્તરનું તારણ

શ્રી..... ના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, આપશ્રીએ, નિરીક્ષણ કરીને રીપોર્ટ માંગ્યો હતો તે રજૂ કર્યો છે.

ભકિતમાર્ગમાં ઉપયોગી થાય તે ઉદ્દેશ હોવાથી નામોને ઓમીટ કર્યા છે. આ મારું તારણ છે, જેથી અંતીમ સત્ય ન પણ હોય. આ તો સત્યની શોધ છે, જેથી ગમે તેને લાગું પડી શકે, તેથી માપમાં આવે તો પહેરી લેવું પણ નિરર્થક રહેશે.

આને માત્ર સત્યની શોધ તરીકે જ લઇશુ તો ઊંચનીચ ભાવ નહિ આવે.

**તારણ**

(૧). ગુરુના ઘરના અધિકારી પદે જે રહે, તે વૈષ્ણવ હોય તો પણ અપરાધ થવાની પૂરી શકયતા રહે છે. તો પછી અવૈષ્ણવ અધિકારીને તો માર્ગ કે ગુરુનિષ્ઠા જ ન હોય તો વાત જ કયાં રહી ?

બિરબલ તથા નારાયણદાસ દીવાને શ્રીગુસાંઇજીના ઘરનો ભાર વહન કરવાની વાત કરી, ત્યારે આપ નારાજ થયા હતા અને તેવાને પોતાનો ગણ્યો નહોતો. આમ કરીને પોતે ગુરુ તરીકેની ગરીમા નથી જાળવી. શ્રીઆચાર્યજીએ પણ "દેવદ્રવ્ય ખાનાર મારો નહિ કહેવાય તથા મહા પતીત થશે" તેવા શાસ્ત્રવચનો સંભળાવ્યા હતા.

(૨). પોતાના માથે બિરાજતા સેવ્ય શ્રી...નું સુખ જળવાય તે જ સેવા છે અને સેવાથી મોટું આ માર્ગમાં કશુ જ નથી. ત્યાં કહેવાતા સેવક, પૈસાપાત્ર વ્યકિતઓ ટ્રસ્ટીઓ શ્રી..ના દર્શન સુખાર્થે પ્રભુને શ્રમ કરાવે, તથા તેવા શ્રમીત પ્રભુની બાબતમાં જેમનું રૂંવાડું ય ન ફરકે, તો પછી તે શ્રી... પણ પોતાપણાનો ભાવ વિસરી જ જાય ! તે વાર્તાસાહિત્યમાં પ્રસિદ્ધ છે.

(૩). આ માર્ગમાં પ્રવેશેલ માટે પડતીના કારણો અહંકાર તથા લાભ-પૂજા છે.

અહંકારના કારણે ગુરુનુ અપમાન કરી બેસે કે ઠાકોરજીનું સ્વામીત્વ વીસરી જાય,

ત્યારે પ્રભુ માટે તે બિરાજવાનું સ્થાન નથી રહેતું.

(૪) શ્રીગુસાંઇજીએ પૂછયું - અધિકાર આપી હું કોનો બગાડ કરું ? ત્યારે શ્રી ઠાકોરજીએ પ્રત્યુત્તર આપ્યો - જે સ્વયં પોતાનો બગાડ કરવા ચાહે છે, તે માથુ નમાવી ખેસ ઓઢી લેશે.

ઉપદેશ એ છે કે કોઈનો બગાડ કરવામાં આપણે સહભાગી ન થવું જોઈએ.

(૫) વૈષ્ણવોએ વિચારવું જોઈએ કે - ગુરુના આદેશની સીમા ભગવત્ સુખ આગળ પુરી થઈ જાય છે.

ભગવત્ સુખ નિષ્પ્રયોજન સેવા માગે છે.

(૬) પુષ્ટિ ભકિત સંપ્રદાયમાં દરેક ભકતના એક એક કૃષ્ણ છે. તે સત્ય સમજાઇ જશે તો પુષ્ટિભકિતનું કમળ જે મુરઝાઇ ગયું છે તે ફરી ખિલી ઉઠશે.

(૭) હરિ, ગુરુ, વૈષ્ણવ, પ્રત્યેક, અરસપરસના સુખાર્થે ઝૂમી ઊઠે તે જ પુષ્ટિભકિત સંપ્રદાય.

(૮) શ્રીવલ્લભ વગરનો માર્ગ તે કદાચ પુષ્ટિમાર્ગ હોઇ શકે પણ પુષ્ટિભકિત સંપ્રદાય તો નહિ જ. અને આજે શ્રીવલ્લભ પોતાના રચેલા ગ્રંથોમાં બિરાજેલા છે.

(૯) એવી કોઈપ્રણાલી ઊભી ન કરીએ કે ન નિભાવીએ કે જેનાથી કૃષ્ણસેવા નભાવવાની આદત વિસરાઇ જાય.

(૧૦) વચનો અને કૃતિ એકબીજાના પૂરક હશે તો સત્ય પેદા થશે. અને જો તેમ નહિ કરવામાં આવે તો દંભનો જન્મ થશે. ભગવાન તથા ભગવદીય સત્ય રૂપ છે તથા સત્યસંકલ્પ છે.

અસ્તુ.

૧૨૩

## દ્વિધા

કૂતરું તાણે ગામ ભણી અને

શિયાળ તાણે સીમ ભણી

રાગ-ત્યાગની ખેંચમ તાણ

ખેંચનારાને છેના ભાન

કે નથી એને સ્હેજે સાણ

કેમ કે

સમર્પણથી છે,

એ અનજાણ...



## Q

૩૫

માંગવાવાળાની કયૂમાં હું પણ હતો. દીન ચહેરાથી ઊભેલો, દાનીથી લગભગ લાઇનમાં ઘણો જ નજીક હતો. મને થતું કે બસ... થોડીક વારમાં હું દાનીની સન્મુખ થઇશ અને મારો મનોરથ પ્રકટ કરી દઈશ.

પરંતુ થોડાક અનધિકારી કયૂમાં મારાથી આગળ ધુસતા રહ્યા... ધુસતા રહ્યા.

અમારામાંનાઓ ન તેમને ટોકી શકયા કે ન રોકી શકયા. મારા મનની વાત કંઇક જુદી હતી. સાધનશુદ્ધિનો આગ્રહ સ્વ માટે રાખવો....આમ ને આમ મારો નંબર સ્થિર જ રહ્યો “ ધ્રુવ ”ની જેમ.

કાળ વીતતો ગયો. બપોરમાંથી સાંજ થઈ. સૂરજ ઢળવાનો થયો ત્યારે મેં નજર ઉઠાવીને જોયું તો મારી સ્થિતિ એટલી દૂર થઈ ગઇ હતી કે દાનીની આકૃતિ પણ ઝાંખી જણાઇ.

પ્રભુદત્ત શકિત તથા બુદ્ધિ મારામાં પણ હતા. “ જેવા સાથે તેવાનો ન્યાય ” બોધથી હું મારી સ્થિતિ ટકાવી શકયો હોત કે આગળ વધી શકયો હોત પણ આપે મને આજ્ઞા કરી હતી કે અશુદ્ધ સાધનથી સોનું તો શું પણ પરમાત્મા ય ન ખપે !

સૂરજની આંખો ઢળી અને ચંદ્રની પણ ઢળી ગઇ, રાત પડી હતી અમાસની.

સવાર થયું અને આંખો ખુલી (સુર્ય-ચંદ્રની) ત્યારે હું દાનીની સન્મુખ હતો. અને મારી પાછળ Q હતી. હું Q ની પાછળ નહોતો.

હું આશ્ચર્યચકિત આપને જોતો જ રહ્યો. તે આશ્ચર્ય કયારે સ્વરૂપાશકિતમાં પલટાઈ ગયું અને તે સ્વરૂપાસકિત કેવી સહજતાથી અજાચકતામાં પલટાઇ ગઇ તેનું ભાન પણ ન રહ્યું !

ત્યારે મંદ મંદ હસતા પ્રભુ ઉચર્યા -

તને સાધનશુદ્ધિનો બોધ આપનાર પણ હું હતો... તૂ અડગ રહ્યો. તારી પરીક્ષા લેનારો પણ હું હતો....તુ અડગ રહ્યો. તારી સ્વરૂપાસકિત અને યાચકીવૃત્તિને અયાચકી કરનારો પણ હું છું... બધું જ મારી ઇચ્છાથી ચાલે છે. માટે હું પ્રમેય માર્ગી છું. અને મારી ઇચ્છા મુજબ તું ચાલે છે માટે તું પ્રમાણમાર્ગી છે.

જે સ્વમાર્ગ છોડે છે તેના માટે હું વિપરીત ઇચ્છા કરું છું. આપની પ્રસન્નતારૂપ ઝોળી ભરીને હું પ્રસન્ન હૃદયે મારા હાથમાંની ખાલી થેલી સાથે હર્ષાશ્રુયુકત, Q માંથી નીકળીને મારા ઘરને રસ્તે જવા નિકળ્યો. ત્યારે Q માં ઉભેલાઓ મારી હાથમાંની ખાલી થેલી જોઇને મારી મૂર્ખતા પર માંહી માંહી હસતા હતા. !!

# ભક્તિમાર્ગ અને આપણે

૩૬

આ કાળમાં પુષ્ટિભકિતને સાચા સ્વરૂપમાં સમજવી દુર્લભ છે; સમજયા પછી તે પ્રકારે જીવવી તે અતી દુર્લભ છે અને તે જ પ્રમાણેનું જીવન તે તો દુર્લભાતી દુર્લભ છે. એટલા માટે જ શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા: અને તેવા તો માત્ર ગોપીજનો છે કે જેમના માટે પ્રભુ સ્વયં ભકિત બન્યા.

ભકિત શબ્દ તો અનેક રૂપધારી છે તેથી સામાન્યજન ભ્રમિત થઈ જાય. તેવો ભ્રમ દૂર થાય માટે શ્રીપ્રભુચરણે " ભકિતહંસ " નામક ગ્રંથ આપણને આપ્યો છે.

ખાસ કરીને આજના સમયમાં જે કંઈ કાર્ય થઈ રહ્યું હોય તે દેખાવમાં ભગવત સંબંધિ લાગે પણ તે કાર્યની પાછળનો મનોભાવ-આશય શું ભગવાનમાં નિરૂપાધિક પ્રેમ વધારનારો છે ? તેની તપાસ જરૂરી છે. ભકિતની વ્યાખ્યાને જોતાં ભકિતમાં સ્નેહની મુખ્યતા છે, પણ ભાવની દૃઢતા માટે અથવા તો ભકિતના મુકામે પહોંચવા માટે, રસ્તામાં જ આડે ફંટાવાય કે ઉલટા ન થવાય કે થંભી ન જવાય ; તેવું પતન ન થાય માટે ભગવાનનું મહાત્મ્યજ્ઞાન પણ સતત જરૂરી છે.

ભકિત તો સ્વતંત્ર છે તેને કોઈની ગરજ નથી. ભકિતને પામવા માટે આપણને સેવા-કથાની ગરજ છે. પારસમણિરૂપ ભકિત સેવા અને કથાને ભકિતમય બનાવી દે છે. માટે જ અથવા ત્યારે જ જે સેવા-કથા સાધનરૂપ હતી તેને ભકિતનો સ્પર્શ થતાં તે ફલરૂપ બની જાય છે.

કંસનો ભગવાને ઉંદ્ધાર કર્યો તેટલી કથા જાણવા માત્રથી આપણે કાલનેમીને મિત્ર બનાવી દીધો, પણ કંસનો ભગવાનમાં નિરોધ ભકિતરૂપ ન્હોતો.

ભગવાનની ઈચ્છા પોતાના મહાત્મ્યને પ્રકટ કરવાની હતી એટલે કે એ પ્રકટ કરવા ઈચ્છતા હતા કે બીજા અનેક માર્ગોમાં મુકિત પ્રાપ્ત કરવી તે લોઢાના ચણા ચાવવા બરાબર છે, જ્યારે ભકિતમાર્ગમાં પ્રભુમાં ચિત્ત પરોવી દેવામાં આવે અને બીજે બધેથી વૃત્તિઓ ખેંચી લેવામાં આવે તો આ ભવમાં જ મુકિત મળી જાય. આપણે પ્રભુનો આશય ન સમજ્યા અને કંસની રીતે ચાલવા લાગ્યા !!

સમજવાની વાત એ છે કે સાધનશુદ્ધિ જરૂરી છે. હૃદયના પવિત્ર આસન ઉપર જ પ્રભુને બિરાજાવીએ તો તે ભકિત થઈ કહેવાય. દુષિત સાધનથી કંસની મુકિત થઈ તે અવતારકાલ હતો અને ભગવાનની ઈચ્છા હતી. છતાં પણ તેની મુકિત થઈ, ભગવાનપ્રાપ્તિ નહિ. ગાંધીજી સાધનશુદ્ધિના ઘણા જ આગ્રહી હતા, પેન્સીલ જેવી ક્ષુલ્લક વસ્તુ માટે મનુબેનને ભરબપોરે ત્રણેક કી.મી. ચાલીને તે જ પેન્સીલ લઈ આવવાનો આગ્રહ રાખ્યો. આને આપણે અવ્યવહારિક કહીએ પણ તેમાં સિદ્ધાંતનો આગ્રહ હતો. સારી ટેવો બગડે નહિ- ખોટી ટેવો ઘર ન કરે તે માટેનો પ્રયાસ હતો. કલીકાળને પેસવા માટે છિદ્ર જેટલી જગા જ જોઈએ !



શ્રીઆચાર્યજીનો વૈરાગ્ય ધર્મ આજે મહત્વનો છે. કેમ કે જીવ માયામાં ફસાઈને મોહમાં પડી ન જાય.

ચાંપાભાઈ પાસેથી બિરબલે જાણ્યું કે શ્રીગુંસાઈજી ઉતાવળે પરદેશ પધારે છે. ભંડારમાં દ્રવ્ય ઘટી ગયું છે, દેવું પણ થયું છે, આટલી વિગતો જાણી, શ્રીગુંસાઈજીની ભકિતના સ્વરૂપને જાણ્યું નહિ તેથી તેનો ખોટો અર્થ કર્યો કે દ્રવ્યને માટે આપ પરદેશ કરી રહ્યા છો. તેથી બિરબલે કહ્યું કે આપશ્રીને કેટલું દ્રવ્ય ઘટે છે ? તે મોકલી આપું તેથી આપે પરિશ્રમ ન લેવો પડે. તેણે શ્રીગુંસાઈજી પ્રતિ સ્નેહ હતો પણ ભકિત નહોતી. તેનો સ્નેહ પણ રાજસત્તાથી કંઈક દુષિત થયેલો હતો તેથી તેમાં દયાનો ભાવ ભળ્યો હતો. વળી તેને શ્રીગુંસાઈજીનું મહાત્મ્યજ્ઞાન ન્હોતું. તેથી તેની ખંડીત કે દુષિત ભકિત હતી. શ્રીગુસાંઈજી તો ભાઈલા કોઠારીના અનેક પત્રો આવતા હતા તેથી તેના સ્નેહવશ જઈ રહ્યા હતા અને તે સમયે કદાચ કોઈ સેવકો ભેટ કરે તો તે ભકિતરૂપ ભેટને સ્વીકારતા પણ હતા. પણ તે દ્રવ્ય એ શરત ન્હોતી. આ વાત બિરબલની રાજસત્તામય ભકિતની સમજ બહાર હતી.

આજના સંદર્ભમાં પણ એ વાત વિચારણીય છે કે આપણે જે શિબિર વ. કરીએ છીએ તેનો મુખ્ય હેતુ ભકિત પ્રવર્તન-પ્રવર્ધન છે ? તે ઉંદ્દેશ દુષિત ન થાય તે જોવાનું છે જો આપણો હેતુ - સુંદર વ્યવસ્થા વખાણાશે તેવો હોય તો તે કીર્તિ લોભ હશે. બીજાઓ કરતાં આપણે ત્યાં તો કાર્યક્રમ વધારે દીપી ઉઠ્યો - તેમાં અહંકાર છે. અને બીજાને બતાવી આપીયે તે ભાવ ઈર્ષ્યા-મત્સર છે.

સારું બોલવું અને સાચું વિચારવું એ બેમાં ભેદ એટલો છે કે પહેલું હાથીના મોટા દેખાતા દંતશૂળ છે અને બીજા તેના ચાવવાની દાઢો છે. આપણો વટ પડી ગયો કેમ કે ગો-બાળકો એ એકી અવાજે આપણા જ વખાણ કર્યા. અહંકાર સૂક્ષ્મ રીતે વધે છે. જે જણાતો પણ નથી. આપણી માર્ગ નિષ્ઠા વધી તે જ બેરોમીટર છે. માર્ગ નિષ્ઠા એટલે માર્ગ પર પગલાં દબાવીને ચાલવું. આ માર્ગમાં પ્રેમ પ્રકટ થાય તો પ્રેમીને માટે, બીજાને માટે પ્રકટ થાય તો તે રસાભાસ. આ માર્ગમાં જબરદસ્તી કે કમ્પલસરી જેવો શબ્દ શ્રી આચાર્યજીએ નથી સ્વીકાર્યો. દરેક વ્યકિતને એક સ્વાતંત્ર્ય છે. આપ આજ્ઞા કરે છે " ઉદાસીને સ્વયંકુર્યાત્ " ભકિતમાર્ગથી દૂર ન ફેંકાઈ જઈએ તેની સાવધાની રાખવાની છે.

સુંદરતા સારી વસ્તુ છે પરંતુ ભભકા મનને ચલીત કરે છે, લપસાવી દે છે. આ વૃત્તિ પાકેલી કેરી અને અતીશય પાકને કારણે બેસ્વાદ બની જતી કેરી જેવી છે. સાદગી એ પણ એક શોભા છે પરંતુ તે શોભાને જોવાની માણવાની એક દૃષ્ટિ પણ જોઈએ.

મતિ ત્રણ પ્રકારની છે. રાજમતિ એટલે કે સરમખુત્યારી બહુમતિ-ઘણા કે મોટાભાગનાની જે વિચારધારા છે તે અને લઘુમતિ એટલે કે જે ઓછા લોકો વિચારે છે તે - આ ત્રણેમાં કંઈક ખામી રહેલી છે. કેમ કે તેમાં જે મતિ છે તે શુદ્ધ છે કે અશુદ્ધ તે મહત્વનું છે. દુમર્તિ કંસ જેવી, અજ્ઞાન તે બહુમતિ અને વિરોધ કરવા ખાતર કરનારી લઘુમતી તે ત્રણેય દુર્ગુણ છે. પણ જો આ ત્રણમાંથી જેમાં પણ સત્યમતિ હોય તો તે સુમતિ છે. આમ બુદ્ધિમાં રહેલ સત્યપ્રિયતા મહત્વની છે. ઘણું કરીને બહુમતિ સાથે સુમતિ નથી હોતી કેમ કે અવિદ્યાનો

ઘણો જ પ્રભાવ છે. જ્યારે રાજમતિ દુર્મતિ હોય છે. ત્યારે સત્યમતિ છુપાઈ જાય છે, જેમ કંસના રાજ્યમાં ઘણાબધા યાદવો મથુરાનગરીની બહાર અન્ય પ્રદેશોમાં જઈને છૂપાઈ ગયા હતા !

આપણે તેથી વિવેકબુદ્ધિ જાળવવાની છે, ગુરુઆજ્ઞા બાબતે તથા ગુરુને સલાહ આપવા બાબતે. સાદાઈની ટીકા કયારેય ન કરવી જોઈએ કેમ કે જો તે સાદાઈ સાથે ભકિત જોડાઈ હશે તો તે નિંદા ભકિતની થશે, ભગવાનની થશે, ભકતની થશે.

ધોતી-બંગડી-તીલક, સેવા, કથા બધું જ પ્રસંશનીય છે. પણ તે બધા ભકિતથી શોભે છે. તેનાથી જ ભકિત શોભે છે તેવું નથી કેમ કે ભકિત સ્વતંત્ર છે. શ્રીહનુમાનજી માટે શ્રીરામ પ્રત્યેની ભકિત મુખ્ય હતી, તેમની ભકિતથી પ્રસન્ન થઈ ને આપેલી મોતીની માળા નહિ, ભલેને તે માળા સ્વયં સીતાજીએ જ કેમ ન આપી હોય ? ભકિતની સાથે આપણી વિદ્યાને જોડશું (ષડવિધ) તો ભકિતની શોભા વધશે કેમ કે વિદ્યા ભગવત સંબંધિ છે અને જો અવિદ્યાને જોડશું તો તે ભકતની શોભાને ઘટાડશે કેમ કે અવિદ્યા માયા સંબંધિની છે. ભાવને ભકિત સાથે જોડશું તો તે ઉજ્વળ પુષ્ટિભકિત જણાશે.

ઉદારતા પણ જો સિદ્ધાંતવિરુદ્ધ હોય તો આજે નહિ પણ ભવિષ્યમાં અપકારક થશે કેમ કે મોટાંઓના ચરિત્ર પ્રસિદ્ધ હોવાથી લોકો તેનું અનુસરણ કરે છે. પૂ.પા.ગો.બાળકોએ એક જમાનામાં ઉદાર ભાવે પોતાના માથે બિરાજતા પ્રભુના દર્શન કરાવ્યા તો તે કૃપા આજે શિરસ્તો બની ગઈ. પોતાના અનન્ય સેવકોની ભેટ પ્રભુ સુખાર્થ કોઈ વિશિષ્ટ સંજોગોમાં લીધી, તો આજે તે ધારો બની ગયો અને તે દેવદ્રવ્ય તથા દેવલકની વ્યાખ્યાઓ જ ઉલટાઇ ગઈ. માર્ગમાંના આ પ્રકારના દુષણોને દુષણ કહેનારાઓને દોષિત કહેવરાવવામાં આવી રહ્યા છે. આ માયાનો પ્રભાવ છે.

આ પરિસ્થિતિ અચાનક નથી આવી પણ લાંબા ગાળાની પ્રક્રિયા છે. ભકિતનો ક્ષય કરનારી અને અશુદ્ધ સાધનોને કારણે છે.

આ માટે જ શ્રીગુંસાઈજીએ છપ્પનભોગ કરવા માટેની વિનંતી પોતાના બાળકો તરફથી આવી ત્યારે ચેતવણી ઉચ્ચારી હતી કે "લૌકિક બઢેગા" અને એ જ થયું. આપશ્રીના બાળકો તેવા ભાવદુર્બળ ન્હોતા કે લૌકિકતા વધે પણ આપશ્રીનાં આ દીર્ઘદષ્ટિનાં વચનો હતા. આપ તો "ઈતિ મે મતિ :" કહીને રહી ગયા. કેમ કે ભગવદ ઈચ્છા જેવી હશે તેમ થશે તેમ વિચાર્યું.

શબ્દોમાં ભાવ છુપાયેલો છે. અને ભાવમાં શબ્દો. તેથી બંને વચ્ચેના ભેદ-વિવેક સમજીને ચાલવાનું છે. આ માર્ગ નટવરનો છે. નટવત વરવત પ્રભુ પણ છે અને ભકત પણ.

શ્રી આચાર્યજીની સાદગીમાં રાગ-ભોગની ભાવના છુપાયેલી છે તો શ્રીગુંસાઈજીના રાગભોગમાં વૈરાગ્ય ભાવ છુપાયેલો છે. ગુરુમાં એક શિષ્યભાવ છૂપાયેલો છે અને શિષ્યમાં એક ગુરૂભાવ.

ગુરુ અજ્ઞાનરૂપ અંધકાર શિષ્યનું દૂર કરે છે. ત્યારે પોતાના નેત્રો તો ખૂલ્લા જ રાખે છે. તો



શિષ્યમાં એટલો બધો હીનભાવ પણ ન હોવો જોઈએ કે તે પોતાના નેત્રો ખૂલતા હોય પણ ત્યારે પોતાનો પ્રયાસ છોડી દે.

ગુરૂમાં ગુરૂતાનો ભાવ એટલો ન વધે કે તે અહંકારી બને અને શિષ્યમાં દૈન્યભાવ એટલો ન વધે કે હીનભાવી બને.

આજના સંદર્ભમાં ભકિતને સમજવી અને આચરવી તેમાં ઘણો વિવેક, સિદ્ધાંતજ્ઞાન અને શ્રીઆચાર્યજીનો આશય સર્વની એકસૂત્રતા કરવી આવશ્યક થઈ રહી છે. આજે જ્યારે સાધનો અતી દુષિત થઈ રહ્યા છે ત્યારે સાધનશુદ્ધિને પણ ભકિતનું અંગ જાણવું જરૂરી થઈ પડયું છે. બસ આટલું ધ્યાન રાખશું તો ભકિતમાર્ગમાંથી પતીત નહિ થવાય એવી મારી કંઈક સમજ છે. સમજને હંમેશા સુધારવાનો અવકાશ તો છે જ.

તેવી વિનંતી સહ.

## સમર્પણ ૧૦૫

કર્મ કરીને થાક્યા હસ્ત

જ્ઞાન કરી વિભ્રમે ચિત્ત

ઉપાસના પાત્ર ન રહ્યા

સમર્પણથી સૌ સુખ લહ્યા

૩૭

# શાસક

જે શાસન કરે તે શાસક - અહી જે ચર્ચા કરશું તે (૧) પશુશાસક (૨) મનુષ્ય શાસક (૩) સર્વનો શાસક, વિષયો હશે.

અધિકારનો અર્થ - જે સમર્થ છે, કે પાત્ર છે.

આ અધિકાર પ્રાપ્તિના પરિબળ તરીકે મુખ્યત: ત્રણશકિત કામ કરે છે. (૧) ઇચ્છાશકિત (૨) જ્ઞાનશકિત (૩) ક્રિયાશકિત.

સમગ્ર જીવ-જગત માટે આ નિયમ લાગુ પડે છે. જેણે અધિકાર પ્રાપ્ત કરવો હોય તેણે આ ત્રણ શકિતઓને પોતામાં કેન્દ્રિત કરવી જોઈએ.

**(૧) <u>પ્રાણી-પશુ જગત વિશે વિચારીએ :</u>**

સમૂહમાં રહેતાં પશુઓમાં, એક શાસક (લીડર-નેતા) હોય છે. જેમ કે વાનર, હાથી વ. પશુઓ સમૂહમાં રહે છે. પશુઓના લીડરમાં સૌથી આવશ્યક શકિત ક્રિયાશકિત છે. એટલે કે તેનામાં બાહુબળ સૌથી વધારે જોઈએ, તેનામાં પરિવારબળ જોઈએ. એટલે કે પોતાનો પક્ષ લેનારા. તે માટે થોડીક જ્ઞાનશકિત જોઈએ. પોતાના સાથીઓને અહેસાસ થવો જોઈએ કે પોતે આ નેતાની નીચે, બીજાઓના આક્રમણ સામે સુરક્ષીત છે અને તે અમને એવી જગાએ લઈજશે કે જયાં પેટ ભરવાની ચિંતા નહિ હોય, તે માટે તે લીડરને વિપક્ષીને નાથવાની યુકિત અને બળ, બંને જોઈએ. ક્યાં ખોરાક મળશે ? તે અંગેની સૂઝ તથા સાહસ વૃત્તિ જોઈશે.

પોતાના જ સમૂહમાં જ્યારે કોઈ પ્રતિસ્પર્ધી, નેતાગિરિ માટે આગળ આવે ત્યારે, બાહુબળથી નક્કી થાય છે કે - જે જીતે તે શાસક. આ લડાઇમાં લડનારની ઇચ્છાશકિત, બાહુબળને વધારાની શકિત આપે છે. સાથે સાથે પોતાના પક્ષમાં કેટલા પરિવારજનો છે? તેનો ઈશારો કે અહેસાસ પણ, તેને શકિત આપે છે. તે બાહુબળની લડાઇમાં લાંબો સમય ટકી રહે છે અને એક છેલ્લો જોરદાર ફટકો આપી પ્રતિસ્પર્ધીને હરાવી દે છે. દૃઢ મનોબળ સૌથી મોટો ભાગ ભજવે છે, આખરી દાવમાં...

હારેલું પ્રાણી નીચેમાંથી કોઈ એક ઓપ્શન પસંદ કરે છે.

(ક) આ સમૂહને તે છોડી જાય છે - હતાશાને કારણે, ડરના કારણે, તિરસ્કારના કારણે, તગડી મૂકવાના કારણે, મૃત્યુ થવાના કારણે અથવા મદ બાકી રહ્યો હોય તો બીજા સમૂહમાં નેતાગિરી મેળવવા.

છોડી ગયેલામાંથી કોઈક ઘણી એકલતાના કારણે કે અસુરક્ષાના કારણે મૃત્યુ પામે છે.

(ખ) બીજી શકયતા તરીકે તે જ સમૂહમાં રહી જાય છે - નેતાની દયાને કારણે, થોડાક પરિવારજનો તેમાં સુહૃદ હોય તો નેતાને મનાવી લેવાને કારણે.



પરંતુ તે પરવશ - દયાપાત્ર થઈને તે સમૂહમાં જીવી લે છે પણ વહેલું મૃત્યુ પામે છે.

આવા જ કારણસર જે પ્રજાતિઓ વિષમ કુદરત સામે ન ટકી શકી તે નાશ પામી. જેઓએ એડજસ્ટમેન્ટ શીખી લીધું તે બચી ગઈ. ટૂંકમાં જેમનામાં પ્રબળ સામર્થ્ય-ક્રિયાશકિત તથા ઈચ્છાશકિત હતાં તે બચી ગયાં.

**(૨) <u>મનુષ્ય જાતિમાં</u>** પણ આ જ નિયમ લાગુ પડે છે. તેમાં પણ લગભગ આ જ પ્રક્રિયા અને આ જ પરિણામ છે. પ્રાગ ઐતિહાસિક કાળમાં, પશુવૃત્તિ જેવા જ મનુષ્યો હતા, પણ પશુ કરતાં જ્ઞાનશકિતનો પ્રભાવ કંઇક વિશેષ હતો, જેથી પોતાને બચાવવામાં અથવા બીજાને મહાત કરવામાં જ્ઞાનનો ઉપયોગ વિશેષ કરી ગયો. તેથી તો અગ્નિનો ઉપયોગ કરી જંગલી પશુઓને ભગાડયા, હથીયારો બનાવ્યા, ગુફામાં રહ્યા. વ.

પરંતુ સંસ્કારોનો વિકાસ થયા પછી પણ સમૂહોના પ્રકાર વધતા રહ્યા. જેમ કે કુટુંબ, જ્ઞાતિ, ગામ, પ્રદેશ, દેશ, રાજકીય પાર્ટી, વેપારીમંડળ, મજૂર યુનિયન, સહકારી મંડળી, ખેડૂત સંગઠન, યુનો વ. સમાન હિત ધરાવતી વ્યકિતઓના વિવિધ સમૂહ બનતા રહ્યા. ત્યાં પણ નેતાગીરી માટેનો સંઘર્ષ તો ચાલુ જ રહ્યો પણ બધે જ પેલી ત્રણ શકિત જ પરિબળ રહી - જેમ કે

શારીરિક સામર્થ્ય, પરિવારના સભ્યોનો ટેકો, સાધન સંપત્તિ-ધન-સંપત્તિ ઓળખાણ-સંબંધોની સંપત્તિ, બાહુબળવાળા ગુંડાઓનો સાથ વ.વ. અનેક પરિબળો ક્રિયાશકિતના નવા રૂપો બન્યા.

- ક્રિયાશકિત અને ઈચ્છાશકિત બન્ને એકબીજાના પૂરક બને છે. પ્રબળ ઈચ્છાશકિતના અભાવમાં બાકી બધું હોવા છતાં શાસન લાંબો સમય ટકી શકતું નથી. તો કયારેક પ્રબળ ઈચ્છાશકિત હોય પણ બાકીની ક્રિયાશકિતઓના અભાવમાં પણ શાસન ટકી શકતું નથી. એકવાર આ બન્ને શકિતએ હાથ મિલાવ્યા પછી આગળપાછળના દોષો ઢંકાઈ જાય છે.

" સમરથ કો નહિ દોષ ગુસાંઇ
સર્વે ગુણા: કાંચન માશ્રયન્તે "

કંસ, રાવણ વ. અનેક દૈત્યો નીતિ-નિયમોને-ધર્મને કચડીને પણ શાસન કરતા રહ્યા. હાલમાં હીટલર, ઈદી અમીન વ.ના ઉદાહરણો છે. અમેરિકાએ ગમે તે બ્હાને ઈરાકને સજા કરી. આમ આવા અધિકારમાં ધાર્મિક ગુણો હોવા જરૂરી નથી.

અધિકારપ્રાપ્તિ માટે કામ = ઈચ્છા શકિત તથા વીર્ય = સામર્થ્ય શકિત જરૂરી છે.

ધર્મ સાથે જોડાય તો સુશાસન થાય. મોક્ષ સાથે જોડાય તો ચિરંજીવી શાસન થાય. અગાઉ કહ્યું તેવાં શાસન માટે, સામર્થ્ય એટલે જેની સત્તા અનેક લોકો સુધી વિસ્તરેલી હોય, તથા જે પોતે સ્વયંશકિતશાળી હોય, જે દુષ્ટ હોવા છતાં એક એવું મહોરું પહેરે કે જેથી, સામાન્ય જન તેનાથી અંજાઇ જાય. જેની પાસે આર્થિક સામર્થ્ય વાળું સામ્રાજ્ય છે તેવા બુદ્ધિશાળીઓને પોતાને માટે કામે લગાડી પોતાનું શાસન ટકી રહે તેવી યુકિત-

પ્રયુકિત, જાસુસી વ. કર્યા કરે છે. તેમનો બહારનો દેખાવ પોતે જે કરે છે તે જન સમૂહના હિત માટે કરે છે તેવી છાપ ઉભી કરે છે. (દા.ત. અંગ્રેજોએ ભારતમાં નાખેલી રેલવે લાઇન) પણ તેની પાછળનો ગુપ્ત આશય પોતાનું શાસન ટકી રહે તે જ માત્ર હોય છે. આમ જ્ઞાન શકિત ગૌણ પણે કામમાં આવે છે. પરંતુ પરિણામ સારું નથી રહેતું. તેનું શાસન ફરી બીજો કોઈક આંચકી લે છે અને શાસન દરમિયાન તેને પોતાને સાચુકલી શાંતિ કે સાચુકલુ સુખ નથી મળતું. તે શાંતિ-સુખના અનેક પ્રયાસો-પ્રકારો ગોઠવી પોતાની જાતને આશ્વાસન માત્ર જ આપે છે. કેમ કે તેને હંમેશા ડર રહે છે કે આ બધું કેટલો સમય ટકશે ? કોઈ વધારે બળીયો આ બધું ઝુંટવી તો નહીં લે ને ? આમ તેનું ચિત્ર સર્વદા તે સંરક્ષણના વિચારમાં જ ગુંથાએલું રહેતું હોવાથી, બહાર ગમે તે કહે પણ અંદરથી ચિંતાગ્રસ્ત રહે છે.

જેથી પશુજગત કે મનુષ્ય જગતમાં શાસકને સુખ નથી. પોતાની માનેલી સમૃદ્ધિ તેની પાસે છે છતાં !

## શાસક તરીકે ભગવાનની ત્રીજી કથા

ભગવાનમાં ત્રણે શકિતઓ છે. ભગવાનને જ્યારે જેની જરૂર જણાય તેનો સહજતાથી ઉપયોગ થાય છે, તે માટે આપે કોઈ વિશેષ પ્રયાસ-પ્રયોગ કરવો પડતો નથી. આપે ઈચ્છા કરી અને ઈચ્છા શકિત પ્રકટ થઈ અને તુરત જ ક્રિયાશકિત કામે લાગી ગઈ તેથી સૃષ્ટિ બની, સૃષ્ટિનું નિર્માણ - સંચાલન, નિયમબદ્ધ, બેરોકટોક ચાલ્યા કરે છે, કેમ કે જ્ઞાનશકિત પણ તેમાં મદદ કરે છે.

પ્રભુએ આ ત્રણે શકિત પોતાનામાંથી સહજપણે પ્રકટ કરી છે તથા મુખ્ય વાત તો એ છે કે તેની પાછળ કોઈ પ્રયોજન નથી, જેથી તો તે ક્રિયાશકિત તથા કાર્ય લીલારૂપ છે, ભગવાનની લીલા સામગ્રી સર્વ કંઇ પોતાનાથી ભિન્ન નથી, તેથી તેવું શાસન પણ લીલારૂપ હોવાથી નિર્દોષ છે. તેવા અધિકારને કારણે શિરપાવ કે દંડ બંને પ્રભુને બંધનકર્તા નથી. પ્રભુ માટે તો બધું જ આનંદમય છે.

મનુષ્યની બાબતમાં વિચારીએ તો તેણે પ્રાપ્ત કરેલ શાસન માટે વપરાયેલ ક્રિયાશકિત, ઈચ્છાશકિત કે જ્ઞાનશકિત, પ્રયાસોથી પ્રાપ્ત કરેલ છે. બીજા પાસેથી પ્રાપ્ય તેવી શકિત અલ્પ સૂક્ષ્મ તથા અલ્પજીવી છે. તેની પાછળ કોઈ પ્રયોજન છે, જેથી દુખ આપનારી છે. તથા દુખ પેદા કરનારી છે. તેમાં જે જ્ઞાનશકિત જણાય છે તે જ્ઞાન નથી, પણ બુદ્ધિશકિત છે.

ચિત્ત, મનને બુદ્ધિ થકી જીતી લે છે અથવા સમજાવી લે છે, તેથી તો શાસન થઈ શકે છે! માટે તો સેવાની વ્યાખ્યા-ચિત્તનું પરોવાવવું કહી છે. પણ તે પરોવવા માટે મનને પ્રભુનું માહાત્મ્ય બુદ્ધિથી સમજાવીને વશ કરી લેવામાં આવે છે.

આ બધી વાત આપણા અંદરના કારણો ઉપરના શાસનની છે.

ભગવાનમાં ક્રિયાશકિત રૂપે ઐશ્વર્ય, વીર્ય, યશ વ. જે ધર્મો છે તે પૂર્ણપણે વિકસીત છે.



ભગવાનનું જ્ઞાન તે તો સ્વયં અક્ષરબ્રહ્મ છે. અને તે એટલું વિરાટ છે, તેનો વ્યાપ એટલો બધો છે કે તેમાં બધુ જ સમાઈ જાય છે. તેની બહાર કંઈ કે કોઈ નથી.

એક ઉદાહરણ છે -

અકબરે બિરબલને પૂછયું - અમે મોટા કે અલ્લા ? ત્યારે બિરબલે જવાબ આપ્યો - આપ મોટા.

ત્યારે અકબરે કહ્યું - તું, અમારી ચાપલુસી કરીને અસત્ય બોલે છે ?

બિરબલે કહ્યું - ના નામદાર, કેમ કે આપ નારાજ થાઓ તો મને દેશવટો આપી શકો છો. પણ અલ્લાનું એ સામર્થ્ય નથી કે દેશવટો આપે. (કેમ કે અલ્લાના શાસનની બહાર કોઈ જ સ્થળ નથી) માટે તો તેમના તે અસામર્થ્યના કારણે આપ મોટા છો !

ભગવાનની ઈચ્છાશકિત એટલી પ્રબળ છે કે ઇચ્છા માત્રથી સૃષ્ટિ બને છે. અને લય પણ પામે છે. જ્યારે મનુષ્ય પોતાના બનાવેલ શાસનને લય કરવા ઈચ્છતો જ નથી. આપ ઈચ્છા માત્રથી કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ કરવા સમર્થ છો. આપની ઈચ્છાના કારણે ક્રિયા શકિત અને જ્ઞાનશકિત સ્વત: કાર્યરત થઈ જાય છે.

ભગવાન જીવને સર્વ સમર્થ બનાવવા માટે, સર્વાધિકાર પ્રાપ્ત કરાવવા માટે તેને નિ:સાધન બનાવવા ઈચ્છે છે. એટલે કે બહાર-અંદર બધે થી જ જેણે સાધનો ઉપર શ્રદ્ધા નથી પણ ભગવાન ઉપર જ વિશ્વાસ છે, તેને નથી ક્રિયાશકિત પર મદાર, નથી જ્ઞાનશકિત પર આધાર કે નથી ઈચ્છાશકિતનો આશ્રય. તેણે તો મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું જ, અહંતા-મમતા બધું જ પ્રભુને સમર્પણ કર્યું છે તેથી પોતે ખાલી થઈ જાય છે ત્યારે પ્રભુ તેને પોતાનો ગણી પોતાના જેવી સર્વશકિત આપી દે છે. તેવો "તદીય" છે.

કયારેક તો પ્રભુ તે ભકતના મનોરથને કારણે પોતાના સામર્થ્ય તથા પોતાના જ્ઞાનને પણ છૂપાવીને, પોતે ભકતને વશ થઈ જાય છે. ત્યારે સર્વનો જે શાસક છે, તેનો શાસક ભકત થયો હોય તેવો અહેસાસ પ્રભુ, તે ભકતને કરાવે છે.

જો કે ત્યારે પણ ભકતના હૃદયનો ભાવ તો પ્રભુના દાસપણાથી અધિક કશાનો નથી.

આ પ્રકારે પશુશાસક અને મનુષ્યશાસકના શાસક ભગવાન, પણ ભકત પ્રભુનો પણ શાસક તેમ ચાર શાસકની કથા પૂર્ણ થઈ.

# સ્વયમ્ અને વયમ્

૩૮

સ્વયમ્ તો એકમાત્ર પરમાત્મા, પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે અને વયમ્ તે આપે રચેલ સૃષ્ટિ -લીલા સહિતના આપ છો, પરંતુ અજ્ઞાનને કારણે સ્વયમ્ અને વયમ્‌ની વ્યાખ્યા આજે સદંતર બદલાઇ ગઇ છે.

પરબ્રહ્મ જ્યારે એકલા હતા ત્યારે સ્વયમ્ હતા અને આપે જ્યારે એકોઙહં બહુસ્યામ્ થવાની ઈચ્છા કરી ત્યારથી જ આપ વયમ્ થયા.

શ્રી આચાર્યજી જ્યારે સ્વાનંદ તું દિલ છે, રહપ્રિય છે, વિરહાનુભવૈકાર્થ સર્વ ત્યાગોપદેશક છે. પૂર્ણાનંદ છે, પૂર્ણકામ છે ત્યારે સ્વયમ્ છે.

અને જ્યારે દૈવોદ્ધાર પ્રયત્નાત્મા બને છે, ગુરુ બને છે, અંગીકૃત્યૈવગોપીશ વલ્લભીકૃત માનવ:, અદેયદાનદક્ષ:, તાદશવેષ્ટિત, પતિતપાવન: અશેષભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજો ઘન: બને છે ત્યારે વયમ્ બને છે.

સ્વયમ્ એકલો અહંકાર વધારનાર બને છે અને વયમ અહંકારને ઢાંકનાર છે, સાધનદશામાં.

ફળદશામાં વયમ્‌ને વિષયેષણા કે યશકામના તેને ભ્રષ્ટ કરી દે કદાચ. !

સ્વયમ અને વયમ્‌ને સિક્કાની બે બાજુ બનાવી દેવાની છે. બંનેને એકબીજાના ઉપકારક બનાવવાના છે, શુદ્ધાદ્વૈતની જેમ - નહિ અદ્વૈત કે નહિ દ્વૈત પણ અદ્વૈત જ દ્વૈત બને ત્યારે એક સ્વામી અને બીજો સેવક, છતાં ક્યારેક પ્રેમની પરાકાષ્ઠામાં તે સેવકને વશ સ્વામી થઇ જાય, આનંદપૂર્વક.

સાધનદશામાં વયમ અગ્રજ બને છે અને સ્વયમ્ અનુજ. જ્યારે ફલદશામાં સ્વયમ્ અગ્રજ બને છે અને વયમ્ અનુજ ! તેથી તો ફલદશામાં (જેને માનસીનું વરદાન છે તેવા અચ્યુતદાસ) હોવા છતાં, એકાંતપ્રિય હોવા છતાં, જ્યારે ભગવાનદાસને શ્રીપ્રભુચરણે સેવાથી વિમુખ કર્યા ત્યારે સ્વયમ્ કૃપાળુ થઇને વયમ્ બન્યા અને શ્રીગુસાંઇજીને વિનંતી કરી, જેમાં ઠપકાનો અણસાર પણ હતો કે આપ અત્યારથી જ જીવોના દોષને ધ્યાનમાં લેશો તો દૈવીસૃષ્ટિ ક્યાં જશે ?

સ્વયમ્‌માં સિદ્ધાંતપરકતા ચરમસિમાએ છે. અને ઉદારતા-ક્ષમા સાક્ષીભાવે છે જ્યારે વયમમાં સિદ્ધાંત પરકતામાં ક્ષમાભાવ અનુમન્તા રૂપે છે.

શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજી સત્સંગ ઉપર ભાર મૂકે છે (વયમ) અને શ્રીઆચાર્યજી પણ નિવેદનમ્ તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ જનૈ: કહે છે. (જ.ભે.) ફલદશા વ્યસનદશા થતાં "ગૃહસ્થાનં બાધકત્વં અનાત્મત્વં ચ ભાસતે" કહે છે તો વળી વિવેક પણ બતાવે છે.કે અત: સ્થેયંહરિસ્થાને તદિયે: સહ તત્પરૈ:



અદૂરે વિપ્રકર્ષેવા યથા ચિત્તં ન દુષ્યતિ
બાધે સંભાવના ચાન્તુ નૈકાન્તે વાસે ઈષ્યતે
ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈક માનસ:

માટે તો સાધન દશામાં સત્સંગમંડળી ઉપકારક થઇ પડે છે. (વયં) પણ સેવા તો પોતે, પોતાના માથે બિરાજતા ઠાકુરની પોતાના સ્વગૃહમાં કરવાની, પોતાના પરિવાર સાથે મળી કરવી (સ્વયમ્) પરિવારના બધા સભ્યો સેવામાં જોડાય (વયમ), પરંતુ દરેકનો ભાવ પાછો પૃથક પૃથક (સ્વયમ) અને માનસી દશાના ભાવે પહોંચે ત્યારે વયમની વચ્ચે રહેલો સ્વયમ્ પણ જલકમલવત્ રહી શકે, છતાં તેને જલની જરૂર ખરી અને જલની શોભા કમલથી જ વધે.

આમ સ્વયં બાળક હોય તો વયસ્કને કાંધે બેસે, સમોવડિયા હોય તો એકબીજાના હાથ પકડીને ચાલે અને વયમ્ અશક્ત થઈ જાય તો સ્વયમ્ તેને ટેકો આપે.

પરંતુ જો વિધિનો ક્રમ ઉલટાવી દઇએ અને સેવા મંદિરમાં જાહેર (વયમ) પ્રકારે કરીએ અને સત્સંગ કરવાનું છોડી એકાન્ત સેવીયે (સ્વયમ) તો તેવું એકાન્ત બાધક બને અને તેવી સેવા પણ રસાભાસતાને કારણે નિરર્થક બની રહે. તેથી તો શ્રીહરિરાયજી કર્તવ્યબોધ કરે છે કે સેવા વિધિપૂર્વક કરવી.

"ૐ સહનાવવતુ સહનૌભુનક્તૌ, સહ વિર્ય કંરવાવહૈ:" કહ્યું છે.

# અધરં મધુરં

૧૨૫

અધર પર બંશી ધરી, રાધા તણા પણ ઓષ્ટ ત્યાં,

દૂધ બિંદુ ધૈયાનાં, માતા પ્રતિ રૂઠી ગયા

આ ધરાનું પિયૂષ ના તે, અલૌકિક અ-ધર છે

તેજ અધરામૃત છે કે તલપ ભક્તોની છે જ્યાં

મધુરતા ટપકે ટપક... જ્યાં કૃષ્ણ લીલા માત્ર છે

# સત્સંગનો પ્રકાર

(૧) સત્સંગ કોનો કરવો ? (૨) તેમનાં લક્ષણ ?
૧. તાદશી, ગુરુ, પ્રભુ, ગ્રંથો.
૨. શુદ્ધ અંત:કરણવાળા, સાત્વિક, જાણકાર, ભકત.
(૩). કેટલો સમય કરવો ?
પ્રમાણ વાક્યો.

વિધેયાત્મક ૧. નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ જનૈ :
૨. સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપ :
૩. તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણ : શરણં મમ
૪. અત: સ્થૈયં હરિસ્થાને તદીયૈ સહ તત્પરૈ :
૫. સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિત દઢાં ભવતે
૬. ચક્ષુરુન્મિલિતંયેન તસ્મૈ શ્રી ગુરુવે નમ :

નિષેધાત્મક ૭. વિષયાક્રાન્ત દેહાનાં નાવેશ : સર્વથા હરે :
૮. યાવત્ જીવં તસ્ય નાશો ન કવાપિતિ મતિર્મમ:
૯. યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન
યદા કાલ પ્રવહસ્થા દેહચિત્તાદયોઽચ્યુત
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઇતિ મતિર્મમ:

૪. સત્સંગ શા માટે ?
૧. ભાવરૂપ બેટરી ડાઉન ન થઈ જાય
૨. ઓટોસીસ્ટમ ચાલુ ન થઈ જાય ત્યાં સુધી રેસ્પીરિટર જોઈએ જ.
૩. કુશળતા માટે સતત રીયાઝની જરૂર છે.
યોગ: કર્મષુ કૌશલમ્

૫. શું સત્સંગ કરવો ?
તત્વગ્રંથો, ઉપદેશાત્મક, ભાવાત્મક, સ્તુત્યાત્મક

૬. સાવધાની (૧) શ્રી હરિરાયજીનું દુ:સંગવિજ્ઞાન ગંથ વાંચી જવો.
વંચકથી સાવધાની રાખવી, તેવા પાંખડી છે.
(૨) અર્ધજાણકારીવાળા પાસેથી ખોંટા માર્ગે ચઢી જવાનો ભય રહે છે.
(૩) ભકત ન હોયતો આચરણ ન હોવાથી હૃદયમાં ભાવ દઢ ના થાય.





# ષોડશગ્રંથના ઉપદેશાત્મક સૂત્રો

**સૂત્ર - ૧**

ષોડશગ્રંથમાં શ્રી આચાર્યજીએ પોતાના સેવકોને સૂત્રાત્મક રીતે બોધ કર્યો છે. તે બોધાનુસાર જો જીવન જીવવામાં આવે તો જીવન પુષ્ટિમાર્ગીય જીવન હશે. તદનુસાર માર્ગ પર ચાલવામાં આવે તો પરમફળ-ભગવદનુભવ થશે જ.

તેવા ષોડશગ્રંથના બોધવચનો વિશે વિચારીએ. **“નિયતાર્થ પ્રદાનેન તદીયત્વં તદાશ્રય:”** (બા.બો.-૧૫) જે દેવના “સેવક” બનાવવામાં આવે તેને તે પ્રકારે ફળ સિદ્ધ થાય છે.

બાલબોધ ગ્રંથના ૧૫મા શ્લોકનું આ વચન છે.

બાલબોધ ગ્રંથ આમ તો શ્રીવલ્લભે સર્વસિદ્ધાંત રૂપે કહ્યો છે. પણ ઉપરોકત સૂત્રમાં પુષ્ટિમાર્ગનો પાયો નંખાયો છે.

(યાદવેન્દ્ર કુંભારે જેમ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી શ્રીનવનિતપ્રિયજીના મંદિરનો પાયો ખોદી નાખ્યો.)

આપણા સ્વામી શ્રીકૃષ્ણ પુષ્ટિપુરુષોત્તમ છે, સચ્ચિદાનંદ છે, સર્વસૃષ્ટિના એકમાત્ર નાયક છે, અક્ષરથી પણ ઉત્તમ છે. આવા કૃષ્ણને ભજવામાં આવે તો ફળ પણ તેવું જ ઉત્તમ થશે. અને ન્યૂન દેવ-દેવીને ભજે તો ફળ પણ ન્યૂન થશે.

“તદીય” શબ્દનો અર્થ કરીએ તો - પ્રભુ જેને અતી પ્રિય હોવાના કારણે જે પ્રભુની અત્યંત સ્નેહપૂર્વીકા સેવા કરે છે, સ્મરણ કરે છે અને પ્રભુના સુખમાં જ જેની તત્પરતા છે તે તદીય.

તદાશ્રાયી કહેતા જેને પોતાના સ્વામી શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈનો આશ્રય નથી, કૃષ્ણને આશ્રયે આવ્યા પછી જે અભય થઈ જાય છે, અનન્યાશ્રયી બની જાય છે.

આપણા માર્ગમાં પ્રથમ દીક્ષા આપવામાં આવે છે તેને નામદીક્ષા કે શરણદીક્ષા કહેવામાં આવે છે. સારી રીતે ગ્રહણ કરવામાં આવે તો તદાશ્રય સિદ્ધ થાય અને માર્ગમાં આપવામાં આવતી બીજી દીક્ષા કે જેને સમર્પણ દીક્ષા કહેવામાં આવે છે તે પ્રાપ્ત થયા પછી ભગવદ સુખાર્થે સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તે દીક્ષા સારી રીતે ગ્રહણ કરી સ્વકર્તવ્ય બજાવનાર “તદીય” થાય છે.

**સૂત્ર - ૨**

**જીવા: સ્વભાવત: દુષ્ટા:**

ષોડશગ્રંથના બાલબોધ પ્રકરણ ગ્રંથમાં આ ૧૬મો શ્લોક છે.

આ સૂત્રથી જીવનું સ્વરૂપ સમજાવ્યું છે. આ જીવ મૂળે તો અંશરૂપે સચ્ચિદાનંદ જ છે.

પૂર્ણાનંદ તેવાં ભગવાનમાંથી વ્યુચ્ચરિત થયેલો અંશરૂપ જીવ શરૂમાં તો અત્યંત શુદ્ધ ઐશ્વર્યાદિયુકત હતો પરંતુ ભગદીચ્છાથી તેને ભગવાનની શકિત એવી માયા-અવિદ્યાને કારણે અહંતા-મમતા લાગી ત્યારે તે જીવ કે જે શુદ્ધ આત્મારૂપે હતો તે દોષયુકત થઈને જીવરૂપ થયો.

માટે શ્રીવલ્લભે જીવનું વર્તમાન સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે સ્વભાવથી (સ્વ-ભાવ) જીવ, દુષ્ટ છે એટલે કે દોષથી ભરેલો છે.

આ જ વાત બ્રહ્મસંબંધ મંત્રના પહેલા વિભાગમાં પણ વર્ણવેલ છે, જેમાં સૌ પ્રથમ વિભાગમાં જીવનું સ્વરૂપ બતાવ્યું છે તે પછી પ્રભુનું સ્વરૂપ, તે પછી જીવના અહંતા-મમતાત્મક પદાર્થોનું વર્ણન છે, ત્યારબાદ જીવને પોતે દાસ હોવાનું ભાન થતાં તે સર્વનું સમર્પણ કરે છે.

આ ચાર વિભાગમાંના પ્રથમ વિભાગમાં જીવ કે જે પ્રભુનો જ અંશ છે, પણ પ્રભુથી વિખૂટો પડી ગયાને અપરિમિત વર્ષો થઈ જવા છતાં તેને તેનું ભાન નથી અને છૂટા પડવાના કારણે જે તાપકલેશ થવો જોઈએ તે પણ થતો નથી. જીવની આ પ્રકારની સ્થિતિને કારણે જીવ દોષયુકત (દુષ્ટ) છે. તે પણ દુષ્ટતા મિટાવવા માટે જ તો તેને બ્રહ્મસંબંધ દીક્ષા આપીને પોતાના સ્વરૂપનું ભાન કરાવવામાં આવે છે અને તદનુસાર ક્રિયા કરવામાં જોડાવવાનું - ભગવત્સેવા કરવાનું કહેવામાં આવે છે તે જ "હું દાસ છું" તે ભાવના સહિત.

**<u>સૂત્ર - ૩</u>**

**<u>સમર્પણેનાત્મનો હિ, તદિયત્વં ભવેદ્ ધ્રુવમ્</u>**

બાલબોધ પ્રકરણ ગ્રંથના શ્લોક-૧૮નું આ સૂત્ર છે. અર્થ - સર્વ વસ્તુનું આત્મા સહિત પ્રભુને સમર્પણ કરવાથી જીવને ચોક્કસ તદીયતા થાય છે.

<u>ભાવાર્થ -</u> આ સૂત્રમાં પુષ્ટિ સિદ્ધાંત ઉપર ચાલવા માગનારને કર્તવ્ય બોધ છે.

"તદીયતા" એટલે કે પ્રભુ જેને પોતાનો જાણે. પ્રભુ પોતાનો જાણે તે માટે લાયક પણ બનવું પડે. વલ્લભે જે કર્તવ્યોપદેશ આપ્યો છે તે પ્રમાણે ચાલવું પણ પડે.

માર્ગમાં પ્રવેશ તે સાધન અને દઢતા પૂર્વક ચાલવું તે સિદ્ધિ.

કૃષ્ણદાસ મેઘનના પ્રસંગમાં, શ્રી આચાર્યજીને ત્રણ ત્રણ વખત પોતાની કૃતિથી ઘણા પ્રસન્ન કર્યા ત્યારે આપે માંગવા કહ્યું, ત્યારે ફરી ફરી "માર્ગ હૃદયારૂઢ થાય" તે માંગ્યું. એટલે કે "તદીયત્વમ્ ભવેદ્ ધ્રુવમ્"

તદીયત્વ દઢ થવાનો ઉપાય પણ બતાવ્યો છે કે "સમર્પણેનાત્મનો હિ" આત્મા સહિત સમર્પણ.

શ્રીમહાપ્રભુએ કૃષ્ણદાસના ગુરુના ઘરે આવવાની ના કહી. છતાં ફરી ફરી તે માગે છે, ત્યાં એમના સમર્પણમાં કયાંક ક્ષતી છે તેમ બતાવે છે. સમર્પણ એ બહુ જ સૂક્ષ્મ વિચાર છે.



બાલબોધનું બીજ સિદ્ધાંત મુકતાવલિ, સિદ્ધાંત રહસ્ય, ભકિતવર્ધિની, ચતુશ્લોકી, નિરોધલક્ષણ અને સેવાફળમાં પાંગરતું પાંગરતું ફલરૂપ બની જાય છે.

હકીકતમાં કૃષ્ણદાસ મેઘન તો ઉત્તમ ભકત છે, પરંતુ તેમની વાર્તાના આવા પ્રસંગ આપણા કર્તવ્યબોધ માટે છે.

**<u>સૂત્ર - ૪</u>**

**<u>કૃષ્ણસેવા સદા કાર્યા -</u>**

આ સિદ્ધાંત-મુકતાવલીના પહેલા શ્લોકમાંનું સૂત્ર છે. બાલબોધમાં સમર્પણના બીજરૂપ વાત આવી. હવે આગળ વધતાં સિદ્ધાંતમુકતાવલીમાં તે શ્લોકનો આશય પ્રકટ કરે છે કે -સમર્પણ એટલે શું ?

જવાબ કૃષ્ણસેવા છે. આપણું એક અને એકમાત્ર કર્તવ્ય કૃષ્ણસેવા છે. સેવાના ભોગે કથા નથી, સત્સંગ નથી, કે નથી વૈદિક-લૌકિક કાર્યો. તેવી સમજ શ્રી ગોપેશજી નવરત્ની ટીકામાં આપે છે.

બ્રહ્મસંબંધ મંત્રને નિવેદનમંત્ર કહે છે. જેમાં પ્રભુને આપણે "આત્મા સહિત સર્વવસ્તુનું સમર્પણ કરીએ છીએ." તેવું નિવેદન *promiss* આપીએ છીએ. તે જે વાણીરૂપે હતું તે પછી કૃતિ રૂપે શરૂ થાય છે. તે પ્રમાણે આપણું બધું ભગવાનમાં સેવારૂપે વિનિયોગ કરવાનું. કૃષ્ણસેવા ઘરમાં પધરાવીને ભાવપૂર્વક પોતાના તન-મન-ધનથી પોતાના પરિવાર સાથે મળીને પોતાના જ માથે બિરાજતા પ્રભુમાં ચિત્ત પરોવીને સેવા કરવાની છે.

સંસારમાં રહેવા છતાં ચિત્તમાં કૃષ્ણ હંમેશા રમતો રહે તો તે "સદા" સેવા થઈ.

આપણે ત્યાં ૮૪ વૈષ્ણવની દરેક વાતમાં શ્રીમહાપ્રભુજી જીવને બ્રહ્મસંબંધ કરાવે છે પછી તે જીવ સેવક થાય છે એટલે અચુક પૂછે છે "હવે મારું કર્તવ્ય શું ? ત્યારે શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે "મારું આ સર્વસ્વ તને પધરાવી આપું છું તેની પ્રેમપૂર્વક સેવા કરો."

આમ કૃષ્ણસેવા તે આપણા માટે પ્રાથમિક અને અંતીમ કર્તવ્યબોધ છે. તે જ સાધન છે તે ફળરૂપ બને છે. માટે તો દયારામભાઈ કહે છે

વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું

**<u>સૂત્ર - ૫</u>**

વિષયાક્રાન્ત દેહાનાં નાવેશ: સર્વથા હરે: (સં.નિ.-૬)

અર્થ - વિષયા સકત દેહમાં શ્રીહરિનો આવેશ થતો નથી.

<u>વાર્તાવાક્ય</u> - તેઓ જન્મથી જ બાલબ્રહ્મચારી અને સખીરૂપ હોઈ ગૃહસ્થાશ્રમને જાણતા નથી. (દામોદરદાસ હરસાની)

વિવેચન - આ પુષ્ટિભકિતમાર્ગમાં અંદર-બહારની આચાર શુદ્ધિ, વિચારશુદ્ધિ એટલે

ચિત્તમાં સદા કૃષ્ણ તથા તેની લીલાનું ભાવન.

શ્રી દામોદરદાસ હરસાની આ ત્રણેથી પૂર્ણ છે. તેઓ બાલબ્રહ્મચારી હતા તથા ચિત્તમાં પણ તેમને સાંસારિક વિષયોની ગંધ પણ ન્હોતી. તેમની એકમાત્ર આસકિત શ્રીવલ્લભ વિશે હતી, માટે તો જયારે તેમના અને વલ્લભના પાંચ-છ વર્ષના વિયોગ બાદ પ્રથમ મુલાકાત થઇ ત્યારે દામોદરદાસના ઘરમાં ભાઇઓ વચ્ચે સંપત્તિના ભાગ પડતા હતા પણ તે તો ઝરૂખામાં બેસી શ્રીવલ્લભની પ્રતિક્ષા કરી રહ્યા હતા.

માર્ગ ઉપર તેમને જેવા શ્રીવલ્લભના દર્શન થયા ત્યારે ક્ષણનો વિલંબ સહન ન કરી શકવાને કારણે ઝરૂખામાંથી જ સીધા માર્ગ પર કૂદી, શ્રી વલ્લભના ચરણોમાં જઇ પડ્યા. ત્યારથી તેમને શ્રીવલ્લભના ચરણોને મન-વાણી-કૃતિથી છોડ્યા નથી.

તેમના અંત:કરણમાં સાંસારિક વિષયોની ગંધ સુદ્ધાં ન્હોતી. તેમની પાંચકર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન બધું જ પૂર્ણપણે આત્મા સહિત શ્રીવલ્લભને સમર્પિત હતું. તેમણે શ્રીવલ્લભ તથા કૃષ્ણમાં ભેદ જાણ્યો નથી. જેથી બંને વચ્ચે ઊંચ-નીચ ભાવ પણ ન થી.

આપણા માર્ગમાં શ્રીકૃષ્ણની પ્રાપ્તિની સાધનામાં સંસારથી વિમુખતા તથા કૃષ્ણથી અભિમુખતા થવી જરૂરી માની છે. સંસારથી વિમુખ થવા માટે અહંતા-મમતાના વિષયમાં સ્નેહ ન હોવો જોઇએ પરંતુ પોતાના હૃદયમાં રહેલો સ્નેહ કૃષ્ણ માટે જ અકબંધ જોઇએ.

કૃષ્ણને હૃદયમાં બિરાજાવવા હોય તો હૃદયને સંસારની વાસનાથી ખાલી કરી નાખવું જોઈએ. વિષયાવેશ દૂર થવાથી હૃદયપ્રદેશ નિર્મળ થઇ જશે, પ્રભુને લાયક થઇ જશે. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે જેથી તેવા ઉત્તમ હૃદયમાં જ આપ બિરાજશે.

## ૧૦૫ વિડંબણા

જે નાવ ઉતારે સૌને પાર

શું તે પ્રવાહને જાણે સાર ?

તો કેમ ના આવે જલથી બહાર ?

ડૂબે ના જલમાં, એટલો ભાર

વિડંબણા આ અપરંપાર



## ૪૧ સંગ

નિવેદીત વૈષ્ણવને ન ટાળી શકાય તેવા સંગ આ પ્રકારે થાય છે.

(૧) સ્વયં પોતાનો, (૨) પોતાના પરિવારનો, (૩) પોતાની ચલ-અચલ સંપત્તિનો, (૪) વૈષ્ણવોનો, (૫) ગુરુનો.

બહારના અન્ય સંગીઓને તો જાકારો આપી શકાય છે, પણ ઉપરોક્ત તો આપણા જીવન સાથે જોડાયેલા હોવાથી નિવેદીતો, તેમનો ત્યાગ કરી શકતા નથી, કેમ કે સેવા કરવા બાબત "ગૃહે સ્થિત્વા સ્વ ધર્મત:" તેવી આજ્ઞા, શ્રી આચાર્યજીની છે, જેથી આ બધાનો સંગ ખૂબ જ સાવચેતી પૂર્વક અદૂરે વિપ્રકર્ષે વા ની જેમ કરવા જેવો છે.

**(૧) પોતાની જાતમાં :** પોતાની વિચાર સમૃદ્ધિ, આચરણ સમૃદ્ધિને દુષિત થવા દેવી નહિ અને તે માટે સદાચાર તથા ભગવદ્ અનુસંધાન બન્ને જરૂરી છે. પોતાની અંદર રહેલો કામ-ક્રોધાદિ છ દોષોથી છુવાવું નહિ.

**(૨) પોતાના પરિવાર જનોની** વિચાર સમૃદ્ધિને શુદ્ધ રાખવા માટે, તેમની સાથે બેસીને સત્સંગાદિ કરવા, સદુપદેશ કરવો તથા તેમને પ્રભુની સેવામાં સહભાગી બનાવવા. પોતાનો કાર્યક્રમ એટલો વ્યસ્ત રાખવો કે પરિવાર સાથેનો બિનજરૂરી સંગ ટાળી શકાય. પોતાને બાધક ન થાય એટલા માટે તેમની સાથે તત્ પૂરતા સમય માટે લૌકિક કાર્યોમાં કપટવત્ સહભાગી થવું પણ રસનિમગ્ન ન થવું.

**(૩) પોતાની સંપત્તિ** અધર્મથી કમાવવી નહિ અન્યથા તે દ્વારા દોષોને પ્રવેશવાની બારી ખૂલી જશે. અધર્મથી સંચિત સંપત્તિનો નિષ્કામ ભાવે પરોપકારાદિમાં વિનિયોગ કરાવી દેવો હિતાવહ છે. પોતાની સંપત્તિમાં "પોતાપણા"નો ભાવ ત્યાગવો અને તેમાં "ભગવદ્કૃપા" નો ભાવ ભરવો. ભગવદ્ વિનિયોગનો ભાવ ઉમેરવો.

**(૪) ભગવદીય વૈષ્ણવો સાથે** અનવસરના સમયમાં બેસી માર્ગીય ભગવદ્ ગુણાનુવાદ કરવા જોઇએ, તથા બોધ વચનોનું વાંચન તથા માર્ગીય સાહિત્યનું અધ્યયન કરવું જોઇએ. તે સિવાયની લૌકિક વાતો તે સમયમાં તો ન જ કરવી જોઇએ. તથા લૌકિકતા વધે તેવા કોઇ પ્રકાર, ભક્તિ-મનોરથના રૂપમાં પણ ન કરવા જોઇએ. લૌકિક વ્યવહારમાં જવાનું થાય ત્યારે ત્યાં શોધીને પણ અનુકૂળ વૈષ્ણવોની ટોળી જમાવીને કંઇક સત્સંગ કરવો, અને બહારગામ જવાનું થાય ત્યારે ત્યાં શોધીને પણ કોઇ ભગવદીય વૈષ્ણવના ઘરે જવું, જેથી તેવો દિવસ ભગવદનુસંધાન વગરનો ન બની રહે.

**(૫) ગુરુનો સંગ :** ગુરુ દીક્ષા દાતા છે, જેથી તો આ માર્ગમાં પ્રવેશ થયો છે, તેવો ઉત્તમ ભાવ ભરી રાખવો. ગુરુ અજ્ઞાન દૂર કરી જ્ઞાન - ભક્તિના માર્ગે ચઢાવી આગળ વધવામાં સહાયરૂપ થાય તે અપેક્ષાથી સંગ રાખવો, અને જ્યારે પણ લૌકિકતાનો અંશમાત્ર પણ જણાય, ત્યારે શ્રીમહાપ્રભુને ગુરુ માની તેમનો જ માત્ર ગુરુરૂપે સંગ કરવો

(ગ્રંથાભ્યાસથી) અને કદાચ કોઇ ઉત્તમ ગુરુના લક્ષણવાળા શિક્ષાગુરુ મળે તો શ્રીમહાપ્રભુની કૃપા માની તેમનામાં ગુરુભાવ રાખી, તેમનો સંગ કરવો.

આમ આ પાંચ પ્રકારે સંગ કરવાથી ચિત્તશુદ્ધિ થશે, અને ભક્તિ દૃઢ થશે.

૧૨૭

## પંચ શ્લોકી

સંસારગૃહ ત્યજવાની છૂટ (જો) સેવા ગૃહે બનતી નથી

સંસાર જો છૂટતો નથી તો કૃષ્ણમાં જોડીને જો (૧)

કૃપા કૃષ્ણની એવી સમર્થ અનર્થને દૂર રાખશે

વૃત્તિ સહજ છે સંગની (પણ) ગાંઠ તેનાથી વળી (તો)

પણ તાદૃશી ભેટી જશે તો દુષણ સંગ પલાયનમ્ (૨)

ભક્તિનું બીજ અદૃઢ છે પણ સ્વગૃહે સેવા સ્વયં

ના ઉપેક્ષા ઉપેક્ષકની પણ પ્રતિકૂળ ત્યાજ્ય છે

બહિર્મુખી જે કૃષ્ણથી, ત્યજવામાં સ્હેજે દોષ ના (૩)

શરણાગતિના છ પ્રકારો સંકલ્પ લ્યો અનુકૂળ થવા

પ્રભુને પ્રતિકૂળ ત્યાગી દો વિશ્વાસ દૃઢ એવો બને (૪)

નિજેચ્છાત : કરિષ્યતિ ભર્તાપણું નિભાવશે

આત્મનિવેદન સર્વથા ને દીનતા સૌ કાળમાં (૫)

ભક્તિ અને શરણાગતિ આ પંચ શ્લોકીમાં વસી



૪૨

## સત્ય

સત્ય બ્રુયાત... પ્રિયમ્ બ્રુયાત...

સત્ય તો હંમેશા કડવું હોય છે... આવાં સત્યની સાથે, આપણે અનેક વિશેષણો લગાવીએ છીએ, પરંતુ "હકિકત" તે જ સત્ય છે, સત્ય નિર્લેપ છે.

પરબ્રહ્મનું જ નામ સત્ય છે.

જે વિશેષણો લગાવીએ છીએ તે આપણી આંશિક અનુભૂતિ છે. અથવા સત્ય સુધી પહોંચવાનો માર્ગ છે અથવા સત્યરસને જીરવી શકવા માટે, સક્ષમ થવાની પાત્રતા પામવા માટેના પ્રયાસો છે.

સત્યને પામ્યા પછી, સત્ય સિવાય બધુ લોપ થઇ જાય છે. સત્ય પરમ તત્વ છે, અને એકમાત્ર છે કે જેમાંથી સર્વ સત્યો પ્રકટ થયા છે.

એક જ બહુસ્યામ્ થયો છે. છતાં વિશેષતા એ છે કે પરબ્રહ્મ જગતને બનાવે છે, અને લય કરે છે પોતામાં, નહિ કે જગત પોતામાં પરબ્રહ્મને. આમ જગત સત્ય હોવા છતાં જગત પરમસત્ય નથી.

સત્યની પાછળ બધાં ચાલે છે. સત્ય કોઇની પાછળ નથી ચાલતું. સત્ય નથી કોઇથી અભડાતું કે નથી કોઇને આભડતું. સત્યને પોતાની ઓળખ આપવાની જરૂર નથી પડતી કેમ કે સત્ય સત્ય સિવાય કાંઇ જ નથી.

સત્યને ચાલવા માટે ચરણ, ક્રિયા માટે હસ્ત કે બોલવા માટે જિહ્વા અને શ્રવણ માટે કર્ણની અપેક્ષા નથી છતાં સત્ય ચાલે છે, ક્રિયા કરે છે, બોલે છે, સાંભળે છે.

સત્યની ભાષા સંભળાય તેવી છે પણ સહજતાથી સમજાય તેવી નથી. સમજવા માટે શાસ્ત્ર અને ગુરુની આવશ્યકતા છે.

એકલવ્ય એક જાણી શકે, બધું નહિ.

સર્વત્ર સત્યનું સામ્રાજ્ય છે.

અસત્યને સોયની અણી મૂકવા જેટલી પણ જગા નથી પરંતુ જે ભાસે છે તે અહં છે, મૃગ જળ છે, ખ પુષ્પ છે, કે સસલાંના શિંગડાં છે. અને આ બધાંનો નિવાસ સંસારમાં છે, જગતમાં નહિ.

સસલું અને શિંગડાં બન્ને સત્ય હોવા છતાં તેમની વચ્ચેનું જોડાણ અસત્ય હોવાથી સત્ય નથી.

સત્ય માત્ર સાકાર-નિરાકાર જ નહિ સર્વાકાર છે, કલ્પનાતીત છે.

તેથી તો જગત સાકાર છે, અને બ્રહ્માંડવિસ્તાર નિરાકાર !

કર્મેન્દ્રિયો સાકાર અને જ્ઞાનેન્દ્રિયો નિરાકાર, છતાં તે બન્ને એકબીજાના પૂરક. છે.

વર્ણ (ક-ખ-વ) સાકાર છતાં ધ્વનિ નિરાકાર, ધ્વનિ નિરાકાર છતાં તેના તરંગોને આકાર છે, નાના-મોટા છે. સાકાર નિરાકારમાં, પ્રધાન - ગૌણતા વિચારવી એજ અસભ્યતા છે. વર્તુળનું પ્રાથમિક બિંદુ કયું ? તે શોધવું તે સમયનો દુર્વ્યય છે.

સત્ય બાબતમાં કોઈ વાદ કે વિવાદ ન હોઈ શકે સત્ય શાંત - મૌન - અડગ - સર્વશક્તિમાન હોવા છતાં, અરે... તેને કોઈ માન્યતાની અપેક્ષા જ નથી કેમ કે, તે એક અને એક માત્ર હકિકત છે.

૧૨૬

# સુરદાસ

આંધળાને દૃષ્ટિનું શું કામ છે ?

દૃષ્ટાને ય દૃશ્યની શું ગર્જ છે ?

દૃષ્ટા-દૃશ્ય એ યુગલ પરમાનંદ છે ૧

દૃશ્ય છે તે બહાર છે

દૃષ્ટા અંદર - બહાર છે

સર્વ કંઈ પ્રતિબિંબ છે -દૃષ્ટા તણું

દૃશ્યને દૃષ્ટામાં થોડો ભેદ છે ૨

દૃષ્ટાની પાછળ તો ખાલી શૂન્ય છે

દૃષ્ટા તો અનંત અપરંપાર છે ૩

જોવું નથી જો દૃશ્ય તે તો અંધ છે

જોનાર છે તો અંધ પણ સૂરદાસ છે ૪

દૃશ્ય લીલા, દૃષ્ટિ શક્તિ

દૃષ્ટા સર્વાધાર છે

એ વાત જો હૃદયે વસે તો સર્વ જય જય કાર છે

એ વાત જો મનને જચે તો જીવન ભરતી લહર છે ૫



૪૩

# સત્સંગ

શ્રી વલ્લભના કૃપાપાત્ર અનન્ય વૈષ્ણવજન.......

શ્રી હરિની કૃપાથી આપ સૌને સત્સંગ વિષયક નિમિત્તે મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ હું મને ધન્ય માનું છું.

શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ, શ્રી ગોકુળનાથજી તથા શ્રી હરિરાયજી આજે અત્યંત પ્રસન્ન હશે કારણ આજે સત્સંગ માટે વૈષ્ણવો એકઠા થયા છે. વૈષ્ણવો તેમને અતિપ્રિય હતા અને વૈષ્ણવોને તેઓ અતિપ્રિય હતા. જેથી શ્રી વિઠ્ઠલે સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી વલ્લભનાં "સ્વાર્થોજ્ઝિત અખિલ પ્રાણ પ્રિય :" તથા "તાદશ વેષ્ટત:" કહ્યાં છે. એટલે કે પોતાના અર્થ છોડીને પોતાના ઘણા પ્રાણ અર્પણ કર્યા છે એવા ભક્તોનાં વ્હાલા તથા તેવા ભગવદીયોથી વિંટળાએલા.

સત્સંગનું ઉત્કૃષ્ટ સ્વરૂપ તો તે છે કે જેમાં સત્સંગ વગર જીવને ચેન ન પડે. ૮૪ વૈ. વાર્તામાં દીનકરદાસ શેઠ તથા ૨૫૨ વૈ. ની વાર્તામાં અલીખાન તથા તેમની બેટી પીરજાદી આવા સત્સંગના શ્રવણના વ્યસની હતા. અને આપણને સવારે જો ચા ન મળે તો દિવસભર ચેન ન પડે, શ્રી વલ્લભને ખુદને પણ સત્સંગ એટલે કે પ્રભુવાર્તા કર્યા વગર ચેન ન્હોતું પડતું. સતત પ્રભુસંમુખ જ હતા છતાં પણ આપ દમલાજીને કહે છે, "દમલા બહોત દેર ભઈ કછુ ભગવદ્વાર્તા નહિ કરી..." આપ કૃષ્ણ ભજનની ઉત્કંઠાનું પણ સતત પોષણ કરતા રહેતા હતા. આપશ્રીનો તથા શ્રી વિઠ્ઠલનોએ રોજીંદો કાર્યક્રમ જ હતો કે બપોરના વિશ્રામબાદ ભાગવત કથામાં યુગલગીત તથા ભ્રમરગીતની રસવર્ષા વરસાવતા હતા. "નિજ મંડલી બુલાઈ"

ત્યારે શ્રીગોકુલેશને તો વૈષ્ણવોની કથા અત્યંત પ્રિય હતી. આપ જ્યારે એકવાર રાત્રે સત્સંગ કરાવતા હતા ત્યારે, નિત્યનો સુબોધિનીજી વાંચવાનો ક્રમ તોડીને ૮૪ વૈ.ની વાર્તા કહેવા લાગી ગયા અને તેમાં એટલા ભાવ તરબોળ થઈ ગયા કે સમયનું ભાન ન રહ્યું, જેથી મોડું થવાથી જ્યારે સત્સંગનો વિરામ કરી આશ્રયનું પદ ગાયું ત્યારે કોઈએ કહ્યું, આજે ભગવદ્કથા બાકી રહી. ત્યારે આપશ્રીએ કહ્યું આજે તો ભગવદ્કથાનું ફળ કહ્યું. વૈષ્ણવોની કથાનું સ્વરૂપ આવું છે. આપશ્રી વૈષ્ણવોના જે સ્વરૂપને જાણે છે તેવું બીજું કોણ જાણી શકે? આપશ્રી માલા-તિલકના પ્રસંગે કાશ્મિર પધાર્યા હતા ત્યારે ઠંડીમાં ગદ્દલની આજ્ઞા કરી ત્યારે સાથેના સેવકને ખ્યાલ આવ્યો કે ગદ્દલ તો અપરસને લાયક નથી. ત્યારે આપે આજ્ઞા કરી જાઓ, તેને વૈષ્ણવનો સ્પર્શ કરાવીને લાવો... જોયું... મોટાઓની મોટાઈ... પોતાના સ્પર્શ કરતા પણ આપે વૈષ્ણવના સ્પર્શને કેટલો અધિક માન્યો છે? આનાથી ઉંચું શિખર કયું હોઈ શકે?

આજે આપણે ૮૪ વૈ. ની વાર્તા જે પ્રાપ્ત છે તથા શ્રી હરિરાયજીનો ભાવપ્રકાશ પણ પ્રાપ્ય છે તે આપશ્રીની અસીમકૃપાનું જ ફળે છે.

વાર્તામાં શ્રી આચાર્યજીના નિર્ગુણ સેવકો કેવું જીવન જીવી ગયા તેનું વૃત્તાંત છે, અને તે વૃત્તાંતની પાછળ શ્રી આચાર્યજીએ બતાવેલા સિદ્ધાંતો ષોડશગ્રંથમાં પ્રાપ્ય છે. વાર્તા વૃત્તાંત છે, ભાવ પ્રકાશ સિદ્ધાંત છે. વળી વાર્તામાંથી શ્રી આચાર્યજીના સ્વરૂપ-લક્ષણના પણ દર્શન થાય છે.

આ વાર્તાઓનો ગ્રંથ કેવી રીતે પ્રાપ્ત થયો તેનો એક સંશોધન લેખ મારા વાંચવામાં આવ્યો હતો તે અત્રે પ્રસ્તુત કરૂં છું. જેની **Otheticity** સિદ્ધ ન પણ થઇ હોય, પણ સંશોધન તથા ભાવની દષ્ટિએ સમજવા લાયક છે. ઉજ્જેનમાં કૃષ્ણ ભટ્ટ રહેતા હતા. ગોકુળ જતા આવતા વૈષ્ણવો ઉજ્જેનમાં કૃષ્ણ ભટ્ટને ત્યાં થઇને જ જતા. તેમની સાથે સત્સંગ કરતા. વાર્તામાંથી તે વિદિત થાય છે કે કૃષ્ણભટ્ટ દિવસો સુધી સત્સંગમાં મગ્ન થઇ જતા અને દેહાનુસંધાન પણ ભૂલી જતા. એમ કહેવાય છે કે આ વૈષ્ણવોએ જાણેલી વૈષ્ણવોની વાર્તાના પ્રસંગો કહેતા, જે કૃષ્ણ ભટ્ટ નોંધી લેતા અને પછી નિત્ય તેનું અધ્યયન કરતા. કૃષ્ણ ભટ્ટ લીલામાં પહોંચી ગયા પછી તેમનાં પત્નીએ પોતાના પુત્રને આજ્ઞા કરી કે જે ગ્રંથમાં વૈષ્ણવોની વાર્તા છે તે ગુરુની વસ્તુ છે જેથી ગુરુઘરે પહોંચાડી આવો. આ પુત્ર શ્રી ગોકુળનાથજીનો સેવક હોવાથી તે ગ્રંથ શ્રી ગોકુળનાથજીને પધરાવી આવ્યો. શ્રી ગોકુળનાથજીએ જ્યારે તે ગ્રંથના દર્શન કર્યા ત્યારે ખૂબ જ પ્રસન્ન થઇને ભાવવિભોર થઇ ગયા. તેમની વાર્તા તેઓ નિયમિત કરતા, જે ગ્રંથરૂપે પ્રાપ્ત થયો. પાછળથી તો વૃદ્ધાવસ્થા થઇ હોવાથી તથા દષ્ટિ ઝાંખી થઇ હોવાથી, આપ વાંચી શકતા ન હોતા પણ નિયમિત તે ગ્રંથને સંદુકમાંથી મંગાવીને, તેને આંખોને સ્પર્શ કરાવતા અને પાછો ફરી સંદુકમાં પધરાવી, તાળું મરાવી દેતાં. આમ વૈષ્ણવોની કથા આપને કેટલી પ્રિય છે તે અહીં જણાય છે.

શ્રી હરિરાયજીનો વૈષ્ણવો પ્રતિનો સ્નેહ તથા વૈષ્ણવો સાથેનો સત્સંગ તો અતિપ્રિય હતો. તેટલું જ નહિ તેથી પણ કંઇક અધિક હતો. આપશ્રીના પિતાશ્રીની આજ્ઞા વિરૂદ્ધ પણ આપશ્રી વૈષ્ણવોની વચમાં, તેઓની સાથે જ એક આસને બિરાજી હરિકીર્તન કરતા હતા. જ્યારે વૈષ્ણવોની મધ્યમાં શ્રી ઠાકુરજીના દર્શન આપને થયા ત્યારે આપના મુખમાંથી અનાયાસે શબ્દો સરી પડ્યા.

હોં વારી ઇન વલ્લભીયન પર, મેરે તનકો કરૂં બિછોના શિશ ધરૂં ઇનકે ચરણનતર

આવા શબ્દો એક ગુરુના, શિષ્ય પરત્વે નિકળે તેનાથી વિશેષ વૈષ્ણવનું સ્વરૂપ અને દીનતાનું સ્વરૂપ કયું હોઇ શકે ? આ સૌ મહાનુભાવોને સત્સંગ તથા વૈષ્ણવો કેવા પ્રિય હતા તે વિષે કંઇક સમજવા પ્રયત્ન કર્યો.

હવે આપણે જે સત્સંગ શરૂ કરવા માંગીયે છીએ તે પહેલાં સત્સંગનું સ્વરૂપ સમજી લેવું જરૂરી ગણાય, તેના વિશે કંઇક વિચારીએ.

(૧) સત્સંગનો જે દિવસ અને સમય નક્કી કર્યો હોય તે દિવસની આપણે સૌ ઉત્કંઠા પૂર્વક રાહ જોતા હોઇએ, તેવો સત્સંગમાં સ્નેહ હોવો જોઇએ. ત્યાર બાદ અસક્તિ



થાય અને પ્રભુકૃપાએ વ્યસનાવસ્થા થાય, પરંતુ સાધનદશામાં જ્યારે પ્રયાસ છતાં લાગે કે સત્સંગ બોજારૂપ છે, ત્યારે બહેતર છે કે સત્સંગ છોડી દેવો. જેમ સેવાની બાબતમાં આજ્ઞા છે તેમ, કેમ કે અધિકારત્વ ન પણ હોય !

(૨) સત્સંગમાં સચ્ચિદાનંદ પૂર્ણપુરૂષોત્તમ શ્રી કૃષ્ણના રૂપ ગુણ લીલાના ગાન, વલ્લભની વાણી અને જેમનામાં શ્રી વલ્લભ બિરાજી રહ્યા છે, તેમની વાણીનું અવગાહન, તે સિવાય અન્ય કોઇ વિષય ન હોવો જોઇએ.

(૩) સત્સંગમાં પધારેલા સર્વ વ્યક્તિમાં હરિના જ દર્શન કરવા, જેથી દોષ બુદ્ધિ નહિ થાય.

(૪) સત્સંગમાં જે કંઇ વાંચવામાં આવે તે ગમે તેટલું થોડું ભલે વંચાય, પણ તેના દરેક પાસાનો અર્થ, ભાવ વિ. સર્વસમજીને વંચાય, અભ્યાસ થાય તે જરૂરી છે. આટલું વાંચવું જ તેવો દુરાગ્રહ ન રાખવો જોઇએ.

(૫) સત્સંગ, શ્રોતા - વક્તા જેવી કથારૂપ ન બનવી જોઇએ, પરંતુ તેમાં દરેક વ્યક્તિ શ્રોતા પણ હોવી જોઇએ તથા દરેક વ્યક્તિ વક્તા પણ હોવી જોઇએ, એટલે કે સત્સંગ એક નાનાસા ગ્રુપની ચર્ચાસભા હોવી જોઇએ. વિચારો અને સમજણનો વિનિમય હોવો જોઇએ. દરેકે કંઇક પ્રાપ્ત કરવું છે, અને કંઇક પ્રદાન કરવાનું છે તેમ સમજશે તો જ સત્સંગ જીવંત લાગશે.

(૬) પછીના સત્સંગમાં આગળના સત્સંગનું પુનરાવર્તન ટૂંકમાં થવું જોઇએ અને તે માટે દરેક વૈષ્ણવે તૈયારી સાથે આવવું જોઇએ.

(૭) સત્સંગ માટે ચોક્કસ વિષયનો એક અભ્યાસક્રમ નક્કી કરીને, તે ક્રમાનુસાર જ આગળ વધવું જોઇએ. જેથી એક ચોક્કસ વિભાગનો અભ્યાસ થશે અને સાથે ભગવદ્‌ગુણાનુવાદ પણ થશે.

(૮) વર્ષના અંતે પોતાને કંઇક પ્રાપ્ત થવું જ જોઇએ તેવો ગોલ રાખવો જોઇએ. દરેકનું સામર્થ્ય જુદું જુદું હોઇ શકે પણ પોતે બ્લેન્ક નથી રહેવું તે માટે સતત જાગૃતિ જોઇએ.

(૯) સત્સંગમાં ઘેટાંના ટોળાં નહિ પણ સિંહોની ટોળકી ભેગી કરવી જોઇએ.

આ ૯ પ્રકારની સત્સંગની સાધના પછી ૧૦મા ક્રમે તેનું ફળ શું ? તે વિચારવું રહ્યું. આ સમજવા માટે શ્રી વલ્લભે બ્રહ્મસંબંધ દીક્ષા આપતી વખતે આપણને શું ઉપદેશ આપ્યો તે સમજીએ. આ મંત્રમાં આપે જીવનું સ્વરૂપ, શ્રી ઠાકોરજીનું સ્વરૂપ તથા જીવનું કર્તવ્ય બતાવ્યાં છે, જેને જીવનમાં ઉતારવા આપ જણાવી રહ્યા છે.

**જીવનું સ્વરૂપ** : હજારો વર્ષથી હું પ્રભુનો અંશ, જે અંશી પ્રભુમાંથી વિખૂટો પડેલો જીવ છું. છતાં પણ અજ્ઞાનવશ મને તેના વિયોગનું દુ:ખ પણ નથી થતું અને તેવો આનંદ પણ નથી થતો કે હું તો પરબ્રહ્મનો અંશ છું. (હું સિંહ બાળ છું શિયાળ

નથી.)

પ્રભુનું સ્વરૂપ : તે પરબ્રહ્મ વ્યાપક, તે જ પૂર્ણ પુરૂષોત્તમ તે જ ભગવાન, ગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણ છે અને તે જ મારા ઘરનો ઠાકુર છે.

જીવનું કર્તવ્ય : મારી અહંતા મમતાના જે કોઇ વિષયો છે તે સર્વ હું શ્રી કૃષ્ણને સમર્પિત કરૂં છું .

કારણ : હું તેમનો દાસ છું.

સત્સંગ કરતાં કરતાં (" નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ : જનૈ: ") આ જે બ્રહ્મ સંબંધ મંત્રનો ભાવાર્થ હૃદયમાં નિવેદનના રૂપે પ્રગટ થાય તે પ્રાથમિક ફળ છે.

ત્યાર બાદ શ્રી વલ્લભે ષોડશગ્રંથમાં જે પ્રકારે જીવન જીવવાની આજ્ઞા કરી છે તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરીએ તે બીજું ફળ.... ષોડશગ્રંથોમાં બતાવેલા કર્તવ્યો કંઇક આ પ્રકારે છે.

યમુનાષ્ટક : આપણા ઉપર અલૌકિક કૃપા વરસાવનાર શ્રીયમુનાજી જ છે. માટે તેમનું સેવન કરવું.

બાલબોધ : સર્વગ્રંથોનો સાર સમજાવ્યા પછી આપ સમજાવે છે કે "સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ, અતદિયતયાચાપિ કેવલશ્ચેત સમાશ્રિત "

**અર્થ :** સર્વવસ્તુનો આત્મા સહિત પ્રભુને સમર્પણ કરવાથી, જીવને ચોક્કસ તદીયતા થાય છે. તદીયતાના અભાવમાં પણ માત્ર પ્રભુનો આશ્રય રાખવો.

સિ.મુક્તાવલી : ૧. કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરામતા, ૨. ચેતસ્ તત્પ્રવણં સેવા તત્ સિદ્ધ્યે તનુ વિત્તજા.

પુ.પ્ર.મ. : ૧. ભગવદ્રૂપ સેવાર્થં, ૨. શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા,
૩. ભગવાનેવ હી ફલં, ૪. વૈષ્ણવત્વં હિ સહજં.

નવરત્ન : ૧. ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિ : કદાચન.
૨. તસ્માન્ સર્વાત્મના નિત્યં શ્રી કૃષ્ણ : શરણં મમ વદદ્ભિરેવ સતતં.

અંતકરણ પ્રબોધ : ૧. કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુત : દોષવર્જીત :
૨. સર્વ સમર્પિતં ભકતયા કૃતાર્થોસિ સુખી ભવ :

વિ.ધૈ. આશ્રય : ૧. વિવેકસ્તુ હરિ સર્વ નિજેચ્છાત : કરિસ્યતિ
૨. ત્રિદુ:ખ સહનં ધૈર્ય
૩. ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ:

કૃષ્ણાશ્રય : કૃષ્ણ એવ ગતિ ર્મમ

ચતુશ્લોકી : ૧. સર્વદા, સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ :



૨. શ્રી ગોકુલાધિશો ધૃત : સર્વાત્મના હૃદિ
૩. સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં

ભક્તિવર્ધિની : ૧. બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ કીર્તનાત્
૨. સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ દઢા ર્ભવેત્

જલભેદ : વક્તાની પસંદગી શ્રોતાએ યોગ્ય રીતે કરવી.

પંચપદ્યાનિ : પોતે કેવા પ્રકારના શ્રોતા થવું છે ?
૧. શ્રી કૃષ્ણરસ વિક્ષિપ્ત માનસા રતિવર્જીતા :
અનિવૃતા લોક વેદે તે મુખ્યા શ્રવણોત્સુકા

સંનિર્ણય : ૧. વિરહાનુભાવાર્થં તુ પરિત્યાગ પ્રશસ્યતે
૨. ભાવો ભાવનયા સિદ્ધ :

નિરોધ લક્ષણ : ૧. બધી જ ઇન્દ્રિયોને પ્રભુ અર્થે ઉપયોગમાં લેવી,
૨. નાત : પરતરો મંત્રો નાત : પરતર : સ્તવ : નાત પરતરા વિદ્યા તીર્થ નાત : પરાત્પરમ્.

સેવાફળ : ૧. સેવાયાં ફળ ત્રયં અલૌકિક સામર્થ્યમ્, સાયુજ્યં સેવોપયોગી દેહો વા વૈકુંઠાદિષુ

જો કે આ ફળ તો પ્રભુકૃપા પર અવલંબે છે જેથી સત્સંગ કરતાં કરતાં ભાવ વધવો જોઇએ તો જ સત્સંગ ફલીત થયો ગણાય, પ્રભુમાં સ્નેહ થાય, આસક્તિ થાય, વ્યસન થાય. નિશાન હંમેશા ઉંચું રાખવું, આપણો શ્રેષ્ઠ પ્રયત્ન પણ ભલે તેને આંબવામાં ઉણો પડે !

આજે જો ઘરમાં ઠાકોરજી ન બિરાજતા હોય તો તેવી તાલાવેલી થવી જોઇએ કે ઘરમાં શ્રી ક્યારે પધારે ? અને બને તેટલો વધુ સમય અને દ્રવ્ય વગેરે તેનામાં કઇ રીતે ઉપયોગમાં લાવું ? અને તે પણ ભાવપૂર્વક... કારણ ભાવથી સમર્પેલું પ્રભુ પ્રેમથી આરોગે છે, જ્યારે ભાવ વગર સમર્પેલું મહાપ્રભુજીની કહાનીના કારણે ફક્ત આરોગે છે.

આજે મિષ્ટાન્ન જ ધરતા હો અને આપણે બધું જ આરોગતા હોઇએ તો " યથા દેહે તથા દેવે " ના ન્યાયે દૂધ મેવો, સખડી વિ. પ્રભુને આરોગાવતા થઇએ. નિ. લક્ષણ ગ્રંથ મુજબ આપણી ઇંન્દ્રિયો અને અંતકરણનો વિષય માત્ર પ્રભુ જ બની જાય તેવો પ્રયત્ન થાય. ટૂંકમાં સત્સંગનું ફળ પ્રેમપૂર્વક તત્ સુખાર્થ સેવા, તો જ સત્સંગ જીવ્યા ગણાય અને તો જ શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ, શ્રી ગોકુળનાથજી, શ્રી હરિરાયજી વ... પોતાની પ્રસન્નતા વ્યકત કરશે...

સૌ મહાનુભાવો આપણી ઉપર એવી કૃપા કરે કે આપણે સૌ સત્સંગ જીવી શકીએ. તેવું સામર્થ્ય પ્રદાન કરે.

# શ્યામ વાદળ ૧૨૯

આ શ્વાસ તે કાનન તણા નિ:શ્વાસ છે

જે છે ધ્વનિ તે ઊંચી - ઊંચી આશ છે

ઊંચે - ઊઠ્યા... શ્વેત-ભૂરા વાદળી વિકાસ છે

કે ધરતીએ તેને ફંગોળીને કીધા નિકાસ છે ? (૧)

ભીના ભીના જંગલોમાં કો મિઠી સુવાસ છે

કાગડાએ પારેવાને પૂછયું કે શી વાત છે ?

જંગલોમાં ઝરણાંઓની ગૂપચૂપી સી ફાંસ છે

જંગલોને ડાંસ ડંસે તેની તીણી ચિસ છે (૨)

જંગલોને, પ્રાણીઓને, પંખીઓને પ્યાસ છે

નદી, ઝરણાં, ઘન, સરોવર, પાતળાં ઝાકળ સહુ

જલ પિવાડી જીવન દીયે તેથી સૌને હાસ છે

દાદુર તેતર મોર સૌને ચાતકીસી પ્યાસ છે (૩)

બોધ દે સન્માર્ગનો કે પિતા જેના વ્યાસ છે

તોય ભટકે તે વિચારે - "સ્વામીને શું રીસ છે ?"

ભોમિયાએ વાદળાંને પૂછયું કે શી દિશ છે ?

વાદળાંએ કીધું ધીમે - "ભોમિયો જગદીશ છે" (૪)

ધોળાંવાદળ રામ છે ને કાળાં મમ ઘનશ્યામ છે

અદ્‌ભૂતકર્માએ થયા દર્શાવવા કે "ઇશ" છે (૫)



# "શ્રીનાથજી" સંબંધે તાત્વિક સમજ ૪૫

પુષ્ટિ ભક્તિ માર્ગના પ્રકટ કર્તા પ્રથમ આચાર્ય શ્રી વલ્લભચાર્યજીએ પુષ્ટિ ભક્તિ સંપ્રદાયની સ્થાપના કરી.

આ ભક્તિમાર્ગમાં - સંપ્રદાયમાં પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ કૃષ્ણ આરાધ્ય દેવ છે.

તેમની ભક્તિનો પ્રકાર નિષ્કામ ભાવે, દાસભાવે તથા તે અંતર્ગત સર્વ વિહિત ભાવે, પોતાના તન-મન-ધન પૂર્વક, સર્વ સમર્પણ પૂર્વક, સર્વદા સેવા કરવી તથા અનવસરમાં ગુણગાન કરવા. આ સેવા સારસ્વત કલ્પના કૃષ્ણની વ્રજલીલા સંબંધી તથા સેવામાં ભાવ વ્રજનાં તે સમયના ગોપીજનોનો સ્વીકાર્યો.

આ પુષ્ટિ ભક્તિ માર્ગમાં, પ્રભુએ જેમનું વરણ કર્યું છે તે સર્વકોઇના અને સર્વકંઇના નિયામક પ્રભુ સ્વયં પોતે છે, આપની વિશેષકૃપાથી જ જીવ ભક્તિમાર્ગમાં આગળ વધવા ઉત્સુક બની રહે છે, જે કોઇ ભક્તિમાર્ગીય - સાંપ્રદાયિક સાધના નિષ્ઠાપૂર્વક કરે છે, તેમના પર પ્રભુની પ્રસન્નતા થાય છે. પ્રભુ પ્રસન્નતા પૂર્વક ભક્તની સેવા સ્વીકારે તે જ આ માર્ગનું ફળ.

આ પુષ્ટિદૈવીજીવો શાસ્ત્રોથી પણ અધિક આ શાસ્ત્રો જેને આધીન છે, તેવા કૃષ્ણમાં વિશેષ નિષ્ઠા ધરાવે છે. છતાંય તેઓ શાસ્ત્ર વિરોધી નથી. શાસ્ત્રોને આદર આપે છે, તત્વદષ્ટિથી પરબ્રહ્મ - સચ્ચિદાનંદ કૃષ્ણ જ છે, જે પરાત્પર છે તેમને જડ સૃષ્ટિ બનાવી તેમાં પ્રવેશ કર્યો, તથા ચેતન સૃષ્ટિમાં આનંદઅંશને તિરોહિત કર્યા.

આ કૃષ્ણની સેવા માટે જે (આકાર-) સ્વરૂપ તે શ્રીનાથજી કે જે વ્રજમાંના શ્રી ગિરિરાજમાં ગુફામાં ગુપ્ત રૂપે બિરાજતા હતા, તેમને બહાર શ્રીમહાપ્રભુએ પધરાવ્યા. આ સ્વરૂપ વર્ષો પહેલાં પણ અન્ય સંપ્રદાયી અનુયાયીથી સેવ્ય હશે, તેમ અનુમાન થાય છે.

શ્રી આચાર્યજીના સંપ્રદાય અનુસાર દરેક વૈષ્ણવ સેવક માટે પોતાનું એક આરાધ્ય સ્વરૂપ હોય છે, જેને સ્વાર્થ પ્રતિષ્ઠાથી પધરાવ્યું હોય છે, તે એટલા માટે કે દરેક પરિવારના સભ્યોની અહંતા-મમતા જ સ્વયં પોતા સાથે જોડાયેલી છે, તે પોતાને માથે બિરાજતા પ્રભુ સાથે જોડાય. જેથી સમર્પણ થવું સહજ બને આ બધુ ભગવદાસક્તિથી થાય.

શ્રી નાથજીમાં ઉપરોકત કૃષ્ણચંદ્ર પ્રભુનો ભાવ કર્યો અને સર્વ વૈષ્ણવોને માથે બિરાજતા સ્વરૂપોમાં પણ તે જ ભાવ કરી પધરાવવામાં આવતો.

પરંતુ આ "શ્રીનાથજી" નામે પ્રસિદ્ધ સ્વરૂપ સ્વાર્થ પ્રતિષ્ઠામાં બિરાજવા ઇચ્છતું ન હોય, તેમ જણાય છે. તે સ્વતંત્ર રહેવા માગે છે કેમ કે, બનાવ પણ તેવા જ બનતા રહ્યા.

સૌ પહેલાં શ્રી આચાર્યજીએ સદુપાંડેને તેમની સેવા કરવા આજ્ઞા કરી પણ તેમને

તે આજ્ઞાને ન સ્વીકારી, કેમ કે શ્રીનાથજીનું સ્વરૂપ જ તેમ ઇચ્છતું હશે. અન્યથા સેવક ગુરુની ભગવદ્સંબંધિ આજ્ઞાને કઇ રીતે ઉથાપે?

રામદાસ ચૌહાણે પૂજા પ્રકારથી સેવા કરી કે જેમાં પૂજા જેટલો જ પ્રકાર. દૂધ-દહીં વ. બહારથી બીજા વ્રજવાસી વૈષ્ણવો આપી જાય, આમ આપે પરાર્થ પ્રતિષ્ઠા સ્વીકારી, જો કે રામદાસજી તો માનસી સેવા પુષ્ટિભાવથી કરતા પણ શ્રીનાથજીની પૂજા શ્રી આચાર્યજીની આજ્ઞા હતી તેથી કરતા.

અગાઉ પણ નરો પાસેથી દૂધ સ્નેહથી આરોગતા છતાં પૂજા પ્રકાર જેવો હતો. પછી બંગાળી બ્રાહ્મણોને બોલાવીને પૂજા સોંપી, જાણવા છતાં કે આ બધા ભક્ત નથી પણ પૂજારી છે. તેથી તો પોતાના સેવક બનાવ્યા વગર પૂજા સોંપી, અને તે પૂજા શ્રીગુંસાઇજીને ત્યાં છ બાળકો થયા ત્યાં સુધી કરી લગભગ સં. ૧૬૨૦ સુધી ત્યાં સુધીમાં તો શ્રીનાથજીએ " મારે જગતમાં પૂજાવું છે " તેવી આજ્ઞા કરીને પરાર્થ પ્રતિષ્ઠાને મહોર મારી દીધી. જેથી તો શ્રી આચાર્યજીની જે થોડી ઘણી ઇચ્છા હતી કે આપનું મંદિર ઘર-હવેલી બને, ધજા કળશ વગરનું, પણ ભગવદ્ ઇચ્છાથી નકશા તેવા બન્યા નહિ, તેથી આપની ઇચ્છા સ્પષ્ટ થઇ ગઇ. ત્યારે શ્રી આચાર્યજીએ પણ આ સ્વરૂપ પરાર્થ પ્રતિષ્ઠા માટે છે તેમ સ્વીકારી લીધું, અને તેથી તેમનો સેવા (પૂંજા) પ્રકાર તે પ્રકારે રાખ્યો પરંતુ પોતાનો ભાવ તેમના પ્રતિ પુષ્ટિ ભાવ રાખ્યો જેથી આ સ્વરૂપ મર્યાદા પ્રકારે સર્વની પૂજા સ્વીકારે અને પુષ્ટિજીવોના ભાવને પણ સ્વીકારી, તેવો જ પ્રતિસાદ પણ આપે, તે તે જીવના ભાવના પોષણરૂપ સાનુભવ જતાવે.

કોઇ એમને સર્વોદ્ધારક કહે તો તે રીતે કે પુષ્ટિપ્રવાહ - મર્યાદા સર્વ કોઇ તેમની પાસે જે કંઇ માગે તો તેમને તે આપે સમર્યાદ. સર્વકોઇની પૂજા સ્વીકારે, મર્યાદા સહિત ઉદ્ધાર કરે, એટલે કે જીવની અપેક્ષા અનુસાર આપવું, વિશેષ નહિ, તે જ તેના માટે ઉદ્ધાર. સકામ-નિષ્કામ સર્વ કોઇ આવે, તેમની પૂજા રૂપે જે કંઇ ધરે તે સ્વીકારે.

રહેલા-રોકેલા સેવકો પણ ઘણા - તેમનું પોષણ પણ આપ જ કરે. તેમના દર્શન સૌ કોઇ કરી શકે, કોઇના માટે નિષેધ નહિ, ગુપ્ત સેવા નહિ. કોઇ એકની જ તનુ - વિત્તની સેવા લે તેવું નહિ. ભેટ પણ સ્વયં સ્વીકારે. તેમના શૃંગાર કરવાનો અધિકાર પણ કોઇ એક જ (તીલકાયતજી) પરિવારનો નહિ પણ બધા જ (વલ્લભકુળના) પરિવારનો.

કહેવાય સેવા, પણ હકિકતમાં પૂજા, તેથી આરતી પણ બધાં લે, માટે બહાર મૂકાય.

ભેટ તેમને જ આવતી હોવાથી તેના પ્રસાદના માલિક પણ પોતે, તેથી પ્રસાદ દેવદ્રવ્ય ગણાય શાસ્ત્રમાં દેવદ્રવ્યનું ગ્રહણ વૈષ્ણવો માટે નિષિધ્ધ છે, મહાપતિત કરનારું છે, તેવી શ્રી વલ્લભની સમજ છે.

તેમની પૂજા શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઇજી તથા સાતે બાળકોએ પણ કરી... પછી પણ ચાલી... તે તો પરંપરાગત પૂજા પ્રકાર... સતધરામાં પધરાવી ગયા, તેટલા



પૂરતો સેવાનો ભાવ, સેવા તો તેઓ બધા, પોતાને માથે બિરાજતા સ્વરૂપની કરતા અને તે સ્વતનુ - વિત્તથી.

સ્વાર્થ પ્રતિષ્ઠિત સ્વરૂપ, જે પોતાને માથે બિરાજતું તે અને પરાર્થ પ્રતિષ્ઠિત, શ્રીનાથજીનું સ્વરૂપ બન્ને ય ભાવની દષ્ટિથી સમાન, પણ ભજનીય સ્વરૂપ તો પોતાને માથે બિરાજતું સ્વરૂપ જ કેમ કે,સમર્પણ તો સ્વપ્રભુને જ થાય અને તે પણ સ્વતનુ વિત્તનું. અહંતા-મમતા દૂર કરવાથી ય વિશેષ, સ્નેહનું - શુદ્ધ સ્નેહનું પ્રાધાન્ય છે, આ માર્ગમાં.

હવે જે જે પુષ્ટિભક્તોને આપે સાનુભવ કરાવ્યા, તે આપના અચલ સ્વરૂપની કરેલી પૂજાના કારણે નહિ પણ આપના ભાવાત્મક સ્વરૂપમાં આસક્તિના કારણે.

સામાન્ય વ્યક્તિ આ ભેદને ન સમજી શકવાના કારણે આ અચલ - સ્વરૂપની સેવાથી, પોતાના પુષ્ટિ ભાવનું પોષણ ઇચ્છે છે, જે કદાપિ શક્ય નથી.

શ્રી નાથજી સમર્યાદ છે, કેમ કે, સ્વયં સ્વીકારેલ મંદિરમાં બિરાજવું અને એ માહાત્મ્યને જગતમાં પ્રકટ કરવાની ઇચ્છાથી તથા મર્યાદા પ્રકારે ગોઠવવામાં આવેલ સેવા-પ્રકારની રીતભાતની સાથે સાથે આપ અમર્યાદ છે, કેમ કે મનથી ચિત્તથી સ્મરણ દ્વારા ભક્તોને પુષ્ટિ ભાવમાં રમમાણ કરાવે છે.

શ્રીનાથજીનું અચલ સ્વરૂપ અને આપનું ભાવાત્મક પુષ્ટિ ભક્તોના હૃદયમાં બિરાજતું સ્વરૂપ આ બન્ને સ્વરૂપ તત્વત : તો સમાન છે, પણ ભક્તિ ભેદે ભેદ છે.

યથામતિ વિચાર કર્યો છે. ભક્તિ માર્ગમાં પ્રત્યેકને પોતાના ભાવની સ્વતંત્રતા છે પછી પ્રભુતો ભાવાનુસાર યથોચિત દાન કરશે.

# સેવા

૧૩૦

કર્તવ્ય કહેતાં ભાર છે

શોખે સેવ્ય ભૂલાય છે

પ્રત્યેક એના ખંડ છે

ભેળા થયે જ અખંડ છે

# સેવા ક્યારે ન નભે...? ૪૬

૮૪ વૈષ્ણવોની વાર્તા વાંચતાં કોઈ કોઈ વાર્તામાં બ્રહ્મ સંબંધ લેવા છતાં, સેવા ન કરતા હોય તેવા પ્રસંગો છે. તે વાંચતા સહજ સંશય થાય કે શું બ્રહ્મસંબંધ લીધા પછી સેવા કરવી જ જોઈએ ? શું સેવા કરવી હોય તોજ બ્રહ્મસંબંધ દીક્ષા - લેવી / દેવી જોઈએ? આ પ્રકારના સંશયો દૂર થાય તે માટે આ વિષયની વિચારણા અહીં કરી છે.

શ્રી આચાર્યજીના કાળમાં.....

બ્રહ્મસંબંધ લઈને સેવાધિકાર પ્રાપ્ત થયો હોવા છતાં શ્રી આચાર્યજીના મતે કયા સંજોગોમાં તે સેવાધિકારનો ઉપયોગ ન કરનારને દોષ નથી લાગતો ?

| વર્ગીકરણ કરીને તેનો વિગતે વિચાર કરીએ. | ઉદાહરણ |
|---|---|
| ૦૧. અંતેવાસી | કૃષ્ણદાસ મેઘન |
| ૦૨. વિરક્ત | નરહર સંન્યાસી |
| ૦૩. પચ્ચારગી કરનાર | ઉત્તમશ્લોક દાસ |
| ૦૪. માનસી સિદ્ધ | અચ્યુત દાસ |
| ૦૫. નિ : સાધન | કૃષ્ણા |
| ૦૬. વ્યસ્ત | નારાયણદાસ દીવાન |
| ૦૭. પ્રતિકૂળ પરિવારજન | જેમના માતા-સાસુએ કૂવો પૂર્યો |
| ૦૮. પરતંત્ર | કાચા ચણા ખાઈને રહેતી તે |
| ૦૯. ઠાકોરજી સેવા લેવા ન ઇચ્છે | ગોવિન્દદાસ ભલ્લા |
| ૧૦. ગુરુ જેને સેવાનો અનધિકારી સમજે | નારણદાસ ભાટ |

**૧. અંતેવાસી :** એવો અંતરંગ સેવક કે જે શ્રી આચાર્યજીના પડછાયાની જેમ રહે વળી તે આપના અંત:કરણમાં પણ રહેતો હોય. તથા આપશ્રી પણ તેના અંત:કરણમાં બિરાજતા હોય. આપશ્રીનો પડચો બોલ ઝીલે તથા આપના મનની વાત જાણી, તે પ્રમાણે સેવા કરે, હંમેશા સમીપમાં જ રહે. તેનું પ્રભુ સાથેનું તાદાત્મ્ય પણ આપશ્રીની કૃપાથી જ રહે છે. તેને માનસી સિદ્ધ છે તેથી સ્વરૂપ સેવા ફળ પ્રાપ્ત છે.

**૨. વિરક્ત :** જેના મનમાંથી સંસાર નીકળી ગયો છે, તથા જેણે પોતાનો સંસાર છોડી દીધો છે. તેના સંસારી સ્વજનોએ પણ તેને છોડી દીધો છે. જેણે પોતાની પાસે ધન-સંપત્તિ વ. કંઈ જ રાખ્યું નથી, તેની પાસે નથી રહેવાનું સ્થળ કે નથી કંઈ સાધન, તેવાથી સ્વરૂપ સેવા કઈ રીતે નભે ?



**૩. પચ્ચારગી કરનાર :** આ એવા વૈષ્ણવો છે કે જેઓ શ્રી આચાર્યજી પાસે આવ્યા ત્યારે, પોતાના પાછળના સંસારને છોડીને તથા ભૂલીને આવ્યા છે. તેઓની પાસે સ્વતંત્ર પોતાના ભરણ પોષણનું કોઈ સાધન નથી. તેઓ આપશ્રીની સેવા ઝંખે છે, જેથી ચપટી માગી લાવવા જેટલો સમય પણ વેડફાય છે. જેથી આપશ્રીને ત્યાં જ પચ્ચારગી કરે છે, અને ત્યાં જ કાચું સીધું પ્રાપ્ત કરીને પેટ ભરી લે છે. સેવા કરવા માટેનું સ્થળ - ધનનું સ્વાતંત્ર્ય ન હોવાથી તેમને સેવા નભી શકતી નથી, તથા દશા પણ કાચી છે, જેથી તેમને છૂટા મૂકી શકાય પણ નહિ.

**૪. માનસી સિદ્ધ :** જેમને સિદ્ધાંત મુકતાવલીની વ્યાખ્યા મુજબ માનસી સિદ્ધિ થઈ ગઈ છે. તેઓનું ચિત્ત શ્રી ઠાકોરજીમાં સતત ચોંટેલું રહે છે અને મનથી જ પ્રભુની વિવિધ લીલામાં સેવા કરતા રહે છે, તેઓને પોતાના દેહનું અનુસંધાન પણ રહેતું નથી, તથા આસપાસનાં લોકો કે વાતાવરણ બાધક થઈ ન શકે તેટલી ચિત્તની પ્રવણતા થઈ ગઈ છે, તેવાને તનુ - વિત્તથી સેવા બાધક થઈ પડે કે પ્રભુ ઇચ્છતા નથી.

**૫. નિ:સાધન :** જે પોતે સેવામાં જરૂરી ઓછામાં ઓછા સાધનથી પણ રહિત છે, જેથી ખર્ચ કરવા સમર્થ નથી, સ્વતંત્ર પણ નથી કે ઘરથી અલગ થઈ શકે તેમ પણ નથી. તેવા સંજોગો માં સામર્થ્ય પણ નથી, જેથી તેવા ઇચ્છે તો પણ સેવા કરી શકે તેમ નથી.

**૬. વ્યસ્ત :** જેમના માથે જવાબદારી એટલી મોટી છે કે તે ખૂબ જ વ્યસ્ત રહે છે. જેથી તેમનાથી સેવા માટે સમય ફાળવવો મુશ્કેલ બની જાય છે. તેમની પાસે ધન પણ છે, સેવા કરવાની ઇચ્છા છે, બીજા અનુકૂળ છે, તેમનું ચિત્ત તો પ્રભુમાં પ્રવણ છે, પણ વ્યસ્તતાના કારણે સેવા કરી શકે તેમ નથી. તેવા માત્ર પ્રભુ આશ્રીત રહી શકે છે, પણ સેવાની અભિલાષા તો હંમેશા રાખે છે.

**૭. ઘરના - પરિવાર પ્રતિકૂળ :** પોતે જે ઘરમાં રહે છે તેમાં રહેતા અન્ય પરિવારજન પ્રભુ સેવાના પ્રતિબંધક છે. સેવા કરવા ઇચ્છનાર સંજોગાનુસાર તે ઘરને કે પરિવારને છોડી શકે તેમ નથી. તેનું મનોબળ કે સામર્થ્ય નથી કે ઘર છોડી શકે. જેથી પ્રભુના આશ્રય સાથે ત્યાં રહે છે પણ સેવા નથી બની શકતી.

**૮. પરતંત્ર :** સ્ત્રી જન - દાસજન-બાળક પરતંત્ર હોવાના કારણે પોતાની ઇચ્છાનુસાર, પોતાના તનથી સેવા માટે સમય ન ફાળવી શકે કે અન્યની અનિચ્છા હોવાથી સેવા ન કરી શકે, પોતા પાસે દ્રવ્ય ન હોવાથી વિત્ત સેવા ન કરી શકે. સામાજિક કે શાસ્ત્રીય બંધન હોવાથી ઘર ન છોડી શકે, આર્થિક કારણોસર પણ ઘર ન છોડી શકે. જેથી સેવા ન નભી શકે. માત્ર ભગવદ્ આશ્રિત રહી શકે.

**૯. ઠાકોરજી જ સેવા લેવા ન ઇચ્છે :** - કોઈક વ્યકિતનો સ્વભાવ જ એવો હોય કે - તામસભાવ - રાજ સભાવ દૂર જ ન થાય. સેવા પણ તામસભાવથી કરે તે એટલી હદે કે સ્વભાવ બદલવા જ ન ઇચ્છે (ગોવિન્દદાસ ભલ્લા) કે કોઈ રાજસભાવની

અતીશયતાને વશ અન્યાશ્રય કરી બેસે (જમીન માપણીવાળાની વાર્તા), તો કોઇ સેવામાં ચૂક કરે પણ ભૂલ ન સ્વીકારી શકે (વાસણમાં ડાઘ રાખવાથી જેમને ગુંસાઇજીએ સેવા છોડાવી) કે સેવામાં બેદરકારી રાખે કે અપરાધ કરી બેસે (રામાનંદ પંડિત) ત્યારે પ્રભુ કે ગુરુ તેની સેવા છોડાવી દે.

**૧૦. ગુરુ જેને સેવાનો અનધિકારી સમજે.**

મૂળભૂત સ્વભાવથી જ સેવાનો અધિકાર પ્રાપ્ત ન થયો હોય (નારણદાસ ભાટ), કે ક્યારેક કાચી દશા હોય (રામદાસ ભાટ) કે, મનમાંથી સંસાર ન નીકળ્યો હોય (જગન્નાથજી ના દાનથી દાન કર્યું) આમ, અનેકાનેક કારણસર સેવાનો અધિકાર પ્રાપ્ત થયો ન હોય. જેથી સેવા કરે તો પણ સ્વામીને સુખ થાય તેવી ન કરી શકે. તેવાને ગુરુ અનધિકારી સમજી સેવા ન સોંપે.

આ વિવરણથી શ્રી મહાપ્રભુના સેવકો સિદ્ધાંતથી વિપરીત કેમ કરતા ? તેવા સંશય ન રહે.

૧૩૧

# બુદ્ધિને જેલ

ભૂતકાળને પૂરી દીધો મેં કેદમાં,
કેમેરાની સૃષ્ટિમાં.
ભવિષ્યને બાંધી દીધું જકડી લઇ,
કુંડળીના અંકમાં.
અને...
વર્તમાનને શૂળી ઉપર
તરફડતું જોતો રહ્યો !



૪૭

# શ્રદ્ધા - અંધશ્રદ્ધા

બહુ જ મુશ્કેલ છે, શ્રદ્ધા - અંધશ્રદ્ધા વચ્ચેનું ડી-માર્કેશન કરવું, કેમ કે એ લાગણીઓ સાથે જોડાયેલ છે. કોઇક શ્રદ્ધા સાથે સમર્પિત થાય છે તો અન્ય તેને જ અંધશ્રદ્ધા કહીને સંશય વ્યક્ત કરે છે.

ખાસ કરીને જ્યારે કોઇપણ આદરણીય વ્યક્તિમાં અગોચર શક્તિનું આરોપણ કરવામાં આવે છે, ત્યારે શ્રદ્ધા-અંધશ્રદ્ધાની પરીક્ષા શરૂ થઇ જાય છે. ભાવના જ્યારે મસ્તિષ્ક ઉપર સવાર થઇ જાય છે, ત્યારે શ્રદ્ધા વિજયી થાય છે, અને જ્યારે બુદ્ધિ હૃદય ઉપર જમાવટ કરી દે છે, ત્યારે સંશય શરૂ થઇ જાય છે.

હવે જેનામાં શ્રદ્ધા જાગે છે, તેમનું મૂલ્યાંકન કરીએ.

આદરણીય વ્યક્તિ જ્યારે કોઇ ગુરુ, સંત કે વૈરાગી હોય, ત્યારે તે મહાનુભાવનું કાર્યક્ષેત્ર - અન્યવ્યક્તિના મનોજગતનું અજ્ઞાન-અંધકારને દૂર કરવાનું છે. તેને સાચા પથ પર ચડાવવાનું છે અને સ્વયં રાગ-દ્વેષાદિથી દૂર રહેવાનું છે. જો આટલું હોય તો પણ તેનામાં પૂર્ણતા છે.

પરંતુ જે ગુરુ અન્યનું અજ્ઞાન દૂર કરવા નથી મથતા કે સાચા પથ પર ચાલતા-ચલવતા નથી કે પોતાના રાગ-દ્વેષાદિને દૂર કરવા નથી માગતા તેઓ આ પૂર્ણતાના માપદંડના અધિકારી નથી, છતાંય એક કલ્પનામય માહાત્મ્ય પ્રકટ કરવા ચાહે છે. તો શિષ્યે કે જેને પોતાનું અજ્ઞાન દૂર થાય અને સત્ય-રાહ પર ચાલવા લાગે તે વિષયમાં રસ નથી, તેતો પોતાના આદરણીય મહાનુભાવમાં કોઇ ચમત્કારને શોધવા મથે છે, બાકી સર્વ દૂરાચારને વિસરીને પણ ! પછી તેને સંતની સરળતાની જરૂર નથી રહેતી, ગુરુના જ્ઞાનની જરૂર નથી રહેતી કે વૈરાગીની નિષ્કામતાની જરૂર નથી રહેતી !

તેવાઓને તો તેવો ચમત્કાર પોતાના આદરણીય મહાનુભાવમાં મળી જ જાય છે, તે આ રીતે...

ક્યારેક બિંદુરૂપ એક કલ્પના, સાગરનું રૂપ ધારણ કરે છે, તો ક્યારેક કોઇ તાડ ઉપર કોઇ કાક બેસે છે અને તે તાડ પડી જાય છે, તો ક્યારેક સહજ રીતે નીકળેલ વાક્ય સત્યનું રૂપ ધારણ કરી લે છે, તો ક્યારેક બુદ્ધિપૂર્વકનું અનુમાન હકિકત બને છે, તો ક્યારેક ચાન્સ લેવામાં આવે તો ૫૦%ની શક્યતા ૧૦૦%માં પલટાઇ જાય છે, તો ક્યારેક સાચ્ચે જ ચમત્કાર બને છે ૧૦૦% શુદ્ધ ખાત્રી બંધ !!!

લાખ વાતની એક વાત (સમજવાનું)એ છે કે ચમત્કારના કારણે વ્યક્તિ મહાપુરૂષ બને છે કે મહાપુરૂષ હોવાના કારણે ચમત્કાર બને છે ? શું મહાપુરૂષનું એકાદ પાસું કે સમયનો એક ટૂકડો ઉજ્જવળ પ્રકાશે અને બાકીનો ભાગ અંધકારમય હોય તો કોઇક ચમત્કાર માત્રથી તેમને મહાન ગણી લેવા ?

ચમત્કારોથી પણ વિશેષ મહત્ત્વ તો હંમેશાં શુદ્ધ - સાત્વિક સિદ્ધાંતમય જીવન પ્રણાલી છે, ભલે ને ચમત્કાર સર્જાય કે ન સર્જાય !

તો બીજા પક્ષે અશુદ્ધ જીવન-પ્રણાલીમાં પણ જો ચમત્કાર સર્જાય તો તેનું મૂલ્ય, માયા-ભ્રમ-રાક્ષસી મેલી વિદ્યાથી વિશેષ કંઇ જ નથી, આ ખૂબ જ સમજી લેવાની જરૂર છે, તેમને કે જે મનિષી (બુદ્ધિવાન) છે.

મહાનુભાવોના જીવનના કોઇ પણ પાસાને નિહાળવામાં આવે તો પણ, દરેક દિશાથી પારદર્શી હોવું જરૂરી છે. ઉજ્જવળ હોવું જરૂરી છે, જે સહજ છે. આવું જ સહજ-શુદ્ધ-સાત્વિક જીવન હોવાથી વિશેષ મોટો ચમત્કાર કર્યો હોઇ શકે, આ કલીકાલમાં !

૧૩૨

## બે છેડા

કોમ્પ્યુટર તો જ્ઞાનાવતાર,

તેથી મેં પૂછ્યું:

બ્રહ્મ કેવડો ?

તેણે મોનીટર પર ફ્રેમમાં ટપકું કર્યું,

પછી તેને MAXIMISE કર્યું

અને કહ્યું - " આવડો "

મેં પૂછ્યું - હું કેવડો ?

તેણે તે જ ટપકાવાળી ફ્રેમને MINIMISE કરી,

અને કહ્યું - " આવડો "



## સાંતી

૪૮

મારે ખાવાના ય સાંસા હતા, અને પરિવાર મોટો. તેણે જાણ્યું કે આ પરિસ્થિતિ છે, તેથી તે જ સામેથી મારે ત્યાં આવ્યા અને કહ્યું " આ મારી જમીનનો એક ટૂકડો છે, તેને તું ખેડી ખાય તો મને વાંધો નથી. આજથી તું મારો સાંતી. "

હું ખુશ થઇ ગયો અને જમીન ખેડી અમારું પરિવાર ખાધે પીધે સુખી થઇ ગયું, પણ તે તો, તે દિવસ પછી દેખાયા જ નહિ. પૂછપરછ થોડી ઘણી અમે કરી પણ બધાંય કહે " ખબર નહિ ". આમ અને આમ વરસો વીતી ગયા. અમેય ભૂલી ગયા કે અમે " સાંતી " છીએ. ખેડ અમારે નામે તો ન કરી, પણ અમારી જ રહી, ભોગવટાથી.

એક દિવસ અચાનક તે આવ્યા. ત્યારે હું તો લગભગ વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયો હતો, એટલા બધા વરસો વીતી ગયા હતા, ક્યાં બાળપણ અને ક્યાં વૃદ્ધાવસ્થા ? પણ તે તો તેવડા જ દેખાતા હતા, જેથી તરત ઓળખી ગયો.

મેં પૂછ્યું " આટલા વરસ ક્યાં હતા ? "

તેમણે જવાબ ન આપ્યો, પણ મંદ મુસકાયા.

જતાં જતાં યાદ કર્યું - તમે તો અમારા સાંતી, અને આપણા ગામના રીવાજ મુજબ અડધું તમારું અને અડધું અમારું. તો અમારો ભાગ મોકલી આપજો.

ઘરમાં આ વાત ચર્ચી. ઘરનાં સૌ આ " ભાગ ",નીવાતમાં સંમત ન થયા. કહે - કાયદાથી તો " ખેડે તેની ખેડ ".

આ વાતમાં મારી સમજ સૌથી જુદી પડી. મેં વિચાર્યું, આપણે સાંતી તે સાંતી જ ને? મારી વાત સૌને ન જચી, એટલે હું મારો ભાગ લઇ સૌથી છૂટો થઇ ગયો.

હું મારો ભાગ લઇને ચાલ્યો તેમને ત્યાં, અને કહ્યું - લ્યો આ મારો ભાગ, અડધાની વાત તે તો તમારી ભલમનસાઇ, અમે તો તે દાડે ભૂખે મરતા હતા. તમે સાંતી નહિ કર્યા હોત તો દુ:ખની ઘાણીના ચક્કરમાં જ પીલાઇ મર્યા હોત ને?

હવે તો આ માટું પહેલાનું આજનું અને ભવિષ્યનું બધું જ તમોને સમર્પણ. હવે તો હું તમારે ત્યાં જ રહીશ, તમારે ત્યાં ખઇશ, તમે કહેશો તે કરીશ અને તમારો કહેવાઇશ. આજથી હવે તમારા સાંતી નહિ પણ તમારો ગુલામ કરીને રાખો. તમારા મારા પર એટલા બધા ઉપકાર છે કે તે તો ફીટે તેમ જ નથી.

હવે તો પરિવારને છોડીને આવ્યો છું.

મારી સ્મૃતિ, બુદ્ધિ અને મતિ પણ આપને સમર્પણ.

બીજા દિવસે હું ખેતરે કામે લાગવા જવા માટે તેમની આજ્ઞા લેવા ગયો, ત્યારે તો તેમના મહેતાજીએ કહ્યું - શેઠ તો પાછાં ચાલી ગયા છે, પણ તમારા માટે સંદેશો આપતા

ગયા છે કે -

"હવે થી તે ખેડનો તુ ગુલામ નહિ, સાંતીય નહિ પણ હવે થી આખું ગામ તારું, અને તું મારો..." હું વિચારવા લાગ્યો. રે જીવ, મેં તો સ્મૃતિ, બુદ્ધિ અને મતિ સમર્પણ કરી અને તમે તો પ્રજ્ઞાના રૂપે સર્વસ્વ પાછું વાળ્યું. !!!

હે કૃપાનાથ !! આવા કૃપાળુ તમારા સિવાય બીજું કોણ હોઈ શકે ?

૧૩૨

# વિસરી ગયા

અમે જે વાત કરવાને આવ્યા હતા,

તે વાત કરવાનું જ વિસરી ગયા.

પુરા ગામની એટલી વાતો કરી કે

અમારી જ વાત કરવાનું વિસરી ગયા.

આમ તો એને જ શોધવા નિકળ્યા હતાં

પણ અમેજ સંસારમાં ભટકી ગયા.

તેમને મળવાને આવ્યા હતા દૂર દૂરથી

પણ આંખો મેળવવાનું જ વિસરી ગયા..

અમારે કંઈક લેવું હતું અને દેવું હતું, પણ

ચડસાચડસીમાં લેણદેણ વિસરી ગયા.

ભૂખ તો લાગી હતી બેસુમાર ,પણ

સારા ખોટાની ચર્ચામાં ખાવાનું વિસરી ગયા...

નિરાંતની એક નિંદ લેવી હતી અમારે

પણ સપનાની વણઝારમાં સલવાઈગયા

અમારી અપરસ દેખાડવા ગયા અમ ઈશને

તેણે કોણ જાણે શું કર્યુ કે અભડાઈગયા...



# શિક્ષા શ્લોકી

૪૯

નદી-નાવ-હલેસાં-કૃષ્ણ પરતા - કૃષ્ણ પરતા.

ભક્તિમાર્ગીય જીવ ભક્તિમાં જીવે છે, પ્રવાહમાં નહિ. નાવિક નાવમાં હોય છે, પ્રવાહમાં નહિ, નાવ ભલે પ્રવાહમાં હોય. તેમ માર્ગ પ્રવાહના મધ્યમાં હોવા છતાં માર્ગને આંચ નથી આવતી કે નથી નાવિકને આંચ આવતી.

નાવિક હલેસાંને જોરે પોતાની ઈચ્છિત દિશામાં જઈ શકે છે. તે તેનો વિશ્વાસ છે.

ભક્તિમાર્ગી જીવ માહાત્મ્યજ્ઞાની અને સ્નેહ રૂપ હલેસાંથી પોતાના ગોલરૂપ પ્રભુ પ્રાપ્તિ / ભક્તિની સિદ્ધ દશાએ પહોંચી શકે છે.

નાવમાં નાનું છિદ્ર પડે તો તેમાંથી પ્રવાહ નાવમાં પેસે છે. જો તે છિદ્રને બંધ ન કરવામાં આવે તો નાવ હલેસાં-નાવિક બધાં જ પ્રવાહ ગ્રસ્ત થઈ જાય છે. પછી તેની નાવ કે હલેસાં કાયર થઈ જાય છે. પ્રવાહ નાવિકને પોતાની સાથે ખેંચી જાય છે. ભક્તિમાર્ગ રૂપ નાવમાં લોકાર્થિતારૂપ છિદ્રમાંથી પ્રવાહિતા પ્રવેશે છે, જે માર્ગને, ભક્તિના સ્વરૂપને અને જીવને ભ્રષ્ટ કરે છે અને તે બધું જ પ્રવાહની સામે કંઈ કરી શકતું નથી. પ્રવાહ તેમને ખેંચી જાય છે. જે છિદ્ર છે તે જ લોકાર્થિતા એટલે કે બહિમુર્ખતા.

બહિમુર્ખતા એટલે - કૃષ્ણને પોતાના સમાન જાણ્યા કે,

પોતાને કૃષ્ણ સમાન જાણ્યા.

હવે બચવાનો કોઈ ઉપાય ?

હા... સન્મુખતા...

સન્મુખતા તે એવો ભાવ કે,

અત્ર તત્ર સર્વત્ર કૃષ્ણનું સામ્રાજ્ય - અને કૃષ્ણ જ, તેમના સિવાય અન્ય કોઈ નહિ, તેવો દઢ વિશ્વાસ તે જ સૌના અને મારા સર્વદા હિતકારી.

તેમની શરણાગતિ અને તેમનામાં સમર્પણ.

બહિમુર્ખ થયેલો જીવ પણ જો ફરી સન્મુખ થાય તે પુષ્ટિપ્રભુ, ભટકેલો પણ સાંજે ઘરે પાછો આવી જાય, તો તેને પ્રભુ ભટકેલો નહિ ગણી, પોતાનો કરી લેશે.

પ્રભુ સ્વયં તેવા માટે પ્રવાહમાં પડીને, પોતાની બાંહોથી ઉગારી લે છે. !

યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન,

તદા કાલ પ્રવાહસ્થા દેહચિત્તાદ્યો પ્યુત

સર્વથા ભક્ષ યિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્મમ

न लौकिक प्रभु कृष्णो मनुते नैव लौकिकम्
भवस्त त्राप्यस्मदीय : सर्वस्वश्चै हि केश्चयस
परलोकश्च तेनामं् सर्वभावेन सर्वथा सेव्य
सखेव गोपीशो विधास्यत्वखिलं हि न:

१३३

## શુદ્ધા પ્રેમણા

પ્રેમના એ પૂરમાં પતવાર વહી રહી છે.

નહી હલેસાં નહી સુકાની શુધ્ધ સ્નેહરૂપિણી

હદે વિશ્વાધાર છે જે સ્વેચ્છયા કરનાર છે.

અંકોડા છે હાથનાં ને બાથના, પારસ્પરી

## વિવેક

કોઈકે મોઢમાં મૂકયુ વિષ, ખુબજ સ્નેહથી

ઘુંટડો કંઠે ઉતારી મેં પુછયું કે " છે શું એ? "

કોણ જીત્યુ પ્રેમ ને વિશ્વાસની સ્પર્ધા મહી?

એ બતાવો કોણ હાર્યુ અંધશ્રધ્ધા - દંભમાં?



## શિક્ષાપત્રોનું રહસ્ય

૫૦

શ્રી હરિરાયજીની કૃપાથી આપણે શ્રી હરિરાયજી વિરચિત શિક્ષાપત્રોનું અવગાહન કરીશું તો આપશ્રીના હૃદયમાં બિરાજતા શ્રી હરિ આપણા હૃદયના મેલને દૂર કરશે, અને તેમ થતાં આપશ્રી આપણને જે આપવા માંગે છે, તે દિવ્ય અમૃત, ભજનાનંદને સુપાત્ર આપણે બનશું.

શ્રી હરિરાયજીએ આ ભક્તિ સંપ્રદાયને આપેલ આ પત્રગુચ્છ રૂપ ગ્રંથ એક અમૂલ્ય સારરૂપ ગ્રંથ છે, તેમ આ બોધ વચનો સારરૂપ છે. તે માહાત્મ્ય જ્ઞાનની જેમ પોષક છે, અને સ્નેહની જેમ આકર્ષક પણ છે.

સામાન્ય રીતે કોઈપણ વાર્તાપ્રસંગ આપણે સાંભળીયે તેની પાછળ કંઈક બોધ હોય છે જ. જેમ કે કૌરવ પાંડવોના ગુરુ આચાર્ય દ્રોણે પોતાના શિષ્યોને બોધપાઠ શિખવ્યો કે " સત્યં વદ ". સૌને તે પાઠ તૈયાર કરી લાવવા કહ્યું. બીજા દિવસે પરીક્ષા લેવા પૂછયું, કે આ પાઠ બધાંને આવડી ગયો ? ત્યારે બધાં જ શિષ્યોએ તે મુખપાઠ કરી લીધો હતો, જેથી બોલ્યા કે " હા... અમને આવડી ગયો ", એકમાત્ર યુધિષ્ઠિર સિવાય.

ત્રણ ત્રણ દિવસ સુધી રોજ પૂછવામાં આવે પણ, યુધિષ્ઠિર ના જ કહે, ચોથા દિવસે તેમને કહ્યું " હા, હવે મને આવડયો. "

આ વાર્તાનો બોધ એ છે કે બોધ મુખપાઠ થવો તે જ્ઞાન નથી. આપણે પરીક્ષાર્થી નથી બનવાનું પણ વિદ્યાર્થી બનવાનું છે. અને વિદ્યા તેને કહેવાય કે જે જ્ઞાન છે, તે હૃદયારૂઢ થાય, તે પ્રમાણે જ આચરણ થાય.

આ વચનનો સાર છે. દૂધમાંનું સાર છે.

શ્રી હરિરાયજી એ આ માર્ગના સારરૂપ સૂત્રોનો સંગ્રહ અને બીજા શબ્દોમાં કહીએ તો પુષ્ટિ ભક્તે કેવું જીવન જીવવું જોઈએ ? તે જીવન શૈલીને શિક્ષાપત્રોમાં પ્રકટ કરી છે.

આ પત્રો જેમના પ્રતિ લખ્યા તે શ્રી ગોપેશ્વરજી તો એક મિષ માત્ર છે. હકિકતમાં તો આપશ્રીને પોતાના વૈષ્ણવો એટલા પ્રિય હતા કે તેમને આ માર્ગનું પરમફળ કેમ જલ્દી પ્રાપ્ત થઈ જાય તે માટે જ આપ સતત પ્રયત્નશીલ હતા, અને માટે જ આપે આ પત્રો લખ્યા હતા, તેવો ભાવ જણાય છે.

# સમાધાન કઈ રીતે ?

**૧. ચર્ચા કરનારમાં**

A સમાધાન ઈચ્છુક B અભ્યાસુ, કે સમજદાર C પૂર્વાગ્રહ રહિત

D ચર્ચામાં બે-બે વ્યકિત જ જોઈએ, વધારે નહિ.

**૨. વાતાવરણ-સૌજન્યપૂર્ણ**

A અંગત આક્ષેપ પ્રતિઆક્ષેપ નહિ.

B મુખ્યમુદ્દાથી હટીને બીજે ન જવું.

C મર્યાદા-આદરભાવ ન ચૂકવો.

D અસ્વીકાર્ય વાતમાં મૌન રહેવું કે મનાવવા દબાણ ન કરવું.

**૩. સ્ટેજ વાઈઝ ચર્ચા**

વિચારણીય મુદ્દા એક પછી એક લેવા જે મુદ્દા પર TIE થાય ત્યાં આર્ગ્યુમેન્ટની નોંધ કરીને તત્ પૂરતો તે મુદ્દો છોડી દેવો.

પછી બીજો મુદ્દો લવો

મીનીમમ કયા મુદ્દા પર સંમતિ શકય બને છે તે જોવું, અસંમત મુદ્દા બીજા વિચાર માટે છોડી દેવા.

**૪. આચરણ બાબતે**

વ્યવહારિક મુશ્કેલી વિચારવી

સૈદ્ધાંતિક સ્વીકાર વિચારવો

**૫. નિર્ણય**

A પૂર્ણતા કે અંશતઃ કે શરતાધીન મુદ્દાને નોંધવા

B નિર્ણય બંધનકર્તા ન રાખવા, સમજ સ્પષ્ટ કરવાના હેતુરૂપે જ ગણવા.

આ પ્રકારે જો ચર્ચા કરવામાં આવે તો, વિચાર વિનિમયથી સત્યપ્રકાશ થશે અને બીજી કે ત્રીજી સભામાં પરિણામ ઘણા સારા આવશે.





# શરણાગતિના મુખ્ય મુદ્દા

(૧) વિવેક — વિવેકવસ્તુ હરિઃસર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ

આ વિવેકનું સ્વરૂપલક્ષણ છે.

ઉપાય ૧. પ્રાર્થનાત્યાગ. ૨. અભિમાન ત્યાગ

૩. હઠત્યાગ ૪. અનાગ્રહ

ધૈર્ય - સ્વરૂપ લક્ષણ ત્રિદુખ સહનં ધૈર્યમ્

ઉપાય ૧. અનાગ્રહ ૨. સહન

૩. ત્યાગ ૪. અસામર્થ્યભાવના

આશ્રય — સ્વરૂપલક્ષણ

ઐહિકે પારલૌકે ચ સર્વથા શરણં હરિઃ

ઉપાય ૧. આશ્રયભાવની માનસિક વાચિક ભાવના

૨. અન્યાશ્રય ત્યાગ

૩. દઢ વિશ્વાસ. ૪. શરણભાવના

(૨) કૃષ્ણાશ્રય — વિવેકધૈર્યભિકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ

પાપા સકતસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ

(૩) ભ.વર્ધિની — ત્યાગે બાધક ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ

અતઃ સ્થેયં હરિસ્થાને ! તદીયૈ સહ તત્પર્યેઃ રૈઃ

(૪) પંચપદ્યાનિ — અનન્યામનસો મર્ત્યા ઉત્તમા શ્રવણાદિષુ

દેશકાલ દ્રવ્યકર્તુ મંગ કર્મ પ્રકારતઃ

(૫) પંચશ્લોકી — અનુકુલસ્ય સંકલ્પ પ્રતિકુલ વિસર્જનમ્

કરિષ્યતીતિ વિશ્વાસઃ ભર્તુત્વે વરણં તથા

આત્મનૈવેધ કાર્પણ્યે ષડ્વિધ શરણાગતિઃ

ગીતાજી — સર્વધર્માન્ પરિત્યજ્ય (પુષ્ટિ) મામેકં શરણં વ્રજ

અહંત્વા સર્વ પાપેભ્યો (મર્યાદા) મોક્ષયિષ્યામિ મા સુચઃ

ન્યાય — પુષ્ટિપુષ્ટિ - વ્રજભકતો (માર્જાર ન્યાય) પ્રત્યક્ષ

પુષ્ટિમર્યાદા - અર્જુન

આધુનિક (મર્કટ ન્યાય) પરોક્ષ

શરણાગતિના પ્રકાર : ભકત્યંગ - સાધનાત્મક - મર્કટ ન્યાય

ભકિત અનુકલ્પ/સ્વતંત્ર, ફલાત્મક - માર્જાર ન્યાય

**ફલ - અવાંતર** અનુકલ્પ - સેવામાં અનુકૂળતા - સાયુજ્યમુકિત

**ફલ મુખ્ય** અલૌકિક દૃષ્ટિ (સામર્થ્ય)

**આશ્રય** = આશ્રયસ્થાન કે આશરો લેવાની ક્રિયા

**સર્વધર્મત્યાગ** = ભગવદ્ મહાત્મ્યજ્ઞાન બોધ + નિ:સાધનતાભાવ

**શા માટે કૃષ્ણાશ્રય ?** - ભગવાન જ સર્વના મૂળ અંશી છે

**સર્વધર્મ ત્યાગ એટલે ?** નિ:સાધનતાભાવ

**કયા પાપ દૂર થશે ?** શરણાગતિના અંગરૂપ ધર્મો બાધક થાય ત્યારે થતા પાપો

પંચશ્લોકી - ગીતોપદેશ

| | | | |
|---|---|---|---|
| ૧. અનુકુલસ્ય સંકલ્પ | ઉપદષ્ટા | ઈંદ્રિયો | સર્વધર્મત્યાગ |
| ૨. પ્રતિકુલ વિસર્જનમ્ | અનુમન્તા | મન | સર્વધર્મ ત્યાગ |
| | | (દુ:સાધ્ય ઈચ્છા-ઉદ્યમ કળશમિત:) | |
| ૩. ભર્તુત્વ વરણં | ભર્તા | બુદ્ધિ | મદીરત ભજનાપેક્ષણામ |
| ૪. કરિષ્યિતિતિ વિશ્વાસ | ભોકતા | રતિ | અન્ય સંમેલને બ્રહ્માસ્ત્રન્યાય ઉક્ત |
| ૫. આત્મનૈવેદ્ય | પરમાત્મા | આત્મા | અકિંચનાદિ ક્રિપોકતા |
| ૬. કાર્મણ્ય | મહેશ્વર | અહંકાર | કર્પણ્ય વા અત્ર ઉંકતમ્ |





# સેવા-સ્મરણ અને આપણે કયાં !

સેવા માર્ગમાં પ્રવેશેલા માટે સેવા તથા સ્મરણની અગત્યતા તથા તેમાં આવતી સામાન્ય અડચણો અને તેના ઉપાય.

પુષ્ટિમાર્ગના વલ્લભસંપ્રદાયમાં પ્રવેશ્યા પછી આપણને પોતાને તેના સિદ્ધાંતો અનુસરવામાં તકલીફ નડી રહી છે. અને તેના ઉપાયો શું છે તેની છણાવટ કરશું. વારંવાર આપણી તકલીફ અને તેના ઉપાયો શોધવાથી કદાચ વલ્લભકૃપાથી માર્ગમાં સઘન પ્રવેશ શકય બને.

(૧) પહેલું તો આપણે એ જાણવાનુ છે, કે **પુષ્ટિમાર્ગના પાયાના મુખ્ય સિધ્ધાંત કયા છે?** તે છે (એ) સેવા (બી) સ્મરણ

**(એ) સેવા :** પરબ્રહ્મ, પુરૂષોતમ, પરમાત્મા, ભગવાન સારસ્વતકલ્પમાં પ્રકટેલા નંદનંદન શ્રી કૃષ્ણ સ્વયં મારા ઘરમાં, મારા માથે, માત્ર મારા પરિવાર માટેજ બિરાજમાન છે. તેમની અનન્યભાવે, નિષ્ઠા પૂર્વક, તેમને સુખ થાય તે પ્રકારે, શ્રી વલ્લભસૂચીત રીતે, પરમ્સ્નેહ પૂર્વક, ચિત પરોવીને કરવામાં આવે તે સેવા.

**(બી) સ્મરણ :** ઉપરોકત સેવા સમયે અને સેવાના અનવસરમાં, સર્વ સમયે તેમના સ્વરૂપ તથા તેમની સારસ્વત કલ્પની લીલાઓનું ભાવન કરવું. મનને આ ભાવનામાં જ પરમ આનંદ તથા પરમ સંતોષનો અનુભવ થાય, તેવો સાધન દશામાં પ્રયત્ન કરવો. આપણી સર્વ ઇન્દ્રિયોથી થતી સર્વ ક્રિયામાં શ્રી કૃષ્ણને જ જોડવાનો પ્રયત્ન કરવો.

(૨) આપણા મનમાં સવાલ થાય છે કે **સેવા જ શા માટે કરવી ?**

તેનું એક માત્ર કારણ એટલું જ છે કે તે આપણે પોતે જ સ્વીકાર્યુ છે. આપણે પુષ્ટિમાર્ગીય છીએ. આપણને આ માર્ગ તરફ રૂચિ થવાના કારણે તો આપણે આપણા ગુરુદેવ પાસેથી આ માર્ગની દીક્ષા ગ્રહણ કરી છે.

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ગ્રંથમાં શ્રી વલ્લભે સ્પષ્ટતા કરી છે કે આ માર્ગના જીવો પ્રભુની શ્રી અંગની સૃષ્ટિ છે. આપણું વરણ જો આ માર્ગમાં જ છે. તો તે નિશ્ચિત છે કે આપણી અંતિમ અને, એકમાત્ર મુખ્ય કૃતિ શ્રી કૃષ્ણની સેવા જ છે.

આપણા સર્વ અનુકૂળ સંજોગોમાં પણ જો આપણે “સેવા” જ માત્ર કર્તવ્યના સિદ્ધાંતને ન સ્વીકારતા હોઇએ તો આપણે કદાચ પુષ્ટિમાર્ગને લાયક નથી. પછી તો દુનિયામાં કૃતાર્થ થવાના અનેક માર્ગ છે જ અને સેવાના સિદ્ધાંતને સ્વીકારતાં હોવા છતાં કોઇ સાચી કે કલ્પિત મજબુરીને કારણે સેવા ન કરી શકતા હોઇએ કે ન કરતાં હોઇએ તો આપણી જાતને ફરી તપાસી જવી જોઇએ કે આપણે જે માની લીધુ છે કે સેવા નથી બનતી તે આપણી ભ્રમણા અથવા શાહમૃગ વૃત્તિ તો નથીને ? જરૂર છે મનના નિશ્ચયની...

એકવાર નકકી કરો... દ્દઢપણે નકકી કરો કે મારે શ્રી કૃષ્ણની સેવા કરવી છે, તો જરૂર રસ્તો નીકળશે.

(૩) તો હવે સવાલ છે **મન નિશ્ચય કઇ રીતે કરી શકે ?**

તો તેનો ઉપાય કહેવામાં આવે છે, માહાત્ય જ્ઞાન... એટલે કે જેની સેવાની વાત થઇ રહી છે, જેનો મને અનાયાસ અધિકાર મળી ગયો છે, તે કોણ છે ? " શિવ, બ્રહ્મા, દેવો વિ. ને જેની સેવાનો લાભ દુર્લભ રહ્યો છે. તેવું, આપણા કીર્તન સાહિત્યમાં ભકતોએ પોતાના સ્વાનુભાવની વાણીથી જણાવેલ છે, જયારે શ્રી વલ્લભની કૃપાથી આપણને તે સેવા સુલભ થઇ છે. જેને હું સેવું છું તે ત્રણે ભુવનનો નાથ છે. સર્વસમર્થ છે, તેને કોઇ વસ્તુની કમી નથી, જેના આંખના પલાકાર માત્રથી સૃષ્ટિનું સર્જન અને સૃષ્ટિનો વિનાશ થઇ શકે છે. તેવો ત્રિભુવનનો નાથ મારા ઘરે પધાર્યો છે અને મારી સેવા લેવા માટે ઉત્સુક છે. મારી તનીક સી સેવાને તે પહાડ જેટલી સાચ્ચી જ માની લે છે અને સંતોષનો ઓડકાર ખાય છે. તેથી તો મથુરા નાથજીને પદ્મનાભદાસજીના છોલામાં શ્રી ગિરિધરજીના અન્નકૂટ કરતાં વિશેષ સ્વાદ આવ્યો.

આપણને તો સૌભાગ્યમદ હોવો જોઇએ કે મારા ઘરે આવો સ્વામી બિરાજી રહ્યો છે કે જે મારા ઘરનો મેમ્બર બની ગયો છે.

માહાત્મ્ય જ્ઞાનનો દાખલો આપું. -

કાલે કદાચ એવું બને કે ભારતના વડાપ્રધાનશ્રીનો ફોન તમારા પર આવે કે તે ગુજરાતની મુલાકાતે આવવાના છે અને તમારો ત્યાં એક દિવસ રોકાશે. કારણે કે વર્ષો પહેલાં તમારા દાદાજીને, તેમના પિતાશ્રી સાથે અંગત સંબંધો હતા. આ સમાચાર જાણીને તમોને તમારા હદયમાં કેટલો આનંદ થશે ? તમને તમારું કેટલું સૌભાગ્ય લાગશે ? ગામના લાખો માણસો કરતાં તમે વિશિષ્ટ ભાગ્યશાળી છો તેવુ તમને લાગશે. ઘણાય લોકો તમારા ભાગ્યની ઇર્ષ્યા પણ કરશે.

તમો તેમના સન્માનની શું તૈયારી નહિ કરો ? તમારી કરેલી ગમે તેવી તૈયારી પણ ઉણપવાળી હશે તેવી દીનતા તમારા હદયમાં પ્રગટશે. તમે તમારા તે દિવસના બનાવેલા Pre-planned સર્વ કાર્યક્રમોને કેન્સલ કરી નાખશો. તમારી એક માત્ર Priority ભારતના વડાપ્રધાનની સેવામાં હાજરી હશે. તમારા મનની અંદર તેમના સિવાય અન્ય કોઇ વિષય સ્થાન નહિ લઇ શકે.

આપણે સૌ, સાચે જ જો આ કલ્પના કરીએ તો લાગશે કે આપણા માટે માત્ર એક વિષય વડાપ્રધાન હશે તે જ રીતે જો શ્રી કૃષ્ણનું માહાત્મ્ય જાણીશું તો આપણી Priority બદલાઇ જશે. આપણી પાસે અનેક સાંસારિક કાર્યો છે તે દરેકની કોઇને કોઇ Priority છે, પણ આપણે તે નકકી કરવાનું છે એક પુષ્ટિ જીવ તરીકે આપણા માટે મુખ્ય શું છે અને ગૌણ શું છે ?

(૪) હવે તે શંકા છે કે Priority એટલે કે **મુખ્યતા શ્રી કૃષ્ણની સેવાની જ**



**શા માટે ?**

તે માટે આપણે સમયની લંબાઇને માપવાની છે. આપણે relativity ના સિદ્ધાંતને યાદ કરવાનો છે. દોડતી ગાડીમાં બેઠેલાને તેની પાસેથી પસાર થતી તે જ દિશામાં દોડતી ગાડી સ્થિર કે ધીમી ગતિવાળી લાગશે અને પોતે પણ સ્થિર છે તેમ લાગશે આને relativity કે સાપેક્ષતા કહીએ છીએ. કોના સંદર્ભે સ્થિર છે અને કોના સંદર્ભમાં ગતિમાં છીએ ? જો આ સંદર્ભની વાત સમજાશે તો Priority સમજાશે.

Priority ને relativity સાથે સંબંધ છે, તે હવે સમજીએ.

આપણી કુમારાવસ્થાના સંદર્ભમાં અભ્યાસ જ માત્ર વળતર આપતી નોકરી કે ધંધો તે Priority માં આવે છે.

તે જ પ્રકારે આપણી હાલની નોકરી-ધંધાની, પ્રતિષ્ઠાની, મીટીંગો, કરવાની તેમાં નિર્ણયો લેવાની વ. સર્વ Priority આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધીની છે. એકવાર પ્રાણ નીકળી ગયા પછી ગમે તેટલી અગત્યની મીટીંગ, નકામી-અર્થહીન થઈ જાય છે. આપણી બધી ઝડપ, દોડધામ, માનસિક સંતાપ, તાપ સર્વે શૂન્ય થઈ જાય છે. કારણ આપણી જીંદગીની બધી પ્રવૃતિ, આપણી પોતાની ઓળખ, એક જીંદગી પૂરતી મર્યાદિત છે."

"આપણે પુષ્ટિજીવ છીએ" તે આપણી ઓળખ એક જીવન પૂરતી મર્યાદિત નથી. સહસ્ત્ર પરિવત્સરથી આપણે આપણા અંશી તેવા પૂર્ણ બ્રહ્મ પુરુષોતમ શ્રી કૃષ્ણથી વિખૂટા પડી ગયા છીએ અને આપણું એક માત્ર કર્તવ્ય તે વિખૂટા પડી ગયા હોવા અંગે જે તાપ કલેશ થવો જોઇએ, તે સભાનતા કેળવવાની છે. એકવાર તે સભાનતા થઇ ગયા પછી બાકીનું બધું Auto cycle ની જેમ શરૂ થઇ જશે.

તો જયારે આપણી ભવોભવની Priority માત્ર કૃષ્ણ પ્રાપ્તિ છે તે મનમાં બરાબર ચોંટી જાય પછી બાકીની બધી Priority આપણા માટે ગૌણ થઈ જશે. પછી આપણે બાકીની Priority ફુરસદે કરશું, પણ પ્રભુની સેવા કેવી રીતે બની આવે ? પ્રભુ પ્રસન્ન કેવી રીતે થાય ? તેનો જ પ્રયત્ન કરીશું. આજે આપણે અજ્ઞાનતાના કારણે કે અન્યથા જ્ઞાનનો કારણે બીજા અલ્પજીવી વિષયોની Priority પહેલી આપીએ છીએ, જયારે ચિરંજીવી વિષયની Priority ને ફૂરસદના સમયે કરશું તેમ કહીએ છીએ.

**(૫) તો આ Priority આ જ છે, તેમ કઇ રીતે દ્દઢ થાય ?**

તે માટે જરૂર છે સત્સંગની " નિવેદનમ્ તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ : જનૈ: "

કોઇ તાદશી જનની સાથે બેસીને નિવેદનનું સ્મરણ કરવામાં આવે તો નિવેદનનો ભાવાત્મક અર્થ હદયમાં દ્રઢ થાય. નિવેદનનો શબ્દાર્થ તો આપણે સૌ જાણીએ છીએ. જીવને પ્રભુથી વિખૂટા પડી ગયાની પરિસ્થિતિના કારણે તેને થવો જોઇતો દિવ્ય તાપ કલેકશનો અભાવ છે.

પરંતુ ગુરુદેવ તે તાપકલેશને બ્રહ્મસંબંધ દીક્ષાથી ફરી જગાવી આપે છે. આપણે આપણા મમત્વ અને અહંત્વ ના વિષયોને પ્રભુ ને ચરણે ધરી દેવા અને પોતે ભારરહિત થઇ જવું. આપણે પોતાનું અસ્તિત્વ માત્ર શ્રી કૃષ્ણનું આપણામાં હોવાપણાથી છે તથા માત્ર તેના સેવકપણાથી વિશેષ આપણે કંઇ નથી તેમ દઢ થવું. પરંતુ આ પોથીજ્ઞાન હૃદયારૂઢ થતું નથી તેનું કારણ નિવેદનમ્ તુ સ્મર્તવ્ય સર્વથા તાદશૈ : જનૈ : તેવા પરમ વૈષ્ણવ પાસેથી સત્સંગ મળતો નથી તેવા વૈષ્ણવ મળે પણ પણ કઇ રીતે ? અને તે આપણી સાથે કૃપા કરીને સત્સંગ કરે કે કેમ ? તેવાઓ તો પોતાની અંદર જ મસ્ત હોય છે. તેમને લાયક થવા માટે આપણે કંઇક યત્ન કરવો જોઇએ, તો પ્રભુ કૃપાથી કઇંક દઢતા થતાં તેવા વૈષ્ણવનો સંગ શ્રી વલ્લભ જરૂર મેળવી આપશે.

**(૬) તો તેવા પ્રયત્ન એટલે શું ?**

તે માટે જરૂર છે માર્ગીય ગ્રંથોનો અભ્યાસ.

જેમ કાચું માટલું પાકું કરવા માટે ટપલા મારી મારી પકવવાને લાયક થાય તેમ વલ્લભકૃપાથી અગ્નિના ભઠ્ઠારૂપ તાદશી વૈષ્ણવ મળે તો આપણું માટલુ પાકું થાય અને તેમાં ભાવરૂપ રસ સ્થિત થાય.. ટકે...

(૭) હવે રહી વાત કાચા માટીના માટલાને ટપલાં **મારી પાકાં કરવાની.**

તે માટે શ્રી વલ્લભની વાણીરૂપ ગ્રંથોના અભ્યાસ કરવો. આપણે ત્યાંના શ્રી વલ્લભ-વિઠ્ઠલ તેમના સાત બાળકો, અને અન્ય અનેક પ્રાચીન અર્વાચીન ગો-બાળકો તથા વિદ્વતજનોના ગ્રંથો, ટીકાઓ, કીર્તન, સ્તુતિ ગ્રંથો, સિદ્ધાંત ગ્રંથો વિગેરે જોવા. આ ગ્રંથોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(એ) તત્વદર્શન (બી) કર્તવ્ય નિર્ધારણ (સી) ભગવલ્લીલા ચિંતન.

તે સર્વનો પોતાની યોગ્યતા અનુસાર અભ્યાસ કરવો.

(૮) રહ્યો એવો અભ્યાસ કરવાનો **સમય ક્યાંથી મેળવવો ?**

તેનો ઉપાય છે સૌથી પહેલાં તો મનનો નિશ્ચય અને ત્યારબાદ પ્લાનીંગ

મનનો નિશ્ચય કઇ રીતે થાય તે અગાઉ વિચારી લીધેલ છે.

હવે પ્લાનીંગ બાબતમાં- આપણે આપણા જીવનના દરેક મોટા કામ પુરા પાડવા માટે પ્લાન ગોઠવીએ છીએ-જેમ કે લગ્ન પ્રસંગ લીધો હોય તો પૈસાનું પ્લાન, સમયાનુસાર પ્રસંગનું પ્લાનીંગ, આમંત્રણ આપવા જવા માટેનું પ્લાનીંગ, વસ્તુની તૈયારીનું પ્લાનીંગ, તેમ અનેક સબ પ્લાનીંગ કરીએ છીએ.

કોઇ કંપનીને કોઇ પ્લાન્ટ નાખવો હોય તો તેનું Project Planning કરવું પડે છે. તેમાં સ્થળ પસંદગી, Drawing થી શરૂ કરી Design, Estimate, Work plan તથા છેલ્લે Operation માં મુકાય ત્યાં સુધીનું ખૂબ જ ઝીણવટભર્યું પ્લાનીંગ ચિત એકાગ્ર કરીને, સમય સંજોગોના દરેક પાસાને ધ્યાનમાં રાખી કરવું પડે છે.



તે જ પ્રકારે આપણી જીંદગીના સ્વસ્થ વર્ષો કેટલા બચ્યા છે કે જેમાં આપણે સ્વસ્થતા પૂર્વક અભ્યાસ કરી શકીએ ? કેટલો અભ્યાસ કરવાનો છે? આપણી શકિત કેટલી છે ? જો કે દરેક વ્યકિતમાં પ્રભુએ અમાપ શકિત મૂકેલી છે, આપણે આપણી શકિતને જાણતા નથી અને તેને કેળવવાનો કે ઉપયોગ કરવાનો તરીકો જાણતા નથી, તેને વાપરવાની દ્રઢતા નથી. આપણે જાણીએ છીએ કે આપણા મગજમાં અપાર શકિત ભરેલ છે, એક કોમ્પ્યુટરથી પણ વિશેષ. આપણે માંડ ૧૦% શકિતને વાપરીએ છીએ.

આ બધા મુદ્દા સમજીને પ્લાનીંગ કરવું જોઇએ.

આપણા દિવસ ભરના, મહિનાભરના પ્રોગ્રામને કામ તથા સમયમાં વહેંચી નાખવો જોઇએ અને તે દરેક કામ માટે આશરે સમય કેટલો જોઇએ ? તે શોધી નાખવું જોઇએ. Time & motion study કરવો જોઇએ. આપણે સભાનતા પૂર્વક ટુથબ્રશ કરવામાં, ન્હાવામાં, પેપર વાંચવામાં, નાસ્તો કરવામાં, જમવામાં, ઉંઘવામાં ... વગેરે દરેકમાં, આદર્શ રીતે કેટલા સમયની જરૂર છે ? તે શોધી નાખવું જોઇએ. તો આપણને જણાશે કે આપણી પાસે ઘણો એવો સમય હતો જેને આપણે વેડફી નાખતા હતા. ડોકટરને ત્યાં આપણે રાહ જોતા બેસી રહેતા હોઇએ છીએ, તે સમય વાપરી શકાય. બસ, ટ્રેનમાં અરે નોકરીના સમયમાં પણ ફાજલના કલાકો હોય છે, ફિઝુલ વાતોમાં પણ સમય વેડફીએ છીએ. મુદ્દાસર કરવાની વાતોને નાહકથી લંબાવીને સમય બગાડીએ છીએ. પેપરમાંના બીનઅગત્યના ન્યૂઝને ડીટેઇલમાં વાંચતા હોઇએ છીએ.

(૯) આમ આદર્શ સમય કાળ શોધ્યા પછી તે કામ કરવા માટે **સમય કઇ રીતે ઘટાડી શકાય** તે જોવાનું છે.

જેમ કે આપતિકાળમાં, જેટલા સમયમાં સામાન્ય રીતે કામ થતુ હોય છે તેનાથી ઓછા સમયમાં કામ થઇ શકે છે. એક funny તથા સૌના જીવનમાં ઘટીત થાય છે તેવો દાખલો આપું. આપણે બહારગામ જવા તૈયાર થયા હોઇએ અને છેલ્લી મીનીટે લેટરીને જવાની ઇચ્છા થઇ, તો તે વિધિ તથા સ્નાનાદિ વિધિ કેટલી ઝડપથી પતાવી દઇ શકીએ છીએ ? તેનું કારણ ફરી પાછું Priority સમજીને, પ્લાનીંગ, કરીને, Time & motion study કરીને સમય બચાવી શકીએ અને તે સમયમાં માર્ગીય સાહિત્યનો અભ્યાસ કરી શકીએ.

આ પ્રકારે આપણે જે ચર્ચા કરી, તે તમામ આપણને સ્મરણ કરવામાં આવતી સમયની અડચણના ઉપાય જોતાં હાલ પુરતું " સ્મરણ "ને માત્ર અભ્યાસ તરીકેના પાસા તરીકે વર્ણવ્યું છે. પરંતુ તે આપણી સાધના અવસ્થાને લક્ષમાં લઇને... ત્યારબાદ પ્રભુકૃપાથી ભાવ સિદ્ધ થશે ત્યારે સ્મરણ દિવ્ય સ્વરૂપ ધારણ કરી, શ્રી વલ્લભકૃપાથી રસાનંદનો અનુભવ પણ કરાવે.

જેથી હાલ આપણે સેવા તથા સ્મરણની આ માર્ગમાં પ્રવેશેલાને માટે અગત્યતા તથા તેમાં આવતી કેટલીક પ્રાથમિક સામાન્ય અડચણો નિવારવાના ઉપાયો ચર્ચ્યા.

મારી બુદ્ધિ તથા યોગ્યતા અનુસાર આ વિવરણ કરેલ છે, તે મારા પૂરતૂં સિમિત છે. માત્ર આપ સમક્ષ રજુ કરવાથી આપણી સૌની તથા વિશેષ કરીને મારામાં દઢતા આવે તે ઉદ્દેશથી રજુ કરેલ છે.

આ પ્રસંગે આપણે સેવા અને સ્મરણના વિશાળ પટમાં કયાં ઉભા છીએ! તેની નોંધ આપણી ડાયરીમાં કરી લઈએ અને એક વર્ષ પછી એને રીન્યુ કરીએ અને પછી કયાં છીએ ? તે જો તપાસીએ તો પણ ઘણો ફરક પડશે. અસ્તુ.

૧૩૪

## તું જ

શ્વાસ મારા તું જ હોમ, નિઃશ્વાસ મારા ખુદ હો

જીવન મારુ તું જ હો, મુત્યુ મારું ખુદ હો

ભૂતકાળ હો જે હો છતાં,

ભવિષ્ય મારું તું જ હો...

## નેત્રોનું વરદાન

સુરદાસ પામ્યા નેત્ર ગિરિધર સ્વામિના

તેવુ થાયે તો પછી... શુ જરૂર જડ નેત્રની ? ૧

પ્રાકૃત નેત્રોથી અલૌકિક જો દિસે,

થઈ ગયા રસખાની તો, ગિરિધરી પુંઠે ધસે...

તો શી જરૂર આ નેત્રની? ૨

ગોકુલે ક્યારે જશુ? સુની નેત્રસર જલભર સહે

તેવાં દાસ નારાયણી નેત્રોની મુજને આશ છે ૩

પરદેશ તારો થઈ ચુકયો " એં જયાં લગી સુણ્યું નથી

નેત્રો વહે ચોધાર જલથી વરદાન ચાહુ નેત્રના ૪



૫૪

## સત્સંગની વ્યાખ્યા

સત્ નો અર્થ થાય સત્જન એટલે કે જે વ્યકિત ભકત છે. કે જેને પ્રભુના માહાત્મ્યજ્ઞાન સાંભળવામાં આનંદ આવે છે અને પ્રભુસેવાથી સંતોષ થાય છે. શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે. નિવદેનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ: જનૈ:

આવા ભગવદીયો પોતાના જીવ સ્વરૂપને જાણે છે પ્રભુના પુરુષોતમ સ્વરૂપને જાણે છે, પ્રભુમાં અનન્ય ભકિત તથા આશ્રય છે. અને તદનુસાર ક્રિયા કરવાવાળા છે વાણી પણ તેવી જ છે. તેથી વિરુધ્ધ હોય તેનાથી દૂર ભાગવાવાળા છે.

સંગ : ગીતાજીમાં સંગથી કામના જાગે છે, તેમ પ્રભુ આજ્ઞા કરે છે. દુષ્ટના સંગથી જગતના વિષયની અને સતના સંગથી પ્રભુ વિષયક કામના જાગે. તેથી જ ઉપરોકત વચન " નિવદેનં તુ... " શ્રી આચાર્યજી કહે છે. પણ શ્રી હરિરાય મહાપ્રભુ આ બાબતે સાવધાની વરતવાની વાત કરે છે. કેમ કે સાંપ્રતકાળમાં બહુરૂપી ઘણા છે, જે દેખાય સજ્જન પણ હોય દુર્જન. તેથી સંગ કરવા લાયક તો શ્રી આચાર્યજી તથા ... બાળકોના મૂળવચનો છે. ષોડશ- નિંબધ-ભાગવત, શિક્ષાપત્ર, વાર્તાસાહિત્ય છે. પરંતુ વાર્તાસાહિત્યના ગૂઢાર્થ નહિ સમજાય તો નુકશાન પણ થઈ શકે તેથી તેના અર્થ આચાર્ય વચનો સાથે મેળવી જોવા જરૂરી છે. માર્ગ ભાવનાનો હોવા છતાં ભાવના કયાં ખેંચી જાય છે. પ્રભુ પ્રતિ કે બીજે કયાંક ? તે ઉઘાડી આંખે જોવાની જરૂર ખરી ! કાચી દશામાં અન્યમાર્ગી આપણી બુદ્ધિને ભ્રમિત કરી શકે તેમ હોવાથી અન્યમાર્ગીનો સંગ ન કરવો સલાહ ભરેલ છે. નાળિયેર અને સિતાફળ બન્નેને ખાવામાં ભિન્ન ભિન્ન કાળજી લેવાની છે, તેમ સંગ બાબતે છે, તેમ શબ્દના અર્થ બાબતે છે.

આ બધા જ સંગ શ્રી હરિનો સદા સંગ બની રહે તે માટે કરવાનો છે. માટે સતસંગ પણ સદા કરવાનો છે. અને "સર્વદા, સર્વભાવેન ભજનીયો, વ્રજધીપ " સત્સંગ સિવાય કશું જ કરવાનું નથી કેમ કે શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે, "ગાયના શીંગ પર રાઈનો દાણો ટકે તેટલો સમય પણ ભગવાનથી વિમુખ થવાય તો બહિર્મુખતા આવે. " એટલે કે આસુરી ભાવ આપણામાં પેસે, માટે સદા હરિનો સંગ રાખવો તથા સદા સાવધાની પણ રાખવી.

# સેવામાં વિવેક

૫૫

પ્રભુને અસુખ ન થાય માટે સેવા દરમ્યાન માહાત્મ્ય જ્ઞાન, દાળમાં લુણની જેમ સ્મૃતિમાં આણવું.

તેમ છતાં કંઇક ચૂક થાય ત્યારે ગ્લાની જરૂર થવી જોઇએ પરંતુ તે ગ્લાની-ઉદ્વેગ, ચિંતાનું રૂપ ધારણ ન કરી લે તે માટે ભગવાનનો અનુગ્રહ (સ્નેહાત્મક કરૂણા)ને સ્મૃતિમાં આણવી.

ભગવાન જ સ્વયં સત-ચિત-આનંદ થકી સર્વ કંઇ બન્યો છે. પણ જે કંઇ બન્યો છે. તેને અંગ સમજીને, અંગની પૂજા માત્ર થાય. અંગી તો સ્વયં કૃષ્ણ છે, જેથી તેમની જ સેવા થાય.

કૃષ્ણની સેવા સર્વભાવથી કરવી જોઇએ (સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ) અનૂકૂળ સમયે ભગવાન પોતે જ પોતાને પસંદ તેવો કોઇ એક ભાવ ભકતમાં દઢ કરી દેશે, ત્યારે તે ભકત પણ તેવી જ એકાંતિક ભાવથી સેવા કરવા લાગશે (જેમ વાર્તામાં બાળકૃષ્ણજીને મદનમોહનજી થવું પડયું ) ભાવ પસંદ કરવાનો અહંકાર કરીને પ્રભુના ચાળા ન પાડવા.

સેવા ભાવાત્મિકા છે. જેમાં સેવા દેહ છે અને ભાવ તેનો આત્મા છે. પ્રભુ ભાવાત્મા છે. એટલે કે સેવામાં આપણો ભાવ છે તે જ પ્રભુ છે, તે જ મુખ્ય છે. એટલે કે પ્રભુ મુખ્ય છે. બાકી સર્વ સાધન-સામગ્રી તે તેમનો લીલા પરિકર છે. આપણે પોતે પણ લીલા-સામગ્રી છીએ. સાધન દશામાં લીલાસામગ્રી પ્રભુને અનુકૂળ થાય છે તથા ફલદશામાં પ્રભુ લીલાસામગ્રીને અનુકૂળ થાય છે.

સેવા વ્યાજના ધનથી ન કરવી તેવો ભાવાત્મક ઉપદેશ વાર્તામાં "મને તાંતીના વ્યાજ પર રાખ્યો" શબ્દોથી છે. તેનો ભાવાર્થ સમજવાની જરૂર છે.

પરંતુ જયારે પોતાનામાં સામર્થ્ય છે અને દઢ વિશ્વાસ તો ગદાધરદાસ જેવો છે નહિ, તેવા સંજોગોમાં અર્થ પુરુષાર્થ કરવો જોઇએ. વ્યાજ ખાઇને બેસી ન રહેવું જોઇએ. બાપ-દાદાની મોટી મૂડીના વ્યાજ પર જ જીવનભર જીવવું અને કંઇ જ પુરષાર્થ ન કરવો તે વેદની આશ્રમ-વ્યવસ્થાને અવગણવા બરાબર છે. એવું વ્યાજ કે જે વ્યાજ લેનારને કમરતોડ હોય તેવું વ્યાજ નિષિધ્ધ છે. બ્રાહ્મણ-ક્ષત્રીયો માટે વ્યાજ-વટાવ સ્વધર્મ નથી. જેથી તેમના માટે વ્યાજ નિષિધ્ધ તે દષ્ટિથી છે. પરંતુ આજે તો તે પ્રકારની વર્ણ વ્યવસ્થા જ તૂટી ગઇ છે, જેથી આ ઉપદેશ આજના સમયમાં વિવેકપૂર્વક ગ્રહણ કરવો. આપણે આપણા ચારેય પુરુષાર્થો ભગવાનને સમર્પિત કરવાના છે.જયારે વ્યાજથી રહીયે ત્યારે અર્થ પુરુષાર્થ ભગવાનને સમર્પિત કર્યા વગરનો જ રહી જવાનો... તેથી વ્યાજને હત્યા કહ્યું છે. પુરુષાર્થ તે તનુજા છે અને વિત પ્રાપ્તિરૂપ વિતજા સેવા થશે પણ પુરુષાર્થરૂપ



તનુથી સેવા નહિ થાય, તેથી તેવી અધૂરી સેવા માનસીને લાયક બને નહિ જો કે જેમ અપરસની બાબતમાં પરદેશ બિમારી, રાત્રીસમય, વૃધ્ધાવસ્થામાં છૂટછાટ છે. તેમ અહીં આ વિવેક જાળવીને સેવા કરવી.

આજના કાળમાં ઇકોનોમીકસમાં વ્યાજ એક મહત્વનું ફેકટર છે. અર્થવ્યવસ્થાનું માળખું જ એવું છે કે વ્યાજને નિષિદ્ધ ગણી તેનાથી અળગા રહેવાનું પ્રેકટીકલી શકય જ નથી. પરંતુ વ્યાજના નિષિદ્ધ પણા પાછળનો ઉદ્દેશ સમજવાનો છે.

શબ્દને ન પકડતાં અર્થ ને જાણવાનો છે. પ્રેમપૂર્વિકા સેવામાં જે કંઇ બાધક હોય તે ત્યાજ્ય છે. એટલામાં બધું આવી ગયું. પણ જો તે ભાવવૃદ્ધિમાં બાધક નથી તો તેવા ફેરફારો કાળ-સંજોગો પ્રમાણે સ્વીકાર્ય છે.

# સ્વરૂપાસકિત વિરુધ્ધ દાસભાવ

૫૬

શ્રી હરિરાય મહાપ્રભુના વચનોથી ઘણાના મનમાં એવી ભ્રાન્તિ રહે છે કે સ્વરૂપાસકિત એટલે મુખારવિંદની ભકિત અને દાસભાવ એટલે ચરણારવિંદની ભકિત તદુપરાંત આપશ્રીએ મુખારવિંદની ભકિતને ચરણાવિંદની ભકિતથી ઉતમ કહી છે તેથી આપણે સમજી બેઠા કે દાસભાવ કરતાં સ્વરૂપાસકિત શ્રેષ્ઠ છે. એટલામાટે પ્રભુને કાન્તભાવથી ભજવા નહિ કે દાસભાવથી.

આ પ્રકારનું જે આપણી સમજનું અજ્ઞાન છે તેને દૂર કરવાની તાતી જરૂરિયાત છે. આ અજ્ઞાન શ્રી હરિરાય મહાપ્રભુના વચનોને યોગ્ય સંદર્ભમાં નહિ સમજવાથી ઉદ્ભવે છે.

પરિણામે (૧) આપણે આપણા લૌકિક કામને પ્રભુમાં સીધે સીધો આરોપવા તત્પર થઈએ છીએ (૨) અનધિકાર ચેષ્ટા કરીએ છીએ (૩) માર્ગને નુકશાન પહોંચાડીએ છીએ કેમ કે મોટોવર્ગ માત્ર અનુકરણ વૃતિવાળો છે. (૪) બહારનાઓ કે જે માર્ગને સમજતા જ નથી. તેઓ માર્ગને દુષણ લગાવે છે. (૫) તો કેટલાક સ્વરૂપાસકિતને દર્શનભકિતમાં ખપાવીને માર્ગના સ્વરૂપ સાથે ચેડા કરે છે.

શ્રી વલ્લભના અપરાધથી બચવા, પાયાની વાત સમજીએ. ભકિત-માહાત્મ્યજ્ઞાન પૂર્વકનો સ્નેહ એટલે કે બેકગ્રાઉન્ડમાં માહાત્મ્યજ્ઞાનને રાખીને જીવનની રંગાળીમાં પ્રભુ પ્રત્યે સ્નેહના રંગ ઉપસાવવા. કયારેક સ્નેહની પૂરણી એટલી બધી હોય કે માહાત્મ્યજ્ઞાન જણાય જ નહિ પણ ડીઝાઇનમાં પહેલાં એક wash રંગ લગાવવામાં આવે છે, જે આછા રંગનો હોય છે. તે સૂકાયા પછી, તેના પર વિવિધ રંગની આકૃતિ બનાવવામાં આવે છે. તેથી કદાચ વોશ-કલર ન દેખાય, તેથી તે નથી તેમ માનવું ભૂલ છે. સ્નેહની અધિકતામાં માહાત્મ્યજ્ઞાન છુપાઇને રહે. બન્નેનું હોવું તો શ્રી આચાર્યજીની દષ્ટિથી ભકિતનો પૂર્ણ પ્રકાર છે. આ વાત માહાત્મ્યજ્ઞાનનો છેદ ઉડાવી દેનારે સમજી લેવા જેવી વાત છે.

પુષ્ટિભકિત : જે નિષ્કામ છે, પ્રભુના સુખાર્થે છે, પ્રભુદત્ત છે, ભકત નિષ્ઠિત છે, અન્યાશ્રય રહિત છે.

એટલે કે જેમ લિંકને Of the People By the People for the people કહ્યું હતું તેવી જ રીતે પુષ્ટિભકિતની વ્યાખ્યા પ્રભુપ્રત્યે સર્વતોમુખી છે. ભક્તિ પ્રભુને આધીન છે. તેથી પ્રભુનું સુખ મુખ્ય છે. પોતાનું સુખ પ્રભુની ઇચ્છાને આધીન છે. તેથી જ ભકત પોતાના "કામ" ને પ્રભુને સમર્પિત કરે છે. પ્રભુને ઠીક લાગે તો વિનિયોગ કરે, ન કરે તો ન કરે.આવી નિષ્કામતા ભકતની હોય છે.

ભકતની નિષ્ઠા સમસ્ત પ્રભુ પ્રતિ છે, નહિ કે અંગમાં, કે નહિ માત્ર ગુણમાં કે



રૂપમાં. સ્વરૂપનો અર્થ મુખારવિંદ કે ચરણારવિંદ માત્ર નહિ પણ ધર્મી સ્વરૂપ પ્રભુ. ભકતની નિષ્ઠા-ભકિત-આસકિત આવા ધર્મીસ્વરૂપમાં છે. જેને આસકિત હોય તે જેનામાં આસકિત હોય તેના સુખનો જ સદા વિચાર કર્યા કરે, આ જ નિષ્કામભાવ છે. તેમાં જ તેને આનંદ આવે પ્રભુને સુખ થાય તેવા કાર્યમાં જ આનંદ થાય તેથી પ્રભુને નિરખવારૂપ જે આનંદ છે તે અંગરૂપ છે, પણ તત્સુખ ભાવ તે દાસભાવ છે.

કુલ્લે મળીને વિચારતાં, દાસભાવ તે કાયમી સ્હેડ છે તેની ઉપર સ્નેહના વાત્સલ્યભાવ, કાન્તભાવ, સખ્યભાવ સ્વરૂપાસક્તિ, ગુણાસકિત તેવા અનેક રંગો ચડીને સુંદર ડીઝાઇન બને. આ બધા રંગો સર્વત્ર છે પણ સંપૂર્ણ નથી આ બધા ભાવો દાસભાવને દબાવી દેવા નથી ચાહતા. તેમાં બેક સ્હેડ વધારે કે ફ્રન્ટ સ્હેડ તેની મહતા નથી. ફ્રન્ટસ્હેડ જાત-ભાતના હોઇ શકે પણ બેક સ્હેડ તો એક જ સરખો (દાસત્વ) હોય છે.

તેથી દાસભાવ તે સ્થાયીભાવ (કાયમી) તથા એકસમાન સર્વમાં હોય છે અને તે સર્વ આગળ કહેલ ભાવોના આધારરૂપ છે.

ગદ્યમંત્રને અંતે આવતો પંચાક્ષરમંત્ર "હે કૃષ્ણ હું આપના દાસ છું" તે પાયો છે. આ પાયાની ઉપર જ રાગ-ભોગ-શૃંગારરૂપ ઇમારત શોભાયમાન થાય છે. ઇમારતના સૌંદર્યને જોનારો જો પાયાને ભૂલી જશે તો જરૂર માર્ગભ્રષ્ટ થશે. કદાચ રાગ-ભોગ-શૃંગાર ઓછા વધારે હશે તો ચાલશે પણ દાસભાવની કમી નહિ ચાલે.

હવે સમજાઇ જશે કે શ્રી હરિરાય મહાપ્રભુ શું કહેવા ચાહે છે. ?

મુખારવિંદની ભક્તિ એટલે ભગવત્સુખ માટે તત્પર. ચરણારવિંદની ભક્તિ એટલે પ્રભુમાં અનન્ય આશ્રય ભાવ. ભગવાન દ્વારા ભકતને નિર્ભયતાનું દાન થાય છે. જયારે તત્સુખભાવમાં ભકતદ્વારા ભગવાનને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરાય છે.

# સનાતન ધર્મના ષોડશ સંસ્કાર

**(૧) સીમન્તોન્નસન :** પત્નીના વાળમાં સેથો પૂરવામાં આવે છે.ગવૈયા બોલાવી, વીણા વગાડી, ચરિત્રો સાંભળવામાં આવે છે.

**(૨) જાતકર્મ :** બાળકને ઘી-મધ-સોનાનો ઘસારો પાવો, એક પથ્થર પર ફરસી મૂકી તે પર સોનાની લગડી મૂકી તે ત્રણને ઉલટાં કરીને પથ્થર પર બાળકને ધરવામાં આવે અહીં પથ્થર તે દ્દઢધર્મ પાળનાર બ્રાહ્મણ સૂચક છે, ફરસી ક્ષત્રિય સૂચક છે,સોનુ, વૈશ્ય સુચક છે.

**(૩) મેઘાજનન :** કાન વિંધવાની વિધિ સોનું મૂકી "સવિતાદેવ તારામાં બુદ્ધિ મૂકો", તેવો મંત્ર ભણવામાં આવે છે.

(૪) નામકરણ **વિધિ :** દશમા દિવસે

**(૫) નિષ્ક્રમણ :** ચોથા માસે બાળકને બહાર કાઢી સૂર્યદર્શન કરાવવુ

**(૬) અન્નપ્રાસન :** છક્કે માસે મધ-ઘી-ભાત એકઠાં કરી ખવરાવવા

**(૭) ચૌલ :** ત્રીજા વર્ષે વાળ ઉતરાવવાનો વિધિ

**(૮) ઉપનયન :** પાંચમાં / સાતમાં વર્ષે જનોઇ આપવાનો વિધિ

(૯) વિદ્યારંભ : નવમાં વર્ષે ગાયત્રી ઉપદેશ આપી ગુરુને ત્યાં ભણવા મોકલવામાં આવે છે.

**(૧૦) વેદારંભ :** ગુરુને ત્યાં શિક્ષણ શરૂ થાય છે

**(૧૧) સમાવર્તન :** વિદ્યાભણી ઘરે આવવાનો વિધિ

**(૧૨) સ્નાત :** વિદ્યા સંપૂર્ણ પામે તે સ્નાતક

**(૧૩) વિવાહ :** આ સંસ્કાર પછી ગૃહસ્થાશ્રમ શરૂ થાય.

**(૧૪) અગ્નિ પરિગ્રહ :** ગૃહસ્થાશ્રમના ચિન્હરૂપે ઘરમાં અગ્નિ સ્થાપવો

**(૧૫) અંત્યેષ્ટ :** દેહને અગ્નિદેવને સમર્પણ ભાવથી મરણ સમયનો સંસ્કાર તથા પરલોકમાં પિતૃલોકમાં ભળે તે માટે વર્ષ પર્યંત કરાતો વિધિ (દશ માંથી વર્ષી)

**(૧૬) શ્રાદ્ધ :** પિતૃઓને પિંડ આપવાની વિધિ.





# સ્નેહનું બંધારણ

એન્ડ્રુઝ નામનો એક ગુલામ જંગલમાંથી જતો હતો. તેના હૃદયમાં અપાર કરૂણા ભરેલી હતી. તેણે એક સિંહને લંગડાતો કણસતો, દુ:ખી જોયો. ત્યારે તેનો સ્નેહ ડર ઉપર હાવી કરી ગયો

તેણે પ્રેમપૂર્વક તે સિંહને પંપાળીને આશ્વાસન આપીને,પછી તેના પગમાંથી કાંટો કાઢીને કોઇક વનસ્પતિનો લેપ કરી, તેને સાજો કર્યો.

સંજોગવશાત્ આ સિંહ માણસોથી પકડાઇ ગયો અને આ ગુલામ એન્ડ્રુઝ પણ જે જંગલમાં ભાગી ગયો હતો તે પકડાઇ ગયો. ત્યારે તે રાજયના નિયમાનુસાર તેને સિંહ સામે ફેંકી દેવામાં આવ્યો. જો બચી જાય તો કાયમની મુકિત મળે.

એન્ડ્રુઝને તો સર્વ ઉપર દયાભાવ હતો તેને માલિક, રાજય કે સિંહ કોઇ પ્રતિ રોષ ન્હોતો કે ન્હોતો ડર. તેણે તો પોતાને ઇશ્વરાધીન માનેલ હતો. તેથી તે કરૂણાસભર નેત્રથી સિંહની સામે ગયો. તેને પંપાળ્યો, સિંહ આ સ્પર્શ, આ ગંધ, આ રૂપ બધાને ઓળખી ગયો. તેને આ એન્ડ્રુઝની કરુણાનો સ્પર્શ અગાઉ થયો હતો અને તેની દુ:ખ નિવૃતિ થઇ હતી.

તેથી આ સિંહને ગુલામ પ્રતિ ઘણી ઉશ્કેરણી કરવા છતાં, તે તો ગુલામને ચાટીને પ્રેમ જ પ્રદર્શીત કરવા લાગ્યો

સૌને આશ્ચર્ય થયું. ગુલામને પૂછતાં તેણે કરુણાનું સ્વરૂપ અને પરિણામ પ્રકટ કર્યું. નિયમ મુજબ ગુલામ બંધનમાંથી મુકત થયો પણ કરુણાના આવેશમાં રાજાએ ગુલામને બીજું કંઇક પણ માગવારૂપ શિરપાવ આપ્યો

ત્યારે એન્ડ્રુઝની કરુણાએ માંગ્યું "આ સિંહને જંગલમાં છોડી મૂકો" અને તેમ જ થયું. તે વખતે તો આ કથા એન્ડ્રુઝ પૂરતી રહી, તે વખતે તો ગુલામી નાબૂદ ન થઇ ગઇ, માટે આનું વિવરણ કર્યુ છે.

(૧) ભકતના સ્નેહનો વિકાસ ભગવાન સર્વાત્મભાવ સુધી કરે છે. તેનો સ્નેહ ભગવાન પ્રતિ હોવાથી સર્વત્ર ભગવાનનો અનુભવ થાય છે. કેમ કે તે ભગવન્મય બની ગયો છે. તેની પાંપણો પર શ્રી ગંિવર્ધનધર બિરાજી જાય છે. તેની કરુણા સર્વત્ર પ્રકટ થાય છે.

માટે તો શ્રી પ્રભુચરણ નારાયણદાસ દીવાનને આજ્ઞા કરે છે."તેને વૈષ્ણવ ન જાણ્યો, પણ મનુષ્ય તો જાણવો હતો" ઝારીજી તો બીજા આવશે પણ આના પ્રાણ પાછા નહિ આવે" માધવદાસે કલ્પાંત કરતા શેઠના દીકરાને જીવતો કર્યો.

"સાપ કરડેલ મુકુંદદાસને કૃષ્ણદાસે જીવતો કર્યો

આ સ્નેહનો, બીજા પ્રતિનો પ્રતિભાવ !

(૨) સ્નેહનો બીજો ગુણ છે અભયતા

(૩) સ્નેહમાં સુખ જ હોય છે દુ:ખ નથી હોતું

(૪) આવો સ્નેહી ભકત કંઇક ભૂલ કરી બેસે તો પણ ભગવાન તેને શાપ અપાવડાવી (લોક મર્યાદા માટે) આખરે તો વિશેષ-હિત થાય તેવું જ કરી દે છે. કેમ કે તેની ભૂલ પણ સ્નેહનાં ભરને કારણે થાય છે.

(૫) સ્નેહી સંસારના બંધનોમાંથી મુકત થાય છે. અને તે જેને સંગી બનાવે, તેને પણ મુકત કરાવે છે. (તાદશી-સામાન્ય વૈષ્ણવ) જેમ ગુલામ મુકત થયો અને સિંહને પણ કરાવ્યો, એટલું જ નહિ સ્નેહી પોતાના સંગીને સ્નેહી બનાવે છે. ભીના કપડાથી સુકું ભીંજાય તેમ

(૬) સ્નેહીને બંધન પીડતું નથી. તેના માટે મુખ્યતા સ્નેહનો અનુભવ છે. તે દુ:ખને શાપ કે સુખને શિરપાવ નથી ગણતો.

(૭) સ્નેહને કોઇ સાધનની અપેક્ષા નથી. સિંહનો સ્વભાવ ક્રુર-તામસ, વળી પ્રાણી હોવાથી અજ્ઞાની, બંધનમાં આવ્યા પછી છુટવાના ઉપાયો-સાધનોનું જ્ઞાન નહિ છતાં સ્નેહ પનપ્યો, તેથી પ્રભુએજ સાધન સંજોગો એવા ગોઠવ્યા કે એક કાંકરે બે પક્ષી પડ્યા. નિ:સાધન ગુલામ તથા તેવો જ સિંહ બન્ને મુકત થયા. બન્નેમાં પરસ્પર કૃપારૂપ સાધન ભગવાન બન્યા. પ્રભુ અંતર્યામી હોવાથી રાજાના હૃદયમાં બિરાજી તેની બુદ્ધિ પણ તત્પૂરતી શુદ્ધ કરીને તેનામાં પણ પ્રેમ પ્રકટાવ્યો, તે પેલા બે નિ:સાધન માટે ઉપકારક થયા

(૮) સ્નેહનું બીજ હોય તેમાં જ સ્નેહ જાગે અને વિકસે. જો તેમ ન થાય તો સમજવું કે પ્રભુએ સ્નેહદાન નથી કરેલ.

(૯) આવા નિરમલ સ્નેહને એક મર્યાદાની પણ અપેક્ષા છે. ભગવાન વ્રજભકતો સાથે રસક્રિડા કરતા ત્યારે, બળદેવજી કે ગોપાબાળકો, ગિરિરાજજીની નિકુંજની બહાર ચોકી કરતા. સ્નેહ અભય નથી માટે નહિ પણ રસરૂપ લીલાના રક્ષણ માટે, રસાભાસ ન થાય માટે મર્યાદાની જરૂર છે.

પ્રભુ સર્વસમર્થ છે તથા વ્રજભકતો લોક-વેદના ભયનો ત્યાગ કરી ચૂકયા છે. તેથી અભય છે. પણ રસનો સ્વભાવ એકાંતિક છે. જેથી ત્રીજાની હાજરીમાં તે કુદરતી રીતે વહેતો બંધ થઇ જાય છે. તેથી તો માનસિંહ રાજા કુંભનદાસને ત્યાં આવ્યા ત્યારે જે છાકલીલાના મનો રથની વાત ચાલુ હતી તે અટકાવીને પ્રભુ ઝાડ પાછળ છુપાઇ ગયા. અભાગીયા રાજાના આવવાથી કુંભનદાસ પણ નારાજ થઇ ગયા કેમ કે રસાભાસ થઇ ગયો. આજે આ પ્રકારે રસાભાસ ન થાય માટે સ્નેહની બહાર એક મર્યાદાની વાડ જરૂરી છે. તેથી તો શ્રી આચાર્યજીએ ભકિતની વ્યાખ્યા" માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદ્રઢ સર્વતોધિક સ્નેહ "આપણને આપી છે, મિશ્રપુષ્ટિ માર્ગી માટે. (અનવતાર કાળ) સર્વતોધિકનો અર્થ જ એક વ્યકિત સાથેનો સ્નેહ, સૌની સાથેનો નહિ તેવો, તેથી તો આ



માર્ગ સર્વોદ્ધારકતાનો નહિ પણ ભકતોદ્ધારક તાનો માર્ગ છે. સર્વોદ્ધારક પ્રભુ અનુભવ ન જતાવે. અનુભવ એટલા માટે નથી જતાવતા કે બીજાની હાજરી હોવાથી મર્યાદા રાખે છે. આપણી અંદર રહેલા દોષોની હાજરી પણ ભગવાનને ખૂંચે છે. તેથી તો શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે. વિષયાક્રાન્ત દેહાણામ્ નાવેશ : સર્વથા હરે :

એટલા માટે જ પ્રભુના બાહ્યસ્વરૂપ કે આંતર સ્વરૂપ (સાનુભવ)નું પ્રદર્શન ન થાય અને જો કરીએ તો પ્રભુનું અપમાન થાય છે.

વહુ કહે છે. "અમને એટલી વાત પણ પેટમાં ન રહી !" પુષ્ટિપ્રભુએ ગોપ્યતાનું અતિક્રમણ કર્યું ?

ડોશીમાએ શિંકા પરથી જાતે સામગ્રી ઉતારીને અરોગી તેથી ડોશીમાએ છાતી કુટી.. પુષ્ટિનું અતિક્રમણ થવાથી

ગોપી પ્રેમની ધ્વજા છે... પુષ્ટિ ભકિતમાર્ગના આદર્શરૂપા, ગુરુરૂપા, તેથી તો તે કહે છે. "ગોકુલકી ગલી અતી સાંકરી"

માહાત્મ્યજ્ઞાન શાસ્ત્ર વ ધર્મ છે, મર્યાદા છે. તેના થકી સ્નેહનું બીજ પાંગરે, વિકસે, પણ જયારે ફલ લાગે ત્યારે તે મર્યાદાને પ્રભુ ખેરવી દે.

તેથી અનવસરમાં માહાત્મ્યજ્ઞાન સહિતનો સ્નેહ અને અવસરમાં ગૌપ્ય એકાંતિક સ્નેહ આ સ્નેહનું બંધારણ છે.

## ૧૩૫ સૂન્યો પર સમજ્યો નહિ

બે જણાની વાત સાંભળવી - અશિષ્ટતા

તેમાય ગુરુ-પ્રભુની તો ખાસ,

પણ પડછાયો દૂર કેમ રહે?

શ્રવણ છે તો સંભાળાય જ

તો વિવેક શું?

ચિત્ત ન પરોવો તો નહી સમજાય

ચેતસ્ તત્ પ્રવણં સેવા

ચિત્ત પરોવ્યું તો સેવા સમજાઈ

સં ૧૫૪૯ શ્રાવણ સુદ-૧૧ ના દિને

દામોદરદાસ શિષ્ટતા વશ બ્રહ્મસંબંધ મંત્ર સમજ્યા નહી

પણ શ્રી મહાપ્રભુના ચરણમાં ચિત્ત પરાવ્યું

મહાપ્રભુએ સુણાવ્યું ત્યારે

મંત્રદીક્ષાને સુણી અને સમજી.

# ટેક્ષ્ટ બુક અને ગાઇડ ૫૯

ટેક્ષ્ટ બુક અને ગાઇડ (અપેક્ષિત) બન્નેનો વિદ્યાર્થી પોતાના અભ્યાસ દરમ્યાન ઉપયોગ કરતો આવ્યો છે. તે બન્નેની પરિસિમા શું છે કે એક-બીજાથી ચડીયાતા ક્યાં છે કે ઉતરતા ક્યાં છે ? બન્નેનો ઉપયોગ શું છે ? તે સમજવા જેવું છે.

આપના માર્ગની દ્દષ્ટિએ જોઇએ તો ઉપદેશક - ગુરુવર્ગ ટેક્ષ્ટબુક છે, અને શિષ્યવર્ગ જાણકાર વૈષ્ણવો ગાઇડ-અપેક્ષિત સમાન છે.

ટેક્ષ્ટબુકમાંનો કોર્સ જે છે તેને અનુલક્ષીને જ ગાઇડ હોય છે. ટેક્ષ્ટબુક તે હકિકતમાં માર્ગ છે અને માર્ગના રક્ષક છે, જ્યારે ગાઇડ તે માર્ગને સરળતાથી તથા ઊંડાણથી સમજી શકાય તે માટેનું સાધન છે.

ટેક્ષ્ટબુક સર્વ માટે કોમન હોય છે, જ્યારે ગાઇડ ઘણી બધી હોઇ શકે. જો કે બન્નેનો ઉદ્દેશ સમાન હોવા છતાં, થોડો ભિન્ન છે. ટેક્ષ્ટબુક જ્ઞાન વધારવામાં વિશેષ ઉપયોગી છે. જ્યારે ગાઇડ પરીક્ષા ક્યા પ્રકારે લેવાય તથા તેમાંથી કેવી રીતે પાર ઉતરાય તેના પર વિશેષ ભાર મૂકે છે. ઊંચી કક્ષાના વિદ્યાર્થી ટેક્ષ્ટબુક પર વિશેષ ભાર મૂકે છે. જ્યારે મીડીયમ કક્ષાના ગાઇડ ઉપર, તો માત્ર પાસ થવા વાળા તો અપેક્ષિત ઉપર જ ભરોસો રાખી ચાલે છે.

ગાઇડમાં જો છબરડો હોય તો "હશે", કહીને બધા માફ કરી શકે છે, પણ ટેક્ષ્ટબુકમાં છબરડો "ગંભિર" ગણાય છે. ટેક્ષ્ટબુકને સન્માન મળે છે, તેથી વિશેષ અપેક્ષા રખાય છે.

ટેક્ષ્ટબુકના અંતે પ્રશ્નો આપ્યા હોય છે, તેને શોધવા માટે ફરી ફરી વાંચી પ્રયાસ પૂર્વક જવાબ શોધવા પડે છે. ગાઇડમાં પ્રશ્ન-જવાબ રેડીમેડ મળે છે, સાધન - પ્રયાસ ઓછો કરવો પડે છે.

ટેક્ષ્ટબુક સરકારને જવાબદાર છે. ગાઇડની જવાબદારી વિદ્યાર્થી પ્રતિ છે. આમ બન્નેની દિશા ઉલટી છે, પણ સરકાર પાસે સજા કરવાનો પરવાનો છે, વિદ્યાર્થી પાસે તે નથી. છતાં જવાબદારી બન્નેએ નિભાવવાની છે, ન નિભાવે તો વ્યવસ્થા ખોરવાઇ જાય.

મતલબ કે.......

ગુરુ અને વૈષ્ણવ બન્ને ભગવદ્પ્રાપ્તિમાં સહાયક હોવા છતાં ગુરુ ઉપદેશક હોવાથી, પ્રભુની સાથે સીધો સંબંધ હોવાથી, તેમણે માર્ગના નીતિ-નિયમ-ઉપાયો, શિષ્યવર્ગને બતાવવામાં ઘણી સાવધાની રાખવાની છે, અને તેમ ન કરે તો મહાપ્રભુના ગુનેગાર ઠરે. ગુરુને પ્રશ્ન પૂછે તો જ જવાબ મળે, ગુરુની અનુકૂળતાએ તેમને પ્રસન્ન કરીને જ જવાબ મળે પણ જે મળે તે ખૂબ જ લાભદાયી અને કૃપાલભ્ય હોય. અનુભવજન્ય



તથા સદાચાર રંજીત હોવાથી લાંબાગાળાના હિતમાં હોય.

જાણકાર વૈષ્ણવ ઉપદેશક નથી, તે મહાપ્રભુને નહિ પણ ભૂતલપરના ગુરુદ્વારને જવાબદાર હોય છે. તેમને પૂછવાનું, મળવાનું સરળ છે, મુશ્કેલીમાંથી સ્વયં પાર ઉતર્યા હોવાથી વધુ સરળ રસ્તા બતાવી શકે છે, પણ ઉપદેશનો અધિકાર ન હોવાથી તેમાં કૃપાળુતા ભળતી નથી, ઘણા વૈષ્ણવોમાંથી કોની સલાહ લેવી તે ખાસ જોવાનું રહે છે. પ્રિત કરતાં રીત ઉપર વિશેષ ભાર મૂકે છે જેથી માર્ગ ઉપર જલ્દી ચાલતો થઇ જાય પણ માર્ગના અંતે પહોંચવામાં વિલંબ થઇ શકે. દીનતાવાળા વૈષ્ણવ પોતે ન જાણતો હોય તો ગુરુને પૂછીને જવાબ આપે, પોતાનું હાંકે ન રાખે પણ ઘમંડીજન પોતે જેટલું જાણે છે તેથી વિશેષ આપી ન શકે કે વિશેષ જ્યાંથી મળે ત્યાં જવા પણ ન દે...!

આમ આ બન્નેનો વિવેકપૂર્વક જો ઉપયોગ કરવામાં આવે તો ઘણો લાભ મળે.

માટે શ્રી આચાર્યજી વ.ના મૂળગ્રંથોનો અભ્યાસ ગુરુદ્વારરૂપ ગુરુ પાસેથી પણ કરવો, પ્રશ્નોત્તરથી પોતાનો ઉકેલ મેળવવા, અને નિત્યસત્સંગમાં જાણકાર વૈષ્ણવો પાસેથી સત્સંગ પણ કરવો.

# જીવભેદ-૧ ૧૩૬

૧. ભગવાન સાથે કોઈપણ એગ્રીમેન્ટ ન કરે તે પ્રવાહી સૃષ્ટિ

૨. ભગવાન સાથેના એગ્રીમેન્ટને જોઈ, વાંચી વિચારી, સમજી, સલાહ લઈ પછી કરે તે મર્યાદા સૃષ્ટિ

૩. ભગવાન સાથેના એગ્રીમેન્ટમાં વગર દેખે વિશ્વાસ પૂર્વક, બીનશરતી, ટાઈપ કરાવતાં પહેલા જ સહી કરી દે તે પુષ્ટિ સૃષ્ટિ

## ત્રણ વાદ

૯૦

અતી પ્રવૃત્તિવાદને કારણે કોરી કર્મ-ક્રિયા અતીશય વધી ગઇ, તેથી જ્ઞાન લુપ્ત થયું, જેથી સંસાર વધ્યો.

જગતને વધારવાનું કામ બ્રહ્માનું, કેમ કે તે તેના દેવતા, જ્ઞાનના અભાવે કરી જગતમાં બ્રહ્માત્મક દષ્ટિ થવાને બદલે અવિદ્યાએ સંસાર બુદ્ધિમાં ભર્યો, રજોગુણને પ્રબળ કર્યો જેથી કામ, લોભ, મદ વધ્યો, તેના વિરોધ કે સામના માટેના નિષ્ફળ પ્રયાસો જે થયા, તે જૈનધર્મ અને બુદ્ધ ધર્મરૂપે પ્રકટ થયા.

અતી પલાયન વાદને કારણે જગતની ઉપેક્ષા વધી. ક્રિયાની ઉપેક્ષા અને જ્ઞાનની લુખી પ્રતિષ્ઠા ખૂબ થઇ, જેથી બહારના જગતને છોડયું પણ પણ અંદર સંસાર વધ્યો. જગતના વિનાશનું કામ શિવનું કેમ કે તે તેના દેવતા.

જગતને ભગવદ્કૃતિ ન સમજતાં, ભગવાનની જ ઉપેક્ષા તથા આપના ક્રીયા સ્વરૂપની ઉપેક્ષાના કારણે જગતને બ્રહ્માત્મક ન સમજવાથી અવિદ્યાએ બુદ્ધિમાં ભ્રમ ભર્યો. સંસાર અને જગત વચ્ચેના તારતમ્યને ભ્રમાત્મક બુદ્ધિને કારણે ન સમજ્યા. જેથી તમો ગુણ પ્રબળ થયો. પરિણામે ક્રોધ, મોહ તથા મત્સર વધ્યા.

તેના વિરોધમાં કે તેનું સન્માન કરવા માટે નિષ્ફળ પ્રયાસો, અદ્વૈતવાદીઓ, માયાવાદીઓ તથા ચાર્વાકિ કર્યો.

ત્રીજો વિવેકવાદ તેને પ્રભુની જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ બન્નેનું સન્માન કર્યું. જેથી પૂર્ણપ્રભુની હાજરી હોવાથી અવિદ્યાને પેસવાની સીફત ન મળી. આમ જ્યાં જગત રૂપે ક્રિયાશક્તિ પણ ભગવાનની, જેથી સ્થૂલ જગત અને અંદરનું જગત,બાહ્યકરણ અને અંત:કરણ શુદ્ધ રહ્યા. તેથી સત્વગુણ પ્રબળ રહ્યો. તેથી દાન -ત્યાગ-દીનતા વ. ક્રિયારૂપના અર્થમાં તથા ક્ષમા, જ્ઞાન, કલ્યાણભાવના જ્ઞાનરૂપના અર્થમાં પ્રકટ થયા, અને તેનું ભગવાનની માહાત્મ્યજ્ઞાન તથા સેવાના રૂપમાં પૂર્તિ થઇ. આના દેવતા વિષ્ણુ જેથી ન ગૃહત્યાગમાં આસક્તિ કે ન ગૃહમાં આસક્તિ, તેવી બેલેન્સડ મનોવૃત્તિ રાખી.

આ જ ભાવનાનું વિશેષ શોધન પુષ્ટિ ભક્તિ રૂપે થયું જેમાં દેવાધિદેવ કૃષ્ણની જ સેવા કથામાં, સર્વે દેવોનો આદર સમાઇ ગયો. તૃણમાત્ર પણ ભગવદાત્મક હોવાથી સર્વને સન્માન, છતાં જે વિષય પ્રતિ બુદ્ધિમાં વિષયતા - આસક્તિ વધે તેના ઉપાય રૂપે, તેમને જ ભગવાનમાં વિનિયોગ કરાવી દેવાથી સંસારથી મુક્તિ થઇ અને ભગવાનથી આસક્તિ થઇ.

પરંતુ જેમ ચર્ષણી જીવો બધા માર્ગમાં ધૂસે તેમ પુષ્ટિ ભક્તિ માર્ગમાં પણ રીતી-અપરસની પ્રચૂરતા અને સ્નેહનો દેખાવમાત્ર, તેથી ક્રિયાશક્તિ પ્રચૂર થઇ ભાગવદ્સેવા રૂપે. આપણી અહંતા - મમતાનો વિનિયોગ ચૂકીને માત્ર ભગવદ્ કથારૂપે અંત : કરણમાં



રહેલા જ્ઞાનનો જ વિનિયોગ, ક્રિયા સેવાનો ત્યાગ થયો, તેના ઉપાય રૂપે શ્રી આચાર્યજીનો સ્પષ્ટ સંદેશ કે - પ્રેમપૂર્વક યથા સામર્થ્ય માહાત્મ્ય જ્ઞાન સહિત સદાનંદ શ્રી કૃષ્ણનું સેવાથી ભજન તથા અનવસરમાં કથા ભજન કરવું. આ મુખ્ય સિદ્ધાંત અને બાકી બધું આને અનુકૂળ થાય તે સ્વીકારવું અને પ્રતિકૂળ હોય તો તેને ત્યાગવું. ઉદાસીન હોય તે પ્રતિ આપણે પણ ઉાદસીન રહેવું.

૧૩૭

## ગુરુ

ગુરુ દેવ સમાન છે,
ગુરુ અને પ્રભુમાં અભેદ છે,
પ્રભુનું અધિદૈવિક સ્વરૂપ,
જે બિરાજે સેવા અને કથામાં.
ગુરુ પણ કૃષ્ણ સેવા પરં વિક્ષ્યં,
અને ભાગવત તત્વજ્ઞં,
તે પ્રભુનું આધ્યાત્મિક સ્વરૂપ,
જે ચિત્તની નિર્મળતામાં બિરાજે.
ગુરુ દંત્માદિ રહીતમ,
પ્રભુનો આધિભૌતિક દેહ નર.
બ્રહ્મ વાદ તો તે જે સર્વ કંઈ બન્યો છે
અને બનાવનારો છે.
તત્વત : સર્વજીવો તેમાંથી વિખુટયા તેથી અભેદ.
પણ તેના અંશ તેથી ભેદ, તેથીજ
શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે...
હરિગુરુ વૈષ્ણવમાં અભેદ ભાવ રાખો
છતાંય વંચકનો સંગ ના થાય માટે પરીક્ષા કરો.
અને તેનાથી દુર રહો,
જેમ શ્રી આચાર્યજીએ
ગુરુની પરીક્ષાનાં લક્ષાણો કહ્યાં

# અનુભૂતિ

આ બધું જ (સ્થૂળ જગતની અનુભૂતિ) મારી બહારની ઇન્દ્રિયો દ્વારા, મારી ચેતનાની આંતર અનુભૂતિમાં પ્રવેશ પામ્યું.

આ અનુભૂતિ જગા નથી રોકતી. તે શૂન્યમાં રહે છે છતાં શૂન્ય નથી. તે દેખાતી નથી છતાં દેખાય છે, તેના અવાજને તરંગો નથી છતાં સંભળાય છે, તે સુંવાળી કે કઠણ નથી છતાં અનુભવાય છે, તે છે છતાં નથી.

આ સ્થૂળ સૃષ્ટિ જ્યારે ચેતનામાં અનુભૂતિ સ્વરૂપે સ્થાન ગ્રહણ કરે છે, ત્યારે તે માહિતિ-સ્ટોર્સ INFORMATION છે, તેવી સ્થિર સમજ-દઢ સમજ કેળવાય ત્યારે તે જ્ઞાન બને છે, જ્ઞાનનું આ સ્વરૂપ તે જ અક્ષર બ્રહ્મનો અંશ, આવા સર્વ અંશોનો સંઘાત તે અક્ષર બ્રહ્મ, અને આ જ પ્રભુનું આધ્યાત્મિક સ્વરૂપ. આ ચેતનાનો ક્ષય નથી, કેમ કે અક્ષરબ્રહ્મનો ક્ષય નથી.

આ સર્વ સ્મૃતિ - અનુભૂતિનું મૂળ કોણ ? તેમ જ્યારે વિચારાય ત્યારે જે એક દિવ્ય સ્વરૂપ, તેના પ્રત્યાઘાત રૂપે, તેની ઇચ્છાથી અનુભૂત થાય તે પણ તેની આગવી રીતે અથવા બહારની ઇન્દ્રિયો સમક્ષ સાક્ષાત્ પ્રકટ થાય, તે જ પ્રભુનું અધિદૈવિક સ્વરૂપ. ત્યારે સમજાય કે જે સ્થૂળ જગતરૂપે હતો, તે જ આંતરસ્મૃતિમાં જ્ઞાન હતું અને તે જ સર્વનું મૂળ કારણરૂપ. સ્વેચ્છયા મૂળ સ્વરૂપે અંદર કે બહાર અનુભૂત થાય તે જ સર્વેશ્વર, સર્વાત્મા સર્વકારણરૂપ, નિરાકાર છતાં સાકાર, સકલ આધારોના આધાર. પરબ્રહ્મ - કૃષ્ણ જે મારા ઘરમાં મારી સેવા લઇ રહ્યા છે, પણ આ અનુભૂતિસ્વરૂપો ભગવદ્કૃતિ અને ભગવદ્રૂપ છે, અણે તેને જ નિ:સાધન ગોપીજનો સાથે સારસ્વત કલ્પમાં સાક્ષાત્ લીલા કરી હતી.





# ઘરે આવ્યા...

કન્વેયર બેલ્ટ પર બેગેજીજ ચાલી રહ્યાં છે.

ના - બેગો નથી ચાલતી પણ કન્વેયર ચાલે છે. બેગોનાં તો મોઢાંય બંધ છે . (LOCKED) અને તેને પોતાને તો, ઉતરવું છે કે કન્વેયર પર ફરવું છે, તેની કંઇ જ સમજ નથી.

(૧) ભવસાગરનો બેલ્ટ તો નિરંતર ચાલતો જ રહે છે, તે તો કાળ - સમય છે, તેથી ચાલતો રહે !!

ભવસાગરમાં જે વહી રહ્યા છે, તેમને સ્વયંના કોઇ સાધન નથી, ઉતરી જવાની સમજ નથી તેઓ તો વિષયાનંદની લહેરો પર ચૂપચાપ આનંદ લે છે.

જે જીવો મોહાંધ છે, તેમને પોતાની કોઇ જ સમજ નથી.

(૨) મુસાફર ને ખબર છે કે મારી બેગનો રંગ કેવો છે ? તે ઓળખાઇ જાય માટે તેના પર કેવી નીશાની (લીંગ) છે તેની પણ ખબર છે. તે તો તત્પરતાપૂર્વક પોતાની બેગ માટે બેલ્ટ પર નજર ફેરવે છે, અને જેવી તેની નજરમાં પોતાની બેગ દષ્ટિગોચર થઇ કે તુરત તેના મુખ પરના હાવભાવ બદલાઇ જાય છે, ખુશ થઇ જાય છે, અને જેવી બેગ નજીક આવી કે ઝટકાથી ઉઠાવીને પછી પહેલેથી આણેલી ટ્રોલીમાં ગોઠવી દે છે.

ગુરુ પોતાના શિષ્યને જાણે છે. તેના પરથી નિશાની પરથી તે પુષ્ટિ છે, મર્યાદા છે કે પ્રવાહી - તે જાણી શકે છે, સંસાર ચક્રમાં ફરતો જીવ, જેવો ગુરુદેવને નજરે ચડે કે તરત મહાપ્રયાસે પણ તેને પોતાની બાંહોથી પકડી લે છે, કે જેથી ફરી પ્રવાહમાં ન જાય, કે કોઇ વંચક તેને ભોળવી ન દે !

(૩) બેગોમાં કોઇ જ નિષિધ્ધ કે કસ્ટમના કાયદા વિરુદ્ધ વસ્તુ નથી, તે જાણવા છતાંય બેગો સ્ક્રીનીંગ તો કરાવવી પડે છે, તેથી બેગોને સ્ક્રીનીંગ કરાવી, પાત્રતા - યોગ્ય કરીને, ફરી ટ્રોલીમાં ગોઠવી દેવામાં આવે છે.

ગુરુગૃહીત જીવના ચિત્તમાં પ્રભુ વિરોધી બુદ્ધિ નથી, તે જાણવા છતાં અનવતાર કાળમાં, મર્યાદા સહિત જીવનો અંગીકાર છે, તેથી ગુરુની આવશ્યકતા છે. અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજન શલાકયા ચક્ષુરુન્મિલિતમ્ યેન તસ્મૈ શ્રીગુરુવે નમ : આ પ્રકારે ગુરુ શિષ્યને પ્રભુના સ્વરૂપનું, જીવના સ્વરૂપનું અને સ્વકર્તવ્યનો બોધ કરે છે, આમ જીવને પ્રભુને લાયક પાત્રરૂપ બનાવે છે. ગુરુ, શિષ્યને આ પ્રકારે ભવસાગર તરવા રૂપ નાવ (બોધ)માં (ટ્રોલી) બેસાડી દે છે.

(૪) હવે મુસાફર ટ્રોલીમાં સામાન મુકીને EXIT તરફ આગળ વધે છે. ઓટોમેટીક OPEN થતા કાચના વિશાળ દરવાજાની નજીક આવતાં જ બહાર રાહ જોઇ રહેલા, પ્રિય પરિવારજનો દષ્ટિગોચર થતાં જ હૃદયમાંનો આનંદ ઉભરાઇને આંખોમાં અશ્રુરૂપે

અનુભાવ પ્રકટ કરે છે.

ગુરુ જીવને કર્તવ્યબોધ દ્વારા માર્ગ પર સારી રીતે ચલાવતાં, ગુરુ તેને નિજધામના દ્વાર નજીક લાવીને પ્રભુ તથા પરિકરને સોંપી દે છે.

ગુરુનું પ્રભુદત્ત કાર્ય પૂરું થતાં પોતે નાવને (દ્રોલીને) ત્યાં જ છોડી દે છે કે જે નાવ બીજા અનેકને ભવસાગર તરવા માટે કામમાં આવી શકે છે.

**સાર :** - અનવતાર કાળમાં ગુરુવચનો રૂપ નાવ જ જીવનો ઉદ્ધાર કરવા માટેનું સાધન છે.

૧૩૮

## બાલીશ મર્યાદા

અહંકાર : દ્રષ્ટિએ પુરી તાકાતથી કૂદકો લગાવ્યો

પણ આકાશને ન આંબી શકી..

આકાશી અભિલાષાને સ્પર્શતી સ્પર્શતી,

ધરતી પર ઢળી પડી.

તેની છલાંગની છાપ

ડીક્ષનરીમાં " ક્ષિતિજ " થી કોતરાઈ ગઈ (૧)

અજ્ઞાન : મારા સામર્થ્ય જેટલુ આકાશ,

મારા કુવા જેટલી દુનિયા,

મારા જ્ઞાન જેવડો બ્રહ્મ, બનાવ્યો મેં

તેથી બ્રહ્મ મુસકાયો " અહં બ્રહ્માસ્મિ " પર.

મારી કાલીઘેલી બોલી સાંભળી,

ગાલ પર વ્હાલની ટપલી મારી

અને ધીરિથી બોલ્યો

બાલીશ... (૨)

તેના અવાજનો મૌન પડઘો પડયો....

ક્ષિતિજ એ તારી મર્યાદા,

નહિ આભની કે નહિ ધરાની (૩)



## યુવાનો અને પત્ર સંપ્રદાય વિષયક ૬૩

**(A) ઉદ્દેશ્ય**

પ્રશ્ન : આપે જે વિષયમાં ચર્ચા કરી તે સંપ્રદાય માટે ખૂબ જ ઉપયોગી છે, કે જે યુવાનો છે, જેમને સંપ્રદાય કે ધર્મ તરફ ઉદાસીનતા છે, કે ક્યારેક તો અરૂચિ અને અસ્વીકાર્ય કે વિરોધ પણ છે. તેમને કઈ રીતે પાછા વાળવા ?

સમાધાન : તેઓનું લોહી ઉછળતું છે, ઉત્સાહી છે પોતાના ક્ષેત્રમાં ખૂબ મહેનત કરી આગળ વધી રહ્યા છે, બુદ્ધિશાળી છે. જેથી તેમના આવા વલણને અસ્વાભાવિક ગણી લેવાની જરૂર નથી. તેમના અસ્વીકારવામાં કંઈક તથ્ય તો જરૂર છે. માત્ર ક્રિયાવત્ કરી જવું તે અભિગમ તેમનામાં નથી. પરંતુ ક્યાંક અસમજ કે ક્યાંક ગેરસમજ તેમની છે, અને સાથે સાથે આપણી પણ છે. આપણે સૌ પહેલાં આપણી પોતાના તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે, અને શોધવાનું છે કે તેઓની માર્ગ પ્રતિ અરૂચિના કયા કારણો છે ? તે યથાશક્ય દૂર કરવાનો પ્રયાસ જરૂરી છે, અને તેમ શક્ય ન હોય તો કંઈક એવા ફેરફારની જરૂર છે, કે જેથી માર્ગના મૂળભૂત આશયને વાંધો ન આવે.

દરેક ધર્મમાં સદાચારની મુખ્યતા છે અને સાથે સાથે જે તે સંપ્રદાયની સાધના પ્રણાલી પરંપરા અનુસાર થાય છે ? અને મૂળ ધર્મોપદેશકની આજ્ઞાનુસાર થાય છે ? મૂળ ઉપદેશકની સાધના પ્રણાલીમાં કેટલીક રસમ ન બદલી શકાય તેવી હોય છે, અને કેટલાકમાં ફેરફાર શક્ય હોય છે, કે જ્યાં મૂળભૂત પોલીસીને વાંધો આવે છે કે નહિ ? તે મુજબ એનો આધાર છે.

કોઈ પણ કાર્ય સારી રીતે પાર પાડવા માટે શામ - દામ - દંડ - ભેદ નીતિથી જોતરી દેવાથી તે કાર્ય સારી રીતે સિદ્ધ નહિ થાય અને લાંબાગાળા સુધી ચાલે પણ નહિ. જેથી તેવા અસ્થાઈ કાર્ય કરવા માટે ઉતાવળા થયા વગર ધિરજપૂર્વક વ્યવસ્થિત પ્લાનીંગની જરૂરી છે.

કોઈ પણ કાર્ય કરવા માટે રૂચિ પ્રકટવી જોઈએ અને રૂચિ પ્રકાટાવવા માટે માહાત્મ્યજ્ઞાન જરૂરી છે. અહીં સામાન્ય ભાષામાં કહીએ તો શિક્ષણની જરૂર છે. શિક્ષણથી જ સાચી સમજ, સાચી રૂચિ બન્ને કેળવાશે અને તે જ લાંબાગાળે જરૂરી છે.

વ્યવહારમાં બાળક બાળકથી, યુવાન યુવાનથી અને વૃદ્ધ વૃદ્ધથી આકર્ષાય. માટે યુવાનોને ઉપદેશ આપવા માટે યુવાનોની ટીમ જોઈએ. જેમ ભાગવતાદિમાં કહ્યું કે ગાય ગાયોના ટોળામાં, ઘોડા ઘોડાના ટોળામાં ગમન કરે છે, તેમ મૂર્ખ મૂર્ખાઓના ટોળામાં ગમન કરે છે.

**(B) માર્ગના પાયાના સિદ્ધાંત**

(૧) શ્રી કૃષ્ણમાં અનન્ય આશ્રય જોઈએ, બીજા આશ્રય સાથે મીક્ષ વ્યવહાર

નહિ. તે સાથે જીવ માત્રનો આદર કરવાનો છે, તો પછી દેવનો તો હોય જ !

(૨) પરબ્રહ્મ સ્વયં સર્વ કંઇ બન્યા છે, અને તેમને જ સર્વ કંઇ બનાવ્યું છે.

(૩) આપણી ભક્તિમાં સ્નેહની મુખ્યતા છે. જેથી નીતિ-નિયમો ગૌણ સ્થાને છે, પણ સાદર, જેથી ભક્તિ સિવાયના સમયમાં વૈદિક લૌકિક વ્યવહાર કરવાનો વિરોધ નથી.

(૪) માત્ર ભક્તિ કરીએ માટે સદાચારમાંથી મુક્તિ નથી મળતી. શુદ્ધ અંત : કરણ હશે તો જ પ્રભુને હૃદયમાં પધરાવવાને લાયક ગણાઇશું.

(૫) મુખ્ય ગુરુ શ્રીમહાપ્રભુજી છે અને બીજા ગુરુદ્વાર છે. જેથી શ્રી મહાપ્રભુની આજ્ઞા વિરુદ્ધ છે જે કંઇ આજ્ઞા હોય તેને અવગણવી. ઠાકોરજીની પ્રસન્નતા તે મુખ્ય ધર્મ છે.

(૬) આપણે ત્યાં શરણદીક્ષા છે, જેમાં ઉદ્ધારની ક્ષમતા છે, તથા સેવા કરવી અનિવાર્ય નથી, પણ અન્યાશ્રય જરૂરી છે અને તે વ્યક્તિ સેવામાં ઇચ્છે તો સહયોગી થઇ શકે છે. આજના સમયમાં આ દીક્ષાના મહત્વનો પ્રચાર જરૂરી છે. આગળ જતાં ઇચ્છે તો સેવાધિકાર દીક્ષાની પાત્રતા પણ છે જ.

(૭) સૃષ્ટિ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ત્રણ પ્રકારની હોવાથી કોઇ / દરેક (પણ) વ્યક્તિ આ માર્ગમાં આવી શકે તેવો દુરાગ્રહ રાખીને, અન્યમાર્ગી જે ઉપાયોથી તેમને ખેંચે છે તેવી ખેંચતાણ અનાવશ્યક છે.

**(C) આજના યુવાનોની દષ્ટિએ માર્ગ આવો હોવો જોઇએ.....**

(૧) સર્વધર્મો સાથે આપણો ધર્મ પણ સમાંતરમાં હોય, વિરુદ્ધ પ્રકારનો નહિ.

(૨) ઉપદેશદાતા પ્રતિ પણ તેની અપેક્ષા સેવા - સદાચાર અને જ્ઞાન બાબતમાં ઊંચી છે. તેઓને તે ભગવાનની કક્ષા સુધી લઇ જવા નથી માંગતો.

(૩) અપરસનું જે સ્વરૂપ છે તે વિકૃત થઇ ગયું છે. તેની મુખ્યતા / ગૌણતા બાબતમાં સ્પષ્ટતા જરૂરી છે.

(૪) પહેરવેશ, ખાનપાન, સેવાપયોગી વસ્તુના સ્પર્શાસ્પર્શ, અસદાલાપ, દુ:સંગ, અન્ય દેવો સાથેનો વ્યવહાર, માલા-તીલક વ. બહારના અંગોને તેમના જીવન વ્યવહારને અનુરૂપ ગોઠવી શકાય કે નહિ?

(૫) માર્ગના મૂળભૂત સિદ્ધાંત, ગ્રંથો વ. વિશેનું અલ્પજ્ઞાન છે અને સેવાનું ઘણું મહત્વ છે. ભાવ - ભાવનામાં વેવલાવેડા વિશેષ છે. સ્નેહની ઊણપ છે. આ વાત વિચારણા માગે છે.

(૬) સદાચાર ગો. બાળકોના લેવલે તથા વૈષ્ણવોના લેવલે, ક્યાંક તો બિલકુલ નેવે મૂકી દીધી છે.



(૭) સચ્ચાઇ કરતાં દંભ વિશેષ છે.

(૮) ધનલાલસા અને પ્રતિષ્ઠા - યશ લાલસાનું મહત્વ છે. સમાન ભાવનાનો અભાવ છે. નાના - મોટાના ભેદભાવ છે. છ પ્રકારના દોષો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરની પ્રચૂરતા જણાય છે.

(૯) પોતાના ગુરુ આદર્શ હોવા જોઇએ, પોતાનો માર્ગ નિર્મલ અને ઉચ્ચ ગુણવત્તાવાળો છતાં બીજાની ઉપેક્ષા કરનાર ન હોવો જોઇએ.

(૧૦) સેવાની એટલી બધી મુખ્યતા કરી નાખી છે કે માર્ગમાં તે સિવાય જાણે કંઇ જ નથી અને છતાં પણ જે સેવા છે તે તેના સાચા સ્વરૂપમાં નથી. એટલે કે નિ:સ્વાર્થ જણાતી નથી.

(૧૧) પ્રભુ પાસે મંગાય નહિ, તો જ્યારે હતાશ થઇ જાય ત્યારે ક્યાં જાય ?

આમ અનેક પ્રકારની મુંઝવણથી ગ્રસ્ત આજનો માર્ગીય યુવાન કે જેના ઘરમાં સેવા થઇ રહી છે, પણ તે તેમાં મનથી નથી સાથ આપી શકતો, તો ક્યારેક બહાણા બતાવી તનથી પણ સાથ નથી આપતો અને ધનથી સાથ આપે તો પણ કચવાટથી.

તો ઉપર કહી તેવી અપેક્ષા તે રાખે છે અથવા તો તેને જ્યાં દોષ દર્શન થાય ત્યાં તેની અપેક્ષા સંતોષાતી નથી. જેથી તેના ઉપાયોની જરૂર છે.

**(D) સૂચિત ઉપાય : -**

૧. માર્ગીય સાચા શિક્ષણની જરૂર છે અને તે પણ યુવાનો દ્વારા, તેનો અભ્યાસક્રમ શાસ્ત્રીય તથા સાયન્ટી ફીક અને મનોવૈજ્ઞાનિક હોવો જરૂરી છે.

૨. આપણા માર્ગનો અભ્યાસ, બીજા ધર્મના સાપેક્ષમાં કરવાથી આપણી અધિકતા સહજ સમજાશે.

૩. અભ્યાસ બ્રહ્મવાદથી શરૂ કરવો જોઇએ, અને સેવા - ભક્તિ સુધી લઇ જવાનો છે.

૪. સાધના પ્રણાલી અને માર્ગીય જ્ઞાન બન્ને સાથે સદાચારને વણી લેવાનો છે. ફલનું જ્ઞાન આપવાની કે ભાવ - ભાવનાની બાબતમાં ખૂબ ઉતાવળાં થઇ જવાની જરૂર નથી.

૫. માર્ગમાં આદર્શ જીવન જીવનાર વ્યક્તિઓથી તેમના મેળાપ કરાવી આપવાથી તથા યુવાન આદર્શ ઉપદેશક, તેમને જરૂર સમજાવી શકશે. યુવાન આદર્શ માર્ગી કે જે સારુ એકેડેમીક અને સ્ટેટસ (જોબ) ધરાવે છે, તેમની સાથે મુલાકાત ગોઠવી શકાય.

૬. તેમના પ્રશ્નોને અવગણવા નહિ, તેમને સંતોષ થાય ત્યાં સુધી તે પ્રકારે જવાબ આપી, સમાધાન કરવું અને તેમ પણ ન થાય તો, તેના ઉત્તર મેળવી આપવા જરૂરી છે. તેમને ચૂપ ન કરવા. તેમને આપવાનો ઉત્તર વ્યવહારિક - વૈજ્ઞાનિક હોવો

જરૂરી છે.

૭. દરેકની કક્ષા જુદી - જુદી હોય છે. નાસ્તિક, આસ્તિક, માર્ગીય જિજ્ઞાસુ, માર્ગનો સ્વીકાર પણ સાધનાનો અસ્વીકાર, બન્ને સ્વીકાર્ય પણ આજના સંદર્ભમાં અવ્યવહારૂતા લાગે, અવ્યવહારૂતા ન લાગે પણ શુદ્ધિ અંદરની ન દેખાય વ.

જેથી દરેકને જુદા - જુદા ગ્રુપમાં વહેંચી તે પ્રમાણે પહેલાં તેમને સમજીને પછી સમજાવી શકાય.

૮. અનુભવ એવો છે કે આજે પણ દેશમાં તથા પરદેશમાં સેંકડો યુવાનો, સારા ડીગ્રીધારી, સારું કમાતા, ૩૫થી નીચી ઉંમરવાળા આપણા કરતાં માર્ગમાં વધારે નિષ્ઠાવાળા તથા સમર્પિત જીવન જીવી રહ્યા છે. તેઓ માર્ગ માટે અડગ છે, જેમને હું અંગત જાણું છું. પરંતુ તેઓ જે મુકામે પહોંચ્યા છે તે ઉપર કહ્યા તેવા બૌદ્ધિક ઉપાયોથી પહોંચ્યા છે. તેમને માટે સેવા કરવા બાબતમાં દબાણ નથી કર્યુ. પણ આજે તેઓ સેવામય જીવન જીવી રહ્યા છે. સમાજમાં પ્રતિષ્ઠિત પણ છે. જેઓ જ્ઞાનમાં પણ કોઈથી પાછા પડે તેવા નથી.

(E) **નિષ્કર્ષ**

૧. આપ સાથે થયેલ ટેલીફોનીક ટોકની બાબતમાં આ યુવાવર્ગને માર્ગમાં સ્થાપવા માટેના સંનિષ્ઠ સઘન ઉપાયો વિચારવા / કરવાની જવાબદારી જેઓ સારું ભણીને સારી પ્રતિષ્ઠિત જોબ કરીને રીટાયર્ડ થયા છે, તેમની સૌથી પહેલી છે.

૨. પરંતુ તેમને ચાલુ ચીલાનો, થોડોક સત્સંગ કરાવી, એકઠા કરી, ગોસ્વામી બાળક પાસે લઇ જઇ, દીક્ષા અપાવી દઇ, સેવાનો કોઇ નાનો પ્રકાર વળગાડી દેવો અને જેથી આ પુષ્ટિમાર્ગી ઘેટું બીજાના વાડામાં ઘુસી ન જાય તેટલા જ માત્ર હેતુથી તેને લાકડે માંકડું વળગાડી દેવા જેવી વાત ગણાશે.

આ ઉપાય શ્રી આચાર્યજીને અભિપ્રેત નથી. તે આપે નિબંધ તથા પંચશ્લોકીમાં અને શ્રી ગોપીનાથજીએ સાધનદીપીકામાં સ્પષ્ટ કરેલ છે. એટલું જ નહિ, પણ આ માર્ગ માટે લાંબા ગાળાના હિતની વાત નથી. એટલું જ નહિ, આનાથી તો માત્ર લૌકિક હિત જ સધાશે, પાર લૌકિક નહિ. કદાચ આપણને વિચાર આવે કે બંધાશે, તો સાચો પ્રેમી આ માર્ગનો થઇ જશે. પણ આપણી સામે હજ્જારો ઉદાહરણ છે કે પચાસ વર્ષ સેવા કરવા છતાં માર્ગના મૂળભૂત સિદ્ધાંત તદાશ્રય અને તદીયતાથી તો તેમને છેટુ જ રહે છે. શક્ય છે કોઇ એકાદ બે દાખલા સફળ પણ થયા હોય, પણ તે તો બીજા પરિબળોને લીધે હોઇ શકે.

૩. અમારે ત્યાં સત્સંગની પ્રવૃત્તિ જે ચાલે છે તેમાં આ પ્રકારના અભ્યાસને ધ્યાનમાં લેવાથી, બે જ વર્ષમાં ખૂબ જ સારું પરિણામ આવ્યું છે. અને બીજે એક જગાએ વર્ષોથી ચીલાચાલુ સત્સંગ ચાલે છે, ત્યાં જે વ્યક્તિગત માર્ગીય રૂચિ વધવી જોઇએ તેવી વધી નથી. સાંજ પડે નિયમિત સાંભળે, બસ એટલું જ.



૪. આપ તો મારા વડીલ છો. વિશેષ જાણકાર, ભણેલા ગણેલા છો પણ મારો જીવ સંશોધક શિક્ષકનો છે જેથી આ મારા વિચારો રજૂ કર્યા છે.

૫. રૂબરૂ મળવાનું ગોઠવાય તો વિશેષ વિચાર વિમર્શ થાય કેમ કે આપણા સૌનો ગોલ તો એક જ છે તે બાબતમાં કોઇ સંશય નથી, માર્ગ સાધના પ્રણાલીમાં ભિન્નતા હોઇ શકે.

૬. આપે જે વિષયમાં મારા પ્રત્યુત્તરની અપેક્ષા રાખી હતી તે બાબતમાં યથાશક્ય જવાબ આપ્યો છે છતાં ક્ષતિ કે ઉણપની અશક્યતા નથી, અને ઉત્તર આપવાની રીતમાં કદાચ ક્યાંક આપને દોષ જણાય કે મનને દુ:ખ થાય તેવો વિચાર રજૂ થયો હોય તો કે અસહમતિ રહેતી હોય તો, આ તો માત્ર વિમર્શ છે, તેમ સમજી ક્ષમા કરશો.

૭. આશા છે આ વિમર્શ ચાલુ રહે અને શ્રી વલ્લભ કૃપા કરીને કોઇ યોગ્ય ઉપાય બતાવે, કે જે આપણને સૌને માર્ગદર્શક બની રહે, કલ્યાણ કરનાર બની રહે....

અસ્તુ.

૧૪૦

# જીવભેદ-૨

૧. બર્થડે કે તેવી પાર્ટીમાં ભેટ સ્વીકાર પણ રીટર્ન ગીફ્ટ આપે નહિ

તે પ્રવાહી સૃષ્ટિ

૨. બર્થડે પાર્ટીમાં ભેટ સ્વીકારવી અને પછી રીટર્ન ભેટ આપીને યથોચિત

બેલેન્સ કરે તે મર્યાદા સૃષ્ટિ

૩. સૌને ભેટ આપે પણ પોતે વિનમ્રતાથી ભેટ ન સ્વીકારે

તે સાધન દશાની પુષ્ટિ સૃષ્ટિ

૪. સૌને પ્રેમ પૂર્વક ભેટ આપે પણ પોતે કયારેય ભેટ લેવા બાબતે વિચારે

પણ નહી તે ફલદશાની પુષ્ટિ સૃષ્ટિ

# વિવાદ-ગ્રંથાભ્યાસ કે ભાવભાવના ૬૪

શ્રી આચાર્યચરણ રચિત ગ્રંથાભ્યાસ અને ભાવ-ભાવના આજકાલ વિવાદના મુદ્દા બન્યા છે. એ હકિકતનો સર્વ સ્વીકાર કરે છે કે તે બન્નેય ભગવદ્ ભાવ વધારવામાં સહાયભૂત છે તે છતાં પણ !

આ બન્ને ય ઉપચાર-દવા છે. પરંતુ તેનું મીકસીંગ તેની માત્રાનો ડોઝ, વ તો ડોકટર જ કરી જાણે, યોગ્ય ડીગ્રી ધારી તથા સાથે સાથે અનુભવી.

તેથી આજકાલ ડીગ્રી વગરનો કે બીજી પધ્ધતિના ડીગ્રી ધારી કે ડોશી વૈદ્ય કે અનુભવ વગરના કે ઉટવૈદ્યની આપેલી દવા લેવી જેમ જોખમ કારક છે તેમ ઉપદેશ કયો આપવો, કોને આપવો, કેટલો આપવો કે હમણાં નહિ, પછી આપવો, તે જાણ્યા વગર જો આપવામાં આવે તો અડધા તો પરવારી જાય અને તેવા ફરિયાદ ન કરે, અને અડધાને લાગુ પડી જાય તો તેવા જયજયકાર કરે, તેવો ઘાટ છે. પરંતુ આવી રીતે બોધ કરનારા સ્વયં અજ્ઞાની કે બીનઅનુભવી કે અહંકારી કે માર્ગ દ્રેષી હોઇ શકે છે.

આ માર્ગમાં કોણ બાળક છે, કોણ પ્રૌઢ છે અને કોણ વૃધ્ધ છે, કોની કેવી પ્રકૃતિ છે, તે સમજીને બોધ થાય તો તો કલ્યાણ થાય, નહિ તો કવેળાએ માર્ગમાંથી તેનું મોત થાય.

શ્રી મહાપ્રભુજીએ નારાયણદાસને બ્રહ્મ સંબંધ આપ્યા પછી બ્રહ્મ સંબંધ મંત્રને ભોગ ધરી લેવાની આજ્ઞા કરી હતી, સ્વરૂપસેવા નથી પધરાવી છતાં નારાયણદાસ શ્રી ગોકુળના ભાવમાં મગ્ન રહેતા.

પુરુષોતમદાસ શેઠને મધ્યમોહનજી પધરાવ્યા છતાં શ્રી આચાર્યજીની ભાવના કરીને સેવા કરતા હતા. તોય શ્રી આચાર્યજીએ રોકયા કે ટોકયા નહિ. તો કોઇને બાળભાવે સેવા કરવા આજ્ઞા કરી, કોઇને સેવા નહિ નભે માટે દીક્ષા ન આપી તો કોઇ ભલ્લાજીની સેવા પણ છોડાવી. આ દ્દષ્ટિથી જોઇશું તો જણાશે કે આપ કેટલા સમર્થ ડોકટર હતા !

શ્રી ગોકુળનાથજી શ્રી હરિરાયજી તથા શ્રી પુરુષોતમજી વ. માર્ગમાં પ્રખર ડોકટર થઇ ગયા. આપે પોતાના ટીકાગ્રંથ, સ્વતંત્રગ્રંથ તથા વચનામૃતોથી સિધ્ધાંત ઉપદેશ પણ કર્યો અને ભાવ-ભાવનાને પણ પોષી હતી. આપના કેટલાક વચનો સર્વલક્ષી હતા, તો કેટલાક વ્યકિતલક્ષી હતા. તેથી જયારે આપણે તેમનાં વચનોને અનુસરીયે ત્યારે તે સર્વલક્ષી છે કે વ્યકિતલક્ષી તે સમજીને તથા આપણા માટે કયા છે.? તે સમજીને ગ્રહણ કરવા જોઇએ.

વળી કેટલાક વચનો સાધન દશાવાળા માટે તો કેટલાક ફલ દશાવાળા માટે હોય છે. તેથી તે પણ આપણી દશા અનુસાર લાગુ પડાય.

શ્રી આચાર્યજીના ષોડશગ્રંથોમાં અનેક સિદ્ધાંત ઉપદેશોની સાથે ભાવો ભાવનયા



સિદ્ધ : સાધનમ્ નાન્ય દિશ્યતે આ વચન સંન્યાસ નિર્ણયમાં છે તે સાધન દશાવાળા માટે છે, તે જયારે "વિકલત્વ તથા સ્વાસ્થ્ય પ્રકૃતિ પ્રાકૃતનહી", " જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવ વર્તમાનસ્ય બાધકા " આ ઉપદેશ ફલદશાવાળા માટે છે.

હવે જો સાધનદશાવાળા આ ઉપદેશ લે તો તો, માહાત્મ્ય જ્ઞાન કે જે ભકિતનું અંગ છે તે તથા ભગવાનના ગુણગાન ગાવાને છોડી દેશે ! ભાવ પુષ્ટિ ભકિતમાર્ગની ભવ્ય ઇમારતનો સૌથી છેલ્લો મજલો છે, ત્યાં આનંદ-પરમાનંદ જ છે. પણ તે મજલો ચણતાં પહેલાં પાયો ચણવો પડશે, બીજા ઘણા મજલા ચણવા પડશે. પણ જો તેમ કર્યા વગર કોઇક લાકડાના ચાર ટેકા પર સીધા જ માળ ચણશું તો ચણાશે ખરો, પણ સ્હેજ પવનનો ઝોકો આવે કે ધરતીકંપ થાય તો બધું કડડભૂસ... ! પોતે જ તે માળ નીચે દબાઇ મરશે.

તેથી સૌ પહેલાં પાયો મજબૂત કરવો જોઇએ, બીજા છ માળ ચણવા જોઇએ. તેનો અર્થ એ નથી કે શું ભાવ - ભાવના નહિ કરવાની ? કરવાની જરૂર પણ તેમાં જે વિવેક જરૂરી છે, તે વિવેકની સાથે તેની ભાવનાને પ્રથમ સેવામાં સ્થાન આપવું પછી ધીરે - ધીરે મજલા ચણાય તેમ, ભાવ ગુરુ વૈષ્ણવ વ.માં કરતા જવાનો.

જૂઓ શ્રી હરિરાયજી સાતમા માળની વાત કરે છે, કે - હરિ-ગુરુ - વૈષ્ણવમાં સમાન ભાવ રાખવો. કેટલાય વાર્તાપ્રસંગો પણ મોજુદ છે. દયા રામભાઇ કહે છે ગુરુમાં કામ દેખાય તો કૃષ્ણભાવ લાવવો. ક્રોધ દેખાય તો નૃસિંહ, લોભ દેખાય તો વામન ભાવ લાવવો.

તો સાથે સાથે શ્રી હરિરાયજી દુ:સંગ વિજ્ઞાન પ્રકરણમાં વૈષ્ણવવેશ ધારી વંચકની પરીક્ષા કરવાની વાત કરે છે. શ્રી હરિ થી વિમુખ કરાવનાર મહાનુભાવોના વચનો હોય તો તેને પણ દુ:સંગ જાણવો.

શ્રી મહાપ્રભુજી ગુરુના લક્ષણો પ્રકટ કરીને પણ સાવચેત કરે છે.

આ બધાં વચનોને જો ટૂંકી દ્દષ્ટિથી જોઇશું તો જાતે જ પતન નોતરશું પણ સર્વવચનોની સંગતિ કરવા રૂપ વિવેક વાપરશું તો કલ્યાણ કારક થશે.

તેથી શ્રી આચાર્યજીની બેઝીક પોલીસી શું છે ? તે સમજવા માટે, યોગ્ય ક્રમમાં માર્ગાભ્યાસ સૌ પહેલા જરૂરી છે.

વાર્તાસાહિત્યમાં માહાત્મ્ય જ્ઞાન વગરનાં સમરાઇ ગોરજાની વાત તથા બીજા અનેક ડોશીમાના પ્રસંગો છે. તેથી શું માત્ર સ્નેહ જ જોઇએ ? માહાત્મ્ય જ્ઞાન કેન્સલ ? તો તો પછી શ્રી આચાર્યજીની ભક્તિ સંબંધિ વ્યાખ્યા વ્યર્થ થશે. માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદ્દઢ સર્વતોધિક સ્નેહ ભક્તિ.

વાર્તાચરિત્રમાં તો તે તે ભક્તો પૂર્ણસ્નેહી હતા. પૂર્ણ સ્નેહ થયા પછી તો જ્ઞાન ગુણ બાધક બને છે. ત્યાં તો લીલાની મજા લેવામાં આ બધું નડતર છે, પરંતુ આપણો સ્નેહ તો પ્રપંચ અને ભગવાનમાં વહેંચાયેલો છે. તેવી દશામાં જો "પરંપરા"ના નામ

નીચે કોપી કરવા જઇશું તો દાતણની ઝુડીને ભોગમાં ધરીશું.

આજે આવી પરંપરાના નામે માર્ગમાં ઘણા અનિષ્ટો ઘુસી ગયા છે, જે આ પવિત્ર માર્ગને અભડાવે છે. તેથી તો શ્રી આચાર્યજીના વચનોનો આશય સમજવો જરૂરી છે, જેથી કોઇ આપણને ભોળવી ન જાય.

શબ્દ દેહ છે તો અર્થ પ્રાણ છે.

શબ્દ વેદ છે, તો અર્થ ભાગવત્ છે.

શબ્દ ભાગવત્ છે, તો અર્થ રાસસ્ત્રી ભાવ છે.

આ " રાસ " શબ્દે પણ ભાવનાના ચક્કરમાં ઘણાં ગોટાળા સર્જ્યા છે, અને ભગવાનના નામે વિષયોપાસના કરી છે, કરાવી છે.

રસ તે તો વેદમાં જ સદાનંદ કૃષ્ણ કહ્યા તે છે, અને રાસ કરવા બીજાની જરૂર પડે તેથી તો ભગવાને સૃષ્ટિ રચી, તે જ સર્વ કંઇ બન્યો. તે તો પોતાની સાથે જ રાસ - લીલા કરે છે. શ્રી મદ્ભાગવતમાં સર્ગથી આશ્રય સુધીની સર્વ તેની જ લીલા છે.

આ રાસલીલાને આપે આપણી સમજમાં લાવવા રાસ પંચાધ્યાસીની રાસલીલાથી પ્રકટ કરી, ત્યાં વ્રજભક્તોમાં પ્રભુએ પોતાનું સ્વરૂપ જ પધરાવ્યું છે, ત્યાં પણ પ્રભુ સ્વયં સાથે ક્રીડા કરે છે. આપ તો પૂર્ણકામ છે, અને વ્રજ ભક્તો પણ પૂર્ણકામ છે, તેઓમાં લૌકિક ગુણો તો છે જ નહિ જે કંઇ ભાવો પ્રકટ થયા છે, તે તો અલૌકિક છે.

આપણે તેવી રાસલીલાને સમજવા અપાત્ર છીએ, તેથી પહેલા લાયક બનવું પડે પછી રાસ લીલા વાંચવાની ઇચ્છા કરવી જોઇએ.

પરીક્ષિત ઉત્તમશ્રોતા હોવા છતાં અને તે તો ભક્ત કુંતીજીને પ્રપૌત્ર હોવા છતાં, તેમને પ્રશ્ન થયો કે ભગવાને પરનારીઓ સાથે રાસલીલામાં લૌકિક જેવો વ્યવહાર કેમ કર્યો ? જેને સાત દિવસ સુધી ભૂખ-તરસે બાધા નથી કરી, વક્તા વૈરાગી શુકદેવજી છે, અનેક ૠષિમુનીઓનું સાનિધ્ય છે, અને નિર્મલ ગંગા કિનારો છે, છતાં તે ભક્તે ભગવાનનું સ્વરૂપ સમજવામાં થાપ ખાધી.

તેથી રાસલીલા શ્રેષ્ઠ અમૃત હોવા છતાં, અનધિકારીને નરકયાતના કરાવે તેમ છે, તેથી શુદ્ધચિત્ત અપેક્ષીત છે.

ટૂંકમાં મારો અનુરોધ એટલો જ છે કે ભાવના યુક્ત ગ્રંથો - વિવેચનો માટે, કેટલી માત્રામાં લેવી તે તથા આપણી યોગ્યતા વિચારવી જોઇએ. તે યોગ્યતા થવા માટે પહેલાં ગ્રંથોનો સૈદ્ધાંતિક અભ્યાસ જરૂરી છે. તેમ થતાં ભક્તિમાર્ગનો મૂળ આશય સમજાશે. પ્રમાણ સમજીશું તો પ્રમેયનું સ્વરૂપ સમજાશે અને તે પછી સેવા - કથા રૂપ સાધના PRESCRIBED રીતે કરવાથી જ ફળ પ્રાપ્તિ થશે. ફળરૂપ ભાવ પ્રાપ્ત થશે. આ શ્રી આચાર્યજીએ સ્વીકારેલ વ્યવસ્થા છે, પરંતુ જો આ વ્યવસ્થાને અવ્યવસ્થામાં બદલી નાખશું તો દુષ્પરિણામ ભોગવવા પડશે.



એ વાત પણ સત્ય છે કે કેટલાકને સીધાં ફળ મળ્યાં છે, પરંતુ તે તો ભગવદીચ્છાની વાત છે, પરંતુ આપણો અંગીકારતો સમર્યાદ કર્યો છે તે ભૂલવું ન જોઇએ.

એક જ જનમમાં નિત્યધામ મળી જવાની ખોટી ભ્રમણામાં રાચવાની જરૂર નથી, તે તો અહંકાર છે.

શ્રી ગોકુળનાથજીને ચાચાજીએ કહ્યું કે, સેવા તો બાપ બેટો કરી ગયા, ત્યારે આપે લકીર રૂપ ઉત્સવ ઉજવ્યો હતો. આ આપની દીનતા છે, સમર્થ ગુરુ હોવા છતાં! કેટલાકે દશ જનમના અંતરાય તો કટલાકે લાખ જનમના અંતરાય પછી ભગવદ્પ્રાપ્તિને મહાભાગ્ય જાણ્યું હતું. તેથી અધિકાર વગર કંઇ ન મળે અને દૈન્યં તત્ તોષ સાધનમ્ છે, તેવી શ્રી આચાર્યજીની મતિ છે.

૧૪૧

## માર્ગની દુર્દશા

૧. પુષ્ટિના એ પિંજરે મરજાદને પૂરવી હતી

બંધાઇ ગયા પુષ્ટિ જીવો પ્રવાહની જંજાળમાં

સૃષ્ટિનો આ ખેલ ખેલી ખેલી ઓઝલ થઈ ગયો

પરવા નથી એ ખેલીની, સૌ વિષયથી ખેલી રહ્યા

૨. નિઝામ હતા એક કાળમાં કંગાલ આજે થઈ ગયા

કંગાલવસ્તીને વસાવી, નિઝામ તેના થઈ ગયા.

૩. સ્વતંત્ર ભક્તિમાર્ગ અમારો, સ્વરછંદ તેથી થઈ ગયા

બુધ્ધિ મુકી ગિરવે, નિ:સાધન ભકત તેવા થઈ ગયા

ભકિત અમારી વિષયથી દઢ માર્ગનું પણ વરણ તે

સમજણ અમારી અક્ષરોથી અર્થ તો અકબંધ છે.

# વિવેક એક હકારાત્મક વલણ

૬૫

**પ્રતિબંધ**

જીવ ભગવાનથી છુટો પડયો તે તો ભગવદીચ્છાના કારણે આ પ્રતિબંધ, તેથી સર્વપ્રતિબંધોનું મૂળ જ ભગવદીચ્છા કે ભગવાન સ્વયમ. કેમ કે વરણ નકકી કરનાર પણ આપ.

શુધ્ધ જીવોને આવિધાગ્રસ્ત કરી ભટકાવનારુ, માયાવાદની માયામાં અટવાવનાર આપ તથા તેવા જીવો ઉપર દયા કરી શ્રી વલ્લભરૂપે સુધી લેનાર પણ આપ. આમ પ્રતિબંધોનો ઉપાય પણ આપ કે પ્રેરક પણ આપ.

તૂને હી દર્દ દિયા તૂ હી દવા દેના

પ્રેમની પરિભાષામાં બધું આવું જ બને, કેમ કે આ ગોપીજનોનો તો માર્ગ છે.

**વિવેક**

પરંતુ જીવનો રોલ (Role) તો માત્ર એટલો જ કે ભગવાનની સર્વકૃતિમાં હકારાત્મક રાખવાનું, વિશેષ કંઇ નહિ, મંકોડાની જેમ... મંકોડાને ગમે તેટલો દૂર ફેંકો પણ મૂળ જગાએ જ પાછો આવશે.તેમ આપણે પણ પ્રભુ જે કંઇ કરે તેને સ્વીકારીને પણ આપણું વલણ તો પ્રભુગામી જ રાખવાનું. બસ આનું જ નામ વિવેક આ બોધ ન સમજાય અને એમ સમજે કે પ્રભુની ઇચ્છા મને દૂર રાખવાની છે તેથી પ્રવાહમાં ભળવા દોડી જાય તો તે અવિવેક

**હરિનું લક્ષણ**

विवेकस्तु हरि : सर्व निजेच्छात : करिष्यति આ વાકયમાં હરિ બધું પોતાની ઇચ્છાથી જ કરે છે, કરતા હતા અને કરશે. તે તો એક સનાતન સત્ય છે, કહો કે તે તો હરિનું લક્ષણ-ઓળખ છે પણ જીવે કંઇ જીવની વિવેકબુદ્ધિ વાપરવાની કે નહિ?

**હરિ:** ભગવાન દુ:ખ હર્તા છે તેથી સ્વયં કૃપા કરશે જ માટે પ્રભુગામી પ્રયાસ જ વિચારવા આ હકારકાત્મક વલણ निजेच्छात તેમાં " निज " શબ્દનો અર્થ પોતાની છે, પણ પોતાના જનની તેવો અર્થ લઇશું તો તે હકારાત્મક વલણ અને તો પોતાના જન" શબ્દથી પ્રભુ પણ જીવના પ્રતિબંધ દૂર કરશે.

અને જો પોતાની ઇચ્છા શબ્દ લઇશું તો પણ તેને પ્રભુનું "ભૂતલ પર શ્રી આચાર્યજીને દૈવો દ્વાર અર્થે મોકલવા " આ ઇચ્છા પણ પ્રતિબંધ દૂર કરનાર હશે.

સર્વ પૂરી સુષ્ટિ ભગવાનની જ કૃતિ છે અને ભગવાન જ સર્વકંઇ બન્યા છે. તો પછી હું પણ તે સર્વનો પાર્ટ હોવાથી, ભગવાન પોતાની વિરુધ્ધ વલણ કઇ રીતે દાખવે ? માટે પ્રતિબંધ નહિ કરે અન્યથા માતરો બાલાન્ ન स्तन्यै पुपुषु : कवचित हरिश्त्र न शकनोति, कर्तुं बाधा कुतोपरे (સં.નિ) જે કંઇ છે તે તો એક સંતાકુકડીની રમતના ભાગ



રૂપે છે તેવું હકારાત્મક વલણ.

**કરિષ્યતિ :** થી ભગવાની કૃતિ તે તો લીલા-રમણ છે અને તે તો હંમશો મંગલમય જ હોય. અને તેના ભાગરૂપે કદાચ પ્રતિબંધ હોય તો તે દષ્ટિએ પણ તેના સ્વીકારમાં જ આ નાટક-લીલા ની સફળતા.આ તો એક ત્રણકલાક માટે નાટકમાં રોલ છે. "ये सर्कस है" તેમ સમજી મનથી પ્રભુગામી (આશ્રિત) રહી, કૃતિથી જે કંઇ બને તેને સહન કરવું અને વાણીથી ભગવન્નામ ઉચ્ચારતા રહેવું તેવું હકારાત્મક વલણ.

**ભગવાનનું અવતરણ માયારૂપે**

હવે પ્રભુ પ્રતિબંધના કયા કયા રૂપે અવતરીત થાય ? અને જીવને ભરમાવવા માગે, પણ જીવમાં વિવેક હશે તો તે ઓળખી જશે કે આ તો શકિત છે પણ તેમાં રહેલો અવતારી તો મારો હરિ જ છે.

**ભગવાનની તેવી શકિત**

(૧) પરોક્ષ-સાધારણ પ્રતિબંધ રૂપે

(૨) સાક્ષાત-ભગવતકૃત પ્રતિબંધ રૂપે

(૧) સાધારણ પ્રતિબંધમાં જીવે હાથપણ હલાવવાના તે વિવેક, બાકી બૂડતા બચાવનાર તો ભગવાન જ છે તેવી મનથી-બુદ્ધિથી ભાવ રાખવાનો તે ગુપ્ત વિવેક.

(ક) આવા સમયે ભગવાન સેવામાં વિક્ષેપાત્મકરૂપે શારીરિક, માનસિક આહંકારકિ કે મામકારિક પ્રતિબંધ બની પધારે.

(ખ) આસકિતનારૂપે શારીરિક, કાલિક કે ભકિતનિર્વાહક રૂપ (સેવા) પધારે.

(ગ) ભોગ રૂપે-લૌકિક, અસમર્પિત કે ભકિતભાજક રૂપે પધારે

(ઘ) અત્યાગ્રહરૂપે રાગ-ભોગ-શૃંગાર-સદાચારમાં પેસીને પધારે.

(ચ) પરપીડારૂપે, પરિજન, નોકર, પડોશી, શિષ્યમાં પ્રવેશીને પધારે.

(છ) દુ:સંગરૂપે-લોકિક, ગુરુજન, વૈષ્ણવો થકી પધારે .

(જ) ગુરુથી પ્રતિબંધકતાના રૂપે-અનુપદેશ, અન્યથા ઉપદેશ કે ઉપદેશાનુરૂપ કૃતિવિહીનતા રૂપે પધારે.

**(ઝ) ભકિતના ભેદાનુસાર**

પ્રેમદશામાં સંસારમાં પોતાને પ્રેમ ન રહે, આસકિતદશામાં સંસારીને તેનામાં પ્રેમ ન રહે, વ્યસન દશામાં પરસ્પર શત્રુ જેવા ભાસે આ આદર્શ સ્થિતિમાં પણ અડચણ-પ્રતિબંધ થાય. આમ ભકિત પ્રતિબંધરૂપે પણ પધારે.

(૨) જલભેદોકત અધિકારાનુસાર વકતા બનીને પધારે, પ્રતિબંધ કરે

(ક) પંચ પદ્યાનિમાં બતાવેલ શ્રોતાના અધિકારાનુસાર પ્રતિબંધક બને.

**ભકિતરૂપ ઉપાય-વિવેક**

આ બધાં જ પ્રતિબંધો મારા હરિએ જ ભલે મોકલ્યા પણ મારા હદયમાં પહેલથી જ

મારા મન-બુદ્ધિમાં પહેલેથી જ, આપે વિવેક મોકલી આપ્યો છે. તેથી ક્રમશ : ધૈર્ય, આશ્રય, ભકિત અથવા એકસાથે, ભગવદીચ્છાથી સિદ્ધ થશે, તેવો દઢ વિશ્વાસ ધારણ થયે, આ બધા અડચણ નહિ કરે.

અરે... ભગવાન પોતે જ પિતાંબર (પ્રતિબંધરૂપ અંબર) ધારણ કરીને પધાર્યા છે. મારી ભકિત આ પ્રતિબંધક પિતાંબર-માયાને દૂર કરશે અને સાક્ષાત, પ્રભુ મારા સન્મુખ પ્રકટ થશે જ, તેવો ભાવ રાખવો. તેવું હકારાત્મક વલણ થોડા કાળ પર્યંત રાખી, પ્રભુગામી બનવાથી સર્વ ઉપાયો હરિ જ કરશે.

### શ્રી આચાર્યજીનો રોલ

પરંતુ આ વિવેક પ્રકટાવવામાં સહાયરૂપ થનાર શ્રી આચાર્યજીનાં વચનો છે, તે ભકતોની સ્વંકીયોની વહારે ધાય છે. પોડશાગ્રંથો દ્વારા Tips આપે છે. શ્રી હરિરાયજી શિક્ષાપત્રોથી સહાયરૂપ બને છે. આ કળીકાળના પ્રભાવમાં કાળ, સ્થળ, મંત્ર, કર્મ, દ્રવ્ય, કર્તા, બધું જ દુષિત છતાં તેઓ પુષ્ટિમાર્ગીને તો સહાયક રહેશે. કેમ કે તેમને તો કૃષ્ણમેવ તાત્પર્ય છે. એકવાર અંત:કરણ શુધ્ધ થયું તો નિર્દોષ પ્રભુ અંદર બિરાજશે જ. તો પછી એવા કયા પ્રતિબંધ છે કે જે વાર કરી શકે ?

રસિકપ્રભુને રસથી તરબોર કરી દઇએ, પછી આપ પણ આપણને રસથી ભરી દેશે. પછી તો ઇન્દ્રિયો પ્રભુગામી થઇ હોવાના કારણે તેના નિગ્રહ વૈરાગ્યની વાત જ પ્રતિબંધક બનશે. શ્રી પ્રભુચરણે સર્વોતમ સ્તોત્રમાં ઉપાયો બતાવ્યા છે. પ્રતિબંધો છે તેથી વધારે ઉપાયો તો પોડશગ્રંથોમાં છે. સાદા-સીધા જન માટે ૮૪૨૫૨માં ઉપાયોની ભરમાર છે.

### સૌથી મોટો પ્રતિબંધ

પણ સૌથી મોટો પ્રતિબંધ તો "ઘરનો ચોર" છે. ઇતિહાસે બતાવેલ અમીચંદો વલ્લભીપુર પાટણના મંત્રી કે જુનાગઢનો કિલ્લો તોડવામાં દ્રોહી ભાણેજો. આ બધામાં સાપણ પોતાનાં જ બચ્ચાં ખાય તેવો ઘાટ, જેમને શ્રી હરિરાયજી વંચક નામે ઓળખાવે છે. પણ સાથે સાથે તેને ઓળખી લેવાની ટ્રીક પણ બતાવે છે કે.. લાલચની લાળ ટપકે તો સમજી જાઓ.. વાઘ આવ્યો, માણસખાઉ.. ભાગો તેમનાથી દુર.... પરીક્ષામાં ગાઇડ-અપેક્ષીતની જેમ શ્રી દયારામભાઇએ પણ ભકિતપોષક અનન્ય સાહિત્ય સરળ ભાષામાં આપ્યું છે.

અંતે...

આ બધામાંથી તૈયારી કરી વિવેક જાળવશું તો હરિ પોતે જ, પ્રતિબંધરૂપ પોતાની જ માયાને ભકતોથી અળગા રહેવાની આજ્ઞા કરશે, જો હકારાત્મક વલણ વિવેક જાળવશું તો!

(૨) પણ જયારે હરિ સ્વયં ખડા થઇ જાય પ્રતિબંધરૂપે સાક્ષાત, ત્યારે તો એટલું, જ કહી શકાય, માધવદાસની, જેમ કે " નિજેચ્છાત : કરિષ્યતિ " અથવા " હાથ છુડાકે જાત હો... "

ઇતિશમ્